

# हंसरत्नमहाकाव्यम्

(ગુજરાતી અનુવાદ સહિત)

रचयिता

सरस्वतीलब्धप्रसाद-पूज्यपाद-आचार्यदेव-श्रीमद्विजय-रत्नसुन्दरसूरीश्वराणां शिष्यः

मुनिपार्श्वसुन्दरविजयः

# उवट्ठिओहं तुब्भण्हं
# तव तेयसिरीए...



સિદ્ધાંતમહોદધિ પૂજ્યપાદ આચાર્યદેવ
**શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા.**



વર્ધમાનતપોનિધિ, ન્યાયવિશારદ પૂજ્યપાદ આચાર્યદેવ
**શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.**



સિદ્ધાંતદિવાકર, ગીતાર્થમૂર્ધન્ય પૂજ્યપાદ આચાર્યદેવ
**શ્રીમદ્વિજય જયઘોષસૂરીશ્વરજી મ.સા.**



સંયમૈકલક્ષી પૂજ્ય મુનિરાજ
**શ્રી દેવસુંદરવિજયજી મ.સા.**

શ્રુતસર્જક સમ્રાટ 'પદ્મભૂષણ' પ.પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય
રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજાની
આચાર્યપદવીના ૨૫ માં વર્ષની પૂર્ણાહુતિ નિમિત્તે

## પુસ્તક પ્રકાશનના મુખ્ય લાભાર્થી પરિવાર

### પ.પૂ.આ.ભ. હંસરત્નસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી



સ્વ. વિક્રમભાઈ છોટાલાલ  સ્વ. પુષ્પાબેન વિક્રમભાઈ

રત્નકુક્ષી સ્વ. પુષ્પાબેન વિક્રમભાઈ શાહ
(લોદ્રાવાળા)ના સુપુત્ર
કમલેશભાઈની દીક્ષા નિમિત્તે
દીના - કમલેશ, શીલા - જયેશ,
પ્રતિમા - નિતીનકુમાર, સંજય - હેતલ,
અમિત - તૃપ્તિ અને ચિ. અદિત

માતુશ્રી સ્વ. શારદાબેન સેવંતીલાલ શાહ
(પાટણવાળા)ના આત્મશ્રેયાર્થે
શ્રીમતી કનકલત્તા દિનેશભાઈ
શાહ પરિવાર
પરાગ-રિના, નીરવ-પાયલ
પ્રિયાંશી, યાચના, દિયાંશી



દિનેશભાઈ સેવંતીલાલ  કનકલત્તા દિનેશભાઈ



રસિકલાલ ગફુરચંદ  મંજુલાબેન રસિકલાલ

શ્રીમતી મંજુલાબેન રસિકલાલ
શેઠ પરિવાર (પાલનપુરવાળા)
હાલ સાંતાક્રુઝ-મુંબઈ
સ્વ. પ્રેરણાબેન ઉદાણી
નિલેશ - હિતેશ - સમીર
સપરિવાર

उवट्ठिओहं तुब्भण्हं
तव तेयसिरीए...



પ્રશાંતમૂર્તિ ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્યદેવ
**શ્રીમદ્વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.**



રાજપ્રતિબોધક, પદ્મભૂષણ પૂજ્યપાદ આચાર્યદેવ
**શ્રીમદ્વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મ.સા.**



શાસનપ્રભાવક પૂજ્યપાદ આચાર્યદેવ
**શ્રીમદ્વિજય યુગસુંદરસૂરીશ્વરજી મ.સા.**



# हंसरत्नमहाकाव्यम्

(ગુજરાતી અનુવાદ સહિત)

रचयिता

सरस्वतीलब्धप्रसाद-पूज्यपाद-आचार्यदेव-श्रीमद्विजय-रत्नसुन्दरसूरीश्वराणां शिष्यः
मुनिपार्श्वसुन्दरविजयः




नाम : हंसरत्नमहाकाव्यम्

आशीर्वाद : आचार्यविजयरत्नसुन्दरसूरीश्वराः
आचार्यविजययुगसुन्दरसूरीश्वराः

रचना : मुनिः पार्श्वसुन्दरविजयः

संशेधनम् : मुनिराजश्रीराजसुन्दरविजयाः
मुनिराजश्रीतीर्थबोधिविजयाः

भाषा : संस्कृतम्, गुजराती.

: प्रकाशकः - प्राप्तिस्थनं च :

रत्नत्रयी ट्रस्ट
कल्पेश वि. शाह
१४, इलोरा पार्क सोसायटी,
नारणपुरा चार रस्ता,
देरासर के सामने, नारणपुरा,
अहमदाबाद-380013.
फोन : 27680746

रत्नत्रयी ट्रस्ट
प्रवीणकुमार दोशी
२५८, गांधी गली, स्वदेशी मार्केट,
कालबादेवी रोड, मुंबई-400002.
फोन : 22060826

आवृत्ति : प्रथमा

प्रतय : १०००

मुद्रक : नेहज एन्टरप्राईज
१०१, नेहज हाईट्स,
३४ जवाहर नगर रोड नं.४,
गोरेगांव (पश्चिम), मुंबई-400104.
फोन : 022-28736745
मो. 9322227939





# સમર્પણમ્

સંભારણા સૂરિપ્રેમનાં,
અજવાળા ભુવનભાનુનાં,
માર્ગદર્શન જયઘોષગીતાનું,
અને વર્તમાન-ગચ્છાધીશનો
બુજઝ બુજઝનો ઉપદેશ...
આ જેમનો જીવન-વૈભવ છે તે
સાધુ સેવાતત્પર, સ્વાધ્યાયરસિક
**પૂજ્ય મુનિરાજ**
**દેવસુંદરવિજયજી મ.સા.**ના
**સ્વર્ગારોહણ રજત વર્ષે,**
તથા
અનંતોપકારી પૂજ્યપાદ ગુરુદેવ,
સરસ્વતીલબ્ધપ્રસાદ, રાજપ્રતિબોધક
**આચાર્યદેવ શ્રીમદ્ વિજય**
**રત્નસુંદરસૂરીશ્વરજી મ.સા.**ના
**સૂરિપદારોહણ**ના
**રજત મહોત્સવે**
તેઓશ્રીની કૃપાથી જ સમ્પન્ન થયેલી
આ કૃતિ તેઓશ્રીને સમર્પિત કરતાં
હું અત્યંત આનંદ
અનુભવું છું...

**મુનિ પાર્શ્વસુંદર વિજય**

# ઉપકારી અવનિતલે મોટા...

- જેમનું જયવંતુ શાસન દુષમકાળે પણ મારા જેવા બાળજીવોને તારવામાં ઉપકારક બની રહ્યું છે
  તે આસન્ન ઉપકારી **પ્રભુ મહાવીરસ્વામી.**
- જેમના બ્રહ્મપુંજથી વિશાળ શ્રમણ-ગણનું નિર્માણ થયું
  તે બ્રહ્મચર્યસમ્રાટ્ પૂજ્યપાદ આચાર્યદેવ **શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા.**
- જેમના અજવાળા અમારા મોહ અંધકારને ઊલેચી દે છે
  તે ન્યાયવિશારદ પૂજ્યપાદ આચાર્યદેવ **શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા.**
- જેમની ગીતાર્થતાએ સેંકડો શાસ્ત્રીય પ્રશ્નોના સમાધાન પાઠવ્યા છે
  તે ગીતાર્થમૂર્ધન્ય પૂજ્યપાદ આચાર્યદેવ **શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજા.**
- જેમની પ્રશાંત છત્રછાયામાં સમુદાયનું સુંદર ઘડતર થઈ રહ્યું છે
  તે વર્તમાન ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્યદેવ **શ્રીમદ્ વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજા.**
- જેમની સ્વાધ્યાયરસિકતા અમારા જીવનનો આદર્શ છે
  તે પૂજ્ય મુનિરાજ **શ્રી દેવસુંદરવિજયજી મહારાજા.**
- જેઓ મારા જીવનનૈયાના સુકાની છે
  તે અનંતોપકારી, સરસ્વતીલબ્ધપ્રસાદ પૂજ્યપાદ ગુરુદેવ આચાર્યદેવ
  **શ્રીમદ્ વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજા.**
- જેઓના પીઠબળ અને આશીર્વાદ આ મહાકાવ્ય સર્જનના સ્તંભ બન્યા
  તે પૂજ્યપાદ ગુરુમહારાજ આચાર્યદેવ **શ્રીમદ્ વિજય યુગસુંદરસૂરીશ્વરજી મહારાજા.**
- જેમણે મીઠી ટકોર કરી આ મહાકાવ્યના સર્જન માટે મને પ્રેરિત કર્યો
  તે પ્રભાવક પ્રવચનકાર પંન્યાસપ્રવર **શ્રી પદ્મબોધિવિજયજી મ. સા.**
- કાવ્યના વિવિધ પ્રકારમાંથી જેઓએ 'મહાકાવ્ય'ની રચના કરવા કહ્યું અને
  આ મહાકાવ્યનું પ્રથમ સંશોધન કર્યું
  તે વિદ્વદ્વર્ય પૂજ્ય મુનિરાજ **શ્રી તીર્થબોધિવિજયજી મ. સા.**
- જેઓએ વ્યાકરણની દૃષ્ટિએ સૂક્ષ્મ સંશોધન કરી આ કાવ્યને ખરા અર્થમાં સુસંસ્કૃત કર્યું
  તથા કેટલાક કાવ્યને અનુરૂપ શાસ્ત્રપાઠો પણ પાઠવ્યાં
  તે વિદ્વદ્વર્ય પૂજ્ય મુનિરાજ **શ્રી રાજસુંદરવિજયજી મ. સા.**

- આ કાવ્યના પ્રારંભથી લઈને સમાપ્તિ સુધી જેઓનું બહુમૂલ્ય યોગદાન મને પ્રાપ્ત થતું રહ્યું
  તે પૂજ્ય મુનિરાજ **શ્રી વાત્સલ્યસુંદરવિજયજી મ.સા.**
- જેમણે ગુજરાતી જોડણીકોશના માધ્યમે ગુર્જર-અનુવાદની ક્ષતિઓ સુધારી
  તે પૂજ્ય મુનિરાજ **શ્રી જ્ઞાનદૃષ્ટિવિજયજી મ.સા.**
- જેમણે સતત સહાય કરી મને આ સર્જન કાર્યમાં નિશ્ચિંત રાખ્યો
  તે પૂજ્ય મુનિરાજ **શ્રી ધરણેન્દ્રસુંદરવિજયજી મ.સા.**
- આ મહાકાવ્યનું સુંદર હિન્દી અનુવાદ જેઓ દ્વારા આલેખિત થયો
  તે પૂજ્ય સાધ્વી **શ્રી સંવેગનિધિશ્રીજી મ.સા.**ના શિષ્યા
  પૂજ્ય સાધ્વી **શ્રી દેશનાનિધિશ્રીજી મ.સા.**
- સંસ્કૃત પ્રસ્તાવના પાઠવી જેમણે આ ગ્રંથને અલંકૃત કર્યું
  તે સંસ્કૃતવિશારદ, પદ્મશ્રી, **'અભિરાજ' રાજેન્દ્ર મિશ્ર.**
- દશમા પક્ષના ૫૨ અલંકારવાળા શ્લોકોનું સંશોધન કરી જેઓએ શ્લોકોને શુદ્ધ કર્યાં
  તે વિદ્વદ્વર્ય **અમૃતભાઈ પટેલ** અને વિદ્વદ્વર્ય **પ્રવીણભાઈ પંડ્યા.**
- આ મહાકાવ્યને સાદ્યંત વાચી જેઓએ જરૂરી સૂચનો પાઠવ્યા
  તે પંડિતવર્ય **પારસભાઈ શાહ.**
- જેમણે સંયમજીવનની રજા આપી મને પ્રશસ્ત માર્ગે પ્રેરિત કર્યો
  તે સંસારી પિતાશ્રી **ચેતનભાઈ સૂર્યકાંતભાઈ શાહ** અને
  સંસારી માતુશ્રી **મયણાબેન ચેતનભાઈ શાહ.**
- આ સંપૂર્ણકાર્યમાં ડગલે ને પગલે જેઓએ મને સાથ-સહકાર અને પ્રોત્સાહન આપ્યું
  એ ઉપકારી સહવર્તી મુનિભગવંતો...
  પૂજ્યપાદ આચાર્યદેવ **શ્રીમદ્ વિજય પદ્મસુંદરસૂરીશ્વરજી મહારાજા**
  પૂજ્ય મુનિરાજ **શ્રી ભાગ્યસુંદરવિજયજી મ.સા.**
  પૂજ્ય મુનિરાજ **શ્રી હૃદયસુંદરવિજયજી મ.સા.**
  પૂજ્ય મુનિરાજ **શ્રી પરાર્થસુંદરવિજયજી મ.સા.**
  પૂજ્ય મુનિરાજ **શ્રી ધ્યાનસુંદરવિજયજી મ.સા.**
  પૂજ્ય મુનિરાજ **શ્રી નિર્દોષસુંદરવિજયજી મ.સા.**
  પૂજ્ય મુનિરાજ **શ્રી શ્રેયાંસદર્શનવિજયજી મ.સા.**
  પૂજ્ય મુનિરાજ **શ્રી દેવર્દ્ધિસુંદરવિજયજી મ.સા.**
  પૂજ્ય મુનિરાજ **શ્રી આરાધ્યસુંદરવિજયજી મ.સા.**
  પૂજ્ય મુનિરાજ **શ્રી સ્વભાવસુંદરવિજયજી મ.સા.**






# 25મો પ્રતિષ્ઠા રજત વર્ષ

प्रदक्षिणा यत्र मुदा ददद्भ्यः श्रीदक्षिणां भानुगुरुः प्रदत्ते ।
वयस्य ! तस्य स्मृतिमन्दिरस्य विराजते राजतवर्ष एषः ।।उपजातिः।।

જ્યાં આનંદથી પ્રદક્ષિણા આપતા લોકોને વર્ધમાનતપોનિધિ પૂજ્યપાદ આચાર્ય ભગવંત
**શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા** કલ્યાણની દક્ષિણા આપે છે
**એ સ્મૃતિમંદિરનુ હે મિત્ર ! આ રજત-વર્ષ છે.**

પ્રશાંતમૂર્તિ સુવિશાલ ગચ્છાધિપતિ પ.પૂ. આચાર્યદેવ

## શ્રીમદ્ વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.નાં

# આશીર્વચન



મુનિરાજ શ્રી પાર્શ્વસુંદરવિજયજી મ. જોગ અનુવંદના.

મહાન તપસમ્રાટ્ આચાર્ય ભગવંત શ્રી હંસરત્નસૂરિજી મ.સા. ઉપર તેઓશ્રીના જીવનમાં આજ સુધી છમાસી તપ ઉપવાસથી ચાર વાર, ચારમાસી તપ... આદિ તપમાં એકસાથે ૧૬ ઉપવાસના પચ્ચક્ખાણ અનુમતિ મેળવીને કરતા હતા. જૈનશાસનના અનેક તપપ્રભાવકોમાં તેઓશ્રી વર્તમાનકાળના તપપ્રભાવક બન્યા છે.

તેઓશ્રીના દીર્ઘતપના પ્રભાવે અનેક આત્માઓ ધર્મમાર્ગની શ્રદ્ધાવાળા બન્યા છે. તેઓશ્રી તપની આરાધના જપ સાથે લગભગ મૌન સાથે કરતા. તેઓશ્રીના તપની સર્વત્ર અનુમોદના વ્યાપક બની છે. તપના પ્રભાવે અનેક આત્માઓ તપમાં જોડાયા છે.

તેઓશ્રીના તપોમય જીવન ઉપર તમે ૮૦૦ શ્લોકપ્રમાણ સંસ્કૃતભાષામાં 'હંસરત્નમહાકાવ્ય'ની અપૂર્વ રચના કરીને ઉત્તમ પ્રકારના અર્ધ્યને અર્પણ કર્યું છે.

આ શુભકૃતિની રચના બદલ મારા અંતરના આશીર્વાદ જાણશો.

- આ. રાજેન્દ્રસૂરિની અનુવંદના

તા.૧૬.૧૧.૨૧, કારતક સુદ ૧૨
સાંઘાણી જૈન સંઘ, ઘાટકોપર-વેસ્ટ

# ગુણાનુરાગ - ગુણાનુવાદ -
# ગુણગ્રહણ - ગુણવાન



બજારમાં પ્રવેશ મળે છે પૈસાથી..
મેદાનમાં પ્રવેશ મળે છે કૌશલ્યથી.
અખાડામાં પ્રવેશ મળે છે સ્વાસ્થ્યથી..
યુનિવર્સિટીમાં પ્રવેશ મળે છે બુદ્ધિથી પણ
અધ્યાત્મ જગતમાં પ્રવેશ મળે છે
ગુણાનુરાગથી.. કારણ ?
આખુંય અધ્યાત્મ જગત ગુણવિકાસનું
એક માત્ર લક્ષ્ય લઈને બેઠું છે. કારણ ?
સાધક પાસે ગુણવિકાસનું
જો લક્ષ્ય જ નથી તો એની તમામ
સાધનાઓ - આરાધનાઓ અને
ઉપાસનાઓ મૂલ્યહીન જ છે.
હા. જે પણ સાધક પાસે
આ ગુણાનુરાગનો વૈભવ છે.
એ સાધક એ વૈભવથી સંતુષ્ટ થઈ જતો નથી.
ગુણાનુરાગનો આ વૈભવ એને ગુણાનુવાદ
માટે પ્રોત્સાહિત કરતો જ રહે છે.
ગુણાનુવાદની એની આ સજ્જતા
એને ગુણગ્રહણ માટે સજ્જ બનાવતી રહે છે
અને ગુણગ્રહણની એની એ તાલાવેલી
એક મંગળ પળે એને ખુદને
ગુણવાન બનાવીને જ રહે છે.

*

<u>મુનિવર હંસરત્નવિજયજી.</u>
<u>પંન્યાસ હંસરત્નવિજયજી.</u>
<u>આચાર્ય હંસરત્નસૂરિજી.</u>
મેં એમની આ ત્રણેય
અવસ્થા જોઈ છે અને
લેશ અતિશયોક્તિ વિના કહું તો
હું આજે - અત્યારે સ્તબ્ધ છું. કારણ ?

એક સમયનું કમજોર બીજ,
આજે મારી સામે વિરાટ વૃક્ષ બનીને
ઊભેલું હું નિહાળી રહ્યો છું.
એક વખતનો અણઘડ પથ્થર
આજે નયનરમ્ય મૂર્તિ બનીને મને
આશ્ચર્યચકિત કરી રહ્યો છે.
સંયમજીવનમાં એમણે પ્રગટાવેલ તપના તણખા
જ્વાળા આસમાનને આજે સ્પર્શી રહી છે
અને એ પાવન જ્વાળાના દર્શને જ માત્ર આઠ વરસના
પર્યાયવાળા મુનિરાજ શ્રી પાર્શ્વસુંદરવિજયજીને એમના
ગુણવૈભવને કાવ્યમાં રજૂ કરવા કલમ ઉપાડવા
મજબૂર કર્યા અને સજ્જ કર્યા.
કાવ્યના શ્લોકોના સર્જનમાં
એમણે છંદ-અલંકારો-અનુપ્રાસ વગેરેનો
જે છૂટથી ઉપયોગ અને પ્રયોગ કર્યો છે
એનું મૂલ્યાંકન તો
વિદ્વજ્જનો જ કરી શકે તેમ છે
અને એમાં ય કાવ્યના દશમા પદમાં
એમણે અલંકારોનો રસથાળ પીરસ્યો છે
એ વિદ્વજ્જનોને વિસ્મયભાવથી
મૂલ્ય કરવા મજબૂર કરી દે તેવો છે.

*

મારા પ્રશિષ્ય
મુનિરાજ શ્રી પાર્શ્વસુંદરવિજયજીને
આવા આલ્હાદક કાવ્યસર્જન બદલ
અંતરના ખૂબ ખૂબ ધન્યવાદ તો આપું જ છું પણ
એમના માટે શુભકામના પણ પાઠવું છું કે
આચાર્ય શ્રી હંસરત્નસૂરિજીના તપોવૈભવની
એમના દ્વારા થયેલ આ પ્રશસ્તિ એમના
જીવનમાં પણ તપનો અંતરાય તોડનારી બની રહે અને
એના ફળસ્વરૂપે એમને શીઘ્ર
અણાહારીપદની પ્રાપ્તિ થઈને જ રહે.



દા.
રત્નસુંદરસૂરિ
આસો વદ-૧૨ મુલુંડ

# "ઈતિહાસ"નો ઈતિહાસ

પં. પદ્મબોધિવિજય



વિ.સં. ૨૦૭૭ની સંવત ઈ.સ.૨૦૨૦ની સાલ, માગશર સુદ ૬ નો એ દિવસ હતો...

રોજની જેમ અમારા શ્રમણોની સંધ્યા વાચના હતી... વાચનાદાતા પૂજ્યપાદ આચાર્યદેવ **શ્રી રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજા** હતા.

એમની વાચનાઓ રસપ્રસુર રહેતી... કેટલાક દિવસો પૂર્વેથી જ દિવ્યતપસ્વી પૂજ્ય આચાર્ય વિજય **શ્રી હંસરત્નસૂરીશ્વરજી મહારાજ**ના ત્રીજી વખતના ૧૮૦ ઉપવાસના પારણાના પડઘમ સંભાળતા હતા...

અને કોઈ વ્યક્તિગત કે કોઈ એક સમુદાયની માત્ર સિદ્ધિનો પ્રસંગ નહોતો આ સમગ્ર જૈનશાસનના ગૌરવનો પ્રસંગ હતો... યુગો યુગો સુધી ખબર રહે એવો આ ઐતિહાસિક અવસર હતો.

આ બધી વાતો એ સંધ્યા વાચનાના સમયે થઈ રહી હતી...

પૂ.આ. વિ. હંસરત્નસૂરિજી મ.ની ચરમ કક્ષાની તપની સિદ્ધિ અને સાધના ને જોયા પછી કેટલાય સમયથી મનમાં એક વાત ઘૂમરાતી હતી... આ તપસ્વીની તપયાત્રાનો એક સંસ્કૃત ગ્રંથ કે કાવ્ય બનવું જોઈએ, એમનું જીવન આવનાર સમય સુધી પહોંચવું જોઈએ...

સંસ્કૃત ભાષા દૈવી ભાષા છે... પરંપરાથી એ સચવાતી આવી છે... એ એના અસલ સ્વરૂપમાં આજે પણ અડીખમ ઉભી છે...

તો કેમ આ દિવ્યતપસ્વી સૂરિવરનું એક સંસ્કૃત કાવ્ય ન બને ? એમનાં તપ નો ઈતિહાસ સમાવિષ્ટ હોય એવું એક સંસ્કૃત કાવ્ય કેમ ન બને ?

મે મારા દિલની વાત મારા શિષ્ય મુનિરાજ **શ્રી તીર્થબોધિ વિ.મ.**ને કહી... પણ તેઓ અન્યાન્ય અનેક કાર્યોમાં વ્યસ્ત હોવાથી આ કાવ્ય નિર્માણનું કાર્ય ઠેલાતું જતું હતું... ત્યાં આ સંધ્યા વાચનામાં પૂજ્યશ્રી પારણા પ્રસંગની, તપની ભરપૂર અનુમોદના કરતા હતા... ત્યાં મેં વાત મૂકી કાવ્ય નિર્માણની અને કહ્યું- ગુરૂદેવ ! આ તપસ્વીની ભીષ્મ તપસ્યા તો એક ઐતિહાસિક દસ્તાવેજ છે, એને અમર કરવો હોય તો એનું સંસ્કૃત કાવ્ય બનવું જોઈએ... નાભિનંદન જીર્ણોદ્ધાર પ્રબંધ આવો જ એક આંખે દેખ્યો અહેવાલનો સંસ્કૃત ગ્રંથ છે... જેના દ્વારા તત્કાલીન ઈતિહાસ સુરક્ષિત સચવાઈ ગયેલ... અને આ કાર્ય મુનિરાજ શ્રી પાર્શ્વસુંદર વિજય મહારાજ કરી શકવામાં સક્ષમ છે. મારી વિનંતિ છે કે આપ આશિષ અને આદેશ આપો કે તેઓ આ ઐતિહાસિક કાવ્ય સંસ્કૃતભાષામાં કંડારે... !"

તે દિવ્ય ઘડી અને દિવ્ય પળ હશે ! વાત-વિનંતિ સ્વીકારાઈ ગઈ.... આ ઐતિહાસીક ઘટનાને સંસ્કૃત ભાષામાં કાવ્યત્મક રીતે કંડારવાના આદેશનો કળશ મુનિરાજ **શ્રી પાર્શ્વસુંદર વિજય મહારાજ**ના મસ્તકે ગજરાજ જેવા સૂરિરાજે ઢોળ્યો... મુનિવરોએ જયકાર સાથે આ કળશભિષેક ને વધાવ્યો... અને એના પરિણામ સ્વરૂપે આજે આ એક ઐતિહાસિક અવસરને શાશ્વત બનાવી દેનારું સંસ્કૃત ભાષાનું કાવ્ય નિર્માણ પામીને સંસ્કૃત સાહિત્યના જગતનું એક નજરાણું બની ગયું છે..

- આ સંસ્કૃત ગ્રંથ ''મહાકાવ્ય'ના પ્રકારમાં રચિત થયો છે.
- દશ પક્ષ અને ૮૦૦ થી વધુ શ્લોકોનો વિસ્તાર ધરાવતો આ ગ્રંથ છે.
- મસ્તક ડોલાવી દે અને ક્યારેક અંતર આફરીન બની જાય એવા શ્લોકો, ઉત્તમ કલ્પનાઓ, અને ભાષાની ગુંથણીઓથી સમૃદ્ધ આ મહાકાવ્ય છે..

દરેક પક્ષ શરૂઆતમાં જે એક-એક શ્લોકો છે તે ખાસ નિહાળવા જેવા છે...

એમાં તૃતીય પક્ષની સમાપ્તિ પછીનો ''એકાક્ષરકાવ્યમ્' નો જે શ્લોક છે તે તો કબિલેદાદ છે... આ બધા શ્લોકોમાં કાવ્યસર્જક મુનિરાજશ્રીની શક્તિ અને ભક્તિ, પ્રાપ્તિ અને પ્રીતિ ધસમસતી વહેતી જોવા મળે છે.'

- દીક્ષાજીવનના માત્ર આઠ વર્ષના પર્યાયમાં ગુરૂદેવોનો શક્તિપાત કેવા ચમત્કારો સર્જી શકે છે તે આ મુનિવરે રચેલા એક એક શ્લોકમાં જીવંત જોવાં મળે છે...
- ૧૦ પક્ષની શરૂઆતમાં રચેલા આ દશ શ્લોકો આ મુનિવરને સંસ્કૃતવિશ્વમાં વિખ્યાત બનાવવા સક્ષમ છે...

ધન્ય છે મુનિવરની મહેનતને, મેધા ને !

| | |
|---|---|
| પ્રથમ પક્ષની શરૂઆતમાં | **''અનુલોમ-વિલોમકાવ્ય''** |
| દ્વિતીય પક્ષની શરૂઆતમાં | **''કર્તૃગુપ્ત શ્લોક''** |
| તૃતીય પક્ષની શરૂઆતમાં | **''અન્તરાલાપ''** |
| ચતુર્થ પક્ષની શરૂઆતમાં | **''એકાક્ષર કાવ્યમ્''** |
| પંચમ પક્ષની શરૂઆતમાં | **''ક્રિયાપદગુપ્તશ્લોક''** |
| ષષ્ઠમ પક્ષની શરૂઆતમાં | **''દ્વિસંધાનકાવ્ય''** |
| સપ્તમ પક્ષની શરૂઆતમાં | **''કલ્પનાકાવ્ય''** |
| અષ્ટમ પક્ષની શરૂઆતમાં | **''યન્ત્રકાવ્ય''** |
| નવમ પક્ષની શરૂઆતમાં | **''ચિત્રકાવ્ય''** |
| દશમ પક્ષની શરૂઆતમાં | **''તુરગપદ''** |

આ બધા શ્લોકો સંસ્કૃત વિશારદો નું અંતર અને આંખ આકર્ષિત કરવામાં પૂર્ણરૂપે સક્ષમ બનશે !

હંસને સેંકડો પાંખ હોય છે તેમ આ.વિ. હંસરત્નસૂરિજી મ.ના જીવનમાં પણ અનેક ગુણરૂપી પાંખો છે તેમાંથી દસ પાંખને અહીં વિભાગરૂપે કલ્પી પ્રસ્તુત કરી છે માટે સર્ગને બદલે 'પક્ષ' શબ્દનો ઉપયોગ કર્યો છે.

- દરેક પક્ષમાં એક-એક પ્રકરણો ખૂબ સુંદર રીતે વર્ણવ્યા છે...

**પહેલો પક્ષ...**

શ્રી પ્રેમ-ભુવનભાનુસૂરિ સમુદાયરૂપી મહાવૃક્ષનું જ્યાં અને જ્યારે બીજાધાન થયું તે મંગળ પળ-સ્થળનું આલેખન તથા આ સમુદાયના પાયાના પથ્થર બનેલા યુવા મુનિભગવંતોનું વર્ણન આ પક્ષમાં જોવા મળશે.

- આ મહાકાવ્ય જાણે દશ ગભારાયુક્ત એક મહામંદિર છે.. એના એક-એક ગભારાના બહારથી દર્શન કરવા જેવા છે...

**બીજો પક્ષ...**

આ પક્ષમાં લોકની વૃક્ષ સાથે સરખામણી કરી છે. અને તદનુરૂપ ચાર ગતિ વગેરેનું વર્ણન કરવામાં આવ્યું છે. આ પક્ષમાં ભારતદેશ-ગુજરાત રાજ્ય અને કચ્છ જિલ્લાનું કાવ્યાત્મક વર્ણન કરાયું છે. તથા હરિભાઇ (ચરિત્રનાયક નું સંસારી નામ) ના જન્મનું વર્ણન થયું છે.

**ત્રીજો પક્ષ...**

આ પક્ષમાં હરિભાઇને થતી સદ્ગુરૂની પ્રાપ્તિ, મુમુક્ષુ અવસ્થા અને દીક્ષાનું વર્ણન કરવામાં આવ્યું છે. આ પક્ષમાં આઠશ્લોકો સમસંસ્કૃત (=પ્રાકૃત અને સંસ્કૃત બને ભાષાત્મક) છે. અને અન્ય શ્લોકો અર્ધસંસ્કૃત (પ્રથમ અને તૃતીય પાદ સંસ્કૃતમાં, દ્વિતીય અને ચતુર્થ પાદ પ્રાકૃતમાં) છે. આ મહાકાવ્યના મહામંદિરના પ્રત્યેક ગભારાની એક આગવી વિશિષ્ટતા છે.

**ચોથો પક્ષ...**

આ પક્ષમાં ચરિત્રનાયકશ્રીજીનો પ્રારંભિક દીક્ષાકાળ વર્ણવ્યો છે. લાલબાગના પ્રથમ ચાર્તુમાસમાં મુનિરાજ (હાલ આચાર્ય) રત્નસુંદર વિજયજી મ.સા. એ બાળમુનિઓને આપેલી વાચના આ પક્ષમાં ગેયકાવ્યરૂપે મૂકાઈ છે. ચરિત્રનામકશ્રી પ્રારંભિક દીક્ષાકાળમાં કેવા ઉછળતા ઉલ્લાસથી ગ્લાન મુનિવરોની સેવા કરતાં તેનું વર્ણન આ પક્ષમાં છે.



**પાંચમો પક્ષ...**

આ પક્ષની શરૂઆતમાં સૂર્ય અને ચંદ્રનો રોચક સંવાદ છે. કવિમુનિરાજ સૂર્ય અને ચંદ્રને બોલતા કરે છે. ચરિત્રનાયકશ્રીની પંન્યાસ પદવીનું વર્ણન છે. તપના આ મહાપંથ મુસફિર બનવાનો મનોરથ કેમ જાગ્યો તેનું વર્ણન છે.

**છઠ્ઠો પક્ષ...**

આ પક્ષમાં ચરિત્રનાયક દિવ્યતપસ્વીએ સૌ પ્રથમવાર કરેલ માસાક્ષમણનું વર્ણન છે. તથા દેહ અને આત્માના ભેદજ્ઞાનની વાત છે, અને તપયાત્રાના નવા નવા શિખરો સર કરવાની તેમની ભાવનાઓ બતાવી છે.

કાવ્યમંદિરના એક એક ગર્ભગૃહોને નિહાળતા લાગે છે કે કાવ્યસર્જક મુનિવરની કલ્પના-બુદ્ધિ અને આવડત પણ ક્રમશઃ નિખરતી જાય છે....

**સાતમો પક્ષ...**

આ પક્ષમાં ચરિત્રનાયકશ્રીએ કરેલા સૌપ્રથમ વખતના ૧૮૦ ઉપવાસના તપનું વર્ણન છે. તથા મુંબઈમાં આયોજાયેલા આ તપના ઐતિહાસિક પારણોત્સવનું સુદીર્ઘ વર્ણન છે. આ પક્ષમાં પ્રહેલિકાઓ પણ શોભે છે... જિનાલયની કોઈક નખશીશ સુંદર પુળતીઓ જેવી.

**આઠમો પક્ષ...**

આ પક્ષમાં ચરિત્રનાયકશ્રીના તપ અને જપનું વર્ણન છે. આ પક્ષમાં ચરિત્રનાયકશ્રીના સૂરિ-પદોત્સવનું વર્ણન છે.

આ પક્ષમાં મુનિવરશ્રીની સર્જકતા ૧૦૮ શ્લોક રૂપે વરસી પડી છે. સોથી મોટા પક્ષનું ગૌરવ આ પક્ષને મળ્યું છે.

**નવમો પક્ષ...**

આ પક્ષની વિશિષ્ટતા એ છે કે આમાં એક પણ અનુષ્ટુપ્ છંદ નથી. આ પક્ષમાં વિશ્વભરમાં હાહાકાર મચાવનારા "કોરોના વાયરસ'નું તથા "લોકડાઉન"નું વર્ણન છે. આવનારી સદીના ઈતિહાસકારો માટે આ ગ્રંથ અને આ પક્ષ પૂરાવો બની જશે. આમાં કોરોનાકાળમાં કરેલા ૧૮૦ ઉપવાસ તથા તેના પારણોત્સવનું વર્ણન છે.

**દશમો પક્ષ...**

આ પક્ષમાં વિવિધ અલંકારવાળા શ્લોકોથી ચરિત્રનાયક આ.વિ. હંસરત્નસૂરિજી મ.ની સ્તવના કરવામાં આવી છે. તથા શ્રી પ્રેમભુવનભાનુસૂરિ-સમુદાય નો એક રાસ આલેખ્યો છે...

- દરેક પક્ષના શ્લોકોની સંખ્યા "૯" ના અંકમાં આવે એવી છે. જેમકે -૬૩-૫૪-૭૨-૮૧-૯૦-૬૩-૮૧-૧૦૮-૫૪-૯૯ નવ અંકને પ્રાધાન્ય આપીને નવપદજીની એક અંક ભક્તિ કરી છે.
- એક કુશલ-કાબેલ શિલ્પીની અદાથી કાવ્યસર્જક મુનિવરે આ કાવ્ય શિલ્પની કોતરણી કરી છે..
- સરસ્વતીલબ્ધપ્રસાદ ગુરૂદેવશ્રીના મંગલ આશિષ,
- પરોપકારરત ગુરુમહારાજશ્રીના અંતરના આશિષ,
- સહવર્તી અને સમુદાયવર્તી અનેક મુનિવરોની શુભકામના.

આ બધાના પ્રતાપે તથા કાવ્યસર્જક મુનિવરશ્રી પાર્શ્વસુંદર વિજય મ.ની મહેનત-પુરૂષાર્થ એવી રંગોળી સર્જી છે કે જેને જોવા-વાંચવા અનેક આંખો તરસી ઉઠશે...



- યુવાવસ્થામાં પગરણ માંડેલા આ મુનિવર પાસેથી હવે અપેક્ષા રહેશે કે આવા સર્જન તમે શાસનના ચરણે ધરી સંઘ શાસન સમુદાયને સમૃદ્ધ બનાવો...

"નાભિનંદન જીર્ણોદ્ધાર પ્રબંધ"માં ઉલ્લેખ મળે છે કે પ્રભુ આદિનાથની પ્રતિષ્ઠા વખતે બે મુનિવરોએ ૧૮૦ ઉપવાસ કર્યા હતા...

મુનિવરશ્રી રત્નસાગરજી મ.સા. તથા મુનિવર શ્રી જયમંડન વિ.મ.સા.

ત્યાર પછીના સમયમાં કદાચ કોઈકે ઉપવાસ ૧૮૦ કર્યા હોય તો ચંપાશ્રાવિકાએ... !

અને આ યુગમાં ૪-૪ વાર ૧૮૦ ઉપવાસ કરનાર આ ચારિત્રનાયક સૂરીવર એકમાત્ર અજોડ છે !

હજી આ તપયાત્રા તેઓશ્રીની વણથંભી ચાલે છે....

આ પ્રસ્તાવના લખી રહ્યો છું એ દિવસે એમને ૯૦મો ઉપવાસ છે. આ કાવ્યસર્જક મુનિવર પાસેથી આ મહાકાવ્યના ઉત્તરાર્ધની અપેક્ષા અને પ્રતીક્ષા રહેશે જ કેમકે ચરિત્રનાયક સૂરિવર હજી તેમના આ મહામાર્ગ પર અનેક સીમાચિહ્નો મૂકી જવાના છે.

એ ઈતિહાસ આવનારી પેઢી માટે, આલેખાવો જરૂરી છે...

કોઈએ લખેલા ઈતિહાસમાંથી આપણે અજવાળુ પામીએ છીએ તો આજે લખાયેલા ઈતિહાસમાંથી જરૂર કોઈ જીવન ઉજ્જવળ કરશે !

આ મહાકાવ્ય ભવ્યજીવોના મનમંદિરમાં પ્રતિષ્ઠિત થાઓ એવી શુભેચ્છા !

**આસો વદ-૭, ગુરુવાર**
**ગુરૂપુષ્યામૃત નક્ષત્ર**
**સુરત**

राष्ट्रपतिसम्मानितः, महामहोपाध्यायः,
सम्पूर्णानन्दविश्वविद्यालस्य पूर्वकुलपतिः,
पद्मश्रीः, प्रो० ''अभिराज'' राजेन्द्रमिश्रः ।

# नान्दीवाक्

नित्यशस्यप्रसविनी रत्नगर्भा धरित्रीव संस्कृताख्या देववाण्यपि सन्ततमेव साहितीशस्यं प्रसूते । प्रत्नकाले तु सैवाऽऽसीद् राष्ट्रभाषा विश्वभाषा विदग्धजनभाषा च । अद्याप्यागत्या सैव वर्तते भारतस्य राष्ट्रभाषा हिन्दीविवादवशात् । वृन्दारकवाण्यां स्निह्यन्ति सर्वे । तस्यां श्रद्धावन्तस्सर्वे । किमतः परमाश्चर्यं यत्तस्यां भाषायां स्वातन्त्र्यप्राप्तेरनन्तरमेव प्रायशः शतमितानि महाकाव्यानि प्रणीतानि प्रणीयन्ते च । यावदेकस्य लोकार्पणं जायते, तावत्पञ्चषाणि प्रत्यग्रं रचितानि श्रूयन्ते । अहो तु समासमीनेव गौरिव प्रतीयते संस्कृतगीः ।

तत्रापि परिवर्तितं सम्प्रति महाकाव्यानां लक्षणम् । तच्च मया स्वोपज्ञे नव्यकाव्यशस्त्रेऽ**भिराजयशोभूषणे** सविस्तरं निरूपितम् । एवं गुणविशिष्टाऽभिनवमहाकाव्येषु नवीनतमं वर्तते श्रीमन्मुनिपार्श्वसुन्दरविजयप्रणीतं दशसर्गात्मकं **हंसरत्नमहाकाव्यम् ।** महाकाव्येऽस्मिन् कविः तपागच्छाचार्यश्रीप्रेमभुवनभनुजयघोषराजेन्द्रसूरि-देवसुन्दरविजय-रत्नसुन्दरयुगसुन्दरसूरिधर्मपरम्पराप्रवर्तकं दिव्यतपस्विनं पूज्यपादाचर्य-विजयहंसरत्न-सूरीश्वरमभिलक्ष्य तज्जीवनचरितञ्च प्रकाशयितुकामः स्वप्रातिभं कवित्वं समभिव्यनक्ति ।

महाकाव्यस्यास्य शब्दशास्त्रनिकषपरीक्षितकाञ्चनपदबन्धः कस्यापि पाण्डितीमण्डितस्य पाठकस्य समीक्षकस्य वा चित्तमाबन्धं प्रभवति। क्वचिद् भट्टिकाव्ययुधिष्ठिरविजय (धातुकाव्य)-दिशा व्याकरणपाटवप्रदर्शनम्, क्वचिच्च मन्दारमरन्दचम्पूदिशाऽलङ्काराणां निदर्शनम्, क्वचित्पुनर्दण्डिदिशाऽनुलोमविलोमादिचित्रकाव्यरूढिप्रभेदप्रदर्शनम् । कवितल्लजः पार्श्वसुन्दरविजयः स्वकवित्वसामर्थ्यं प्रकृष्टोत्कृष्टशास्त्रज्ञानं पारम्परिककाव्यसरणिसञ्चरण-पटुत्वञ्चेति त्रितयमपि युगपत् प्रदर्शयन् समुद्घोषयतीव- हंहो कलिकालजाः साहित्य-सेविनः ! संस्कृतभाषेयं चिरनवीना सत्यपि चिरपुराणी । अद्याप्यस्यां जीवन्ति कालिदास-भवभूतिदण्डिबाणधनपालहेमचन्द्ररामचन्द्रहस्तिमल्लादयः तिरस्कृत्यात्मानम् ।

भवतु । जीवनचरितात्मकं महाकाव्यमिदं **जयोदयादि**वर्त्माऽनुहरत् स्वीयैरनितर-साधारणैर्वैशिष्ट्यैः मनांस्यावर्जयति सचेतसाम् । तत्रादौ कविः मङ्गलनादशीर्षके पूर्वाचार्येभ्यो नमोवाकं प्रशास्ति । तत्र वर्धमानगौतमभारतीप्रेमभुवनभानुजयघोषराजेन्द्र-सूरि-देवसुन्दरविजय-रत्नसुन्दरयुगसुन्दरसूरिगुरुव्रातं सप्रणामं संस्मृत्य कविः श्रीहंसरत्ना-ह्वमुनीशकाव्यमवतारयति । ततश्च प्रथमसर्गे श्रीप्रेमसूरिभानुविजयवृत्तमुपकल्प्य श्रीभानोर्युव-दीक्षां चोपवर्ण्य तदीयमवदानं प्रशंसति शब्दच्छलेन-

सप्तहया न विद्यन्ते नास्ति चारुणसारथि : ।
तथाप्युदयमाप्तोऽयं भानुर्लोकस्य वर्चसे ।।

तस्यैव देशिकोत्तमस्य श्रीभानोरन्तेवासी आसीत् श्रीमान् विजयहंसरत्नसूरीश्वरः यं स्वमहाकाव्ये नायकीकरोति पार्श्वसुन्दरकविः । नाऽत्र जीवनघटनानां प्राचुर्यम् । यतो हि नायकोऽत्र मुमुक्षुः, साधुः, विरक्तः, श्रमणः श्रेयोमार्गाधिरूढश्च ।

गृहस्थनामेव जीवनं पुनर्भवति उच्चावचघटनाकदम्बकपर्याकुलम्, न पुनर्विरागिणाम् । तेषां तु जीवनमेकप्रख्यमेकरसं, प्रायशो निर्घटनमेव सन्दृश्यते । वस्तुतस्तेषां लोकोद्धारसरणिरेव मिथो भिद्यते, तेषां तपो भिद्यते । तत्रैव दृश्यते शबलत्वम् । तया दृष्ट्यैव महाकाव्यमिदं महीयते । यतो ह्यसाधारणं हंसरत्नचरितं भाति ।

काव्ये प्रथन्तां नाम वक्रोक्त्यौचित्यध्वनिप्रभृतीनि तत्त्वानि परन्तु काव्यशरीरमेव तत्र सर्वप्रथममाकर्षति। तत एवाचार्यवामनो रीतिमेव काव्यसर्वस्वं मनुते। रीतिर्भवति काव्यपदबन्धः, पदसंघटना वा । सा पदसंघटना महाकाव्येऽस्मिन् पदे पदे प्रभविष्णुतां प्रकटयति । क्वचिद् भाषासमकं, क्वचित् कर्तृगुप्तिं, कवचिदनुप्रासच्छटा, क्वचिन्नामधातुप्रयोगः, क्वचित्पुनश्चित्रबन्धरसालङ्काराः । कवेः शाब्दीं प्रौढीं, पदशय्यां, पाकदाक्ष्यं, विन्यास-विदग्धरीतिश्च पाठं पाठं मुग्धोऽस्मि जातः । **एतादृशा अपि समर्थाः कवयो जीवन्ति मम युगे इति कृत्वा महान्तमभिमानभारमपि समुद्वहामि ।** अस्य महाकाव्यस्य विषये वस्तुतः पुष्कलं वक्तव्यं वर्तते । परन्तु नात्राऽवसरः । केवलं पद्यमेकं प्रस्तूय तत्प्रतिभां प्रणौमि-

वह्निर्नीरति शर्वरी दिवसति श्वानश्च शार्दूलति
खद्योतो हरिदश्वति ज्ञति जडः पङ्गुस्तथाऽऽशुगति ।
शल्यं पुष्पति सर्षपो नगति रे ! मूढो वदान्त्यत्यहो !
किं किं गुर्वनुकम्पया भवति नो ? या सर्वसिद्धिप्रदा ।।

एभिरेव मिताभिप्रायवचोभिर्महाकाव्यस्यास्य कर्तुश्चास्य संस्कृतसाहितीजगती पक्षतो भूयो भूयोऽभिनन्दनं करोमि ! किञ्च-

हंसरत्नमुनिर्गेयो गाता च पार्श्वसुन्दरः ।
राजसुन्दर आशंसी काव्यं तदभिराजते ।।

सप्रणयम्
**-पद्मश्रीः, मिश्रोऽभिराजराजेन्द्रः ।**
शिमला, ११.११.२१.



# जीवितमहाकाव्यम्

काव्यम् !

यस्मिन् लालित्यं स्याद्, माधुर्यं स्याद्, रसः स्याद्, लयः स्याद्, नैसर्गिकता स्याद्, ओजः स्याद्, अलङ्काराः स्युः, छन्दांसि स्युरित्यादि । दिव्यतपस्विनं पूज्याऽऽचार्यविजयहंसरत्नसूरिणं विलोक्याऽऽभाति यदुत तस्मिन्नपि काव्यमेकं समाविष्टमस्ति...

सहजताया लालित्यं,
माङ्गलिकस्य माधुर्यं,
वैराग्यस्य रसः,
जापस्य लयः,
स्वभावस्य नैसर्गिकता,
सत्त्वस्य ओजः,
आत्मगुणरूपा अलङ्काराः,
तपसां विविधछन्दांसि...

एतत् काव्यं यस्मिन् समाविष्टमस्ति स हंस एतस्मिन् महाकाव्यमानसे विलसन् दरीदृश्यते ।

समन्तात् पर्यालोच्य एष हंसः स्वेतरभिन्नो विभाति मे....

- अस्यानशनमेव अशनं, न तु मुक्ताफलम् ।
- असौ विवेक्ति सारासारं, न तु क्षीरनीरम् ।
- अयं रज्यति ध्यानलीलायां, न तु जलक्रीडायाम् ।
- एषोऽन्तर्विहारी, न तु जल-स्थल- नभस्तलविहारी ।
- अस्य सविधे ॐकारः श्रूयते, न तु क्रेङ्कारः ।

अहो ! विलक्षणमस्य चरितम् ।

द्विवर्षपूर्वे पूज्यगुरुदेवैः सह विहरमाणा वयं खरडी-विहारधमनि समागताः । तत्र दिव्यतपस्विनो महत्तपः प्रचलदासीत् । द्वात्रिंशदुपवासोपरि स तस्मिन् दिने पूज्यगुरुदेवसविधे नूत्नप्रत्याख्यानं जिघृक्षितवान् । पूज्यगुरुदेवैः सह सर्वेऽपि जिनचैत्ये चैत्यवन्दनं कृतवन्तः । प्रत्याख्यानावसरे पूज्यगुरुदेवा अवदन्- हंसरत्न ! अद्य भवान् पारणकं करोत्वित्यहमिच्छामि ।'' पूज्यगुरुदेवानां वचनमङ्गीकृत्य स पारणकमकरोत् । दिव्यतपस्विनस्तद्दिने दिव्यसमर्पणमप्यनुभूतम् ।

अस्य जीवतो महापुरुषस्य एवंविधा बहवः प्रसङ्ग कर्णोपकर्णतया श्रुताः, प्रत्यक्षं दृष्टाश्च । एते प्रसङ्गाः सर्वेषां कृते प्रेरणाऽऽस्पदाः सन्ति ।

यथा प्रभोर्विद्यमानतायां निर्मिता प्रतिमा जीवितस्वामित्वेन प्रख्यायते तथेदं दिव्यतपस्विनो विद्यमानतायां निर्मितं महाकाव्यमपि जीवितमहाकाव्यत्वेन प्रख्यास्यत इति मे प्रत्ययः ।

गते वर्षे पद्मभूषणपुरस्कृत-परमोपकारि-पूज्यपादगुरुदेव-आचार्यभगवत्-श्रीमद्विजय-रत्नसुन्दरसूरीश्वराणां, कार्यकुशल-पूज्यगुरुमहाराज-आचर्यदेव-श्रीमद्विजय-युगसुन्दर-सूरीश्वराणां च कृपामासाद्य काव्यसृष्टेरुपक्रमः कृतः ।

प्रत्येकपक्षेऽहं प्रत्यग्रां संवेदनामनुभूतवान् । पूज्यदिव्यतपस्विनि अहोभावो मे नितरां प्रवृद्धः । प्रतिपदं कल्पनाजगतः सौन्दर्यमाविरभवत् । काव्यसृष्टेरेष आह्लादश्चिरं स्थास्यति ।

पूज्यपादगुरुदेवा अस्य महाकाव्यस्य मुखं स्वस्य आमुखं प्रदाय अलङ्कृतवन्तः । पूज्यगुरुदेवानामाशीर्वचनमस्य ग्रन्थस्य गौरवमस्ति ।

पूज्यगुरुमहाराजानामपि अस्मिन् महाकाव्यसर्जने महानुपकारो वर्तते प्रेरितवन्तस्तेऽपि प्रतिपदं माम् ।

अस्या महाकाव्यसृष्टेः फलत्वेन पूज्यदिव्यतपस्विनि वाचकानामनुरागो वरीवर्धेत, अहं च पूज्यदिव्यतपस्विनो गुणांशान् प्राप्नुयामिति भावयामि ।

प्रान्ते, महाकाव्येऽस्मिन् मया यत्किमपि हीनमधिकं वा लिखितं स्यात्, पूज्यदिव्यतपस्विन आशयविरुद्धं, जिनाज्ञाविरुद्धं वा लिखितं स्यात्तर्हि तत्कृते मिथ्या-दुष्कृतं याचे ।

गुरुचरणरजः,<br>
**मुनिपार्श्वसुन्दरविजयः ।**<br>
दीपालिकादिनम्, वि.सं.२०७७<br>
मङ्गलापुरी (मुलुंड)

# अनुक्रमणिका


| क्रम | विषयः | વિષય | पत्राङ्कः |
|---|---|---|---|
| १) | मङ्गलनादः । | મંગલનાદ. | ૧-૭ |
| २) | अनुलोम-विलोमकाव्यम् । | અનુલોમ-વિલોમકાવ્ય. | ૯ |
| ३) | प्रथमपक्षे, महागच्छतरोः बीजन्यासः । | પહેલા પક્ષમાં-મહાગચ્છરૂપી વૃક્ષનાં બીજ વવાયાં. | ૧૦-૨૫ |
| ४) | दीक्षितानां युवसाधूनां स्वरूपम् । | દીક્ષિત થયેલા યુવા-મુનિભગવંતોનું સ્વરૂપ. | ૨૬-૩૧ |
| ५) | कर्तुगुप्तश्लोकः । | કર્તુગુપ્ત શ્લોક. | ૩૩ |
| ६) | द्वितीयपक्षे लोकवृक्षः । | બીજા પક્ષમાં લોકવૃક્ષ. | ૩૪-૩૯ |
| ७) | जन्मभूमिः, जननी जनेतारौ च । | જન્મભૂમિ, જનની અને જનેતા. | ૪૦-૪૫ |
| ८) | जन्मोत्सवः । | જન્મોત્સવ. | ૪૬-૪૯ |
| ९) | अन्तरालापः । | અન્તરાલાપ. | ૫૧ |
| १०) | तृतीयपक्षे हरेः सद्गुरुप्राप्तिः । | ત્રીજા પક્ષમાં-હરિની સદ્ગુરુ-પ્રાપ્તિ. | ૫૨-૬૫ |
| ११) | हरेः प्रव्रज्याग्रहणम् । | હરિની દીક્ષા. | ૬૬-૭૫ |
| १२) | एकाक्षरकाव्यम् । | એકાક્ષરકાવ્ય. | ૭૭ |
| १३) | चतुर्थपक्षे मुनिहंसरत्नविजयस्य संयमनन्दनम् । | ચોથા પક્ષમાં મુનિ હંસરત્નવિજયનું સંયમજીવનરૂપી નંદનવન. | ૭૮-૯૦ |

| क्रम | विषयः | વિષય | पत्राङ्कः |
|---|---|---|---|
| १४) | साधूनां शुश्रूषा । | સાધુભગવંતોની સેવા. | ९०-१०३ |
| १५) | क्रियापदगुप्तश्लोकः । | ક્રિયાપદગુપ્ત શ્લોક. | १०५ |
| १६) | पञ्चमपक्षे सूर्याचन्द्रमसोः संवादः । | પાંચમાં પક્ષમાં સૂર્ય અને ચંદ્રનો સંવાદ. | १०६-१२१ |
| १७) | मुनिहंसरत्नविजयस्य दीक्षितः परिकरः । | મુનિ હંસરત્નવિજયજીનો દીક્ષિત પરિવાર. | १२२-१२५ |
| १८) | पन्न्यासपदवी, तपोविचारश्च । | પંન્યાસપદવી અને તપનો વિચાર. | १२४-१३५ |
| १९) | द्विसन्धानकाव्यम् । | દ્વિસંધાનકાવ્ય. | १३७ |
| २०) | षष्ठपक्षे प्रथम-मृत्युञ्जयतपः, देहाऽऽत्मनोर्भेदविचारः । | છઠ્ઠા પક્ષમાં પહેલું માસક્ષમણ અને દેહ આત્માના ભેદનો વિચાર. | १३८-१५३ |
| २१) | महातपसो भावना मुम्बापुरीवर्णनं च । | મોટા તપની ભાવના અને મુંબઈનગરીનું વર્ણન. | १५४-१५९ |
| २२) | कल्पनाचित्रम् । | કલ્પનાચિત્ર (કાવ્ય). | १६१ |
| २३) | सप्तमपक्षे अशीत्युत्तर शतोपवासरूपमहातपः । | સાતમા પક્ષમાં, ૧૮૦ ઉપવાસની તપસ્યા. | १६२-१६८ |
| २४) | प्रहेलिकात्रयम् । | ત્રણ પ્રહેલિકા. | १६८-१७७ |
| २५) | पारणकमहोत्सवः । | પારણા મહોત્સવ. | १७८-१८९ |
| २६) | यन्त्रकाव्यम् । | યન્ત્રકાવ્ય. | १९१ |
| २७) | अष्टमपक्षे, दिव्यतपस्विनस्तपःप्रमाणम् । | આઠમાં પક્ષે દિવ્ય તપસ્વીનાં તપનું પ્રમાણ. | १९२-१९७ |

| क्रम | विषयः | વિષય | पत्राङ्कः |
|---|---|---|---|
| २८) | गुणरत्नसंवत्सरतपः । | ગુણરત્નસંવત્સરતપ. | १९८-२०८ |
| २९) | सूरिपदाऽऽरोहणम् । | સૂરિપદે આરૂઢ થયાં. | २०८-२१३ |
| ३०) | पञ्चप्रस्थानाऽऽराधना । | પંચ પ્રસ્થાનની આરાધના. | २१२-२१५ |
| ३१) | सूरीणां जपनप्रमाणम् । | સૂરિદેવે કરેલા જાપનું પ્રમાણ. | २१४-२२१ |
| ३२) | सूरीणामुपदेशः । | સૂરિભગવંતનો ઉપદેશ. | २२०-२२९ |
| ३३) | चित्रकाव्यम् । | ચિત્રકાવ્ય. | २३१ |
| ३४) | नवमपक्षे महामारिः, लोकबन्धश्च । | નવમાં પક્ષમાં મહામારિ અને લોકડૉઉન. | २३२-२५३ |
| ३५) | चतुर्थवारस्य षाण्मासिकतपः । | ચોથી વખતના ૧૮૦ ઉપવાસ. | २५४-२५५ |
| ३६) | तुरगपदम् । | તુરગપદ. | २५७ |
| ३७) | दशमपक्षे, अलङ्कारहंसः । | દશમાં પક્ષમાં અલંકાર હંસ. | २५८-२८५ |
| ३८) | प्रेमभुवनभानुसूरि-समुदायरासः । | પ્રેમ-ભુવનભાનુસૂરિ સમુદાયનો રાસ. | २८६-२९९ |
| ३९) | उपसंहारः । | ઉપસંહાર. | २९८-३०१ |
| ४०) | प्रशस्तिः । | પ્રશસ્તિ. | ३०२-३०७ |

॥ णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ॥
॥ अनन्तलब्धिनिधान-श्रीगौतमस्वामिने नमः ॥ ॥ गणसम्पत्समृद्धाय श्रीसुधर्मस्वामिने नमः ॥
॥ गणधराऽऽननमण्डपनर्तक्यै श्रीसरस्वतीदेव्यै नमः ॥
॥ तपागच्छाऽऽचार्य-श्रीप्रेम-भुवनभानु-जयघोष-राजेन्द्रसूरि-देवसुन्दरविजय-रत्नसुन्दर-युगसुन्दरसूरीभ्यो नमः ॥

दिव्यतपस्वि-पूज्यपादाचार्यविजयहंसरत्नसूरिजीवनोद्योतकं

# हंसरत्नमहाकाव्यम्



## मङ्गलनादः

ऐन्द्रैरावणगर्जतर्जनपरो, यस्य स्वभिख्यारव,
ऐन्द्रै रावणकृत्त्कशैरपि न यात्युच्चैःश्रवा यद्गतिम् ।
ऐन्द्रै रावण एष निष्प्रभ इहैश्वर्यैः स्वयं लुण्ठितै-
र्यस्य ज्ञानश्रियः पुरः स जयतु, श्रीवर्धमानो जिनः ॥१॥ शार्दूलविक्रीडितम् ॥

## મંગલનાદ

★ ઈન્દ્રના ઐરાવણની ગર્જનાની તર્જના કરતો જેમની કીર્તિનો અવાજ છે, ઈન્દ્રના ચાબુક વડે અવાજ કરતો ઉચ્ચૈઃશ્રવા (ઈન્દ્રનો ઘોડો) પણ જેમની ગતિને પામી શકતો નથી અને સ્વયં લૂટેલા ઈન્દ્રનાં ઐશ્વર્ય વડે પણ રાવણ જેમની જ્ઞાનરૂપી લક્ષ્મી સામે નિસ્તેજ છે તે વર્ધમાનસ્વામી જય પામો...૧



यस्य क्रमाब्जे लुठतीन्द्रभूति-
र्येनोपलब्धा सकलेन्द्रभूतिः ।
तं सन्मतेः शिष्यमिहेन्द्रभूतिं,
नौमि प्रकामं गदितेन्द्रभूतिम् ॥२॥ इन्द्रवज्रा ॥

माला यस्या, निजसितविभानिर्जितेन्दूस्रमाला,
हंसश्चाङ्घ्रौ, विलसति यथा, संयमे साधुहंसः ।
वीणालीनं, वरकरयुगं, यां नमन्ति प्रवीणा,
वाणी सा मे, हरतु दवथुं, संहृतासत्यवाणी ॥३॥ मन्दाक्रान्ता ॥

चत्वार्यास्यानि ब्रह्माऽमलगुणसुरभिं, घ्रातुमाविश्चकार,
गाम्भीर्यं यस्य मातुं, सलिलनिधितले, श्रीपतिः संविवेश ।
शम्भुर्नेत्रं तृतीयं, विकृतिविकलतां, कल्पयामास द्रष्टु-
माचार्यप्रेमसूरिः, स जयतु समये, कर्मशास्त्रप्रवीणः ॥४॥ स्रग्धरा ॥

★ જેમના ચરણકમળમાં ઈન્દ્રની સંપત્તિ આળોટે છે, જેમનાં વડે સમસ્ત આત્માની સંપત્તિ પામી ગયા છે, અને જેમનાં વડે આત્માની સંપત્તિ કહેવાઈ છે તે પ્રભુવીરના શિષ્ય ઈન્દ્રભૂતિ (ગૌતમસ્વામી)ને હું અત્યંત ઈચ્છાપૂર્વક નમું છું...૨

★ જેમની માળાએ પોતાની શ્વેત પ્રભાથી ચંદ્રનાં કિરણોનો સમૂહ જીતી લીધો છે વળી જેમ સંયમમાં શ્રેષ્ઠ મુનિ વિલાસ કરે તેમ જેનાં ચરણે હંસ વિલાસ કરે છે, જેના બે સુંદર હાથ વીણામાં લીન છે અને જેને વિદ્વાનો નમે છે, વળી જેને અસત્યવાણીનો સંહાર કર્યો છે તે સરસ્વતી દેવી મારા દુ:ખને હરો...૩

★ જેની નિર્મળ ગુણરૂપી સુગંધને સૂંઘવા બ્રહ્માએ ચાર મુખો સર્જ્યાં, જેની ગંભીરતા માપવા અરે ! વિષ્ણુ પણ સમુદ્રનાં તળિયામાં પ્રવેશ્યા, જેની નિર્વિકારતાને જોવા શિવજીએ ત્રીજી આંખ રચી તે કર્મશાસ્ત્રમાં પ્રવીણ આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા જિનશાસનમાં જય પામો...૪





नैकान् करान् भुवि विमुञ्चति भानुरेष,
हर्तुं तमं रजनिजं परमत्र चित्रम् ।
मोहान्धकारहरणे विभु केवलं रे !,
प्रोदञ्चितं करयुगं भुवनैकभानोः ॥५॥ वसन्ततिलका ॥

विरतिरतिनिमग्नः संविभग्नाघराज्यः,
सुमुनिषु गुणसक्तः संविभक्तस्वभोज्यः ।
दुरितगरविनाशे यश्च मन्त्रायमाणः,
स जयतु जयघोषाऽऽचार्यवर्योऽसमानः ॥६॥ मालिनी ॥

भव्येभ्यो यः साम्यरत्नं चिरत्नं,
दत्त्वा दिव्यं दैन्यदुःखं प्रहन्ति ।
वक्त्रं यस्यातिप्रफुल्लप्रसूनं,
सोऽस्मान् श्रीमान् पातु राजेन्द्रसूरिः ॥७॥ शालिनी ॥

विश्रान्ततामुपगतो जिनदर्शने यो,
विश्रामणा मुनिततेर्विहिता च येन ।
विश्रामधामसदृशो भवदुर्गमार्गे,
श्रीदेवसुन्दरगुरुर्द्युतरूपमः सः ॥८॥ वसन्ततिलका ॥



★ આ સૂર્ય રાત્રીનાં અંધકારને હરવા પૃથ્વી પર સેંકડો કર (=કિરણો)ને મૂકે છે પણ આશ્ચર્ય છે કે- મોહના અંધકારને હરવા પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાના ઊંચા થયેલા બે કર (હાથ) જ સમર્થ છે...૫

★ વિરતિના આનંદમાં મગ્ન, જેમને પાપનું રાજ્ય ભાંગી નાંખ્યું છે, ગુણમાં આસક્ત, મુનિઓને વિશે જેઓએ પોતાનો આહાર વિભાજિત કર્યો છે (અર્થાત્ સંવિભાગી છે), વળી જેઓ પાપરૂપી વિષને વિશે મંત્રરૂપ બને છે તે અદ્વિતીય આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજા જય પામો...૬

★ ભવ્યજીવોને દિવ્ય અને પ્રાચીન સમતારત્ન આપી દીનતાનાં દુઃખને જેઓ હણે છે અને જેમનું મુખ એ અત્યંત ખીલેલું પુષ્પ છે તે પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજા અમારું રક્ષણ કરે...૭

★ જેઓ જિનેશ્વરપ્રભુનાં દર્શનમાં વિશ્રામ પામ્યાં, જેઓ વડે મુનિભગવંતોની સેવા કરાઈ અને જેઓ ભવજંગલનાં માર્ગ પર વિશ્રામધામ બન્યા છે તે પૂજ્યપાદ મુનિરાજ દેવસુંદરવિજયજી મહારાજા કલ્પવૃક્ષ સમાન છે...૮



कल्याणालय ! रम्यपुण्यनिचय ! ध्वस्तासुमत्संशय !,
सत्कारुण्यकुशेशय ! श्लथभय ! प्रज्ञानिधे ! चिन्मय ! ।
विज्ञातव्यवहारनिश्चयनय ! श्रीभाग् ! विशुद्धाऽऽशय !,
याचेऽहं तव रत्नसुन्दरसूरे ! सान्निध्यमाजीवनम् ॥९॥ शार्दूलविक्रीडितम् ॥

कार्येषु दक्षः, शमिभक्तिसक्तः,
तपोऽनुरक्तः, समयस्थितिज्ञः ।
लोकप्रियः शान्तमुखः सहिष्णुः,
सूरीश्वरोऽयं, युगसुन्दराऽऽह्वः ॥१०॥ उपजातिः ॥

प्रमादं प्रमादं हरन्तं स्तवीमि,
शरण्यं स्मरं विस्मरन्तं स्मरामि ।
जिनेन्द्रस्य जापं जपन्तं जपामि,
गुरुव्रातमेनं निकामं नमामि ॥११॥ भुजङ्गप्रयातम् ॥

हंसार्चितं श्रीजिनराजहंसं,
हंसाधिरूढां च पुनः प्रगाय ।
हंसोज्ज्वलश्लोककरं सृजामि,
श्रीहंसरत्नाऽऽह्वमुनीशकाव्यम् ॥१२॥ इन्द्रवज्रा ॥



★ હે કલ્યાણના આવાસ ! સુંદર પુણ્યના સમૂહથી યુક્ત ! જીવોના સંશયનો ધ્વંસ કરનાર ! કરુણાના કમળ જેવા ! ઢીલો પડ્યો છે ભય જેમનો તેવા પ્રજ્ઞાના ભંડાર ! જ્ઞાનમય ! વ્યવહાર અને નિશ્ચયનયને જાણનારા ! કલ્યાણનાં ભાજન ! વિશુદ્ધ આશયવાળા હે રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજા ! તમારું આજીવન સાંનિધ્ય હું યાચું છું...૯

★ કાર્યોમાં હોંશિયાર, મુનિભગવંતોની સેવામાં આસક્ત, તપનાં અનુરાગી, સમય અને સ્થિતિને જાણનાર, લોકપ્રિય, શાંત મુખવાળા અને સહિષ્ણુ એવા આ આચાર્ય વિજય યુગસુંદરસૂરીશ્વરજી મ.સા. છે...૧૦

★ પ્રમા (=જ્ઞાન)ને આપનારા, પ્રમાદને હરનારા, જેઓનું શરણ લેવા જેવું છે તેવા, કામદેવને ભૂલનારા, જિનેશ્વરનો જાપ કરનારા આ ગુરુભગવંતોના સમૂહને અત્યંત રીતે હું સ્તવું છું, સ્મરું છું, જપું છું અને નમું છું...૧૧

★ હંસ (=સૂર્ય) વડે પૂજાયેલ શ્રી જિનેશ્વરરૂપી રાજહંસને અને હંસારૂઢા (સરસ્વતીદેવી)ને ફરી પ્રકૃષ્ટપણે ગાઈને, હંસ જેવી ઉજ્જવળ કીર્તિને કરનારુ એવું આચાર્ય વિજય હંસરત્નસૂરીશ્વરજી મહારાજાનું કાવ્ય રચું છુ...૧૨





## अनुलोम-विलोमकाव्यम्

नौमि काममसत्यारी, [1]वैज्ञौ संमतगौ रवी ।
वीरगौतमसंज्ञौ वै, रीत्या सममकामिनौ ॥

★ અસત્યના દુશ્મન, સારને જાણનારા, સમ્યગ્ મતને પામેલા, ઈચ્છા વિનાના, "વીર અને ગૌતમ" નામના બે સૂર્યને રીત સાથે, ઈચ્છાપૂર્વક હું નમું છું.

★ આ શ્લોકની વિશેષતા એ છે કે એના પ્રથમ બે પાદનું વિપરીત ઉચ્ચારણ કરીએ તો ત્રીજું અને ચોથું પાદ બને, જ્યારે ત્રીજા અને ચોથા પાદનું વિપરીત ઉચ્ચારણ કરીએ તો પ્રથમ અને ત્રીજુંપાદ બને.

---

१. "वैः सारः" (८७) - सौभरिप्रणीतैकाक्षरनाममालायाम् । (वैः-१/१)

# ॥ प्रथमः पक्षः ॥

## (महागच्छतरोः बीजन्यासः)

अनन्तभवविस्तारनिस्तारस्य निबन्धनम् ।
शत्रुञ्जयाऽऽह्वशैलेन्द्रं, नौमि सर्वार्थसाधनम् ॥१॥

एकदा तस्य सोपानमुत्तरन्तौ तपोधनौ ।
आस्तां कल्याणसोपानाऽऽरुरुक्षू द्वौ मुनीश्वरौ ॥२॥

किं तौ देवौ दिवो भ्रष्टौ जम्बूद्वीपस्य वा रवी ? ।
इत्येवं कल्पयामासुर्जना दृष्ट्वा तयोस्तनू ॥३॥



न्यस्तैकेन स्वदोर्वल्ली, देहावष्टम्भहेतवे ।
गृहीता साऽपरेण स्वकर्मस्थगनहेतवे ॥४॥

ईषन्नम्रकटीकम्रस्तत्राऽऽद्यः गुल्मसन्निभः ।
अपरो महावृक्षाऽऽभो, दृढकायो महामतिः ॥५॥

नेत्रे तु जीवरक्षार्थं, संलग्ने धरणीतले ।
दृष्टिः किन्तु तयोर्भाविभावभूमिविहारिणी ॥६॥

# ॥ પહેલો પક્ષ ॥

## (મહાગચ્છરૂપી વૃક્ષનાં બીજ વવાયાં...)

★ અનન્તસંસારરૂપી વિસ્તારને તરવાનું કારણ અને સર્વ અર્થને સિદ્ધ કરનાર એવા શ્રી શત્રુંજયગિરિરાજને હું નમન કરું છું...૧

★ એકવાર કલ્યાણનાં સોપાનને ચઢવાની ઈચ્છાવાળા એવા બે મુનિભગવંત તે શત્રુંજય પર્વતનાં પગથિયાં ઊતરતા હતા...૨



★ "શું તે દેવલોકથી ભૂલા પડેલા બે દેવો છે કે પછી જંબૂદ્વીપના બે સૂર્ય છે ?" આ પ્રમાણે તે મુનિભગવંતોના દેહને જોઈ લોકો કલ્પના કરતા હતા...૩

★ તે બે મુનિ ભગવંતમાંથી એક મુનિભગવંતે પોતાનાં શરીરનો ટેકો આપવા પોતાના હાથરૂપી વેલને (બીજા મુનિભગવંતના હાથમાં) મૂકી અને બીજા મુનિભગવંતે કર્મને રોકવાં ખાતર તેમના એ હાથરૂપી વેલને (પોતાના હાથમાં) ધારણ કરી...૪

★ તે બે મુનિભગવંતમાંથી-સહેજ નમેલી કેડીથી સુંદર એવાં પ્રથમ મુનિભગવંત લઘુવૃક્ષ જેવા લાગતા હતા અને મહામતિવાળા બીજા મુનિવર, દૃઢશરીરવાળા મોટા વૃક્ષ જેવા લાગતા હતા...૫

★ તે બંને મુનિભગવંતોનાં નયન જીવરક્ષા ખાતર પૃથ્વીતલ પર જોડાયેલા હતા પણ દૃષ્ટિ તો ભવિષ્યકાલીન સ્થિતિરૂપ ભૂમિ પર વિચરણ કરતી હતી...૬

अतिचक्रमतुः कम्रौ, सोपानानि क्रमौ क्रमात् ।
राज्याद्राज्ये यथा चक्री, सर्वभूमिजयोत्सुकः ॥७॥

कावेताविति प्रश्नस्य, सूत्तरमस्ति यत्तयोः ।
आद्यः **श्रीप्रेमसूरीशः, श्रीभानुविजयो**ऽपरः ॥८॥

द्विसहस्रतमे वर्षे, षडधिके (२००६) च वैक्रमे ।
यात्रा तु प्रचलन्त्यासीत्तयोः सद्गुरुशिष्ययोः ॥९॥

तदा गम्भीरवाचैवं, भानुविजयसंयतम् ।
उवाच प्रेमसूरीशः-''भानो ! शृणु वचो मम ॥१०॥

पाठशाला मुमुक्षूणां, या त्वयाऽत्र प्रचाल्यते ।
रोचते सा प्रकामं मे, वैराग्यजननी परा ॥११॥

न निर्ग्रन्थं विना तीर्थं, निर्ग्रन्थास्तीर्थवाहकाः ।
तस्माद्रचय निर्ग्रन्थमालां नव्यां मनोरमाम् ॥१२॥

★ જેમ સર્વભૂમિને જીતવા ઈચ્છતો ચક્રવર્તી એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં જાય તેમ તે બંને મુનિભગવંતોએ ક્રમશઃ સોપાનો ઓળંગ્યા...૭

★ આ બે કોણ છે ? એ પ્રશ્નનો જવાબ છે કે- તે બેમાંથી પહેલા મુનિભગવંત **આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ** છે અને બીજા મુનિભગવંત **પંન્યાસ શ્રી ભાનુવિજયજી મહારાજ** છે...૮

★ વિક્રમ સંવત્ ૨૦૦૬ ની સાલમાં તે ગુરુ અને શિષ્યની જાત્રા ચાલતી હતી...૯

★ ત્યારે ગંભીર વાણી દ્વારા આ.વિ. પ્રેમસૂરીશ્વરજી મહારાજે પૂ.પં. ભાનુવિજયજી મહારાજને કહ્યું "ભાનુવિજય ! મારી એક વાત સાંભળો...૧૦

★ વૈરાગ્યને ઉત્પન્ન કરનારી એવી મુમુક્ષુઓની પાઠશાળા જે તારા વડે અહીં (શત્રુંજય આયંબિલ ખાતાનાં ભવનમાં) ચલાવાય છે તે મને ખૂબ ગમે છે....૧૧

★ નિર્ગ્રંથ વિના તીર્થ નથી, નિર્ગ્રંથો જ તીર્થને વહન કરે છે માટે નિર્ગ્રંથોની નવી અને સુંદર હારમાળા રચો...૧૨





नव्ययुवमुनिश्रेण्या, दीप्येत सङ्घयौवनम् ।
दूरीभवेत्ततः क्षिप्रं, विग्रहादिः पुरातनः ॥१३॥

तीर्थोद्धारः श्रुतोद्धारो, जायेयातामिह स्फुटम् ।
युवर्षीणां प्रभावेण, युवदीक्षाः प्रवर्तय ॥१४॥

सामर्थ्यं मतिचातुर्यं, वाचस्पत्यं सुयुक्तयः ।
विद्यन्ते युवपार्श्वेऽतो, युवदीक्षाः प्रवर्तय ॥१५॥

फलद्रूपभुवा सस्यनिष्पत्तिर्जायते ध्रुवम् ।
यूनैवं कार्यनिष्पत्तिर्युवदीक्षाः प्रवर्तय ॥१६॥

साध्यते सानुमद्भेदो, वज्रेणैवासतां तथा ।
युवभिर्निग्रहः साध्यो, युवदीक्षाः प्रवर्तय ॥१७॥

नव्यं बलं नवा दृष्टिः, प्रत्यग्रा कार्यपद्धतिः ।
युवमुनिसकाशे स्याद्, युवदीक्षाः प्रवर्तय ॥१८॥



★ નવી યુવાન મુનિઓની શ્રેણી વડે સંઘનું યૌવન દીપી ઊઠશે અને જૂના ઝગડા વગેરે તરત દૂર થશે...૧૩

★ તીર્થોદ્ધાર અને શ્રુતોદ્ધાર એ યુવાન મુનિભગવંતોના પ્રભાવે ચોક્કસ થશે માટે યુવાનોની દીક્ષા પ્રવર્તાવ...૧૪

★ સામર્થ્ય, મતિની ચતુરતા, બોલવાની કળા અને યુક્તિઓ યુવાન પાસે હોય છે માટે યુવાનોની દીક્ષા પ્રવર્તાવ...૧૫

★ ફળદ્રૂપ ભૂમિ વડે જેમ પાક નિશ્ચે ઊગે છે તેમ યુવાન વડે કાર્યો નિશ્ચિત પૂરા થાય છે માટે યુવાનોની દીક્ષા પ્રવર્તાવ...૧૬

★ જેમ પર્વતનો ભેદ વજ્રથી જ શક્ય છે તેમ દુષ્ટોનો નિગ્રહ યુવાનો વડે જ સધાય છે માટે યુવાનોની દીક્ષા પ્રવર્તાવ...૧૭

★ નવું બળ, નવી દૃષ્ટિ અને નવી કાર્યપદ્ધતિ યુવાન મુનિઓ પાસે હોય છે માટે યુવાનોની દીક્ષા પ્રવર્તાવ...૧૮

स्यात् क्षयोपशमस्तीव्रो, गूढशास्त्रावगाहने ।
युवर्षीणामतो वच्मि, युवदीक्षाः प्रवर्तय ॥१९॥

भाविनि बहुलाभाय, स्युर्युवमुनिसत्तमाः ।
सङ्घाय किल तस्मात्त्वं, युवदीक्षाः प्रवर्तय ॥२०॥

निर्णीतं तु मया चित्त एवमनेकहेतुभिः ।
युवदीक्षा हि कालेऽस्मिन्, सदुपायः किलोन्नतेः'' ॥२१॥



एवमुक्त्वा गुरुप्रेमसूरीशो विरराम वै ।
श्रुत्वा गुर्वनुशास्तिं तां, मुदितो भानुसन्मुनिः ॥२२॥

विस्मेरनयनद्वन्द्व, उन्निन्द्रमुखपङ्कजः ।
उद्भिन्नपुलकव्रातः, सस्मितरदनच्छदः ॥२३॥

नीध्रवत्प्रणतग्रीवः, स्थगिताङ्गुलिकम्पनः ।
उल्लसद्धर्षकल्लोललोलतारासरोवरः ॥२४।

★ ગૂઢ શાસ્ત્રોને જાણવામાં યુવાન મુનિભગવંતોનો ક્ષયોપશમ તીવ્ર હોય માટે કહું છું યુવાનોની દીક્ષા પ્રવર્તાવ...૧૯

★ સંઘ માટે ભવિષ્યમાં યુવા મુનિભગવંતો બહુ લાભકારી નીવડશે માટે તું યુવાનોની દીક્ષા પ્રવર્તાવ...૨૦

★ આ પ્રમાણે મારાં વડે મનમાં નક્કી કરાયું છે કે-"યુવાનોની દીક્ષા એ જ આ કાળમાં ઉન્નતિનો સારો ઉપાય છે"...૨૧



★ આટલું કહી આ.વિ. પ્રેમસૂરીશ્વરજી મહારાજે વિરામ લીધો અને ગુરુની હિતશિક્ષા સાંભળી પૂજ્ય ભાનુવિજયજી મહારાજ ખુશ થયા...૨૨

★ પ્રફુલ્લિત છે નયન જેમનાં, ખીલી ઊઠ્યું છે મુખકમળ જેમનું, વિકસી ઊઠી છે રોમરાજી જેમની અને જેમનાં હોંઠ પર સ્મિત છે તેવાં...૨૩

★ છાપરાના નમેલાં છેડા જેવી નમેલી છે ગ્રીવા જેમની, વળી આંગળીઓનું કંપન જેમણે અટકાવી દીધું છે, તથા ઊછળતાં હર્ષનાં મોજાથી ચપળ એવી કીકીરૂપી સરોવરથી જેઓ સુંદર છે...૨૪



बाष्पाऽऽर्द्रपक्ष्मसङ्घातः, श्रीभानुविजयस्तदा ।
''तथेति'' प्रोच्य गुर्वाज्ञां, स्वीचकार विचारकः ॥२५॥ त्रिभिर्विशेषकम्[१] ॥

''न मया सेत्स्यते किञ्चिद्, गुर्वाज्ञयैव सेत्स्यते ।
गुर्वाज्ञामनुसृत्यैवं, श्रेयो मे निश्चयं भवेत् ॥२६॥

ततः सम्पादयिष्यामि, गुर्वाज्ञां सत्वरं''त्विति ।
चिन्तयामास भानुः स, शासनाभ्युदयेच्छुकः ॥२७॥ युग्मम् ॥

उप्तं बीजं तदैवाहो ! महागच्छविनिर्मितेः ।
व्यहरच्च ततो भानुः, सम्प्राप्तगुर्वनुग्रहः ॥२८॥

मुम्बापुर्यां समागत्य, निहत्य मोहजालकम् ।
उद्धृता युवका नैकाः, पङ्कजा इव पङ्कतः ॥२९॥

प्रवचनस्य नादेन, हत्वाऽविरतिराक्षसीम् ।
स जागरितवान् भव्यान्तःस्थविरतिदेवताम् ॥३०॥

---

१. एकद्वित्रिचतुश्छन्दोभिर्मुक्तकसन्दानितकविशेषककलापकानि ॥ ८/११ - काव्यानुशासनम् ॥



★ આંસુથી આર્દ્ર છે પાંપણોનો સમૂહ જેમનો એવા વિચારક પૂજ્ય ભાનુવિજયજી મહારાજે "તહત્તિ" કહી ગુર્વાજ્ઞા સ્વીકારી...૨૫ (ત્રણ શ્લોકોનો સમૂહ)

★ મારા વડે કાંઈ જ સિદ્ધ નહીં થાય પણ ગુર્વાજ્ઞાથી જ (કાર્ય) સિદ્ધ થશે માટે ગુર્વાજ્ઞાનાં અનુસરણ દ્વારા જ મારું કલ્યાણ નિશ્ચિત છે...૨૬

★ તેથી "હું ગુર્વાજ્ઞાનું જલદીથી પાલન કરું" એ પ્રમાણે શાસનનો અભ્યુદય ઈચ્છનારા પૂજ્ય ભાનુવિજયજી મહારાજે વિચાર્યું...૨૭ (બે શ્લોકોનો સમૂહ)

★ તે જ સમયે મહાગચ્છનાં નિર્માણનું બીજ વવાયું અને જેમણે ગુરુકૃપા મેળવી લીધી છે એવાં પૂજ્ય ભાનુવિજયજી મહારાજે વિહાર કર્યો...૨૮

★ મુંબઈમાં પધારી પૂજ્ય ભાનુવિજયજી મહારાજે જેમ કાદવમાંથી કમળ બહાર કઢાય તેમ મોહજાળને વિદારી ઘણાં યુવાનોનો ઉદ્ધાર કર્યો...૨૯

★ પ્રવચનના નાદથી અવિરતિરૂપી રાક્ષસીને હણી ભવ્યજીવોનાં અંતરમાં રહેલાં વિરતિદેવતા તેમણે જાગૃત કર્યા...૩૦





गुरुवाग्झल्लरीं श्रुत्वा, त्यक्त्वा ममत्ववल्लरीम् ।
संसारलहरीं तीर्त्वा, भविजनाः प्रवव्रजुः ॥३१॥

भानुविजयवाचैवं, प्राप्तभवविरागताः ।
गोष्पदीकृतसंसारास्तीर्णा नैकयुवोत्तमाः ॥३२॥

आतोद्यनादैः सह पुष्पवृष्ट्या,
सन्मङ्गलैश्चाप्तसमूहतुष्ट्या ।
नैके युवानो गुरुहस्तयुग्माद्,
धर्मध्वजं प्राप्य सुखीबभूवुः ॥३३॥ इन्द्रवज्रा ॥

दशसु दिक्षु सत्कीर्तिः[२], प्रसृतैवं तदा किल ।
''श्रीभानुविजयो नव्यो, युवदीक्षाप्रवर्तकः'' ॥३४॥

सकृदपि विश्रुत्य श्रीभानुविजयसद्गिरम् ।
न स्यात्कोऽपि कृती तादृग्, यो न स्पृशेद्विरागिताम् ॥३५॥

श्रीभानुविजयो दृष्टो, येन सकृदपि प्रभुः ।
जायन्ते तस्य चित्ते सद्भावा नानाप्रकारकाः ॥३६॥

---

२. सर्वदिग्व्यापी साधुवादः कीर्तिः (दश० अ०९, सूत्र ४) ।

★ ગુરુવાણીની ઝાલર સાંભળી, મમત્વરૂપી વેલને છોડી, સંસારરૂપી લહેરને તરી, ઘણા ભવ્યજીવોએ દીક્ષા લીધી...૩૧

★ પૂજ્ય ભાનુવિજયજી મ.સા.નાં વચનથી વિરાગતાને પામેલા અને સંસારને ખાબોચિયાં જેટલો સીમિત કરી ચૂકેલા અનેક યુવાનો તરી ગયાં...૩૨

★ વાજિંત્રોના નાદો સાથે, પુષ્પોની વૃષ્ટિ વડે, અનેક પ્રકારના મંગલ સાથે અને આપ્તપુરુષોને તુષ્ટ કરી અનેક યુવાનો ગુરુદેવના હાથે રજોહરણ સ્વીકારી સુખી થયાં...૩૩

★ ત્યારે દશે દિશાઓમાં આ પ્રમાણે કીર્તિ ફેલાઈ કે "પૂજ્ય પંન્યાસ ભાનુવિજયજી કોઈક નવા પધાર્યાં છે કે જે યુવાદીક્ષા-પ્રવર્તક છે"...૩૪

★ માત્ર એકવાર પંન્યાસ શ્રી ભાનુવિજયજીની વાણી સાંભળીને વૈરાગ્યનો સ્પર્શ ન પામ્યો હોય એવો એક પણ પુણ્યશાળી નહીં મળે...૩૫

★ એકવાર પણ જેઓ પ્રભુ પંન્યાસ શ્રી ભાનુવિજયજી મ.સા.ને જુવે છે તેઓનાં ચિત્તમાં અનેક પ્રકારના શુભભાવો ઉત્પન્ન થાય છે...૩૬





यथा हि–

सप्तहया न विद्यन्ते, नास्ति चारुणसारथिः ।
तथाऽप्युदयमाप्तोऽयं, भानुर्लोकस्य वर्चसे ॥३७॥

गवि प्रकाशं सुमनोविकासं,
जाड्यस्य नाशं विदधानमेनम् ।
शुच्यम्बरेशं प्रविलोक्य भाति,
भानुर्हि[3] भानुर्नहि भानुरन्यः ॥३८॥ उपजातिः ॥

दृष्ट्वा तपोंऽशुं रविभाःसमानं,
शश्चन्द्रिकां वा[4] वदनेऽत्र भानोः ।
तदेव मत्वा किल पुष्पदन्तौ,
हन्तानुधावन्ति चकोरचक्राः ॥३९॥ उपजातिः ॥

तमांसि दूरतो यान्ति, परमतेज इन्वति ।
भानूदये नृणां चित्तं, मोदते चक्रवाकवत् ॥४०॥

---

३. ते लुग्वा । (सि.हे. ३/२/१०८) । अनेन सूत्रेणाऽत्र भानुपदेन पन्न्यासभानुविजयो ग्राह्यः ।
४. वा समुच्चयार्थकः । - वा समुच्चय उद्दिष्टम् (२६) महाराजशाहराजस्यैकाक्षरनाममालायाम् ।

★ જેમકે-સાત અશ્વો વિદ્યમાન નથી અને અરુણ નામનો સારથિ પણ હાજર નથી છતાં આ ભાનુ (પૂજ્ય પંન્યાસ ભાનુવિજયજી) જગતના પ્રકાશ માટે ઉદય પામ્યો છે...૩૭

★ **સૂર્યનાં પક્ષે** પૃથ્વી પર પ્રકાશ, પુષ્પોનો વિકાસ અને (શારીરિક) જડતાનો નાશ જે કરે છે તે શુદ્ધ આકાશના સ્વામી એવા આને જોઈને એમ લાગે છે કે સૂર્ય એ જ સૂર્ય છે બીજો કોઈ જ સૂર્ય નથી.

**પૂજ્ય પંન્યાસ ભાનુવિજયજી પક્ષે** શબ્દ વિશે પ્રકાશ, સજ્જનોનો વિકાસ અને જે (આંતરિક) જડતાનો નાશ કરે છે તે શ્વેતાંબર મુનિઓના સ્વામી એવા એમને જોઈને એમ લાગે છે કે પૂજ્ય ભાનુવિજયજી એ જ સૂર્ય છે બીજો કોઈ સૂર્ય નથી...૩૮

★ સૂર્યનાં કિરણ જેવી તપની પ્રભા અને (ચંદ્ર જેવી) આનંદની જ્યોત્સ્નાને પૂજ્ય પંન્યાસ ભાનુવિજયજીનાં મુખ પર નિહાળી તે મુખને જ સૂર્ય-ચંદ્ર માની ચકોરપક્ષી અને ચક્રવાકપક્ષી એમની પાછળ દોડે છે...૩૯

★ **સૂર્ય પક્ષે** અંધારા દૂરથી ચાલ્યા જાય છે, પરમતેજ વિસ્તાર પામે છે, સૂર્યનો ઉદય થતા લોકોનું મન ચક્રવાકની જેમ આનંદ પામે છે..

**પૂજ્ય પંન્યાસ ભાનુવિજયજી પક્ષે** પાપો દૂરથી જ ચાલ્યા જાય છે, પરમતેજ (ગ્રંથ) વિસ્તાર પામે છે, પૂ. ભાનુવિજયજીનો ઉદય થતાં લોકોનું મન ચક્રવાકની જેમ આનંદ પામે છે...૪૦

सप्तनया हया यस्य, सारथिः करुणाऽरुणः ।
स उदेति गुरुर्भानु-र्दयानामोदयाचलात् ॥४१॥

एवमनेकसद्भावभावितामलचेतसः ।
श्रीभानुविजयं लोका, मुक्तकण्ठं हि तुष्टुवुः ॥४२॥

सङ्घे सङ्घे विधायोच्चैः, प्रवचनानि सद्गुरुः ।
तारयामास भव्यान् स, तरीव घोरसागरे ॥४३॥



किं सिंहनादः ? किमु मेघनादः ?,
किं सागरोद्भूतगभीरघोषः ?
एवं विकल्पानि समुद्बभूवुः,
श्रुत्वा गिरं तस्य सतां मनस्सु ॥४४॥ इन्द्रवज्रा ॥

वैराग्योप्तिर्मनस्तृप्तिः, समितिगुप्तिरोचनम् ।
भानुविजयवाणीनां, फलान्येतानि जज्ञिरे ॥४५॥

एवं प्रवचनैस्तस्य, निर्नष्टाशुभवासनाः ।
जगृहुर्बहवो दीक्षां, धर्मशिक्षाभिलाषिणः ॥४६॥





★ સાત નય જેમના સાત અશ્વો છે અને કરુણા નામનો અરુણ સારથિ છે તે ગુરુ પૂજ્યપાદ ભાનુવિજયજી દયા નામના ઉદયાચલ પર્વતથી ઉદય પામે છે...૪૧

★ આ પ્રમાણે અનેક શુભભાવથી ભાવિત મનવાળા લોકોએ મુક્તકંઠે પંન્યાસ શ્રી ભાનુવિજયજી મહારાજની સ્તવના કરી...૪૨

★ ઘોરસાગરમાં વહાણની જેમ તે સદ્‌ગુરુદેવે દરેક સંઘોમાં પ્રવચનો કરી ભવ્યજીવોને તાર્યા...૪૩

★ "શું આ સિંહનાદ છે ? કે પછી મેઘનાદ ? કે પછી સાગરમાંથી ઊભો થતો ગંભીર ઘોષ ?" આવા પ્રકારના વિકલ્પો તેમની વાણી સાંભળીને સજ્જનોના મનમાં ઉત્પન્ન થતા હતા...૪૪

★ વૈરાગ્યનું વપન, મનની તૃપ્તિ, સમિતિ અને ગુપ્તિ પ્રત્યે રુચિ આ બધા પંન્યાસપ્રવર શ્રી ભાનુવિજયજી મ.સા.નાં વ્યાખ્યાનોનાં ફળ છે...૪૫

★ આ પ્રમાણે તેમનાં પ્રવચનથી જેમનાં અશુભસંસ્કારો નાશ પામી ચૂક્યાં છે એવા ધર્મની શિક્ષાને ઈચ્છતાં ઘણા લોકોએ દીક્ષા લીધી...૪૬

## (दीक्षितानां युवसाधूनां स्वरूपम्)

जातास्तेभ्यो बुधाः केचित्, केचन च तपस्विनः ।
केचन कर्मशास्त्रस्याऽऽध्येतारः सर्जकास्तथा ॥४७॥

केचित् संशोधनाऽऽसक्ता, वक्तारोऽपि च केचन ।
लोकोपयोगिसाहित्यसर्जने पटवोऽऽपरे ॥४८॥

मधुकर इवालिप्ता, माधुकर्यां सलब्धिकाः ।
मण्डलीसत्ककार्येषु, सन्नद्धा विगतस्पृहाः ॥४९॥



ग्लानविश्रामणारक्ताः, सातदातार उत्तमाः ।
केचन कष्टसाध्यानां, नियमानां च धारकाः ॥५०॥

उत्सर्गादेः परिच्छेदात्, स्फीताऽऽशया असंशयाः ।
मार्गानुसारिणः सर्वे, केचिन्मार्गोपदेशकाः ॥५१॥

स्वपराऽऽगमसंविज्ञाः, प्रज्ञाधारिषु शेखराः ।
स्वाध्यायगुञ्जनेनाहो !, मुखरीकृतदिङ्मुखाः ॥५२॥

निर्व्यूढगुरुसन्दिष्टकार्यमालाः कलाऽऽलयाः ।
तर्कनिशातधीछिन्नमिथ्यावचनशृङ्खलाः ॥५३॥

सूक्ष्मबादरजीवानां, रक्षणे विहिताऽऽदराः ।
सूक्ष्मेक्षिकां च बिभ्राणाः, साधवो भूविभूषणाः ॥५४॥ अष्टभिः [४]कुलकम् ॥

४. पञ्चादिभिश्चतुर्दशान्तैः कुलकम् ॥ ८/१२ ॥ काव्यानुशासनम् ॥



## (દીક્ષિત થયેલા યુવા-મુનિભગવંતોનું સ્વરૂપ)

★ દીક્ષિત થયેલા તે સર્વેમાંથી કેટલાંક વિદ્વાન થયા, કેટલાક તપસ્વી થયા, કેટલાક કર્મશાસ્ત્રના ભણનારા અને સર્જક થયા...૪૭

★ કેટલાક સંશોધનમાં આસક્ત થયાં, કેટલાક વક્તા થયા અને કેટલાક લોકભોગ્યસાહિત્યનાં સર્જનમાં કુશળ થયા...૪૮

★ કેટલાક મુનિઓ મધુકરની જેમ અલિપ્ત, ગોચરીમાં લબ્ધિવાળા, માંડલીનાં કાર્યોમાં તત્પર અને સ્પૃહા વિનાના થયા...૪૯

★ ગ્લાનની સેવામાં રક્ત, શાતા આપનાર, ઉત્તમ એવા કેટલાક મુનિઓ કષ્ટસાધ્ય નિયમોને ધારણ કરનારા થયા...૫૦

★ ઉત્સર્ગ વગેરેનાં જ્ઞાનથી સુંદર આશયવાળા તથા સંશય વિનાના એવા તમામે તમામ માર્ગાનુસારી થયા અને કેટલાંક માર્ગનાં ઉપદેશક થયા...૫૧

★ સ્વસમય અને પરસમયને જાણનારા, પ્રજ્ઞાધારીઓમાં શ્રેષ્ઠ એવા તેઓએ સ્વાધ્યાયનાં ગુંજનથી દિશાઓને પણ મુખર કરી દીધી...૫૨

★ ગુરુએ દર્શાવેલ કાર્યોનાં સમૂહને પૂરા કરનારા, કલાનાં સ્થાનસમાં તથા તર્કથી ધારદાર કરાયેલી બુદ્ધિથી મિથ્યાવચનરૂપી સાંકળને તોડનારા થયા...૫૩

★ સૂક્ષ્મ-બાદર જીવોનાં રક્ષણમાં આદરવાળા, સૂક્ષ્મેક્ષિકાને ધારણ કરનારા એવા પૃથ્વીનાં ભૂષણસમાન સાધુઓ થયા...૫૪ (આઠ શ્લોકોનો સમૂહ)



नूत्नदीक्षितरत्नानां, प्रौढसाधुसमौजसाम् ।
दर्शनेन जना ऊचुः-''बहुरत्ना वसुन्धरा'' ॥५५॥

तेषां वीरैकभक्तानां, वीरमार्गानुगामिनाम् ।
दर्शनेन जना ऊचुः-''वीरभोग्या वसुन्धरा'' ॥५६॥

एवमनेकसच्छिष्यपरिवारितविग्रहः ।
विरेजे स गुरुर्भानुर्बहुशाखान्वितद्रुवत् ॥५७॥

श्रीप्रेमसूरिराजानां, मनोरथं प्रपूरयन् ।
गच्छं विरचयामास, गुच्छं मालाकरो यथा ॥५८॥

साधुरत्नखनिर्गच्छस्तत्रापि रत्नतल्लजः ।
हंसरत्नाभिधानेन, शिष्यो भानोर्बभूव यः ॥५९॥

अबालसाध्यकार्याणां, कर्ता बाल्येऽपि दीक्षितः ।
तस्याहं जीवनं वक्ष्ये, चित्तसिन्धुविधूदयम् ॥६०॥ युग्मम् ॥



★ પ્રૌઢ સાધુ જેવું છે તેજ જેમનું એવા નૂતનદીક્ષિતરત્નોને જોઈને લોકોએ કહ્યું કે "આ પૃથ્વી ઘણાં રત્નોવાળી છે"...૫૫

★ શ્રીવીરના એકમાત્ર ભક્ત એવા તથા વીરના માર્ગે જનારા એવા તેઓને જોઈને લોકોએ કહ્યું કે-"આ પૃથ્વી વીરો વડે ભોગવવાં યોગ્ય છે"...૫૬

★ આ પ્રમાણે અનેક સુંદર શિષ્યોથી વીંટળાયેલ દેહવાળા એવા પૂજ્ય પંન્યાસ ભાનુવિજયજી ઘણી શાખાઓથી વીંટળાયેલાં વૃક્ષની જેમ શોભ્યા...૫૭

★ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજનાં મનોરથની પૂર્તિ કરતા તેઓએ જેમ માળા બનાવનાર પુષ્પનાં ગુચ્છની રચના કરે તેમ ગચ્છની રચના કરી...૫૮

★ તે ગચ્છ સાધુરૂપી રત્નોની ખાણ છે. તેમાં પણ શ્રેષ્ઠતમ રત્ન એવા મુનિશ્રી હંસરત્નવિજયજી નામે પંન્યાસશ્રી ભાનુવિજયજીના શિષ્ય થયા...૫૯

★ જે બાળદીક્ષિત હોવા છતાં અબાલસાધ્ય (કષ્ટસાધ્ય) કાર્યને કરનારા થયા એવા મનરૂપી સાગર માટે ચંદ્રના ઉદયસમાન તેમના જીવનને હું કહીશ...૬૦



# યુગો સુધી
# જળહળશે

जन्मादीनि पवित्राणि, तस्य वक्ष्ये यथाक्रमम् ।
नन्दवर्धनशीलानि, गुणस्थानकरोहवत् ।।६१।।

सन्ति सद्गुणपुष्पाणि, तस्य जीवननन्दने ।
चिन्वन्तु स्वाभिप्रेतानि, विज्ञप्तिरिति मे सताम् ।।६२।।

एवं श्रीप्रेमभानुप्रवरविरचितो, दर्शितो गच्छराजः,
सम्प्रत्यप्यात्मसौख्यं, निजशरणगतान्, यो ददाति प्रभूतम् ।
जीयाद् यावद्रवीन्दू, स किल भुवि सदा, तेन सार्धं तथाऽऽयं
पक्षः स्वर्गापवर्गप्रद इह भविनामादिमः स्वादिमाऽऽढ्यः ।।६३।। स्रग्धरा ।।

**।। इति प्रथमः पक्षः समाप्तः ।।**



# ભુવનભાનુનાં અજવાળાં

★ ગુણસ્થાનકના આરોહણની જેમ આનંદ વધારવાના સ્વભાવવાળા એવા તેમના પવિત્ર જન્મ વગેરેને યથાક્રમે હું કહીશ...૬૧

★ તેમનાં જીવનરૂપી નંદનવનમાં અનેક સદ્‌ગુણરૂપી પુષ્પો છે એ માંથી જે ખુદને પસંદ પડે તે ચૂંટી લેજો એવી સજ્જનોને મારી વિનંતિ છે...૬૨

★ આ પ્રમાણે પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્‌ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજે તથા પૂજ્ય પંન્યાસ ભાનુવિજયજી મહારાજે (આગળ જતાં પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્‌ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજે) રચેલો સુવિશાળ ગચ્છ, જે આજે પણ પોતાના શરણાગતને ઘણું આત્મસુખ આપે છે તે (આ પક્ષમાં) દર્શાવાયો.

"યાવચ્ચંદ્રદિવાકર" તે ગચ્છ અને તેની સાથે સ્વાદિષ્ટતાપૂર્ણ, ભવિજીવોને સ્વર્ગ અને મોક્ષ આપનાર આ પક્ષ પણ જય પામો...૬૩

**॥ પહેલો પક્ષ સમાપ્ત ॥**



## कर्तृगुप्तः श्लोकः

धृत्वाऽपि हंसरत्नस्य, हृदयं मातुमक्षमः ।
कर्तृगुप्तमिदं वाक्यं, मर्यादा पञ्चवार्षिकी ॥

★ સમુદ્ર પણ આચાર્ય વિજય હંસરત્નસૂરિજીનું હૃદય માપવા માટે અસમર્થ છે- આ વાક્યમાં કર્તા ગુપ્ત છે તે જાણવા પાંચ વર્ષની મર્યાદા આપું છું.

---

આ શ્લોકમાં કર્તા ગુપ્તરૂપે રહેલો છે માટે આને કર્તૃગુપ્ત શ્લોક કહેવાય.
(धृत्वन् = સમુદ્ર) - સામાન્યતયા धृत्वा નો 'ધારણ કરીને' એવો અર્થ પકડાય પણ અહીં धृत्वा નો અર્થ સમુદ્ર છે, જે અહીં કર્તારૂપે છે પણ જલદી પકડાતો નથી.

# ॥ द्वितीयः पक्षः ॥

## (लोकवृक्षः, हरेर्जन्म बाल्यञ्च)

क्रीडायां यस्य हस्ताद्, मृदुलतररजःसत्कणान् निःसृतान् वै,
सूर्योस्रैर्दीप्यमानान्नभसि विलसतस्तान्, विलोक्याऽऽदितेयाः ।
श्रीहस्तोत्सृष्टनिष्का, इम इति दधते, मोदमानाः स्वचित्ते
तं नत्वा वर्धमानं, विबुधजनमुदे, वच्मि पक्षं द्वितीयम् ॥१॥ स्रग्धरा ॥

### (लोकवृक्षः)

अनादिनिधनो लोकवृक्षश्चित्रो विराजते ।
गत्याख्याभिश्च शाखाभिश्चतुर्भिः समलङ्कृतः ॥२॥

सन्ति तासां च शाखानां, प्रशाखा बहुलाः पराः ।
दर्शयामि समासेन, किञ्चिदत्रानुप्रेक्षया ॥३॥

तिर्यग्गतिसदाख्येयं, शाखा तु प्रथमा मता ।
प्रशाखे तस्य विज्ञेये, द्वे त्रसस्थावराभिधे ॥४॥

तत्र स्थावरनाम्नी या, प्रशाखा परिदृश्यते ।
सा बहुपल्लवाऽऽकीर्णा, पट्वी स्पर्शैकसद्गुणे ॥५॥

विवेचितानि पत्राणि, पृथ्व्यादिजातिभिस्तथा ।
प्रजातयोऽपि हा ! सन्ति, नैकास्तेषां बुधैर्मताः ॥६॥



# ॥ બીજો પક્ષ ॥

## (લોકવૃક્ષ, હરિનો જન્મ અને બાળપણ)

★ રમતમાં જેના હાથથી સરકી ગયેલી, સૂર્યનાં કિરણો વડે દીપતી, આકાશમાં વિલાસ કરતી એવી રજકણોને જોઈને "આ તો લક્ષ્મીનાં હાથથી નીકળતી સુવર્ણ મુદ્રાઓ છે" એમ માની મનમાં હરખાતાં દેવો તેને (રજકણોને) ગ્રહણ કરે છે, તે વર્ધમાનસ્વામીને નમસ્કાર કરી, વિદ્વાન પુરુષોના આનંદ માટે હું બીજા પક્ષને કહું છું...૧



## (લોકવૃક્ષ)

★ અનાદિ-અનંત એવો લોકવૃક્ષ શોભે છે જે "ગતિ" નામની ચાર ડાળીઓ વડે અલંકૃત છે...૨

★ તે ડાળીઓની પણ ઘણી પ્રશાખાઓ છે, તે અનુપ્રેક્ષા વડે સંક્ષેપથી અહીં કંઈક બતાવું છું...૩

★ તિર્યંચ-ગતિ નામની પહેલી ડાળ છે અને તેની ત્રસ અને સ્થાવર નામની બે પ્રશાખાઓ જાણવી...૪

★ તે ઠેકાણે સ્થાવર નામની જે પ્રશાખા દેખાય છે, તે ઘણાં પર્ણોથી ભરાયેલી છે અને સ્પર્શ નામના એક જ ગુણમાં હોંશીયાર છે...૫

★ તે પર્ણો પૃથ્વી વગેરે (પૃથ્વીકાય વગેરે) જાતિઓથી જુદા કરાયા છે અને તેઓની પ્રજાતિ પણ વિદ્વાનો વડે અનેક મનાયેલી છે...૬

त्रसाऽऽख्यायां प्रशाखायां, जातिभिर्द्वीन्द्रियादिभिः ।
पर्णानि सन्ति भिन्नानि, वीर्याधिकानि च क्रमात् ॥७॥

प्रायेणास्या हि शाखाया आर्तानि पल्लवानि वै ।
स्वविषयप्रसक्तानि, दीर्णान्यज्ञानकीटकैः ॥८॥

नरकगतिनाम्नीयं, शाखेह द्वितीया मता ।
सन्ति सप्तप्रशाखाश्च, तस्या दुःखप्रदायिकाः ॥९॥

क्रमेण भीषणाऽऽकाराः, कारावासनिभा हि ताः ।
तासां प्रत्येकपर्णानि, सहन्ते व्यसनं चिरम् ॥१०॥

परमाधार्मिकाभिख्यासस्यकीटकदंशनैः ।
तुदन्ति तानि पत्राणि, मिथः सङ्घर्षणेन च ॥११॥

तृतीयाऽथ सुशाखाऽस्ति, विबुधगतिसञ्ज्ञकः ।
प्रशाखाः स्युश्चतस्रोऽस्य, वैमानिकादिभेदतः ॥१२॥

पल्लवानि विभक्तानि, तासामिन्द्रादिजातिभिः ।
उन्निन्द्राणि सुरूपाणि, पञ्चविषयभाञ्जि च ॥१३॥

परं परस्परा[१]सूयापरिखिन्नानि तानि तु ।
दर्पेण स्पर्द्धमानानि, वृथा परितपन्ति रे ! ॥१४॥



---

१. ईसाए दुहि अन्नो, अन्नो वेरियणकोवसंतत्तो ।
अन्नो मच्छरदुहिओ, नियडीए विडंबिओ अन्नो ॥ ३८८ ॥ भवभावना ॥



★ ત્રસ નામની પ્રશાખામાં પર્ણો બેઈન્દ્રિયાદિ જાતિઓ વડે ભિન્ન છે અને ક્રમશઃ અધિક શક્તિવાળાં છે...૭

★ પ્રાયઃ કરીને આ શાખાનાં પાંદડાઓ આર્ત હોય છે, પોતાના વિષયોમાં આસક્ત હોય છે અને અજ્ઞાનરૂપી કીડાઓ વડે ભેદાયેલા હોય છે...૮

★ નરકગતિ નામની આ બીજી શાખા મનાયેલી છે, તેની સાત પ્રશાખાઓ દુઃખ આપનારી છે...૯

★ ક્રમે કરીને ભીષણ આકારવાળી, કારાવાસ જેવી તે પ્રશાખાઓ છે અને તેનાં પાંદડાઓ લાંબા સમય સુધી દુઃખને સહે છે...૧૦

★ પરમાધામી નામનાં પર્ણકીટના (પાંદડું ખાઈ જનાર કીડો) ડંખ વડે અને પરસ્પર સંઘર્ષ વડે તે પાંદડાઓ પીડિત થાય છે...૧૧

★ હવે, ત્રીજી દેવગતિ નામની શાખા છે, તેની વૈમાનિક વગેરે ભેદથી ચાર પ્રશાખાઓ હોય છે...૧૨

★ તે પ્રશાખાઓનાં "ઈન્દ્ર" વગેરે જાતિઓ વડે વિભાજિત કરાયેલાં પર્ણો પ્રફુલ્લિત, રૂપાળા અને પાંચે ઈન્દ્રિયોના વિષયોથી યુક્ત હોય છે. (=પાંચે ઈન્દ્રિયોના વિષયોને ભોગવનારા હોય છે)...૧૩

★ પરંતુ પરસ્પર અદેખાઈથી ખેદ પામેલા, અહંકાર વડે સ્પર્ધા કરતા એવા તેઓ ફોગટ જ પરિતાપ કરે છે...૧૪



तुर्या मनुजनाम्न्यस्ति, शाखाऽत्र हृदयङ्गमा ।
कर्माकर्माऽऽख्यभूभेदाद्, द्वे प्रशाखे स्मृते बुधैः ॥१५॥

अकर्मभूमिसञ्ज्ञायां, प्रशाखायां सुदृश्यते ।
युगलपर्णसङ्घातः, श्रान्तिदुःखविवर्जितः ॥१६॥

कर्मभूमिप्रशाखायां, पर्णानि द्विविधानि च ।
एकानि प्राप्ततत्त्वानि, मूढानि चेतराणि तु ॥१७॥

तत्र च मूढपर्णानि, रज्यन्ति भोगसङ्कुले ।
कषायाऽऽतपतप्तानि, क्षरन्ति कालतस्ततः ॥१८॥

यानि तु प्राप्ततत्त्वानि, धुर्याणि धर्मकर्मणि ।
आजन्मसंविरक्तानि, गीयन्ते तानि कोविदैः ॥१९॥

संसिद्धसर्वकर्माणि, मुक्तानि कर्मणोऽपि च ।
च्यवन्ते तानि कालेन, लभन्ते पदमक्षरम् ॥२०॥

श्लाघ्यानि तानि भुव्यत्र, वर्यपर्णानि धर्मिभिः ।
जन्मादीनि पवित्राणि, तेषां गेयानि चाऽऽमुदा ॥२१॥

श्रीहंसरत्ननाम्नः सत्पर्णस्यैतादृशस्य तु ।
वर्णयामि सुवृत्तान्तं, जन्मादीनां यथाक्रमम् ॥२२॥

★ ચોથી મનુષ્યગતિ નામની સુંદર શાખા છે, કર્મભૂમિ અને અકર્મભૂમિના ભેદથી તેની બે પ્રશાખા વિદ્વાનો વડે જણાઈ છે...૧૫

★ અકર્મભૂમિ નામની પ્રશાખામાં શ્રમ અને દુઃખ વિનાનાં જુગલબંધ પાંદડાઓનો સમૂહ દેખાય છે...૧૬

★ કર્મભૂમિ નામની પ્રશાખામાં બે પ્રકારનાં પાંદડાઓ છે-૧. જેઓ તત્ત્વ પામી ચૂક્યા છે ૨. મૂઢ...૧૭

★ તે ઠેકાણે જે મૂઢપર્ણો છે, તે ભોગોના સમૂહમાં રાચે છે અને કષાયના તાપથી તપ્ત થયેલા એવા તેઓ સમય જતા ત્યાંથી ખરી જાય છે...૧૮

★ વળી જેઓ તત્ત્વ પામી ચૂકેલા છે, જેઓ ધર્મકાર્યમાં અગ્રેસર અને જન્મથી જ વૈરાગી છે, તેવાં પર્ણો વિદ્વાનો વડે ગવાય છે...૧૯

★ જેઓનાં તમામ કાર્યો સિદ્ધ થઈ ચૂક્યા છે અને વળી જેઓ કર્મથી પણ મુક્ત થઈ ચૂક્યા છે તેઓ કાળના પરિપાકથી ચ્યવે છે અને અક્ષરપદને પામે છે...૨૦

★ તે શ્રેષ્ઠપર્ણો અહીં ધરતી પર ધર્મીજનો વડે પ્રશંસા કરવા યોગ્ય છે અને તેઓના પવિત્ર જન્મ વગેરે આનંદથી ગાવા યોગ્ય છે...૨૧

★ આવા જ આચાર્યદેવ શ્રીમદ્ વિજય હંસરત્નસૂરીશ્વરજી મહારાજ નામનાં સુંદર પર્ણના જન્મ વગેરેના વૃત્તાંતને યથાક્રમે હું વર્ણવું છું...૨૨



## (जन्मभूमिः, जननीजनेतारौ च)

नृरत्नखनिरेषोऽस्ति, **भारतो** ज्ञानभारतः ।
अस्मिन् **गुर्जरदेश**श्च, राजते नाकपूरिव ॥२३॥

खं यदाऽऽच्छादयन्त्यब्दा, विधुकलास्वसूयया ।
तदा प्रावृषि गव्यत्र, कलास्तन्वन्ति केकिनः ॥२४॥

जाड्यखिन्नतनोर्जाड्यवारणाय किमुच्चकैः ।
हेमन्ते कुर्कुटा अत्र, गायन्त्यर्कोदयस्तवम् ? ॥२५॥

सूर्यदेवः प्रकोपेन, ग्रीष्मे तापयति क्षितिम् ।
शमयन्ति तदा तप्तां, तां देव्यो नर्मदादयः ॥२६॥

विविधभोज्यनेपथ्यभाषाभूषादिभिः स्फुटम् ।
भूमिरियं सदाकालं, कलावती हि गुर्जरी ॥२७॥

प्राच्यस्थापत्यदर्शेन, हृष्यन्ति लोकचक्षुषः ।
तीर्थयात्रां च कृत्वाऽत्र, शान्तिमेति मनो नृणाम् ॥२८॥

सर्वधर्मसहिष्णुत्वं, निर्विवादं सुदृश्यते ।
भ्राजते जैनसाम्राज्यं, तत्र वर्यं विशेषतः ॥२९॥





## (જન્મભૂમિ, જનની અને જનેતા)

★ જ્ઞાનરૂપી પ્રકાશમાં રત એવો આ **ભારતદેશ** તો ખરેખર નરરત્નોની ખાણ છે અને એમાં **ગુજરાતરાજ્ય** દેવલોકની નગરી જેવું શોભે છે...૨૩

★ ચંદ્રની કળાઓને વિશે અદેખાઈથી જ્યારે વર્ષાકાળમાં વાદળીઓ આકાશને ઢાંકે છે, ત્યારે અહીં (ગુજરાતમાં) ધરતી પર મોરલાઓ કળાઓનો વિસ્તાર કરે છે...૨૪

★ શું જડતાથી ખેદ પામેલા શરીરની જડતા દૂર કરવા માટે જ હેમન્તઋતુમાં અહીં (ગુજરાતમાં) કૂકડાઓ ઊંચેથી (સવારે) સૂર્યોદયનાં (સ્વાગત) સ્તવનને ગાય છે ?...૨૫

★ ગ્રીષ્મઋતુમાં જ્યારે સૂરજદેવતા પ્રકોપ વડે ધરતીને તપાવે છે ત્યારે નર્મદા વગેરે દેવીઓ તપ્ત થયેલી તે ભૂમિને શાંત કરે છે...૨૬

★ વિવિધ પ્રકારનાં ભોજન, વેશભૂષા, ભાષા, અલંકાર વગેરેથી ચોક્કસ આ ગુજરાતની ભૂમિ સદા કલાવાળી હોય છે...૨૭

★ અહીં (ગુજરાતમાં) પ્રાચીન સ્થાપત્યોનાં દર્શનથી લોકોની આંખો હર્ષ પામે છે અને તીર્થયાત્રા કરીને લોકોનું મન શાંતિ પામે છે...૨૮

★ ત્યાં (ગુજરાતમાં) વિવાદ વિના સર્વધર્મસહિષ્ણુતા જોવા મળે છે અને વિશેષ કરીને સુંદર એવું જૈનધર્મનું સામ્રાજ્ય દીપે છે...૨૯



रैवताचलशङ्खेशशत्रुञ्जयादिनामतः ।
चकासत्यत्र तीर्थानि, सङ्कीर्णानि सदा जनैः ॥३०॥

पांसवोऽप्यत्र रे ! पूताः, सद्गुरुपादपांसुभिः ।
तेन निसर्गतो लोकाश्चलन्ति धर्मवर्त्मनि ॥३१॥

अत्रापि राजते **कच्छ**नामा देशो मनोरमः ।
भद्रेश्वरादितीर्थैर्यो, मण्डितः सुयशोधरः ॥३२॥

विजयाविजयौ यत्र, शीलवन्तौ सुदम्पती ।
बभूवतुः सुविख्याते, सेयं कच्छधरा वरा ॥३३॥

मरावपीह कच्छस्य, मृदः सिताश्चकासति ।
द्योतत उज्ज्वला कीर्तिर्मन्ये ह्यस्य कणे कणे ॥३४॥

पर्वाणि चात्र दिव्यानि, सञ्जायन्ते पदे पदे ।
अत्रत्यानां सतां मन्ये, पर्वैव जीवनं खलु ॥३५॥

सारल्यधृतिवीर्यादिगुणगन्धधरोद्गमाः ।
सन्तस्तत्र विराजन्त, आकृष्टगुणिषट्पदाः ॥३६॥



★ ભક્તજનોથી લોકોથી ભરાયેલા ગિરનાર, શંખેશ્વર, શત્રુંજય વગેરે તીર્થો અહીં (ગુજરાતમાં) શોભે છે...૩૦

★ અરે ! અહીં (ગુજરાતમાં) સદ્‌ગુરુનાં ચરણરજથી રજકણો પણ પાવન થયેલી છે તેથી સ્વાભાવિકપણે લોકો ધર્મના માર્ગે ચાલે છે...૩૧

★ આ ગુજરાતમાં પણ સારા યશને ધારણ કરનાર, ભદ્રેશ્વર વગેરે તીર્થોથી મંડિત સુંદર એવો **કચ્છ** નામનો દેશ શોભે છે...૩૨

★ વિજયશેઠ અને વિજયાશેઠાણી નામનાં શીલવાન, પ્રખ્યાત એવા દંપતી જ્યા થયા તે આ સુંદર કચ્છની ધરતી છે...૩૩

★ અહીં કચ્છનાં રણમાં પણ સફેદ માટી શોભે છે (જે જોતાં) હું માનું છું કે આ કચ્છની ઉજ્જવળ કીર્તિ (રેતીના) કણ-કણમાં દીપે છે...૩૪

★ અહીં (કચ્છમાં) ડગલે ને પગલે દિવ્ય પર્વો ઊજવાય છે. અહીં વસતા સજ્જનોનું જીવન જ ખરેખર પર્વ છે એમ હું માનું છું...૩૫

★ સરળતા, ધૈર્ય, વીર્ય વગેરે ગુણરૂપી ગન્ધને ધારણ કરનાર પુષ્પ જેવા સજ્જનો અહીં (કચ્છમાં) બિરાજે છે કે જેઓએ ગુણીજનરૂપી ભ્રમરોને આકર્ષિત કર્યા છે...૩૬

कदाचिद्विहरन्तीनां वसन्तीनां कदाचन ।
कच्छेऽच्छसाधुसाध्वीनां, प्रसरो दृश्यते शुभः ॥३७॥

कच्छ **आधोइ**सद्ग्रामो, धाम सुकृतिसन्ततेः ।
शस्यसद्धर्मसस्यानामुत्पत्तिभूश्च शोभते ॥३८॥

अस्य ग्रामस्य वास्तव्यो, **देवजी**नामश्रावकः ।
प्रबुद्धो यः **कलापूर्णसूरीणां** सुवचोऽमृतैः ॥३९॥

श्रीभद्रेश्वरतीर्थस्य, यात्रायां गतवान् हि सः ।
गुरूक्ता नियमाः सर्वे, तेनाऽऽत्ता निजश्रेयसे ॥४०॥

**राजी**नाम्नी प्रिया ह्यस्य, प्रियधर्मा पतिव्रता ।
जिनाऽऽज्ञाप्रतिबद्धा च, शीलालङ्कारभूषिता ॥४१॥







★ ક્યારેક વિહાર કરતાં અને ક્યારેક સ્થિરતા કરતાં એવા સુંદર સાધુ-સાધ્વીજી ભગવંતોનો શુભ સમૂહ કચ્છમાં દેખાય છે...૩૭

★ આ કચ્છમાં પ્રશંસનીય એવા સદ્ધર્મરૂપી ધાન્યનું ઉત્પત્તિસ્થાન અને સુકૃતની સન્તતિનું ધામ એવું **આધોઈ** ગામ શોભે છે...૩૮

★ આ ગામના રહેવાસી **દેવજીભાઈ** નામના શ્રાવક છે જેઓ અધ્યાત્મયોગી **પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજા**નાં વચનરૂપી અમૃતથી બોધ પામેલા છે...૩૯

★ શ્રીભદ્રેશ્વર તીર્થના છ''રી'' પાલિત સંઘમાં તેઓ ગયા અને (ત્યાં સંઘમાં) ગુરુભગવંતે જેટલા પણ નિયમો કીધા તે બધા તેમણે પોતાનાં કલ્યાણ માટે ગ્રહણ કર્યાં...૪૦

★ ધર્મ છે પ્રિય જેણે એવી પતિવ્રતા, જિનાજ્ઞામાં પ્રતિબદ્ધ અને શીલરૂપ અલંકારથી ભૂષિત આ શ્રાવકની **રાજીબેન** નામની શ્રાવિકા હતી...૪૧





## (जन्मोत्सवः)

वैक्रमाब्देऽग्निपादाभ्रबाहुमिते (२०२३) हि चैत्रके ।
दशम्यां कृष्णपक्षस्य, सा सूते स्म सुतं वरम् ॥४२॥

पूर्णचन्द्रसमं वक्त्रं, मृगाक्षिसदृशौ दृशौ ।
पद्मपत्रसमाङ्गुल्यो, वृत्ताबाहू सुदर्शनौ ॥४३॥

ग्रीवा तु वलयाऽऽकारा, कुवलयसमौ करौ ।
ललाटमर्धचन्द्राऽऽभमौष्ठौ कोकनदोपमौ ॥४४॥

एवं सुमांसलं गात्रं, पुत्रस्य सर्वलक्षणम् ।
दृष्ट्वा हृष्टौ निजे चित्ते, तौ मातापितरौ भृशम् ॥४५॥ त्रिभिर्विशेषकम् ॥

फलं जिनार्चनस्येदं, सद्गुरोः सेवनस्य च ।
पुत्रलाभ इति स्वान्ते, चिन्तयामासतुर्हि तौ ॥४६॥

शिष्टलोकाः समाहूता, मिष्टभोज्यं वितारितम् ।
**महतां खलु जन्मापि, स्यान्महोत्सवकारणम् ॥४७॥**

वारंवारं मुखं तस्य, दृष्ट्वा रोकेन्दुसोदरम् ।
सतां मुखसरोजानि, स्फुटितानि मुहुर्मुहुः ॥४८॥







## (જન્મમહોત્સવ)

★ વિક્રમ સંવત ૨૦૨૩, ચૈત્ર વદ ૧૦ ના દિવસે (રાજીબેને) સુંદર એવા પુત્રને જન્મ આપ્યો...૪૨

★ પૂર્ણચંદ્ર જેવું મુખ, હરણની આંખ જેવી આંખો, કમળનાં પત્ર જેવી આંગળીઓ, સુંદર એવા ગોળ બાહુ...૪૩

★ કંકણાકારવાળી (=ગોળ) ડોક, કમળ જેવા હાથ, અર્ધ ચંદ્ર જેવું કપાળ અને લાલ કમળ જેવા બે હોંઠ...૪૪

★ આવા પ્રકારનાં સર્વલક્ષણવાળા, હૃષ્ટ-પુષ્ટ એવા પુત્રનાં શરીરને જોઈને માતા-પિતા પોતાનાં મનમાં અત્યંત આનંદિત થયા...૪૫ (ત્રણ શ્લોકોનો સમૂહ)

★ "પરમાત્માની પૂજાનું અને સદ્‌ગુરુની સેવાનું આ ફળ છે કે આપણને પુત્રનો લાભ થયો' એ પ્રમાણે તેઓએ (માતા-પિતાએ) મનમાં વિચાર્યું...૪૬



★ શિષ્ટલોકો બોલવવામાં આવ્યાં, મિઠાઈનું વિતરણ કરવામાં આવ્યું કારણકે મહાપુરુષોનો જન્મ પણ મહોત્સવનું કારણ બને છે...૪૭

★ વારંવાર પૂનમનાં ચંદ્ર જેવા એવા તેનાં મુખને જોઈને સજ્જનોનાં મુખરૂપી કમળ વારંવાર ખીલ્યાં...૪૮



आत्मीयैर्हरिरित्याख्या, तस्मै दत्ता सुधीवरैः ।
चिन्तयित्वा यदायत्यां, मोहेभं स हनिष्यति ॥४९॥

जनन्युद्यानपालीव, संस्कारवारिसेचनम् ।
चकार हरिगुल्मे सा, गुल्मोऽपि ववृधे क्रमात् ॥५०॥

कन्दुकक्रीडया क्रीडन्, गच्छन् नित्यं जिनालयम् ।
यापयति स्म कालं स्वं, प्रवर्धमानया मुदा ॥५१॥

प्रायेण ज्ञायते न स्वबाल्यं कदा प्रयात्यतः ।
सूर्योऽपि यौवनं प्राप्य, बाल्यस्मृत्या तपत्यहो ! ॥५२॥

एकदा जीवने तस्य, किञ्चित्तु घटितं नवम् ।
तदहं क्रमतो वक्ष्ये, सावहिता भवन्तु भोः ! ॥५३॥

मया दर्शितो लोकवृक्षः किलादौ,
ततो गुर्जरत्रा पवित्रा च यत्र ।
हरेर्जन्म बाल्यं च प्रोक्ते क्रमेण,
स जीयाद् द्वितीयो धरायां सुपक्षः ॥५४॥ भुजङ्गप्रयातम् ॥

**॥ इति द्वितीयः पक्षः समाप्तः ॥**

★ બુદ્ધિશાળી એવા સ્વજનો વડે-"ભવિષ્યમાં આ મોહરૂપી હાથીને હણશે" એ પ્રમાણે વિચારીને તેને (બાળકને) **હરિ** (જેનો અર્થ સિંહ પણ થાય) એ પ્રમાણે નામ આપ્યું...૪૯

★ માતાએ માલણની જેમ તે હરિરૂપી છોડને વિશે સંસ્કારરૂપી પાણીનું સિંચન કર્યું અને તે છોડ પણ ક્રમે કરીને વૃદ્ધિ પામ્યો...૫૦

★ રોજ દડાની રમતથી રમતો અને જિનાલય જતો એવો તે (હરિ) પોતાના સમયને વધતાં આનંદથી પસાર કરે છે...૫૧

★ પ્રાયઃ કરીને પોતાનું બાળપણ ક્યારે પસાર થઈ જાય છે તે જણાતું નથી માટે અહો ! યૌવનને પામેલો સૂર્ય પણ પોતાના બાળપણનાં સ્મરણથી તપે છે....૫૨

★ એક વખત તેનાં જીવનમાં કંઈક નવું ઘટિત થયું તે હું ક્રમથી કહીશ માટે સાવધાન રહેજો...૫૩

★ જ્યાં શરૂઆતમાં મારા વડે લોકવૃક્ષ બતાવવામાં આવ્યું, તે પછી પવિત્ર ગુજરાત, અને ક્રમે કરીને હરિનો જન્મ અને હરિનું બાળપણ કહેવાયું તે આ બીજા પક્ષ પૃથ્વી પર જય પામો...૫૪



**॥ બીજો પક્ષ સમાપ્ત ॥**





## अन्तरालापः

भिक्षूणामर्थनीयः कः ? कः खगः श्वेतवर्णकः ?
कश्चाक्षयपदं दत्ते ? श्रीमान् हंस ऋषीश्वरः ॥

★ ભિખારીઓ માટે પ્રાર્થના કરવા યોગ્ય કોણ છે ? - શ્રીમાન્ (શ્રીમંત)
કયું પક્ષી સફેદ રંગવાળું છે ? - હંસ
કોણ મોક્ષ આપે છે ? - ઋષીશ્વર (ગુરુ)
= ગુરુદેવ આચાર્ય વિજય હંસરત્નસૂરિજી શ્રીમાન્ (=કલ્યાનથી યુક્ત) છે.

- આમા ત્રણ પ્રશ્નો પ્રથમ ત્રણ પંક્તિમાં છે અને એનો જવાબ ચોથી પંક્તિથી મળી જાય છે અને સાથે એ ચોથી પંક્તિમાં ઋષીશ્વર એવા આચાર્ય વિજય હંસરત્નસૂરિજી કલ્યાણથી યુક્ત છે એવો અર્થ પણ દ્યોતિત થાય છે.

---

★ અહીં 'हंस' એ શબ્દ 'ते लुग्वा' (सि.हे. ३/२/१०८) નિયમથી 'હંસરત્ન' શબ્દ સમજવો. આગળ પણ જ્યાં 'હંસ' શબ્દથી 'હંસરત્ન' શબ્દનું ગ્રહણ કર્યું હોય ત્યાં આ સૂત્રનો યોગ સમજવો.

# ।। तृतीयः पक्षः ।।

## (हरेः सद्गुरुप्राप्तिः, मुमुक्षुत्वं, दीक्षा च)

अबीभत्सोऽहास्यो, मलदलन उग्रो गतभयो,
भ्रवभ्रान्त्या भीतस्तरलघटनायामतरलः ।
अदीनश्चारोद्रौ, निजतनुविभूषाविरहितो,
रसातीतं नत्वा, श्रमणमिह पक्षं प्रविदधे ।।१।। शिखरिणी ।।

वर्धमानतपःसत्काऽष्टोत्तरशतसम्मिता ।
ओलिका प्रचलन्त्यासीद्, भुवनभानुसद्गुरोः ।।२।।

मुम्बापुरीमहापुर्यामायोजितस्तदा किल ।
लालबागप्रभागे तु, तस्याः पारणकोत्सवः ।।३।।

सङ्घे सङ्घे प्रजातानि, तपांसि विविधानि तु ।
**महतामुत्सवे कः स्यादनुत्सवमनाः किल ?** ।।४।।

महाजनकृताऽऽह्वानो, वाद्यमण्डलेसत्कृतः ।
भुवनभानुसूरीशस्तदा तत्र विवेश सः ।।५।।

तपःपूततनुं दृष्ट्वा, भुवनभानुसद्गुरोः ।
सुजना भक्तिभावेनाऽनमद् भृशं कृतादराः ।।६।।



# ॥ ત્રીજો પક્ષ ॥

## (હરિની સદ્‌ગુરુપ્રાપ્તિ, મુમુક્ષુપણું અને દીક્ષા)

★ જે બીભત્સ નથી (બિભત્સરસનો નિરાસ), હાસ્ય વિનાના છે (હાસ્યરસનો નિરાસ), પાપને દળવામાં ઉગ્ર છે (શાંતરસનો નિરાસ), ભય વિનાના છે (ભયાનકરસનો નિરાસ), ભવભ્રમણથી ડરેલા છે (વીરરસનો નિરાસ), તરલ ઘટનામાં અતરલ=સ્થિર છે (અદ્‌ભુતરસનો નિરાસ), દૈન્ય રહિત (કરુણરસનો નિરાસ), રૌદ્રતા રહિત (રૌદ્રરસનો નિરાસ), પોતાનાં શરીરની વિભૂષા ન કરનારા (શૃંગારરસનો નિરાસ)-આવા રસથી અતીત થયેલા મુનિને નમસ્કાર કરીને હું પક્ષને રચું છું...૧

★ તે સમયે પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.ને વર્ધમાનતપની ૧૦૮ મી ઓળી ચાલતી હતી...૨

★ ત્યારે મુંબઈ મહાનગરમાં લાલબાગનામના પરામાં તે ઓળીનો પારણોત્સવ આયોજાયો હતો...૩

★ (આ અવસરે-) દરેક સંઘોમાં વિવિધ પ્રકારનાં તપો થયા, ખરેખર મહાપુરુષોના ઉત્સવમાં ઉત્સવ વિનાનાં મનવાળું કોણ હોય ?...૪

★ મહાજનોએ જેમની આગેવાની કરી, વાદ્યમંડળીએ (બેન્ડ વગેરે) જેમને સત્કાર્યા છે, એવા પૂજ્યપાદ આ.વિ. ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાએ ત્યાં (લાલબાગમાં) પ્રવેશ કર્યો...૫

★ પૂજ્યપાદ આ.વિ. ભુવનભાનુસૂરિજી મ.સા.નાં તપથી પાવન એવાં શરીરને જોઈને કર્યો છે આદર જેઓએ તેવા સજ્જનો આ પ્રમાણે ભક્તિભાવથી નમ્યાં...૬



## (निम्नोक्ता अष्टश्लोकाः समसंस्कृतरूपाः सन्ति)

यथा हि–

समयसारसंबुद्धं, धीरं विमलचेतनम् ।
चरणकरणाऽगारं, कलहदवतोयदम् ।।७।।

परमसुखसंलीनं, समताकेलिमन्दिरम् ।
सोमकलाघटाहारिनयनं जनसंमतम् ।।८।।

मिहिरालोकसंहारिवदनं, मारमारणम् ।
नयखविहगं हिंसामायाकोपविदारणम् ।।९।।

अपारकरुणावाहं, रागगदनिवारणम् ।
भवसागरबोहित्थं, जीवहितपरायणम् ।।१०।।

विहतममताजालं, सुजनकुलसेवितम् ।
असूयानागमयूरं, मानगिरिपविं गुरुम् ।।११।।

देवदानवसङ्घातनतचरणसारसम् ।
गुणहंसकुलाऽऽवासविमलचित्तमानसम् ।।१२।।

मोहभयहरं वीरं, महागच्छधराधरम् ।
ससंवरं निरीहं च, वैरवारणवारणम् ।।१३।।

मङ्गलवरदं सूरिवरं सङ्घधुरावहम् ।
भूरिसूरिनतं [१]भूरिसुतं वन्दे निरामयम् ।।१४।। अष्टभिः कुलकम् ।।

---

१. अत्र ''भूरि'' शब्दः द्रव्यवाचकोऽस्ति, न तु गुणवाचकः ।

(નીચેનાં આઠ શ્લોક સમસંસ્કૃતમાં છે = પ્રાકૃત અને સંસ્કૃત બંને રીતે વાંચી શકાય)

★ જેમકે- સમયના સારને જાણનાર, ધીર, નિર્મલ છે આત્મા જેનો તેવા, ચરણ-કરણનું ઘર, કલહરૂપી દાવાનળ માટે વાદળ...૭

★ પરમસુખમાં લીન, સમતાનું રમવાનું સ્થાન, ચંદ્રની કળાઓનાં સમૂહ જેવાં સુંદર નયનવાળા અને લોકોમાં સંમત...૮

★ સૂર્યના પ્રકાશનો સંહાર કરનારાં મુખવાળા, કામદેવને હણનાર, નયરૂપી આકાશને વિશે પક્ષી, હિંસા-માયા અને કોપને હણનાર...૯

★ અપાર કરુણાને વહાવનાર, રાગરૂપી રોગનું નિવારણ કરનાર, ભવસાગરમાં વહાણ સમાન અને જીવહિતમાં પરાયણ...૧૦

★ હણી નાંખી છે મમતાની જાળ જેણે એવાં, સજ્જનોના સમૂહ વડે સેવાયેલા, ઈર્ષ્યારૂપી નાગ માટે મોર સમાન, માનરૂપી પર્વત માટે વજ્ર સમાન એવા ગુરુ...૧૧

★ દેવ-દાનવના સમૂહ વડે નમાયેલ છે જેનાં ચરણકમળ, ગુણરૂપી હંસના સમૂહનું આવાસ સ્થાન એવું વિમલ ચિત્તરૂપી માનસરોવર...૧૨

★ મોહનો ભય હરનાર, વીર, મોટા ગચ્છના રાજા, સંવર સહિત, ઈચ્છા વિનાના, વેરરૂપી હાથીને અટકાવનાર...૧૩

★ મંગલ અને વરને આપનાર, સંઘની ધુરા વહનાર, ઘણા આચાર્ય વડે નમાયેલા, રોગ રહિત એ ભૂરિબેનનાં પુત્ર એવા આચાર્ય (વિજય ભુવનભાનુસૂરિજી)ને હું વંદુ છું...૧૪ (આઠ શ્લોકોનો સમૂહ)

हरिरपि समं पित्रा, गतो मलाडधामनि ।
ददर्श विमलाऽऽदर्शसोदरं गुरुतल्लजम् ॥१५॥

प्रवचने निषण्णः सोऽशृणोत् सद्गुरुसद्गिरम् ।
द्राक्षाक्षीरमधुभ्योऽपि, मधुरां श्रवणप्रियाम् ॥१६॥

यथा हि-
ज्ञेया श्रीः कुटिला कषायविषया, प्रोज्झ्या मनोदंशका
धार्यं धर्मधनं जडेषु विरतिः, कार्या परा धीधनैः ।
देयं स्वार्जितमर्थिने त्विति जना !, मा विस्मरन्तूत्तमाः !
कुल्यावत् कुरचिल्लवत् कनकवत्, कङ्कालवत् कूपवत् ॥१७॥
॥ शार्दूलविक्रीडितम् ॥

वह्न्याखेटकमङ्गमत्र तनुमान्, निःसङ्ग एवेत्यहो !,
निर्लेप्योऽपि करोति रागजनितस्नेहेन कर्मार्जनम् ।
श्रुत्वा स्वादुवचो गुरोरपि बुधो, यात्यक्षयं नाऽक्रियः,
खाटीवत् खगवत् खवत् खजपवत्, खर्जूरवत् खञ्जवत् ॥१८॥
॥ शार्दूलविक्रीडितम् ॥

प्राप्तव्या शुचिताऽपवर्गसुखदा, वृष्यं दयाम्भो भृशं,
त्याज्या दुष्परिणामदायिकुगुणा, धार्यं च तुर्यव्रतम् ।
दुर्भेद्या वृतिरात्मरक्षणकृते, रच्या यमानां परा,
गङ्गावद् गडयित्नुवद् गरलवद्, गाङ्गेयवद् ग्राववत् ॥१९॥
॥ शार्दूलविक्रीडितम् ॥

★ હરિ પણ પિતા સાથે મલાડમાં ગયો અને ત્યાં એણે (સૌ પ્રથમવાર) સ્વચ્છ દર્પણ જેવા ઉત્તમ ગુરુમહારાજ (પૂજ્યપાદ ભુવનભાનુસૂરિજી મ.સા.)ને જોયા...૧૫

★ પ્રવચનમાં તે બેઠો અને ત્યાં એણે દ્રાક્ષ-ખીર અને મધથી પણ મીઠી, કર્ણપ્રિય એવી ગુરુની વાણી સાંભળી...૧૬

★ જેમકે-લક્ષ્મી નીક જેવી કુટિલ(વક્ર) જાણવી, કષાય અને વિષયો કરચલાની જેમ મનને ડંખતા છોડી દેવા, સુવર્ણની જેમ ધર્મરૂપી ધન ધારણ કરવું, હાડપિંજરની જેમ જડને વિશે બુદ્ધિશાળીઓએ વિરતિ (અરુચિ) કેળવવી, કૂવાની જેમ પોતે કમાયેલું (ધન) યાચકને આપવું-હે ઉત્તમ મનુષ્યો ! તમે આટલું નહીં ભૂલતાં...૧૭

★ આ શરીર એ ઠાઠડીની માફક અગ્નિનો શિકાર થશે, જીવ એ પક્ષી જેવો નિર્લેપ છે અને આકાશ જેવો અલેપ્ય છે છતાં ઘી જેવાં રાગથી ઉત્પન્ન થયેલી ચીકાશનાં કારણે કર્મનું અર્જન કરે છે અને ખજૂર જેવી રસાળ ગુરુની વાણી સાંભળીને પણ જ્ઞાની મોક્ષને નથી પામતો જે પાંગળાની જેમ નિષ્ક્રિય છે...૧૮

★ મોક્ષનું સુખ આપનારી શુદ્ધિ મેળવવી, વળી વાદળની જેમ દયાભાવનું પાણી ખૂબ વરસાવવું, ખરાબ પરિણામ આપનારા દુર્ગુણો વિષની જેમ છોડી દેવા, ભીષ્મ જેવું ચોથું વ્રત (બ્રહ્મચર્ય) ધારણ કરવું અને આત્માની રક્ષા માટે ચટ્ટાન જેવી દુર્ભેદ્ય નિયમોની વાડ રચવી...૧૯





घोष्यस्ताररवेण शासनजयः, प्राप्यं पवित्रं यशो,
वाच्या वाग्मसृणा प्रतापनिचयश्चार्ज्यस्तपस्साधनात् ।
हेयो दूरत एव दुर्जन इहान्धः सन्नृपूषाऽऽगमे,
घण्टावद् घनसारवद् घुसृणवद्, घर्मांशुवद् घूकवद् ॥२०॥
॥ शार्दूलविक्रीडितम् ॥

''धन्यः श्लाध्यो, गुरुरयमहो !'', देवजीश्राद्ध एवं
श्रुत्वा भानोर्मधुरवचनं, चिन्तयामास चित्ते ।
''दास्याम्येनं, स्वतनुज''मिति, प्राप्तहर्षातिरेक-
स्तुष्टो यस्माद्, भवति सुगुरोर्योग एवं न शीघ्रम्
॥२१॥ मन्दाक्रान्ता ॥

दुर्लभोऽत्र गुरोर्योगः, सद्‌गुरोस्तु सुदुर्लभः ।
तत्रापि प्रत्ययश्चित्ते, दुर्लभादपि दुर्लभः ॥२२॥

**एको भिनत्ति सत्पात्रमपरस्तु परीक्षते ।**
**भेदः कुगुरुसद्‌गुर्वोर्मध्ये पाषाणशाणयोः ॥२३॥**

समक्रियौ समाऽऽचारौ, समाना बहिरङ्गता ।
परं तयोर्मनो भिन्नं, चित्रमितः परं किमु ? ॥२४॥

★ ઘંટની માફક શાસનનો જયઘોષ ઊંચા અવાજે કરવો, કપૂર જેવો પવિત્ર યશ મેળવવો, કેસર જેવી કોમળ વાણી બોલવી, સૂર્ય જેવા તપને સાધી પ્રતાપનો પુંજ મેળવવો, સત્પુરુષરૂપી સૂર્યનું આગમન થતા જે ઘૂવડની જેમ અંધ બન્યો રહે તેવા દુર્જનને છોડી દેવો...૨૦

★ પૂજ્યપાદ આ.વિ. ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજનાં મધુર વચન સાંભળીને દેવજી નામના શ્રાવકે (હરિના પિતાજીએ) આ પ્રમાણે મનમાં વિચાર્યું-"અહો ! આ ગુરુ ધન્ય છે, પ્રશંસનીય છે અને આમને હું મારો પુત્ર (દીક્ષા માટે) આપીશ" એ પ્રમાણે અત્યંત હર્ષને પામેલા તેઓ તુષ્ટ થયા. કારણ'કે સુગુરુનો યોગ આ પ્રમાણે શીઘ્ર નથી થતો...૨૧

★ ગુરુનો યોગ થવો તે અહીં દુર્લભ છે, સદ્‌ગુરુનો યોગ થવો એથી પણ વધુ દુર્લભ છે અને એ યોગ થતા સદ્‌ગુરુને વિશે મનમાં વિશ્વાસ જાગવો એ દુર્લભથી પણ દુર્લભ છે...૨૨

★ એક સત્પાત્રને (સજ્જનને અથવા ભાજનને) તોડી નાંખે છે અને બીજો તપાસે છે, માટે કુગુરુ અને સદ્‌ગુરુ વચ્ચે પથ્થર અને કસોટીના પથ્થર જેટલો તફાવત છે...૨૩

★ સમાન ક્રિયાવાળા, સમાન આચારવાળા અને સમાન બાહ્ય પ્રવૃત્તિવાળા હોવા છતા પણ તે (કુગુરુ અને સદ્‌ગુરુ) બંનેનું મન ભિન્ન હોય છે-આથી વધુ આશ્ચર્ય શું હોય ?...૨૪

वह्निर्नीरति शर्वरी दिवसति, श्वानश्च शार्दूलति,
खद्योतो हरिदश्वति ज्ञति जडः, पङ्गुस्तथाऽऽशुगति ।
शल्यं पुष्पति सर्षपो नगति रे !, मूढो वदान्यत्यहो !,
किं किं गुर्वनुकम्पया भवति नो ?, या सर्वसिद्धिप्रदा ॥२५॥
॥ शार्दूलविक्रीडितम् ॥

शैत्यं न चन्द्रकिरणे, मधुरत्वमाम्रे,
निर्लेपतां न गगने, न नगे स्थिरत्वम् ।
तेजस्वितां न तपने, परिभावयेऽहं,
दृष्टा गुणा यत इहाश्रितभानुपादाः ॥२६॥ वसन्ततिलका ॥

देवजी चिन्तयित्वैवं, जगाम गुरुसन्निधौ ।
स्वपुत्रमर्पयामास, हृदयमिव सोऽपरम् ॥२७॥

गुरुरपि हरिं दृष्ट्वा, सरलं हृदि नन्दितः ।
यतोऽरं विन्दते लक्ष्यमजिह्मगशिलीमुखः ॥२८॥

प्रव्रज्यासत्प्रतिष्ठादिमहोत्सवस्तदाऽभवत् ।
महागीतमहाऽऽनन्दजनसम्मर्दसंयुतः ॥२९॥

हरिरपि स्थितस्तत्र, भुवनभानुसन्निधौ ।
बालानामुत्सवे मोदो, बालमोदो महोत्सवः ॥३०॥







★ આગ પાણી બને, રાત દિવસ બને, કૂતરો વાઘ બને, આગીયો સૂર્ય બને, જડ બુદ્ધિમાન બને, પાંગળો ઝડપથી ચાલનારો બને, કાંટો પુષ્પ બને, સરસવ પર્વત બને, મૂઢ વિદ્વાન્ બને, અહો ! જે તમામ પ્રકારની સિદ્ધિ આપે છે તે ગુરુની કૃપાથી શું શું ન થાય ? (અર્થાત્ બધું જ થાય)...૨૫

★ ચંદ્રના કિરણમાં શીતળતા નથી, આંબામાં મધુરતા નથી, ગગનમાં નિર્લેપતા નથી, પર્વતમાં સ્થિરતા નથી અને સૂર્યમાં તેજસ્વિતા નથી એમ હું વિચારું છું. કારણકે- અહીં તમામ ગુણો પૂજ્યપાદ આ.વિ. ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.નાં ચરણને આશ્રિત થયેલા દેખાયા છે...૨૬

★ દેવજીભાઈ આ પ્રમાણે વિચારીને ગુરુદેવનાં સાંનિધ્યમાં ગયાં અને પોતાના પુત્રને સોંપી દીધો, જાણે પોતાનું બીજું હૃદય જ ન સોંપ્યું હોય !...૨૭

★ ગુરુદેવ (પૂજ્યપાદ આ.વિ. ભુવનભાનુસૂરિ મહારાજા) પણ સરળ એવા તે હરિને જોઈને હૃદયમાં આનંદ પામ્યાં, કારણ'કે સરળ (સીધું) જનારું એવું બાણ લક્ષ્યને જલદી પામે છે...૨૮

★ ત્યારે (મલાડમાં) મોટા ગીત, મોટા આનંદ અને લોકોના ભીડથી યુક્ત એવો દીક્ષા અને પ્રતિષ્ઠાનો મહોત્સવ થયો...૨૯

★ હરિ પણ પૂજ્યપાદ આ.વિ. ભુવનભાનુસૂરિ મહારાજાની નિશ્રામાં રહ્યો. બાળકને ઉત્સવમાં આનંદ હોય છે અને બાળકનો આનંદ એ મહોત્સવ છે...૩૦

तत्रेर्यापथिकासूत्रादूर्ध्वं, किमप्यजानति ।
हरौ प्रेम गुरूणां तु, ववर्ष समतावताम् ॥३१॥

पूर्वाऽसंलब्धप्रेम्णा स, उत्पन्नप्रत्ययो हरिः ।
सोल्लासं सद्गुरोः पार्श्वे, स्थितस्तत्पार्श्वसेवकः ॥३२॥

एकदा गुरुराहूय, पप्रच्छ सरलं हरिम् ।
''किमु ग्रहीष्यसे दीक्षां, सर्वाभीष्टप्रदायिनीम् ?'' ॥३३॥

हरिस्तु चिन्तयामास, बालबुद्ध्या ह्यवक्रहृत् ।
''ईषद्वासे यदीयच्छमाजीवं स्यात्कियत्पुनः ? ॥३४॥

सर्वे ददति सत्कारं, सर्वे कुर्वन्ति चाऽऽदरम् ।
बहिस्तादुग्रशास्ताऽपि, कोमलहृदयो गुरुः ॥३५॥

आपदाकीर्णसंसारे, सुखसंवेदनं कुतः ? ।
चिन्तारहितश्रामण्ये, दुःखसंवेदनं कुतः ?'' ॥३६॥



★ ત્યાં ઈરિયાવહી સૂત્રથી વધુ કાંઈ ન જાણતા એવા હરિને વિશે સમતાવાળા એવા ગુરુભગવંતોનો પ્રેમ વરસ્યો...૩૧

★ પૂર્વે નહીં પામેલા એવા તે પ્રેમથી જેને વિશ્વાસ ઉત્પન્ન થયો છે એવો હરિ ઉલ્લાસપૂર્વક સદ્‌ગુરુ પાસે તેમનાં પડખાનાં સેવકની જેમ રહ્યો...૩૨

★ એક વખત ગુરુએ સરળ એવા હરિને બોલાવીને પૂછ્યું-"શું તું સર્વ ઈચ્છિતને આપનાર દીક્ષાને ગ્રહણ કરીશ ?"...૩૩

★ સરળ હૃદયવાળા હરિએ બાળબુદ્ધિથી વિચાર્યું કે-"જો આટલા દિવસ રહેવામાં આટલો આનંદ આવતો હોય તો આજીવન રહેવામાં કેટલો આનંદ આવે ?...૩૪

★ બધા સત્કાર આપે છે, બધા આદર કરે છે, બહારથી ઉગ્ર અનુશાસનવાળા ગુરુદેવ પણ (ભીતરથી) કોમળ હૃદયવાળા જ છે...૩૫

★ આપત્તિઓથી ભરચક એવા આ સંસારમાં સુખનો અનુભવ ક્યાંથી થાય ? અને ચિંતા રહિત એવા શ્રમણજીવનમાં દુઃખનો અનુભવ ક્યાંથી થાય ?...૩૬

एवं विचिन्त्य ''प्रव्रज्यां ग्रहीतुमुद्यतोऽस्म्यहम्'' ।
इत्युवाच हरिर्डिम्भः, प्रहृष्टो गुरुपुङ्गवः ॥३७॥

**सोत्साहः कार्यसंरम्भः, शास्त्राऽऽरम्भः समङ्गलः ।**
**विनीते वाचनाऽऽरम्भः, सद्यो हि फलदो भवेत् ॥३८॥**

क्रियावञ्चकतां तस्य, दृष्ट्वा हृष्टो गुरूत्तमः ।
प्रददौ निजहस्ताभ्यामाशीर्वादं विशारदः ॥३९॥

आहूता स्वजनास्तस्य, विज्ञापितो निजाऽऽशयः ।
तन्मातापितरौ हृष्टौ, प्रसृतश्च जयारवः ॥४०॥

ज्येष्ठशुक्लचतुर्थ्यां तु, निर्णीतस्तस्य निष्क्रमः ।
श्रीभानुसूरिनिश्रायां, मातुङ्गानामधामनि ॥४१॥

दृष्ट्वा विंशतिभव्यानां, दीक्षासत्कमहोत्सवम् ।
जातो विशेषतः सोऽपि, वैराग्यभावभावितः ॥४२॥

★ આ પ્રમાણે વિચારીને "હું દીક્ષા લેવા તૈયાર છું" એ પ્રમાણે હરિ બોલ્યો અને ગુરુદેવ ખુશ થયા...૩૭

★ ઉત્સાહ સાથે કરાયેલો કાર્યનો આરંભ, મંગળ સાથે કરાયેલો શાસ્ત્રનો આરંભ અને વિનીતને વિશે કરાયેલો શાસ્ત્રનો આરંભ તરત જ ફળ આપનાર બને છે...૩૮

★ તેની (હરિની) ક્રિયા-અવંચકતાને જોઈને ઉત્તમ એવા ગુરુદેવ ખુશ થયા અને વિદ્વાન્ એવા તેઓએ પોતાના બંને હાથે આશીર્વાદ આપ્યાં...૩૯

★ તેનાં (હરિનાં) સ્વજનો બોલાવાયાં અને પોતાનો આશય જણાવ્યો, તેના માતા-પિતા ખુશ થયાં અને જય-જયકારનો નાદ ફેલાઈ ગયો...૪૦

★ જેઠ સુદ ૪ ના તેની દીક્ષા પૂજ્યપાદ આ.વિ. ભુવનભાનુસૂરિજી મ.સા.ની નિશ્રામાં માટુંગા નામનાં શુભસ્થાનમાં નક્કી થઈ...૪૧

★ ૨૦ મુમુક્ષુઓના દીક્ષામહોત્સવને જોઈને તે (હરિ) પણ વિશેષે કરીને વૈરાગ્યથી ભાવિત થયો...૪૨





## (हरेः प्रव्रज्याग्रहणम्)

विंशतिदिनमध्ये हि, गुरुक्रमश्रितेरहो ! ।
सज्जो बभूव दीक्षार्थं, द्वादशवार्षिको हरिः ॥४३॥

दीपाऽऽभतीर्थकृद्बिम्बप्रतिबिम्बितदृग्युगम् ।
जिनालये तमोघ्नं तच्शुशुभाते हरेः परम् ॥४४॥

गुर्वब्दकरुणानीरपिपासुर्नेत्रचातकः ।
उपाश्रये सदा स्मेरवदनः शुशुभे हरिः ॥४५॥

गुणश्रीव्यवसायार्थव्रतदेशाटनेच्छया ।
गृहेऽपि रे ! कटीबद्धः, प्रकामं स व्यभाद् हरिः ॥४६॥

शुभाह्नि शुभवेलायामनेकसूरिसन्निधौ ।
श्रीफलाऽऽस्वादनव्याजाद्, हस्तविन्यस्तश्रीफलः ॥४७॥

केसरतिलकः कण्ठाभरणभूषितो वरः ।
प्रविवेश प्रव्रज्याया, मुमुक्षुर्मण्डपे हरिः ॥४८॥ ॥ युग्मम् ॥



## (હરિની દીક્ષા)

★ ગુરુ ચરણનો આશરો લીધાના વીસ દિવસમાં જ બાર વરસનો હરિ દીક્ષા લેવા માટે સજ્જ થઈ ગયો...૪૩

★ દીપક જેવાં તીર્થંકરનાં બિંબથી પ્રતિબિંબિત થયેલી અને પાપને હરતી એવી હરિની બે આંખો જિનાલયમાં ખૂબ શોભી...૪૪

★ ગુરુરૂપી વાદળનું કરુણારૂપી પાણીને પીવાની ઈચ્છાવાળા નેત્રરૂપી ચાતક છે જેના એવો હસ્તો મુખવાળો હરિ ઉપાશ્રયમાં શોભતો હતો...૪૫

★ ગુણરૂપી લક્ષ્મીના વ્યવસાય માટે વ્રતરૂપી દેશાટનની ઈચ્છાથી ઘરમાં પણ (દીક્ષા માટે) કટિબદ્ધ એવો તે હરિ શોભતો હતો...૪૬

★ શુભદિવસે, શુભવેળામાં, અનેક સૂરિભગવંતોની નિશ્રામાં, કલ્યાણરૂપી ફળને ચાખવાનાં બહાને હાથમાં રાખ્યું છે શ્રીફળ જેણે એવો...૪૭

★ કેસરનાં તિલકવાળો, કંઠાભરણથી (હારથી) ભૂષિત, સુંદર એવો મુમુક્ષુ હરિ પ્રવ્રજ્યાનાં મંડપમાં પ્રવેશ્યો...૪૮

प्रदीर्घाऽऽयामविष्कम्भः, स्तम्भस्तम्भितदुश्चरः ।
रम्यनिवेशसन्मार्गः, सरलधरणीतलः ॥४९॥

गुणैकसंश्रयाऽऽचार्यव्रातमण्डितमञ्चकः ।
सङ्गीतकारसङ्गीतस्वरपूरितदिङ्मुखः ॥५०॥

श्रद्धालुभक्तिसम्भूतहस्ततालश्रुतिप्रियः ।
प्रव्रज्यामण्डपः सोऽयं, ररञ्ज भव्यचेतसम् ॥५१॥ त्रिभिर्विशेषकम् ॥

स्वादु रुवन्ति वाद्यानि, गायन्ति मधुरं पिकाः ।
रम्यं स्तुवन्ति वाचाटा, वान्ति सुगन्धिनोऽनिलाः ॥५२॥

उच्चैर्नदन्ति सद्घण्टाः, कण्ठा भान्ति मृदुस्वराः ।
बहवो दक्षिणावर्तशङ्खा मुञ्चन्ति सुस्वनम् ॥५३॥

कलं गुञ्जन्ति किङ्किण्यो, द्वारशाखाऽवलम्बिताः ।
किं ससैन्यः समायातो, मण्डपे नादभूपतिः ? ॥५४॥ त्रिभिर्विशेषकम् ॥



★ મોટા લંબાઈ અને પહોળાઈવાળો, થાંભલાથી જેણે દુર્જનોને અટકાવ્યાં છે તેવો, સુંદર પ્રવેશમાર્ગવાળો, સરળ ભૂતલવાળો...૪૯

★ ગુણોનાં એક માત્ર આશ્રયરૂપ એવા આચાર્યોના સમૂહથી સુશોભિત મંચવાળો, સંગીતકારનાં સંગીતના સ્વરથી પૂરાયેલી દિશાઓનાં મુખવાળો...૫૦

★ શ્રદ્ધાળુઓની ભક્તિ દ્વારા ઉત્પન્ન થયેલી હાથની તાળીઓના અવાજથી સુંદર એવા આ પ્રવ્રજ્યાનાં મંડપે ભવ્યજીવોનાં મનને ખુશ કર્યું...૫૧ (ત્રણ શ્લોકોનો સમૂહ)

★ વાજિંત્રો સુંદર અવાજ કરે છે, કોયલો મધુર ગાય છે, ચારણો સુંદર સ્તુતિ કરે છે અને સુગંધી પવન વહે છે...૫૨

★ ઘંટો ઊંચેથી અવાજ કરે છે, કોમળસ્વરવાળા (મનુષ્યોનાં) કંઠો શોભે છે, અને ઘણાં દક્ષિણાવર્ત (શંખની વિશેષ જાતિ) શંખો સુંદર અવાજ રેલાવે છે...૫૩

★ બારસાખને ટેકે રહેલી ઘુઘરીઓ સુંદર ગુંજન કરે છે શું આ મંડપમાં નાદ નામનો રાજા સૈન્ય સાથે આવી ગયો છે ?...૫૪ (ત્રણ શ્લોકનો સમૂહ)



स त्रिः प्रदक्षिणां दत्त्वा गत्वा गुर्वन्तिके हरिः ।
दत्तचित्तो विधौ[२] जातो, यथा चकोरबालकः ॥५५॥

समागते मुहूर्ते च, रजोहरणदित्सया ।
मोक्षाऽऽरोहणरज्ज्वाभौ, पुरश्चक्रे गुरुः करौ ॥५६॥

गुरुहस्तात् समादाय, धर्मध्वजं ननर्त सः ।
हरिर्वर्धिष्णुहर्षेण, यथा केकी पयोमुचः ॥५७॥

**(निम्नोक्ता अष्टश्लेका अर्धसंस्कृतरूपेण निबद्धाः सन्ति)**
अहो ! यानं मया प्राप्तं, घोरसंसारसायरे ।
कल्पद्रुर्मरुभूमौ वा, गिम्हे सीयजलासयो ॥५८॥

लब्धस्तथाऽगदङ्कारः, कसायरोगनासगो ।
अथवा कलिशर्वर्यां, चंदो निम्मलदंसणो ॥५९॥

सदालम्ब्यं हि सोपानं, मोक्खस्स मिलियं तहा ।
शान्त्यै क्षेमबुभुक्षाया, अमियरसभोयणम् ॥६०॥



२. विधौ - આમાં ''विधु'' અને ''विधि''નો શ્લેષ છે.





★ (પરમાત્માને) ત્રણ પ્રદક્ષિણા આપીને હરિ ગુરુ પાસે ગયો અને વિધિમાં તે એકચિત્તવાળો થયો જેમ ચંદ્ર વિશે બાળચકોર થાય...૫૫

★ મુહૂર્ત આવતાં રજોહરણ આપવાની ઈચ્છાથી મોક્ષમાં જવા માટે દોરડા સમાન એવાં બે હાથ ગુરુએ આગળ કર્યા...૫૬

★ ગુરુનાં હાથે રજોહરણ લઈને તે હરિ વધતા એવાં આનંદથી નાચ્યો જેમ મોર વાદળને જોઈને નાચે...૫૭

(નીચેનાં આઠ શ્લોક અર્ધસંસ્કૃતમાં છે=૧-૩ પાદ સંસ્કૃત અને ૨-૪ પાદ પ્રાકૃત)

★ અહો ! મારા વડે ઘોર સંસાર સાગરમાં વહાણ મેળવાયું અથવા મરુપ્રદેશમાં કલ્પવૃક્ષ પ્રાપ્ત થયો અને ગ્રીષ્મઋતુમાં શીતલ જળાશય મેળવાયો...૫૮

★ તથા કષાયરૂપી રોગનો નાશ કરનાર વૈદ્ય મળ્યો, અથવા કળિયુગની રાતમાં નિર્મળ છે દર્શન જેનું એવો ચંદ્ર મેળવાયો...૫૯

★ સારી રીતે અવલંબી શકાય તેવાં મોક્ષનાં પગથિયાં મળ્યાં અને કલ્યાણની ભૂખ શાંત કરવા માટે અમૃતનાં રસ જેવું ભોજન મળ્યું...૬૦

वज्रो वाऽत्र मयाऽवाप्तो, मानपव्वयचुण्णओ ।
अथवा तपनो दिव्यः, सुत्तपुरिसबोहगो ॥६१॥

सत्पुण्यभ्रमराऽऽकर्षि, कमलं गन्धवाहगं ।
चन्दनमथवा प्राप्तं, संतत्तचित्तसामगं ॥६२॥

अवाप्ता रत्नमञ्जूषा, गुणदारिद्दहारिणी ।
ज्ञानकन्दोद्भवार्थं वा, जलदो हिययंगमो ॥६३॥





दुर्गतौ पततः स्वस्य, धारओ धरणीयलो ।
लब्धो वा करवालोऽत्र, मोहरिउविदारओ ॥६४॥

एवं स भावयामास, रओहरणभूसिओ ।
हरिरानन्दसम्मग्नो, लद्धसंजमभूसणो ॥६५॥ अष्टभिः कुलकम् ॥

रेजतुर्वदने यस्य वाग्गुप्तिमुखवस्त्रिके ।
शुचिवासवृतो नम्रः शुचिलेश्यापवित्रहृद् ॥६६॥

* અથવા માનપર્વતનો ચૂરો કરનાર વજ્ર મેળવાયું અથવા સૂતાં આત્માને જગાડનાર દિવ્ય સૂર્ય મળ્યો...૬૧

* સજ્જનરૂપી ભમરાઓને આકર્ષિત કરતું એવું સુગંધ વહાવનાર કમળ મળ્યું, અથવા સંતપ્ત એવા ચિત્તને શાંત કરતું ચંદન મળ્યું...૬૨

* ગુણની દરિદ્રતાને દૂર કરનાર રત્નની પેટી મળી, અથવા જ્ઞાનરૂપી કન્દની ઉત્પત્તિ માટે સુંદર એવું વાદળ મળ્યું...૬૩



* દુર્ગતિમાં પડતા આત્માને ધારણ કરનાર પૃથ્વીનું તળ મળ્યું, અથવા મોહશત્રુને હણનાર તલવાર મળી...૬૪

* આ પ્રમાણે રજોહરણથી ભૂષિત, પ્રાપ્ત કર્યું છે સંયમનું આભૂષણ જેણે એવા, આનંદમાં મગ્ન હરિએ વિચાર્યું...૬૫ (આઠ શ્લોકોનો સમૂહ)

* જેમનાં બોલવામાં વચનગુપ્તિ અને મુખ પર મુહપત્તિ શોભતી હતી, તે શ્વેતવસ્ત્રથી યુક્ત, નમ્ર અને સુંદર લેશ્યાથી પવિત્ર હૃદયવાળા...૬૬

समागतो मुनिर्नव्यो, स दीक्षासत्कमण्डपे ।
सन्तोऽनुमोदयामासुस्तं दृष्ट्वा स्फारलोचनाः ॥६७॥ युग्मम् ॥

आस्तां भुक्तिः, सुगन्धोऽपि, व्रतभोज्यस्य पुष्यति ।
विना मिष्टान्नसद्भुक्त्या, पीनाः कान्दविका न किम् ? ॥६८॥

मुष्टिपूर्णेन चूर्णेन, पतता स्वलके शनैः ।
आप्तवान् व्रतिनामाशीर्नूतनदीक्षितस्तदा ॥६९॥

भुवनभानुसूरीशस्तं ददावभिधानकम् ।
**श्रीहंसरत्नविजय**, इति सन्तुष्टमानसः ॥७०॥

ततः प्रभृति तेनास्मिन्, यज्ञे संयमनामके ।
बह्व्य आहुतयो दत्ताः, शृण्वन्तु ताः सकर्णकाः ! ॥७१॥

श्रामण्यं रे !, गुरुकरुणया, प्राप्तवानुक्तबाल,
आनन्देनाऽयमिह कियता, दर्शितं तन्मया च ।
सर्वेभ्यो वै, कुशलपदवीं, संयमेन्द्रः प्रदद्यात्,
सार्धं तेन, श्रवणरुचिरः, पक्ष एषोऽपि लोके ॥७२॥ मन्दाक्रान्ता ॥

**॥ इति तृतीयः पक्षः समाप्तः ॥**



★ નૂતન મુનિરાજ દીક્ષાનાં મંડપમાં આવ્યા અને તેમને જોઈને વિકસિત નયનવાળા એવા સજ્જનોએ તેમની અનુમોદના કરી...૬૭ (બે શ્લોકોનો સમૂહ)

★ વાપરવાનું તો દૂર રહો, વ્રત રૂપી ભોજનની સુગંધ પણ પુષ્ટ કરે છે, શું મીઠાઈ વાપર્યા વગર પણ (માત્ર મીઠાઈની સુગંધથી) કંદોઈઓ પુષ્ટ નથી હોતા ?...૬૮

★ તે સમયે પોતાના મસ્તકે ધીમે ધીમે પડતા (સાધુના) મુટ્ઠીભર વાસક્ષેપથી તે નૂતન મુનિરાજે સાધુભગવંતોના આશીર્વાદ મેળવ્યા...૬૯

★ સંતુષ્ટ થયેલાં મનવાળાં તે પૂજ્યપાદ ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાએ તે નૂતનદીક્ષિતને **''મુનિ શ્રી હંસરત્નવિજય''** એ પ્રમાણે નામ આપ્યું...૭૦

★ ત્યારથી માંડીને તે મુનિરાજ વડે સંયમનામનાં યજ્ઞમાં ઘણી આહુતિઓ અપાઈ તે હે મનુષ્યો ! તમે સાંભળો...૭૧

★ ગુરુકૃપા વડે પૂર્વે કહેવાયેલો આ બાળ (હરિ) કેટલાં આનંદથી શ્રમણજીવન પામ્યો તે મારા વડે દેખાડાયું. આ લોકમાં સંયમનામનો ઈન્દ્ર અને તેની સાથે સાંભળવામાં પ્રિય એવો આ પક્ષ સહુને મોક્ષ આપે...૭૨

**॥ ત્રીજો પક્ષ સમાપ્ત ॥**







## एकाक्षरकाव्यम्

हे हो हहोऽहहौहाहो, हहहहो हहाहिहः ।
हहहोऽहह ! हेहाहो, हहहे हो हहो हहः ॥

हे=पापहरणे हः=वीरः, हहः=मङ्गलमस्ति जन्म यस्य स, अहहौहाहः =न सन्ति चौर्य-व्याधि-शोक-क्रोधा यस्मिन् स अचौर्यव्याधिशोक-क्रोधः, हहहहः=उन्मत्तगर्वहस्तिनि सिंहः, हहाहिह=भीमकामरूपसर्पे नकुलः, अहह=आश्चर्ये, हहहः=बोधस्य भासुरश्चन्द्रः, हेः=कृपाकरः, हाहः=त्यागस्य निवासः, हहहे हः=हर्षाम्बरगमने वायुपुत्रः, हहः=हास्यस्य वारणः, हहः=हंसरत्नः, अर्थात्=एवंविधगुणसम्पन्न आचार्यविजयहंसरत्नसूरिरस्ति ।

★ પાપ હરવામાં વીર, જેનો જન્મ મંગલ છે તેવા, ચોરી-વ્યાધિ-શોક અને ક્રોધ જેમાં નથી તેવા, ઉન્મત્ત એવા ગર્વરૂપી હાથીને વિશે સિંહસમાન, ભયંકર એવા કામરૂપી સાપને વિશે નોળિયાસમાન, દેદીપ્યમાન એવા બોધનાં ચંદ્ર, કૃપા કરનાર, ત્યાગના આવાસ સમાન, હર્ષરૂપી આકાશને વિશે વાયુપુત્ર (=હનુમાન), હાસ્યને અટકાવનાર એવા અહો ! આચાર્યદેવ શ્રીમદ્ વિજય હંસરત્નસૂરીશ્વરજી મહારાજા છે.

# ॥ चतुर्थः पक्षः ॥

## (मुनिहंसरत्नविजयस्य संयमनन्दनम्)

नत्वा प्रकामं शरदभ्रशुभ्रं, भद्रपदं लब्धत्रिविष्टपाग्रम् ।
श्रीशीतलं मङ्गलनामधेयं, पक्षं चतुर्थं रचयामि वर्यम् ॥१॥ इन्द्रवज्रा ॥

यत्र प्रसन्ना गुरवो भवन्ति,
यत्र प्रशान्ता मुनयो लसन्ति ।
यत्र प्रपिष्टाः कुगुणा रुदन्ति,
तं साधुगच्छं निपुणा वदन्ति ॥२॥ इन्द्रवज्रा ॥



एवं हि लब्ध्वा गुणपूर्णगच्छं,
तुतोष चित्ते मुनिहंसरत्नः ।
किं न प्रसीदेत् समवाप्य मुक्तां,
मुक्तासवर्णो बत हंसरत्नः ? ॥३॥ इन्द्रवज्रा ॥

यद्यप्यमुक्तस्वकबालभाव-,
स्तेने स वै दुर्ललितानि यावत् ।
तावच्चपेटाः प्रददौ गुरुस्तं,
घटं यथा कुम्भकरः सुबुद्ध्या ॥४॥ उपजातिः ॥

हठो महान् तस्य बभूव येन, स्वेष्टार्थसिद्ध्यै यततेतमां स्म ।
विज्ञाय चैवं गुरुणा नियुक्तो, दुःसाध्ययोगेषु विशेषतः सः ॥५॥ उपजातिः ॥

भुवनभानुसूर्याऽऽह्वस्थपतिना विनिर्मितम् ।
श्रामण्यमन्दिरं तस्य, सद्दर्शनीयतां गतम् ॥६॥

# ॥ ચોથો પક્ષ ॥

## (મુનિરાજ હંસરત્નવિજયજીનું સંચમરૂપી નંદનવન)

★ શરદઋતુનાં વાદળ જેવાં શ્વેત, કલ્યાણ આપનાર, જેઓ ત્રણલોકના અગ્રભાગને પામી ચૂક્યા છે તેવાં મંગલનામધારી શ્રી શીતલસ્વામીને પ્રકૃષ્ટપણે નમસ્કાર કરીને સુંદર એવા ચોથા પક્ષની રચના કરું છું...૧

★ જે ઠેકાણે ગુરુઓ પ્રસન્ન હોય છે, જે ઠેકાણે મુનિઓ પ્રશાંત એવા શોભે છે અને જ્યાં અત્યંત પિસાયેલા દુર્ગુણો રડે છે. તેને વિદ્વાનો મુનિનો ગચ્છ કહે છે...૨

★ આ પ્રમાણે ગુણથી પૂર્ણ એવા ગચ્છને પામી મુનિરાજ હંસરત્નવિજયજી મનમાં આનંદ પામ્યાં, શું મોતીને પામીને મોતી જેવા વર્ણવાળો હંસ આનંદ ન પામે ?...૩

★ જોકે જેઓએ પોતાનું બાળપણ નથી મુક્યું એવાં તે મુનિરાજ જ્યાં તોફાન કરે ત્યાં જેમ કુંભાર ઘડાને થપાટ મારે તેમ ગુરુ તેમને હિતબુદ્ધિથી થપાટ મારતા...૪

★ તે મુનિરાજની હઠ કાયમ મોટી રહેતી, જેથી તેઓ પોતાની ઈચ્છિત વસ્તુની સિદ્ધિ માટે ખૂબ પ્રયત્ન કરતા. આ પ્રમાણે જાણીને ગુરુએ તેમને દુઃખેથી સાધી શકાય એવા યોગોમાં ખાસ કરીને જોડ્યા...૫

★ આચાર્ય વિજય ભુવનભાનુસૂરિ નામના શિલ્પી વડે તે મુનિરાજનું "શ્રામણ્યમંદીર" એવું સુંદર બનાવાયું કે જે સજ્જનો માટે પણ દર્શનીય બન્યું...૬



चतुर्मासी बभूवाऽऽद्या, लालबागप्रभागके ।
नूतनव्रतिनस्तस्य, श्रितस्य गुरुपादयोः ॥७॥

अन्यबालर्षिभिः सार्धं, क्वचित्केलिरतं हि तम् ।
विलोक्य चिन्तयामास, भानुसूरिः स्वचेतसि ॥८॥

नियोज्या दुर्दमा एते, योगे कस्मिन्नपि शुभे ।
अनर्घ्यसंयमस्तेषां, निष्फलो न भवेद्यतः ॥९॥

आहूता अथ ते सर्वे, भुवनभानुसूरिभिः ।
उक्तं चातः परं नित्यं, वाचना वो भविष्यति ॥१०॥

दास्यति मुनिराजः **श्रीरत्नसुन्दर**नामकः ।
वाचना श्रूयतां तावत्कर्णपीयूषवर्षिणी ॥११॥

अथ बालर्षयः सर्वे, निर्दिष्टमुनिसन्निधौ ।
जग्मुरामोदभावेन, तरुतले यथाऽध्वगाः ॥१२॥



★ ગુરુચરણનો આશરો લેનાર તે નૂતન મુનિરાજનું પ્રથમ ચાતુર્માસ લાલબાગ મુકામે થયું...૭

★ અન્ય બાલમુનિઓ સાથે ક્યારે'ક રમતમાં રત એવા તેમને જોઈને આચાર્ય વિજય ભુવનભાનુસૂરિજીએ પોતાનાં મનમાં વિચાર્યું...૮

★ આ દુઃખેથી દમી શકાય તેવા બાલમુનિઓને કોઈક શુભયોગમાં જોડવાં જોઈએ જેથી અમૂલ્ય એવું સંયમજીવન તેઓનું નિષ્ફળ ન જાય...૯



★ આચાર્ય વિજય ભુવનભાનુસૂરિજી વડે બધાં (બાલમુનિઓ) બોલાવાયા અને તેઓને કીધું કે "હવેથી રોજ તમારી વાચના રહેશે...૧૦

★ **મુનિરાજ રત્નસુંદરવિજયજી** કાનને વિશે અમૃતને વરસાવનારી વાચના આપશે જે તમારા વડે સંભળાય"...૧૧

★ જેમ વૃક્ષની છાયામાં વટેમાર્ગુ આવે તેમ હવે તમામ બાલમુનિઓ કહેવાયેલા મુનિ (મુનિરાજ રત્નસુંદરવિજયજી) નાં સાંનિધ્યમાં આનંદથી ગયાં...૧૨

विस्मयनिभृतस्वान्ता, विनयनतकन्धराः ।
विस्फारनयनद्वन्द्वा, विमलहृदयास्तथा ॥१३॥

मुकुलितकराः शान्ताः, कौतुकलोललोचनाः ।
निर्दम्भा निर्भया नम्रा, निर्ग्रन्था प्रेमनिर्भराः ॥१४॥

निषण्णा मूकभावेन, परितस्तस्य सन्मुनेः ।
वाचनां श्रोतुमुत्कण्ठाः, कलकण्ठा अकुण्ठिताः ॥१५॥ त्रिभिर्विशेषकम् ॥

मुनिरप्यात्तगुर्वाज्ञो, वाचं सर्वज्ञभाषिताम् ।
बभाषे ज्ञानदानेन[1] ज्ञानीकर्तुं लघून् मुनीन् ॥१६॥

**(निम्नोक्ता अष्टश्लेका धनश्रीरागेण गीयन्ते)**

यथा हि-
श्रूयतां श्रूयतां वाणी जिनभाषिता,
दुर्लभा कनकरसकूपतुल्या ।
सुगुरुवदनोदिता विबुधजनसेविता,
विरतितरुवृद्धये सार्द्रकुल्या... ॥१७॥

ज्ञानमिह निर्मलं कुमतितमःसूदनं,
धार्यममलाऽऽशयैः संशयघ्नम् ।
मोहनृपकटकनिष्पेषकं चक्रभृद्,
विविधनयगम्भीरं सारपूर्णम्...श्रूयतां...॥१८॥



१. नाणी ण विना नाणं ॥७५॥ निशीथभाष्यम् ॥

★ વિસ્મયથી ભરેલાં હૃદયવાળા, વિનયથી નમેલી ડોકવાળા, ખીલી ઊઠેલા બે નયનવાળા અને નિર્મળ હૃદયવાળા...૧૩

★ હાથ જોડીને રહેલા, શાંત, કુતૂહલથી ચપળ આંખો છે જેમની તેવા, નિર્દંભ, નિર્ભય, નમ્ર, ગ્રંથિ વિનાના અને પ્રેમથી ભરેલાં...૧૪

★ મૂકભાવે વાચના સાંભળવા માટે ઉત્કંઠા ધરાવતાં, મધુર કંઠવાળા, અકુંઠિત એવા તે શ્રેષ્ઠ (બાલમુનિઓ) તે મુનિ (મુનિરાજ રત્નસુંદરવિજયજી)ની ચારે બાજુ બેસી ગયાં...૧૫ (ત્રણ શ્લોકોનો સમૂહ)

★ બાલમુનિઓને જ્ઞાન થકી જ્ઞાની કરવા માટે પ્રાપ્ત કરી છે ગુરુની આજ્ઞા જેમને એવા મુનિરાજ રત્નસુંદરવિજયજી મ.સા.એ સર્વજ્ઞભગવંત વડે ભાષિત વાણીને કહી...૧૬

★ જેમકે- સુવર્ણરસના કૂવા જેવી દુર્લભ, સુગુરુનાં મુખથી નીકળેલી, દેવો વડે સેવાયેલી, વિરતિરૂપી વૃક્ષની વૃદ્ધિ માટે ભીના નીક જેવી જિનવાણી તમારા વડે વારંવાર સંભળાય...૧૭

★ કુમતિરૂપી અંધકારનો નાશ કરનાર, સંશય હણનાર, મોહરાજાનાં સૈન્યનો ચૂરે ચૂરો કરી દેનાર ચક્રવર્તી, વિવિધનયથી ગંભીર, સારપૂર્ણ, એવાં નિર્મળ જ્ઞાનને નિર્મળ આશયવાળા લોકોએ ધારણ કરવું જોઈએ...૧૮





शुचितरं दर्शनं तत्त्वरुचिसद्रूपं,
सेव्यमिह पटुजनैर्धर्मभूपम् ।
कर्ममलीमसहरं विपुलसुखराशिदं,
क्षयोपशमोपशमक्षयभेदभिन्नम्...श्रूयतां...॥१९॥

चरणमादरणीयं बुधजनैः कमनीयं,
सन्मूलोत्तरगुणैर्निष्कलङ्कम् ।
कठिनप्रतिमावहैर्गिरिगुहासंस्थितै-
-रादृतं यादृशं प्राग् यथेदम्...श्रूयतां...॥२०॥

असुमदुपमर्दनं व्यलीकसञ्जल्पनं,
मोषणं सुरतरतिः परिग्रहश्च ।
पञ्चसु विरतिरेतेषु कार्या परा,
**विरतिरेवाऽस्ति सुखसन्निदानम्...श्रूयतां...॥२१॥**

पञ्चसमितिसु त्रिगुप्तिषु चाऽऽदरः,
कार्य उत्तमनरैर्भ्रान्तिभीतैः ।
गानीयममलगुणचक्रमिह वै सतां,
मधुरिमप्रचुरमनोहारिगीतैः...श्रूयतां...॥२२॥

प्रौढगुणसञ्चया गलितदुरिता क्षमा-
-जलवहा गतभयाः शान्तचित्ताः ।
ऊढगणसद्धुराः कर्मसमरे शूराः,
गुरुवरा अभयदाः सेवनीयाः...श्रूयतां...॥२३॥






★ શુદ્ધતર, તત્ત્વરુચિરૂપ, ધર્મનો રાજા, કર્મનો કચરો હરનાર, વિપુલ સુખ-રાશિને આપનાર, ક્ષયોપશમ-ઉપશમ અને ક્ષયભેદથી વિભાજિત એવું સમ્યગ્દર્શન અહીં બુદ્ધિશાળીઓ વડે સેવવા યોગ્ય છે...૧૯

★ સુંદર, મૂલ-ઉત્તર ગુણો દ્વારા કલંક વિનાનું ચારિત્ર વિદ્વાનો વડે આદરવા યોગ્ય છે. જે રીતે પર્વતની ગુફામાં રહેલાં, કઠિન પ્રતિમાઓને વહન કરનારા મુનિઓએ પૂર્વે આ (ચારિત્ર) આદર્યું હતું...૨૦

★ જીવોની હિંસા, જૂઠું બોલવું, ચોરી કરવી, મૈથુનની રતિ અને પરિગ્રહ-આ પાંચમાં શ્રેષ્ઠ એવી વિરતિ કરવી, કારણકે **વિરતિ એ જ સુખનું સાચું કારણ છે**...૨૧

★ ઉત્તમ અને ભવભ્રમણથી ડરેલા લોકોએ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિમાં આદર કરવો જોઈએ, તથા સજ્જનોનો નિર્મળ ગુણ સમૂહ માધુર્યથી પ્રચુર એવા સુંદર ગીતો વડે ગાવો જોઈએ...૨૨

★ પરિપક્વ ગુણનાં સમૂહવાળાં, જેનાં પાપો ગળી ચૂક્યાં છે તેવા, દયા જળને વહન કરનારા, ભય વિનાના, શાંત ચિત્તવાળા, વહન કરી છે ગણની ધુરા જેમને તેવા કર્મસંગ્રામમાં શૂર, અભયને આપનારા એવા ગુરુભગવંતો સેવવા યોગ્ય છે...૨૩

मेरया वर्तिनो ये हि सहवर्तिनः,
कुशलयोगेषु कुशलत्वमाप्ताः ।
मोक्षपूःप्राप्तये प्रस्थिता अध्वगा,
मुनिजनैस्ते समुपासनीयाः..श्रूयतां...॥२४॥

वैराग्यं कुट्टिमं यत्र, स्तम्भा अभिग्रहास्तथा ।
सुभित्तिश्चर्जुता यत्र, द्वारं धैर्यं सुविस्तृतम् ॥२५॥

यत्र यवनिका गुप्तिः, संवरो द्वारपालकः ।
प्रहरी चाप्रमादाऽऽह्वो, निस्तन्द्रो कलिनिश्यपि ॥२६॥

छदिर्गुरुप्रसादोऽस्ति, तोरणं स्वनिरीक्षणम् ।
व्रता यत्र महाकुम्भाः, सोपानानि तपांसि च ॥२७॥

उल्लोचो यत्र सद्बोधो, गवाक्षा नयदृष्टयः ।
स्वगुणैरेव तुङ्गं तत्, संयमसौधमुच्यते ॥२८॥ चतुर्भिः कलापकम् ॥

भवागाधगर्ते स्खलन्तं पतन्तं,
रुदन्तं लपन्तं वपुष्मन्तमन्तात् ।
समुद्धृत्य निःश्रेयसे प्रेषयन्मा,
मुनित्वं समालभ्य मुह्यन्तु भो ! भोः ! ॥२९॥ भुजङ्गप्रयातम् ॥

श्रमणतामभिलभ्य मुनीश्वराः !,
शिथिलतां न हि यान्तु सुसंयमे ।
सुबहुभिः प्रलयैरपि मन्दरो,
न तरलो भवतीह कदाचन ॥३०॥ द्रुतविलम्बितम् ॥

★ જે મર્યાદા વડે વર્તે છે, શુભ યોગોમાં કુશળતા પામ્યા છે, મોક્ષપુરીને પામવા નીકળેલા મુસાફિર છે તેવા સહવર્તી મુનિભગવંતો પણ મુનિઓ વડે ઉપાસવા યોગ્ય છે...૨૪

★ જ્યાં વૈરાગ્યની ફર્શ છે, તથા અભિગ્રહો જ્યાં થાંભલા છે, જ્યાં સરળતા દિવાલ છે અને ધૈર્ય એ વિશાળ દ્વાર છે...૨૫

★ જ્યાં ગુપ્તિ એ પદડો છે, સંવર એ દ્વારપાળ છે, અપ્રમાદનામનો પ્રહરી છે જે કલિયુગની રાતે પણ તંદ્રા વિનાનો છે...૨૬

★ જ્યાં ગુરુકૃપા એ છત છે, આત્મનિરીક્ષણ એ તોરણ છે, વ્રતો જ્યાં મોટા કુંભ છે અને તપ એ દાદરા છે...૨૭

★ જ્યાં સદ્બોધ એ ચંદરવો છે, જ્યાં દૃષ્ટિઓ એ ગોખલા છે તે પોતાના ગુણોથી જ ઊંચો એવો સંયમ મહેલ કહેવાય છે...૨૮ (ચાર શ્લોકોનો સમૂહ)

★ ભવની અગાધ ગર્તામાં લપસતા, પડતા, રડતા અને વિલાપ કરતાં જીવને (તે ગર્તાનાં) ભીતરમાંથી ઉદ્ધૃત કરી જે મોક્ષમાં પહોંચાડે છે તે સાધુત્વને પામી હે જીવો ! મોહ ન પામશો...૨૯

★ સાધુત્વને પામી હે મુનિભગવંતો ! સંયમમાં શિથિલ ના થશો. મેરુપર્વત ઘણા પ્રલયો વડે પણ ક્યારેય અસ્થિર નથી થતો...૩૦



निशम्य वाणीं गुरुवक्त्रपद्मात्,
प्रमापुरुं गन्धमयं समापुः ।
लग्ना तदा गुञ्जितुमात्तमोदाः,
सत्यं हि प्रोक्ता अलिवृत्तयस्ते ॥३१॥ उपजातिः ॥

एवं हि प्रत्यहं श्रुत्वा, वाचनां बालसंयताः ।
हंसरत्नोऽपि सञ्जातः, सन्नद्धो यतनाऽऽदिषु ॥३२॥

[२]ग्लानं ज्ञात्वा न सेवेत, दोषभाक् स भवेन्मुनिः ।
एवं विज्ञाय स ग्लानसेवारतोऽभवत्तमाम् ॥३३॥

दूरमपि प्रयाति स्म, भिक्षार्थमेष उद्यतः ।
**मुनीनां भाक्तितः श्रेष्ठं, किं नृजन्मतरोः फलम् ? ॥३४॥**

परिष्ठापनसत्काऽऽसीद्, दूरं मूत्रस्य तत्र भूः ।
तत्परिष्ठापनार्थं रे !, मुनीनां लाभकाङ्क्षिणौ ॥३५॥

विमलबोधिहंसादिरत्नविजयसंयतौ ।
अहंपूर्विकया सायं, लाभार्थं चक्रतुर्युधम् ॥३६॥ ॥ युग्मम् ॥

---

२. जे भिक्खू गिलाणं सोच्चा नच्चा न गवेसइ... अणुग्घाइयं ॥१०-३७॥ निशीथसूत्रम् ।

★ ગુરુનાં મુખરૂપી કમળથી નીકળેલી વાણીને સાંભળી, સુગંધી એવા જ્ઞાનના પરાગને તે (બાલમુનિઓ) પામ્યા અને ત્યારે આનંદ પામેલા તેઓ ગુંજન કરવા લાગ્યા. તેઓ જે મધુકરવૃત્તિવાળા કહેવાયા છે તે સાચું જ છે...૩૧

★ આ પ્રમાણે રોજ વાચના સાંભળી આ બાળમુનિ હંસરત્નવિજયજી યતના વગેરેને વિશે સજ્જ થયા...૩૨

★ તેમણે આપ્તજનો વડે જે અપ્રતિપાતી ગુણવાળી કહેવાઈ છે તે ગ્લાનસેવા પ્રિય હતી અને ગુરુદેવ માટે નિર્દોષ ગોચરી લાવવી ગમતી હતી...૩૩

★ આ ઉદ્યત મુનિ ભિક્ષા માટે દૂર પણ જતા. **મુનિની ભક્તિ કરતા મનુષ્યજન્મરૂપી વૃક્ષનું વધું શ્રેષ્ઠ ફળ બીજું કયું હોય શકે ?...૩૪**

★ ત્યાં (લાલબાગમાં) માત્રુ પરઠવવાની ભૂમિ દૂર હતી. મુનિઓનાં માત્રુ પરઠવવાનો લાભ લેવા ઈચ્છતા મુનિરાજ વિમલબોધિવિજય અને મુનિરાજ હંસરત્નવિજય "હું પહેલો-હું પહેલો" એ પ્રમાણે સાંજનાં સમયમાં લાભ લેવા માટે (મીઠો) ઝગડો કરતાં...૩૫-૩૬ (બે શ્લોકોનો સમૂહ)





वाचनायाः प्रभावेन, सञ्जातास्तस्य वृत्तयः ।
शुद्धाः शुद्धतराः शुद्धतमाः क्रमेण सन्मुनेः ॥३७॥

सर्वेषां भोजनात्पश्चाद्, विवृद्धमशनादिकम् ।
स भुङ्क्ते स्म ह्यनाकाङ्क्षी, निर्विकल्पं यतीश्वरः ॥३८॥

सेवको मन्दपुण्यानां, सञ्जातः सुविशेषतः ।
पुण्यानुबन्धिपुण्यस्योपार्जनस्य मिषाद् नु सः ? ॥३९॥



## (साधूनां शुश्रूषा)

ये शिष्यविकलाः प्रौढाः, स्थविराश्च त्रिधा गणे ।
सेवते स्म स तान्नित्यं, चीवरक्षालनाऽऽदिभिः ॥४०॥



सत्पन्न्यासपदव्यर्थं, **जयतिलक**सन्मुनेः ।
विनेयो भवितुं जातो, नद्ध एकस्तु वार्द्धके ॥४१॥

कथितं गुरुणा कस्तं, पालयिष्यति भाविनि ।
हंसरत्नमुनिस्तूर्णमूचिवान् भक्तिनिर्भरः ॥४२॥

मा करोतु गुरो ! चिन्तामहं सज्जोऽस्मि तत्कृते ।
तं परिपालयिष्यामि, मंस्ये धन्यं च जीवनम् ॥४३॥

★ વાચનાના પ્રભાવે તે મુનિરાજની વૃત્તિ ક્રમે કરીને શુદ્ધ, શુદ્ધતર અને શુદ્ધતમ થઈ...૩૭

★ બધાનાં વાપર્યા પછી જે ગોચરી વધે તે આકાંક્ષા રહિત મુનિરાજ વિકલ્પ વિના (=પસંદગી વિના) વાપરી જતા...૩૮

★ પુણ્યાનુબંધી પુણ્યનાં ઉપાર્જનના બહાનાથી જ શું તેઓ મંદપુણ્યવાળા (મુનિભગવંતો)નાં વિશેષથી સેવક થયા'તા ?...૩૯





**(સાધુભગવંતોની સેવા)**

★ જે શિષ્ય વિનાના, ઊંમરલાયક અને ત્રણ પ્રકારના સ્થવિરો ગચ્છમાં હતાં, તેઓને આ મુનિભગવંત વસ્ત્રોના કાપ કાઢવા વગેરે દ્વારા પ્રતિદિન સેવતા હતા...૪૦

★ **મુનિરાજ જયતિલકવિજયજી**ની પંન્યાસપદવી માટે વૃદ્ધાવસ્થામાં એક મુમુક્ષુભાઈ શિષ્ય થવા તૈયાર થયા...૪૧

★ ગુરુદેવે કહ્યું કે-"ભવિષ્યમાં કોણ એમને સંભાળશે ?" ત્યારે ભક્તિસભર મુનિરાજ હંસરત્નવિજયજી મ.સા. એ તરત કહ્યું-"ગુરુદેવ ! ચિંતા ના કરશો, તે માટે હું સજ્જ છું. તેમને હું સંભાળીશ અને મારું જીવન ધન્ય માનીશ"...૪૨-૪૩



गुरुणा समनुज्ञातो, वार्द्धकेऽपि स दीक्षितः ।
**श्रीत्रिभुवनतिलक**, इति नाम्ना प्रकीर्तितः ॥४४॥

प्रव्रज्याया द्वितीयाब्दे, स कर्करोगपीडितः ।
बभूव कर्मदोषेण, कर्माधीन्यं हि दुःखदम् ॥४५॥

यद्यपि स प्रशान्तात्मा, रुष्यति स्म क्वचित्परम् ।
हंसरत्नमुनिर्नम्रः, साम्येन सहते स्म तत् ॥४६॥

प्रियं तस्याऽकरोद् भावैरप्रियं च न्यवारयत् ।
यथाशक्यं समाध्यर्थं, हंसरत्नमुनीश्वरः ॥४७॥

यावच्चरमनिःश्वासं, सिषेवे तं मुनीश्वरम् ।
अवाप सातसत्कर्मसञ्चयं तत्प्रभावतः ॥४८॥

[3]कर्मणो निबिडा ग्रन्थिस्त्रुट्यति मुनिसेवनात् ।
वैयावृत्यमतोऽमोघं, प्रोक्तं मौनीन्द्रशासने ॥४९॥

वैयावृत्येन सिद्ध्यन्ति, कार्याणि ह्यचिरेण रे ! ।
तेनैव च प्रणश्यन्ति, व्यथाव्याधिविपत्तयः ॥५०॥

---

३. गिलाणं वैयावच्चं करेमाणे समणे निग्गंथे ।
महाणिज्जरे महापज्जवसाणे भवति ॥१०॥ व्यवहारसूत्रम् ।



★ ગુરુદેવ વડે અનુજ્ઞા અપાઈ અને તે મુમુક્ષુએ વૃદ્ધાવસ્થામાં પણ દીક્ષા લીધી અને તેમનું નામ **''મુનિરાજ શ્રી ત્રિભુવનતિલકવિજયજી''** એ પ્રમાણે રખાયું...૪૪

★ દીક્ષાનાં બીજા વરસે કર્મના પ્રભાવે તેઓ (મુનિ ત્રિભુવનતિલકવિજયજી) કેંસરરોગથી પીડિત થયા, ખરેખર કર્મની આધીનતા એ દુઃખ આપનારી બને છે...૪૫

★ જોકે, તે મુનિભગવંત પ્રશાંત હતા છતા ક્યારેક (પીડાનાં કારણે) ગુસ્સો કરી લેતા, પરંતુ નમ્ર એવા મુનિરાજ હંસરત્નવિજયજી સમતાપૂર્વક તે સહી લેતા...૪૬

★ તે મુનિભગવંતની સમાધિ માટે મુનિ હંસરત્નવિજયજી શુભભાવોથી યથાશક્ય તેમને ગમતું કરતા અને અણગમતું દૂર કરતા...૪૭

★ છેલ્લા શ્વાસ સુધી મુનિરાજ હંસરત્નવિજયજીએ તેમની સેવા કરી અને તેના પ્રભાવે શાતા વેદનીય કર્મ બાંધ્યું...૪૮

★ કર્મની નિબિડ ગ્રંથિ મુનિની સેવાથી તૂટી જાય છે માટે જિનશાસનમાં વૈયાવચ્ચનો ગુણ અમોઘ કહ્યો છે...૪૯

★અરે ! વૈયાવચ્ચથી તરત જ કાર્યો સિદ્ધ થાય છે અને તેનાથી જ વ્યથા, વ્યાધિ અને વિપત્તિઓ નાસી જાય છે...૫૦



एवं हि ग्लानसाधूनां, बहूनां सेवनेन सः ।
तर्जितचन्द्रनैर्मल्यमर्जितवान् महद्यशः ॥५१॥

एकदा **जयघोषा**ऽऽह्वो, मुनिः सुज्ञानसागरः ।
अददात्कम्बलं कम्रं, कस्मैचिल्लघुसाधवे ॥५२॥

तत्तु स्खलनया दीर्णमचिरेणैव साधुना ।
नोपेयिवान् परं मन्युं, जयघोषव्रतीश्वरः ॥५३॥

पप्रच्छ जयघोषऽऽर्यं, हंसरत्नमुनिस्तदा ।
''कथं चुकोप तस्मै न ?, भवानपात्रवत्सलः'' ॥५४॥

उवाच जयघोषाऽऽर्य-''एवं वक्तुं न युज्यते ।
सर्वेऽपि साधवो योग्याः, पञ्चमहाव्रतेश्वराः ॥५५॥

[४]कथं कोपप्रसङ्गोऽत्रोत्तिष्ठते वद संयमिन् ! ।
मूल्यमस्त्यधिकं कस्य, व्रतिनः कम्बलस्य वा ?'' ॥५६॥

एवमाकर्ण्य सम्बुद्धः श्रीहंसरत्नसंयमी ।
निर्णीतवान्निजस्वान्ते-''दास्ये सर्वं हि साधवे ॥५७॥

---

४. कुद्धो सच्चं सीलं विणयं हवेज्ज ॥२-२॥ प्रश्नव्याकरणम् ।



★ આ પ્રમાણે ઘણા ગ્લાનસાધુઓની સેવાથી તર્જના કરી છે ચંદ્રની નિર્મળતાની જેણે એવા મોટા યશને મુનિરાજ હંસરત્નવિજયજીએ અર્જિત કર્યો...૫૧

★ એક વખત જ્ઞાનના સાગર **પૂ. પંન્યાસ જયઘોષવિજયજી મહારાજે** એક નાના મુનિને સુંદર કામળી આપી...૫૨

★ ભૂલથી તે સાધુ દ્વારા કામળી તરત ફાટી ગઈ પણ પંન્યાસ શ્રી જયઘોષવિજયજી ક્રોધ ન પામ્યા...૫૩

★ ત્યારે મુનિરાજ હંસરત્નવિજયજી મહારાજે પંન્યાસ જયઘોષવિજયજીને પૂછ્યું-"આપે શું કામ તે મુનિવર પર ક્રોધ ન કર્યો ? આપ અપાત્ર પર પણ દયા કરનારા છો. ('દયાપાત્ર પર દયા કરવી જોઈએ એ અપાત્ર પર નહીં' એવો આશય છે.)...૫૪

★ પૂજ્ય પંન્યાસ જયઘોષવિજયજીએ કહ્યું-"આમ કહેવું યોગ્ય નથી. બધા જ પંચમહાવ્રતના ધારક મુનિભગવંતો યોગ્ય જ છે...૫૫

★ હે સંયમી ! અહીં ગુસ્સો કરવાનો પ્રસંગ જ ક્યાંથી ઊભો થાય ? તમે જ કહો કે કોનું મૂલ્ય વધારે- સંયમીનું કે કામળીનું ?...૫૬

★ આ પ્રમાણે (પૂજ્ય પંન્યાસજીની) વાણીને સાંભળી મુનિરાજ હંસરત્નવિજયજી બોધ પામ્યા અને પોતાનાં મનમાં નિર્ણય કર્યો કે-"સાધુ ભગવંતને હું બધું જ આપીશ...૫૭

आसनं लेखनी कल्पत्रयं जपनमालिका ।
कम्बलं चोलपट्टश्च, पात्राणि मुखवस्त्रिका ॥५८॥

दण्डः संस्तारकं पादप्रोञ्छनमुत्तरच्छदः ।
तथाऽक्षपञ्चकं यन्त्रं, कटीदवरिकाऽपि च ॥५९॥

एवं यान्यपि वस्तूनि, रोचेत व्रतिने मम ।
निर्विकल्पं प्रदास्येऽहं, तर्हि तस्मै निजेप्सितम्'' ॥६०॥
त्रिभिर्विशेषकम् ॥

गणे प्रायः समेऽप्यासन्, निर्दोषाऽऽहारभोजिनः ।
तेषां निर्दोषभिक्षार्थं, हिण्डते स्म गृहाद् गृहम् ॥६१॥

तद्दृष्ट्वा गुरवस्तुष्टा, आशिषमददुर्भृशम् ।
**सन्तः प्रयतमाने स्युर्विशेषतः कृपालवः ॥६२॥**

एकदा ग्लानसेवायाः, प्रसङ्गः समुपस्थितः ।
परं गन्तव्यमासीद् रे !, तदर्थं दूरग्रामके ॥६३॥

द्विदिनमध्य एवाहो ! श्रीहंसरत्नसाधुना ।
प्रायो द्वाविंशतिक्रोशा, अतिक्रान्ता निजौजसा ॥६४॥







★ આસન, કલમ, કલ્પત્રય (સુતરાઉ કપડાં-૨ સાદા, ૧ કામળીનો), જાપની માળા, કામળી, ચોલપટ્ટો, પાત્રા, મુહપત્તી...૫૮

★ દાંડો, સંથારો, દંડાસન, ઉત્તરપટ્ટો તથા સ્થાપનાજી, (જાપનો) યંત્ર અને કંદોરો પણ...૫૯

★ આ પ્રમાણે મારી જે પણ વસ્તુ મુનિને ગમે, તે વિના વિકલ્પે ઈચ્છિત-વસ્તુ તેમને આપી દઈશ..."૬૦ (ત્રણ શ્લોકોનો સમૂહ)

★ ગચ્છમાં લગભગ બધા જ મુનિઓ નિર્દોષ ગોચરી વાપરનારા હતાં. તેમની નિર્દોષ ગોચરી માટે મુનિરાજ હંસરત્નવિજયજી ઘણાં ઘરોમાં જતાં હતાં...૬૧

★ તે જોઈને ગુરુભગવંતો ખુશ થયા અને તેમને ઘણા આશીર્વાદ આપ્યા. પ્રયત્ન કરનાર વ્યક્તિને વિશે સજ્જનો વિશેષથી કૃપાળુ હોય છે...૬૨

★ એક વખત ગ્લાન સેવાનો પ્રસંગ ઊભો થયો પણ એ માટે અરે ! દૂર રહેલાં ગામમાં જવાનું હતું...૬૩

★ અહો ! માત્ર બે દિવસમાં જ મુનિરાજ હંસરત્નવિજયજી મહારાજે પ્રાયઃ ૪૪ માઈલ (૭૦ કિલોમીટર)નો ફાસલો (ગ્લાનસેવા માટે) પોતાનાં પરાક્રમથી પસાર કર્યો...૬૪

एवं दीर्घविहारेण, प्राप्य ग्लानमुनेः पदम् ।
अवगणय्य स श्रान्तिं, निषिषेवे हि तं मुनिम् ॥६५॥

एवमेषोऽप्रमादेन, रराज पुण्यसंश्रयः ।
सत्क्रियास्वप्यनिर्विण्णो, जज्ञे चाऽखण्डदीपवत् ॥६६॥

तेजोऽपि तस्य देहस्य, ववृधे क्रमतो भृशम् ।
अवतीर्णा दिवो मन्ये, गीर्वाणा वर्चसा समम् ॥६७॥



मुक्ता न मुक्ता निजचञ्चुमध्ये,
त्यक्तस्तथा मानससत्तटाकः ।
सङ्कुच्य पक्षाववरुध्य लीलां,
रे ! राजहंसाऽसि कथं प्रदीनः ? ॥६८॥ इन्द्रवज्रा ॥

शीलस्य भुक्ता किल शुक्तमुक्ता,
हृतं सतां निर्मलमानसञ्च ।
ज्ञानक्रियापक्षयुगेन साम्य-
-लीलां यतो हंसमुनिस्तनोति ॥६९॥ उपजातिः ॥



★ આ પ્રમાણે દીર્ઘવિહાર વડે ગ્લાનમુનિની પાસે પહોંચી, પોતાના થાકને અવગણી તે મુનિરાજે મુનિની સેવા કરી...૬૫

★ આ પ્રમાણે અપ્રમત્તતાથી પુણ્યના આશ્રયરૂપ તે મુનિ શોભ્યા અને અખંડ દીપકની જેમ સત્ક્રિયામાં થાક વિનાનાં થયા...૬૬

★ તેમનાં શરીરનું તેજ પણ ક્રમશઃ ખૂબ વધ્યું. જાણે દેવલોકથી તેજ સાથે દેવો ઊતર્યા હોય એમ હું માનું છું...૬૭

★ હે રાજહંસ ! તે મોતીને પોતાની ચાંચમાં કેમ ન મૂકી ? તથા સુંદર એવું માનસરોવર કેમ છોડી દીધું ? બે પાંખોને સંકોચી તે તારી લીલા બંધ કેમ કરી દીધી ? અને શા માટે તું અત્યંત દીન થયો ?...૬૮

★ (હંસ જવાબ આપે છે-) શીલનામની ઉજ્જ્વળ મોતી ખવાઈ ચૂકી છે, સજ્જનોનું નિર્મળમાનસ હરી લેવાયું છે અને જેથી મુનિ હંસરત્નવિજયજી જ્ઞાન અને ક્રિયાનાં બે પાંખથી સમતાની લીલાને વિસ્તારે છે (તેથી મેં મારી લીલા છોડી દીધી છે.)...૬૯





शीतोष्णक्षुत्पिपासादिपरीषहैः स दुःसहैः ।
चचाल मनसा नैव, धीरतागुणमण्डितः ॥७०॥

सत्क्रियास्वप्रमादेनोज्झता देहसुखासिकाम् ।
विजयो वपुरध्यासेऽवाप्तस्तेन सुसाधुना ॥७१॥

त्यक्त्वा षड्रसलाम्पट्यं, धृत्वा चाक्षुषसंयमम् ।
कामाध्यासे प्रकामं स, विजयमाप्तवान्मुनिः ॥७२॥

स्वसन्मानमनिच्छन् स, पराऽऽक्रोशेऽपि शान्तिमान् ।
नामाध्यासविजेताऽभूदनामिपदप्राप्तये ॥७३॥

प्रोचिवानेकदा तं **श्रीविमलसेन**सन्मुनिः ।
''सनातनौलिकामध्ये, भोक्तव्या विकृतिर्नहि ॥७४॥

न्यूनान्न्यूतरं कार्यमाचामाम्लतपस्ततः ।
हीनं न त्वादृशैर्धार्यं, प्रत्याख्यानं सुसाधकैः'' ॥७५॥



★ ઠંડી-ગરમી, ભૂખ-તરસ વગેરે પરીષહોથી પણ ધીરતાના ગુણથી શોભિત તે મુનિરાજ મનથી ચલિત ન થયા...૭૦

★ સત્ક્રિયામાં અપ્રમત્તાથી દેહની સુખશીલતાને છોડતા તે મુનિવડે દેહાધ્યાસ પર વિજય મેળવાયો...૭૧

★ છએ રસની લંપટતા છોડી, ચક્ષુનું સંયમ ધારણ કરી તે મુનિએ અત્યંતપણે કામાધ્યાસ પર વિજય મેળવ્યો...૭૨

★ પોતાનાં સન્માનને ન ઈચ્છતા અને બીજાનો આક્રોશ થવા પર શાંતિ રાખનારા તેઓ અનામીપદની પ્રાપ્તિ માટે નામાધ્યાસવિજેતા થયાં...૭૩

★ એક વખત તેમને **મુનિરાજ** (હાલ ઉપાધ્યાય પ્રવર) **વિમલસેનવિજયજીએ** કહ્યું- ‘‘શાશ્વતી ઓળીમાં વિગઈ ન વાપરવી જોઈએ...૭૪

★ ઓછામાં ઓછું આયંબિલનો તપ કરવો જોઈએ. તેથી ઓછું પચ્ચક્ખાણ તારા જેવા સાધકોએ ન લેવું જોઈએ’’...૭૫





जग्राह हृदि सङ्कल्पं, श्रुत्वा तस्य मुनेर्गिरम् ।
''ओलिकायां न भोक्ष्येऽहं, विकृतिमयभोजनम् ॥७६॥

जघन्यतः करिष्ये चाऽऽचामाम्लसत्तपः शुभम् ।
विकृतिर्विगतेर्हेतुर्यस्मात्प्रोक्ता जिनाऽऽगमे'' ॥७७॥

एवं हि धृतसङ्कल्पोऽकरोद्विधिपुरस्सरम् ।
प्रत्यब्दमोलिकायुग्म, आचामाम्लतपांसि सः ॥७८॥

तपस्सु वक्ष्यमाणेषु, दुश्चरेष्वप्ययं मुनिः ।
मुक्तवानोलिकास्वेनं, नियमं न कदाचन ॥७९॥

वलितं जीवनं तस्याऽथैकदा नववर्त्मनि ।
तदग्रे ज्ञास्यते भव्या !, मा मुञ्चन्तु धृतिं ततः ॥८०॥

सिक्तं यद्वाचनाऽद्भिः, परमगुरुवरोद्यानपैः संस्कृतश्च,
सद्गन्धाऽऽकृष्टभव्यभ्रमरपरिकरं, नन्दनं संयमस्य ।
प्रोक्तं तत्सौरभं वै, प्रथयतु पुनितं, श्रेयसस्तेन साकं,
पक्षश्चायं चतुर्थश्चतुरजनप्रियः, सार्थ उक्त्या यथार्थः ॥८१॥ स्रग्धरा ॥

**॥ इति चतुर्थः पक्षः समाप्तः ॥**

★ આ પ્રમાણે મુનિરાજશ્રીની વાણી સાંભળીને મનમાં (તે મુનિએ) સંકલ્પ કર્યો કે- ''ઓળીમાં હું વિગઈવાળી ગોચરી નહીં વાપરું અને ઓછામાં ઓછું શુભ એવો આયંબિલનો તપ કરીશ કારણકે આગમમાં વિગઈને વિગતિ (=દુર્ગતિ)નું કારણ કહેવાયું છે...૭૬-૭૭

★ આ પ્રમાણે ધારણ કર્યો છે સંકલ્પ જેણે એવા મુનિરાજે દરેક વરસે બંને ઓળીમાં આયંબિલો કર્યાં...૭૮

★ આગળ કહેવામાં આવનારી, કષ્ટથી આચરી શકાય તેવી તપસ્યાઓમાં પણ આ મુનિરાજે ઓળીમાં (આયંબિલ કરવાનો પોતાનો) નિયમ ક્યારેય ન મૂક્યો...૭૯

★ એક વખત તેમનું જીવન નવા રસ્તે વળી ગયું તે હે ભવ્યજીવો ! તમને આગળ જણાશે માટે ધીરજને મૂકશો નહીં...૮૦

★ જે વાચનારૂપી પાણી વડે સિંચાયેલું છે, પરમગુરુદેવરૂપી ઉદ્યાનપાલક વડે સંસ્કારિત કરાયું છે, સુગંધથી જેણે ભવ્યજીવોરૂપી ભ્રમરોને આકર્ષિત કર્યું છે તે મારા વડે જે કહેવાયેલું (મુનિરાજનાં) સંયમજીવનનું નંદનવન અને તેની સાથે આ ચતુર લોકોને પ્રિય, ઉક્તિઓ વડે યથાર્થ, અર્થસભર આ ચોથો પક્ષ પણ કલ્યાણનાં પવિત્ર સુગંધને ફેલાવે...૮૧



**॥ ચોથો પક્ષ સમાપ્ત ॥**


अर्हं
नमः

## क्रियापदगुप्तश्लोकः

अस्य श्रीहंसरत्नस्य, दूरं जिनावरोधनम् ।
अत्र क्रियापदं गुप्तं, यो जानाति स पण्डितः ॥

★ હે જિનેશ્વર પ્રભુ ! હંસરત્નવિજયજીના અવરોધને દૂર ફેંકી દો- આ વાક્યમાં ક્રિયાપદ ગુપ્ત છે જે જાણે છે તે પંડિત છે.

---

● अस्य = अस्, ગણ ૪, આજ્ઞાર્થ દ્વિ.પુ.એ.વ., અર્થ-ફેંકવું. અર્થાત્ अस्य = તું ફેક. આ રીતે ક્રિયાપદ ગુપ્ત હતું.



# ॥ पञ्चमः पक्षः ॥

## (सूर्यचन्द्रमसोः संवादः, मुनिहंसरत्नविजयस्य पन्न्यासपदवी, तपोयात्राऽऽरम्भश्च)

जगत्त्रयस्य लोचनं विरोचनं विमोचनं,
विकाशनं विबोधनं विशोधनं विनोदनम् ।
प्रणम्य तं जिनेश्वरं सृजामि पक्षमुत्तमं,
कुवासनाविनाशनं प्रपञ्चतोऽत्र पञ्चमम् ॥१॥ पञ्चचामरः ॥



### ● सूर्यचन्द्रमसोः संवादः ●

एकदा पुष्पदन्तौ खविभ्रान्तिश्रान्तविग्रहौ ।
मिलितौ मुत्कलस्वान्तौ, वार्तालापचिकीर्षया ॥२॥

अवददर्यमा चन्द्रं- ''रे विधो ! कीदृशो विधिः ।
क्वचित्क्षयः क्वचिद् वृद्धिः, स्थैर्यं न जीवने तव ॥३॥

पूर्णिमायामवष्टब्धः, क्षयसि त्वं शनैः शनैः ।
समं ते ज्योत्स्नयौद्धत्यं, क्षयतिः कृष्णपक्षके ॥४॥

तारकाणामधीशोऽसि, विरक्ताः किन्तु तास्त्वयि ।
त्वया विनाऽपि शर्वर्यां, निस्त्रपास्ताश्चकासति ॥५॥

निशाऽपि त्वयि निःस्नेहा, नाऽपेक्षते तवोदयम् ।
वृथैव ते जगन्मध्ये, निशापतिरिति श्रुतिः ॥६॥

# ॥ પાંચમો પક્ષ ॥

## (સૂર્ય અને ચંદ્રનો સંવાદ,
## મુનિ હંસરત્નવિજયજીની પંન્યાસપદવી તથા તપયાત્રાનો પ્રારંભ)

★ ત્રણજગતને જોનાર, ત્રણજગતના સૂર્ય, ત્રણજગતને મુક્ત કરનાર, ત્રણ જગતને અજવાળનાર, જાગૃત કરનાર, શુદ્ધ કરનાર અને આનંદિત કરનાર એવા જિનેશ્વર પરમાત્માને નમસ્કાર કરીને કુવાસનાનો નાશ કરનાર ઉત્તમ એવા આ પાંચમાં પક્ષને હું વિસ્તારથી રચું છું...૧



### ● સૂર્ય અને ચંદ્રનો સંવાદ ●

★ એક વખત આકાશમાં ભ્રમણ કરવાથી થાકી ગયું છે શરીર જેઓનું એવા સૂર્ય-ચંદ્ર, મોકળાં હૃદયવાળાં વાતો કરવાની ઈચ્છાથી મળ્યાં...૨

★ સૂર્યએ ચંદ્રને કહ્યું- "અરે ચંદ્ર તારું નસીબ કેવું છે ! ક્યારે'ક ક્ષય તો ક્યારે'ક વૃદ્ધિ ! તારા જીવનમાં તો સ્થિરતા જ નથી...૩

★ પૂર્ણિમાના દિવસે અભિમાન કરનારો એવો તું વદ પક્ષમાં ધીમે-ધીમે ક્ષીણ થાય છે. તારી ચાંદનીની સાથે તારી ઉદ્ધતાઈ ક્ષીણ થાય છે...૪

★ તું તારાઓનો સ્વામી છે પણ તારાઓ તો તારા વિશે વિરક્ત છે. તેઓ તારા વગર પણ લજ્જા વિના રાત્રે ચમકે છે...૫

★ રાત્રિ પણ તારા વિશે સ્નેહ વગરની છે. તે તારા ઉદયની અપેક્ષા રાખતી નથી. ફોગટ જ જગતમાં તારી "નિશાપતિ" એવી કીર્તિ છે...૬



जगति सुप्रसिद्धोऽस्ति, सलाञ्छनत्वदुर्गुणः ।
पयःशुभ्रश्रुतिर्मन्ये, भस्मांशमिश्रिता तव ॥७॥

मृगाङ्क ! पङ्कजाङ्कस्थश्चञ्चरीकोऽपि खिद्यते ।
पद्मं यतः स्वपर्णानि, त्वां विलोक्य निमीलति ॥८॥

चक्रवाकोऽपि निर्जीव, इव जातस्तवेक्षणात् ।
यतः प्रियावियोगस्य, स्यात् कारणं तवोदयः ॥९॥

आदीप्ता मन्दरोचिर्भिश्चन्द्रिकाऽस्ति तवाऽलसा ।
लोकास्त्यक्तनिजाऽऽरम्भा, यस्याः स्पर्शेन शेरते ॥१०॥

क्वचिच्चिरात् क्वचित्तूर्णं, क्वचिन्नोदेषि सर्वथा ।
सुगमः किं मृगाङ्कैवं, न ते दैनन्दिनक्रमः ? ॥११॥

वर्यो न क्षीयमाणस्त्वं, वर्या न ते परिक्रमा ।
न वर्या च तव ज्योत्स्ना, किं वर्यं वद चन्द्रमः !'' ॥१२॥

चन्द्रोऽगदद्- ''अयि ब्रध्न !, परतापपरायण ! ।
अभ्याख्यासि परान् हन्त !, स्वयं निर्गुणशेखरः ॥१३॥

★ જગતમાં સલાંછનતા નામનો તારો દુર્ગુણ પ્રસિદ્ધ જ છે. દૂધ જેવી તારી સફેદ કીર્તિ ભસ્મના અંશથી મિશ્રિત છે, એમ હું માનું છું...૭

★ હે ચંદ્ર ! કમળના ખોળે રહેલો ભ્રમર પણ ખેદ પામે છે કારણકે કમળ તને જોઈને પોતાનાં પાંદડાઓ બંધ કરી છે...૮



★ ચક્રવાક પક્ષી પણ તને જોવાથી નિર્જીવ જેવો થઈ ગયો છે, કારણકે તારો ઉદય એની પ્રિયાના વિયોગનું કારણ બને છે...૯

★ લોકો પોતાનાં કાર્યોને છોડીને જેના સ્પર્શથી સૂઈ જાય છે એવી મંદ કિરણો વડે દીપતી તારી ચાંદની આળસુ છે. ...૧૦

★ તું ક્યારે'ક જલદીથી અને ક્યારે'ક મોડેથી ઉદય પામે છે, તો ક્યારે'ક સર્વથા તું ઉદય નથી પામતો. આ રીતે હે ચંદ્ર ! તારો રોજિંદો ક્રમ સહેલાઈથી કેમ નથી જણાતો ?...૧૧

★ ક્ષીણ થતો એવો તું સુંદર નથી, તારી પરિક્રમા પણ સુંદર નથી, તારી ચાંદની પણ સુંદર નથી તો ચંદ્ર ! બોલ તારું શું સુંદર છે ?...૧૨

★ ચંદ્રએ કહ્યું- હે સૂર્ય ! બીજાને તપાવવામાં હોંશીયાર !, તું બીજા પર આળ મૂકે છે પણ પોતે તો નિર્ગુણીઓમાં પ્રમુખ છે...૧૩



दृश्येते वृद्धिहानी ये, सा मे कलाचमत्कृतिः ।
अहं विविधयाऽऽकृत्या, रञ्जयामि धरास्पृशः ॥१४॥

मां दृष्ट्वा विविधाऽऽकारं, कवयः कल्पयन्त्यहो ! ।
शूरकपोलमष्टम्यां, राकायां कामिनीमुखम् ॥१५॥

तारकाणामधीशत्वे, प्रतिबन्धो न किञ्चन ।
उदेम्यहं यथाकालं, **नान्यापेक्षा हि नाथता** ॥१६॥

न निशा मयि निःस्नेहा, साऽपेक्षते ममोदयम् ।
मुखं यथा विना नेत्रे, सा तथा स्यान्मया विना ॥१७॥

पादे चन्द्रप्रभस्याहं, लाञ्छनत्वेन संस्थितः ।
वदैतल्लाञ्छनत्वं किं, भाग्यं नास्ति ममाऽर्यमन् ! ॥१८॥

उदेमीन्दिवरव्रातमोदनायैव केवलम् ।
यदि रोचे न भृङ्गाय, दोषस्तस्य न मे रवे ! ॥१९॥

अहं मद्दर्शनाऽऽतुरजिवाजिवस्य जीवनम् ।
चक्रवाकस्य दोषोऽयं, तस्य यदरुचिर्मयि ॥२०॥



★ મારી જે વૃદ્ધિ-હાનિ દેખાય છે તે તો મારી કળાઓનો ચમત્કાર છે. હું વિવિધ આકૃતિ વડે લોકોને ખુશ કરું છું...૧૪

★ મને વિવિધ આકારવાળો જોઈને કવિઓ મને આઠમે શૂરવ્યક્તિના કપાળ તરીકે અને પૂનમે કામિનીનાં મુખ તરીકે કલ્પે છે...૧૫

★ તારાઓનાં સ્વામિત્વ વિશે મારી કોઈ આસક્તિ નથી, હું મારા સમયે ઉદય પામું છું. **બીજાની અપેક્ષા ન હોય તે જ તો સ્વામિત્વ છે...૧૬**

★ નિશા મારા વિશે સ્નેહ વિનાની નથી, તે મારા ઉદયની અપેક્ષા રાખે છે. જેમ નેત્ર વિનાનું મુખ હોય તેમ તે મારા વિના શોભારહિત બની જાય છે...૧૭

★ ચંદ્રપ્રભસ્વામીનાં ચરણમાં લાંછન તરીકે હું રહેલો છું. હે સૂર્ય ! તું જ બોલ આ લાંછનત્વ એ શું મારું ભાગ્ય નથી ?...૧૮

★ હું તો કેવળ અહીં ચંદ્રવિકાસી કમળના સમૂહને આનંદ પમાડવા ઉદય પામું છું, જો હું ભ્રમરને ન ગમું તો હે મિત્ર ! એ એનો દોષ છે...૧૯

★ હું મારાં દર્શન માટે આતુર એવા ચકોર પક્ષીનું જીવન છું, ચક્રવાકનો એ દોષ છે કે તેની મારા વિશે અરુચિ છે...૨૦

नाऽलसाऽस्ति मम ज्योत्स्ना, शैत्येन तापहारिका ।
तत्स्पर्शहर्षणोत्कर्षाद्, मुञ्चत्यश्रु विधूपलः ॥२१॥

नियता न कलाः सन्ति, सुजना अत एव मे ।
दिदृक्षया कलानां रे !, भवन्ति दत्तचक्षुषः ॥२२॥

सन्तीह मे कला वर्या, वर्यतरा परिक्रमा ।
वर्यतमा च मे ज्योत्स्ना, किं न वर्यं वदाऽर्यमन् ! ॥२३॥

समुदञ्चितकल्लोलैराकारयति सागरः ।
दर्शनं सौम्यताहेतु, ममाऽस्ति दिवसेश्वर ! ॥२४॥

अङ्गानि संलीय निमील्य नेत्रे,
विलीय कामानधिरुह्य चाद्रौ ।
भवेद्यदि ध्यानमृषिश्चिकीर्षु-
स्तर्हीन्दिरा स्यात्किल मेऽनुकूला ॥२५॥ उपजातिः ॥

त्वत्तः पुराऽहं किल लोकितोऽस्मि,
स्वप्नेषु रम्येषु जिनेन्द्रमात्रा ।
भाग्यं तु कस्याधिकमस्ति सूर्य !
स्वात्मप्रशंसाकरणैकधुर्य !'' ॥२६॥ इन्द्रवज्रा ॥



★ મારી ચાંદની આળસુ નથી, તે તો શીતલતાથી તાપને હરનારી છે. તેના સ્પર્શનો હર્ષ ઉભરાવવાથી ચંદ્રકાંતમણિ આંસુ મૂકે છે...૨૧

★ મારી કળાઓ નિયત નથી હોતી, અરે ! એથી જ સજ્જનો મારી કળાઓને જોવાની ઈચ્છાથી મને અનિમેષ નયને જોનારા થાય છે...૨૨

★ મારી કળાઓ સુંદર છે, મારી પરિક્રમા સુંદરતર છે અને મારી ચાંદની સુંદરતમ છે. હે સૂર્ય ! મારું શું સુંદર નથી તે તું જ કહે...૨૩

★ ઊછળતાં મોજાઓ વડે સાગર મને બોલાવે છે. હે સૂર્ય ! મારું દર્શન એ સૌમ્યતાનું કારણ બને છે...૨૪

★ અંગોને સંલીન કરીને, આંખોને મીંચી, ઈચ્છાઓને વિલીન કરી, પર્વત પર આરૂઢ થઈ જો મુનિ ધ્યાન કરવા ઈચ્છે તો એનાં માટે મારી ચાંદની અનુકૂળ બને છે...૨૫

★ પોતાની પ્રશંસા કરવામાં એકમાત્ર અગ્રેસર હે સૂર્ય ! સુંદર એવા (ચૌદ) સ્વપ્નોમાં જિનેશ્વરની માતા વડે તારા કરતા પહેલાં હું જોવાયો છું. બોલ કોનું ભાગ્ય અધિક છે ?...''૨૬



सूर्योऽब्रवीत्-''चन्द्र ! सतन्द्र ! बन्धो !,
ज्ञाता मदालोकगुणास्त्वया नो ।
नानाकलावेषघटानिधित्सो !,
रे ! विस्मृतं कुत्र मतेः किरीटम् ? ॥२७॥ उपजातिः ॥

मां लोकते सूर्यमुखिप्रसून-
मावर्तते मत्कदिशाऽनुरूपम् ।
प्रतिक्षणं तच्च मदीक्षणेन,
प्रजायतेऽनिर्वचनीयहर्षम् ॥२८॥ उपजातिः ॥

लोकाः प्रगे मां विविधाभिधानैः,
स्मरन्ति यच्छन्ति जलाञ्जलिञ्च ।
त्वत्तोऽप्यहं पूज्यतराऽऽशयेन,
स्तुतोऽस्मि लोके स्फुटमौषधीश ! ॥२९॥ उपजातिः ॥

भवन्ति कैवल्यव्रताऽऽप्तितीर्थ-
संस्थापनादीनि जिनस्य मेंऽशौ ।
अतः सतः कस्यचनाग्र आवां,
शङ्कापनोदाय विधो ! व्रजेव'' ॥३०॥ उपजातिः ॥

गतावुभौ तौ भरतस्य भूम्यां,
विकृत्य देहं त्वपरं रवीन्दू ।
आकाशिकायां स्थित एक आर्यो,
दृष्टो हि ताभ्यां प्रतिरूपभृद्भ्याम् ॥३१॥ उपजातिः ॥

★ સૂર્યએ કહ્યું કે- "તંદ્રા સાથે વર્તતા મારા ભાઈ ! તેં મારા પ્રકાશના ગુણો જાણ્યા નથી. વિવિધ કલારૂપી વેષોના ધારણ કરવાની ઈચ્છાવાળા હે ચંદ્ર ! તું તારા બુદ્ધિનો મુગટ ક્યાં ભૂલી ગયો ?...૨૭

★ મને સૂર્યમુખી પુષ્પ જુએ છે અને મારી દિશાને અનુરૂપ એ ફરે છે. સતત મને જોવાથી એને કહી ન શકાય તેવો (પ્રકૃષ્ટ) આનંદ ઉત્પન્ન થાય છે...૨૮

★ લોકો સવારના પહોરમાં મને જુદા-જુદા નામો વડે સ્મરે છે અને જળની અંજલિ આપે છે. હે ઔષધીશ્વર ! તારા કરતા હું લોકોમાં વધુ પૂજ્ય આશય વડે સ્તવાયેલો છું"...૨૯

★ પ્રભુનું કેવળજ્ઞાન, દીક્ષા ગ્રહણ, તીર્થ સ્થાપના વગેરે મારા પ્રકાશમાં (=દિવસે) થાય છે માટે હે ચંદ્ર ! (આપણામાંથી કોણ મોટું છે-એવી) શંકા દૂર કરવા ચાલ, આપણે કોઈ સજ્જન પાસે જઈએ...૩૦

★ તે સૂર્ય અને ચંદ્ર બીજું શરીર વિકુર્વી ભરતક્ષેત્રમાં આવ્યા અને બીજું રૂપ ધારણ કરનાર એવા તેઓ વડે અગાસીમાં રહેલા એક સાધુ ભગવંત જોવાયા...૩૧





आसीत्स मग्नो निजलेखकार्ये,
विधोः प्रभायां सितवस्त्रधारी ।
विज्ञाप्य तौ स्वं तमपृच्छतां यद्-
''नामास्ति किं ते वदतु प्रभो ! नौ'' ॥३२॥ उपजातिः ॥

''नामास्ति मे श्रीभुवनादिभानु-
र्ब्रूतं किमस्तीह प्रयोजनं वाम् ?'' ।
तावुक्तवन्तावुत''-को महीयान् ?
ब्रूहि प्रभो ! नौ किल संशयोऽयम्'' ॥३३॥ इन्द्रवज्रा ॥

सूर्युक्तवान्-''यो हि जिनाश्रितः स्याद्,
महान् स एवाऽस्तीह पुष्पदन्तौ ! ।
अतो विना विग्रहमाश्रयेतां,
जिनैकपादाब्जयुगं वरेण्यम्'' ॥३४॥ उपजातिः ॥

श्रुत्वा वचो भुवनभानुगुरोः प्रशस्तं,
त्यक्त्वा विवादमखिलं प्रगतौ नभे तौ ।
चन्द्रस्तदाप्यगददर्कमवेक्ष्य सूरिं-
''चित्रं यदिच्छति विधुं निशि भानुरेषः'' ॥३५॥ वसन्ततिलका ॥

पूषाऽवदत्-''शृणु शशिन् ! गुरुदृष्टिपूत !
चित्रं त्वितोऽपि यदुत- प्रशमेन पीनः ।
आकाशिकोपरि सितांशुकसंवृताङ्गो,
भानुश्चकास्ति निशि सौम्यसदौजसाऽयम्'' ॥३६॥ वसन्ततिलका ॥

* * *

★ (મૂળ શરીર રૂપ) ચંદ્રના પ્રકાશમાં શ્વેત વસ્ત્રધારી એવા તે સાધુ ભગવંત પોતાનાં લેખનકાર્યમાં મગ્ન હતા. તેમને સૂર્ય અને ચંદ્રએ પોતાની ઓળખાણ આપી પૂછ્યું- "હે ભગવન્ ! તમારું નામ શું છે ? તે અમને કહો'...૩૨

★ "મારું નામ ભુવનભાનુસૂરિ છે. તમો અહીં શા પ્રયોજને આવ્યા છો ?" સૂર્ય અને ચંદ્રએ કહ્યું- "હે પ્રભુ ! અમારા બેમાં કોણ વધુ મહાન્ છે તે કહો, આ અમારો સંશય છે"...૩૩



★ આચાર્યદેવે કીધું- "હે સૂર્ય-ચંદ્ર ! જે જિનેશ્વર પ્રભુને આશ્રયીને રહેતો હોય તે જ અહીં મહાન્ છે, માટે ઝઘડો છોડી, શ્રેષ્ઠ એવા જિનેશ્વર પ્રભુના જ ચરણકમળનો આશરો લેજો"...૩૪

★ આચાર્ય વિજય ભુવનભાનુસૂરિજી ગુરુવર નાં પ્રશસ્ત વચનને સાંભળીને, સમસ્ત વિવાદને છોડી સૂર્ય-ચંદ્ર આકાશે ગયા ત્યારે ચંદ્રએ સૂરિભગવંતને જોઈ સૂર્યને કહ્યું- "આશ્ચર્ય છે કે આ ભાનુ પણ (આચાર્ય વિજય ભુવનભાનુસૂરિ) રાત્રે ચંદ્રને ઈચ્છે છે'...૩૫

★ સૂર્યએ કહ્યું- "ગુરુની દૃષ્ટિથી પાવન થયેલ હે ચંદ્ર ! આશ્ચર્ય તો એથી પણ વધુ એ છે કે - પ્રશમથી પુષ્ટ એવો અગાસી પર શ્વેત વસ્ત્રથી ઢંકાયેલ શરીરવાળો આ ભાનુ (આચાર્ય વિજય ભુવનભાનુસૂરિ) રાત્રે સૌમ્ય-તેજ વડે દીપે છે...૩૬

* * *

स्वस्थानमाप्तवन्तौ तौ, स्तुत्वैवं भानुसद्गुरुम् ।
सोऽपि प्रपालयन्धर्मं, व्यहरत गुरूत्तमः ॥३७॥

वैक्रमे तत्त्ववेदाभ्रौष्ठाब्दे(२०४९)कर्णावतीपुरि ।
चैत्रकृष्णत्रयोदश्यां, कालधर्ममवाप सः ॥३८॥

तस्य स्मृत्या ह्यलङ्कर्तुं, भव्यानां स्मृति[1]मन्दिरम् ।
कालधर्मस्थले तत्र, निर्मितं स्मृतिमन्दिरम् ॥३९॥

दृगक्षखायनाब्दे(२०५२)तु, गुरुमूर्तिः प्रतिष्ठिता ।
सहोल्लासं त्रयोदश्यां, कृष्णपक्षस्य कार्तिके ॥४०॥

भक्ताः स्वभक्तिभावेन, भजन्ति तत्र सद्गुरुम् ।
भूयः प्रदक्षिणाभिस्ते, सार्थक्यं लान्ति जन्मनः ॥४१॥

येन तु वासचूर्णेन, गुरोर्मूर्तिः प्रपूजिता ।
पुण्यसुवास आघ्रातस्तेनेह पुण्यशालिना ॥४२॥



---

१. स्मृतेर्मन्दिरं - स्थानमित्यर्थः, तन्नाम मनः यतो स्मृतिर्मनसि तिष्ठति ।



★ આ પ્રમાણે ગુરુદેવ આચાર્ય વિજય ભુવનભાનુસૂરિજીની સ્તવના કરીને સૂર્ય અને ચંદ્ર સ્વસ્થાને ગયા અને તે ગુરુદેવ પણ ધર્મને પાલન કરતાં વિચરી રહ્યાં...૩૭

★ વિક્રમ સંવત ૨૦૪૯, ચૈત્ર વદ ૧૩ ના દિવસે અમદાવાદમાં તેઓશ્રી કાલધર્મ પામ્યા...૩૮



★ તેઓશ્રીની સ્મૃતિથી ભવ્યજીવોના સ્મૃતિમંદિર (=મન)ને અલંકૃત કરવા માટે તે કાળધર્મનાં સ્થળે (તેઓશ્રીનું) સ્મૃતિમંદિર બનાવાયું...૩૯

★(વિક્રમ સંવત) ૨૦૫૨માં વર્ષે, કાર્તિક વદ ૧૩ ના દિવસે ઉલ્લાસપૂર્વક ગુરુમૂર્તિ પ્રતિષ્ઠિત થઈ...૪૦

★ ભક્તો પોતાનાં ભક્તિભાવથી ત્યાં સદ્ગુરુને ભજે છે, વારંવાર પ્રદક્ષિણા આપવાથી તેઓ (મનુષ્ય-) જન્મની સાર્થકતા પામે છે...૪૧

★ જેના વડે વાસક્ષેપથી ગુરુની મૂર્તિ પૂજાઈ છે તે પુણ્યશાળી વડે પુણ્યની સુવાસ સુંઘાઈ છે...૪૨

सुमनोभिर्मनोज्ञैर्यः, सद्‌गुरुमूर्तिमर्चति ।
अगण्यपुण्यराशिं स, सञ्चिनोति सुपुण्यभाग् ॥४३॥

मुखे स्मितं करे शास्त्रमङ्के धर्मध्वजं तथा ।
रुचिरकम्बलं स्कन्धे, करुणा स्निग्धनेत्रयोः ॥४४॥

आशीष्प्रदानसन्मुद्राऽन्यस्मिन् करे च शोभते ।
भुवनभानुसन्मूर्तेरेवं हि दिव्यदर्शनम् ॥४५॥ युग्मम् ॥

इतश्च हंसरत्नाऽऽह्वः, साधुः साधुक्रियापरः ।
वियोगः स्वगुरोर्ज्ञात्वाऽखिद्यत हृदये निजे ॥४६॥

''विद्यते न गुरोर्देह, औदारिकस्तथाऽप्यहम् ।
वर्तिष्ये सर्वकालं तैः, सहाऽऽज्ञावपुषा खलु'' ॥४७॥

एवं निश्चित्य चित्ते स, आज्ञया स्वगणेशितुः ।
वर्तमानः सुचारित्रेऽकुरुत कर्मणः क्षयम् ॥४८॥



★ સુંદર પુષ્પો વડે જે સદ્દગુરુની મૂર્તિને પૂજે છે તે સુંદર પુણ્યને ભોગવનાર અગણ્ય પુણ્યરાશિને એકઠી કરે છે...૪૩

★ મુખ પર સ્મિત, હાથમાં શાસ્ત્ર તથા ખોળામાં રજોહરણ, સુંદર કામળી, ભીની આંખોમાં કરુણા અને જેના બીજા હાથમાં આશીર્વાદની મુદ્રા શોભે છે તે આ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરિ મહારાજની મૂર્તિનું દિવ્ય દર્શન છે...૪૪-૪૫ (બે શ્લોકોનો સમૂહ)

★ આ બાજુ શ્રમણ ક્રિયામાં તત્પર મુનિ હંસરત્નવિજય પોતાના ગુરુનો વિયોગ જાણીને પોતાનાં હૃદયમાં ખેદ પામ્યાં...૪૬

★ "ગુરુનો ઔદારિક દેહ વિદ્યમાન નથી છતા હું તેમના આજ્ઞાદેહ થકી હંમેશા તેમની સાથે વર્તીશ."...૪૭

★ આ પ્રમાણે મનમાં નિશ્ચય કરીને પોતાના ગચ્છાધિપતિની આજ્ઞામાં રહીને ચારિત્રમાં વર્તતા એવા તેઓએ કર્મનો ક્ષય કર્યો...૪૮





**(मुनिहंसरत्नविजयस्य दीक्षितः परिकरः)**

जनकोऽपि तथैतस्य, सापत्यं दीक्षितः पुरा ।
नाम्ना बभूव **श्रीतत्त्ववर्धनविजयो मुनिः** ॥४९॥

लघुभ्राता च नाम्नाऽभूद्, **मुनिश्रीतत्त्वदर्शनः** ।
सोदरा दीक्षिता या सा, **साध्वीश्रीभव्यरञ्जना** ॥५०॥

श्रीकलापूर्णसूरीन्द्रसन्निधौ ते प्रवव्रजुः ।
तैरभिसिषिधे वाक्यं- ''यथा नाम तथा गुणाः'' ॥५१॥

तत्त्वस्य वर्धनं कुर्वन्, सङ्कल्पकल्पजल्पनैः ।
अनुभवति यो हर्षं, स तत्त्ववर्धनो मुनिः ॥५२॥

यस्य प्रत्येकयोगेषु, मौनीन्द्रतत्त्वदर्शनम् ।
जायते स मुनिः श्रीमान्, तत्त्वदर्शन उच्यते ॥५३॥

कृतं मधुरवाणीभिर्भव्यानां चित्तरञ्जनम् ।
अत एवाऽत्र सा प्रोक्ता, साध्वीश्रीभव्यरञ्जना ॥५४॥



**(મુનિ હંસરત્નવિજયજીનો દીક્ષિત પરિવાર)**

★ તેમના (મુનિ હંસરત્નવિજયજીના) (સંસારી) પિતાશ્રીએ પણ તે પૂર્વે દીક્ષા લીધી જેમનું નામ **મુનિરાજ શ્રી તત્ત્વવર્ધનવિજયજી** પડ્યું...૪૯

★ તથા (સંસારી) નાના ભાઈ (પણ દીક્ષિત થયા, જેમ)નું નામ **મુનિરાજ શ્રી તત્ત્વદર્શનવિજયજી** પડ્યું અને દીક્ષિત થયેલી તેમની (સંસારી) બેનનું નામ **સાધ્વી શ્રી ભવ્યરંજનાશ્રીજી** રાખવામાં આવ્યું...૫૦

★ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય કલાપૂર્ણસૂરિ મહારાજનાં સાંનિધ્યમાં તેઓએ દીક્ષા લીધી અને તે સૌ વડે સિદ્ધ કરાયું કે- "જેવું નામ હોય તેવા ગુણ હોય"...૫૧

★ સંકલ્પ, આચાર અને વચનો વડે તત્ત્વનું વર્ધન કરતા જે હર્ષ અનુભવે છે તે મુનિરાજ શ્રી તત્ત્વવર્ધનવિજયજી છે...૫૨

★ જેમના પ્રત્યેક યોગમાં જિનેશ્વર પ્રભુનાં તત્ત્વોનું દર્શન થાય છે તેઓ મુનિરાજશ્રી તત્ત્વદર્શનવિજયજી કહેવાય છે...૫૩

★ જેઓએ મધુરવાણી વડે ભવ્યજીવોનું મનોરંજન કર્યું, માટે જ તેઓ સાધ્વીશ્રી ભવ્યરંજનાશ્રીજી કહેવાયા છે...૫૪



शतौलिकाः कृतास्तत्त्ववर्धनविजयर्षिणा ।
जीवदयादिकृत्येषु, प्रेरयति स्म सोऽपरान् ॥५५॥

श्रीतत्त्वदर्शनो जातः, प्रवचनप्रभावकः ।
क्रमेणाऽऽरोहितः सूरिपदे स ज्येष्ठसूरिभिः ॥५६॥

परिवृता सुशिष्याभिः, श्रमणी भव्यरञ्जना ।
क्रमेण साऽपि सञ्जाता, प्रवचनप्रभाविका ॥५७॥

मुनिश्रीहंसरत्नस्य, विनेयोऽभूद् युवोत्तमः ।
उत्साही विजयान्तश्रीज्ञानध्यानाऽऽख्यसंयतः ॥५८॥

**(पन्न्यासपदवी तपोविचारश्च)**

योगे श्रीपञ्चमाङ्गस्य ज्येष्ठानामाज्ञया शुभे ।
न्यविशत[२] हंसरत्नः, विशिष्टतपसोद्यतः ॥५९॥

पन्न्यासपदवी दत्ता, तस्मै मानसमन्दिरे ।
वैशाखशुक्लसप्तम्यां, तत्त्वाक्षाभ्रौष्ठवत्सरे (२०५९) ॥६०॥

२. निविशः ॥३/३/२४॥ सिद्धहेमशब्दानुशासनम् ।



★ મુનિ શ્રી તત્ત્વવર્ધનવિજયજી એ વર્ધમાન તપની ૧૦૦ ઓળી પૂરી કરી અને તેઓ જીવદયા વગેરે સુકૃતોમાં બીજાને પ્રેરિત કરતા...૫૫

★ મુનિ શ્રી તત્ત્વદર્શનવિજયજી પ્રવચન પ્રભાવક થયા અને અનુક્રમે વડીલ આચાર્યો વડે તેઓશ્રી આચાર્યપદે આરૂઢ કરાયાં...૫૬

★ સુંદર શિષ્યાઓથી પરિવરેલા સાધ્વી શ્રી ભવ્યરંજનાશ્રીજી પણ ક્રમે કરીને પ્રવચન પ્રભાવિકા થયા...૫૭

★ મુનિ શ્રી હંસરત્નવિજયજીને પણ એક ઉત્સાહી યુવાન શિષ્ય થયો જેમનું નામ મુનિશ્રી જ્ઞાનધ્યાનવિજયજી રાખવામાં આવ્યું...૫૮

**(પંન્યાસપદવી અને તપનો વિચાર)**

★ વડિલોની આજ્ઞાથી વિશિષ્ટ તપ વડે ઉદ્યત એવા મુનિરાજશ્રી હંસરત્નવિજયજીએ શુભ એવા ભગવતીસૂત્રના જોગમાં પ્રવેશ કર્યો...૫૯

★ (વિક્રમ સંવત) ૨૦૫૯ ની સાલમાં, વૈશાખ સુદ ૭ ના દિવસે (શાહપુર) માનસમંદિરમ્ તીર્થમાં તેઓશ્રીને પંન્યાસ પદવી અપાઈ...૬૦

अथैकदैष पन्न्यासः, कान्दिवलीप्रभागकम् ।
विहृत्य गतवान् धीरः संयमाऽमृतपायकः ॥६१॥

तदा तत्राऽचलद् मुक्तिवल्लभव्रतिसन्निधौ ।
उपधानतपः श्रेष्ठं, श्राद्धानां शुद्ध्युपेयुषाम् ॥६२॥

तत्र नैके स्थिता आसन्, गुणाऽऽयतनसंयताः ।
स्वाध्याये सुतपस्युग्रे, यतमाना दिवानिशम् ॥६३॥

मध्याह्ने तु समुद्देशे, मण्डल्यां व्रतिनोऽखिलाः ।
निषण्णा वर्तुलाऽऽकारादविकारा मिताऽशनाः ॥६४॥

बालसाधुस्तु तत्रैको, निषण्णो मौनभावतः ।
निर्दोषं वदनं यस्य, सदनं गुणसन्ततेः ॥६५॥

तं दृष्ट्वा हंसरत्नाऽऽर्योऽकथयज्ज्येष्ठसंयतम् ।
''किमर्थं कारयस्येनमेकाशनतपो हहा ! ॥६६॥





* હવે એક વખત ધીર, સંયમરૂપી અમૃતનું પાન કરનાર પંન્યાસશ્રી હંસરત્નવિજયજી વિહાર કરીને કાંદિવલી નામના પરામાં આવ્યા...૬૧

* ત્યારે ત્યાં પૂજ્ય મુક્તિવલ્લભવિજયજી મ.સા.ની નિશ્રામાં શુદ્ધિથી યુક્ત એવા શ્રાવકોનાં શ્રેષ્ઠ એવાં ઉપધાન ચાલતાં હતાં...૬૨

* ત્યાં ગુણના આવાસ સમા અનેક મુનિભગવંતો રહેલા હતા. જેઓ દિવસ-રાત સ્વાધ્યાય અને ઉગ્ર તપમાં યત્ન કરતા...૬૩

* બપોરે ગોચરી વખતે વિકાર વિનાના, અલ્પ-આહારી તમામ મુનિભગવંતો માંડલીમાં ગોળાકારે બેઠા...૬૪

* ત્યાં એક બાલમુનિ મૌનપૂર્વક બેઠા, જેનું નિર્દોષ મુખ ગુણસમૂહનું સ્થાન હતું...૬૫

* તે બાલમુનિને જોઈને પંન્યાસ હંસરત્નવિજયજીએ એક વડીલ સાધુને કીધું- "અરે ! આમને (બાલમુનિને) તમે એકાસણું કેમ કરાવો છો ?...૬૬



कृशमस्ति वपुस्तस्य, वयोऽपि लघु वर्तते ।
नियोजितः कथं तर्हि, तपस्येकाशनाभिधे ?'' ॥६७॥

अब्रवीज्ज्येष्ठसाधुस्तु- ''न जानाति यतो भवान् ! ।
वयसा लघुरप्येष, तपसाऽस्ति महत्तमः ॥६८॥

**रूपातीतमुनि**र्नाम्नाऽयमुपशान्तमानसः ।
प्राक्तनायां चतुर्मास्यां, मृत्युञ्जयतपोऽकरोत् ॥६९॥

मक्षिकामलदन्तेन, लोहचणकचर्वणम् ।
यथा दुःसाध्यमस्मै तु, तथेदं दुस्तपं तपः ॥७०॥

तथापि गुर्वनुक्रोशप्रभावेनाऽमुना कृतम् ।
तपस्तत्[३] कर्मपाथोधिविक्षोभाय प्रभञ्जनः ॥७१॥

एकाशनं तु किं तस्मै, येनैवं साधितं तपः ।
सम्राजो विजिता येन, सामन्तास्तर्हि के पुनः ?'' ॥७२॥

---

३. तप्पते अणेण पावं कम्ममिति तवो ॥४६॥ निशीथचूर्णिः ।

★ આમનું શરીર કૃશ છે અને ઉંમર પણ નાની છે તો પછી આમને એકાસણાં નામનાં તપમાં કેમ જોડ્યા ?''...૬૭

★ વડીલ સાધુએ કહ્યું- ''જેથી તમે આમને જાણતા નથી (તેથી તમે આવું કહો છો). ઉંમરથી નાના એવા આ મુનિ તપથી મહાન છે...૬૮

★ આ ઉપશાંત મનવાળા મુનિનું નામ **મુનિશ્રી રૂપાતીતવિજયજી** છે. જેમણે ગયા ચોમાસામાં માસક્ષમણ કરેલું...૬૯

★ મીણના દાંતે લોખંડના ચણા ચાવવા જેમ દુઃસાધ્ય છે તેમ આમના (બાલમુનિના) માટે પણ આ દુઃખેથી કરી શકાય એવો તપ દુઃસાધ્ય હતો...૭૦

★ તે છતા કર્મરૂપી સમુદ્રને ખળભળાવવા માટે વાવાઝોડા સમાન આ તપ ગુરુની કૃપાના પ્રભાવે આ બાળમુનિવડે કરાયો...૭૧

★ જેના વડે આ પ્રમાણે (માસક્ષમણ) તપ સધાયો છે તેના માટે એકાશન કઈ મોટી વાત ? જેના વડે સમ્રાટો જિતાયા છે, એના માટે સામન્તોને જીતવા એ શી વાત ?...૭૨







आकर्ण्यैवं महासत्त्वसाध्यतपःपराक्रमम् ।
आर्द्रान्तःकरणो हंसरत्नगणिरचिन्तयत् ॥७३॥

''क्वाऽयं रे ! लघुपर्याये, बालवयसि विक्रमी ? ।
क्व चाहं प्रौढश्रामण्ये, निःसत्त्वो गलिसोदरः ? ॥७४॥

प्रतनुतनुरेष क्व, मृत्युञ्जयतपोऽकरोत् ? ।
क्वाऽहं सुपुष्टदेहोऽपि, सर्वदा रसलोलुपः ? ॥७५॥

क्वाऽयमज्ञातसारोऽपि, साधनायां समुद्यतः ? ।
क्वाऽहं विज्ञातसारोऽपि, रसेषु गृद्धमानसः ? ॥७६॥

निःसत्त्वता निरुत्साहो, निष्क्रियता न शोभनाः ।
स्फोरयिष्याम्यसामान्यपौरुषं सुतपस्यपि ॥७७॥

**तपोघृतमसम्पूर्य, व्रतदीपो न दीप्यते ।**
**प्रयाति तपसा कर्म, निकाचितमपि[४] क्षयम् ॥७८॥**

---

४. • भावकोडिसंचियं कम्मं, तवसा निज्जरिज्जई ॥३०/६॥ उत्तराध्ययनसूत्रम् ॥
• निकाचितानामपि कर्मणां यद् गरीयसां मधूरदुर्धराणाम् ।
विभेदने वज्रमिवातितीव्रं नमोऽस्तु तस्मै तपसेऽद्भुताय ॥९/४॥ शान्तसुधारसः ॥

★ આ પ્રમાણે મોટાં સત્ત્વથી સાધી શકાય એવા તપનાં પરાક્રમને સાંભળીને આર્દ્ર અંતઃકરણવાળા પંન્યાસ હંસરત્નવિજયજીએ વિચાર્યું...૭૩

★ "બાળવય અને નાના પર્યાયમાં પરાક્રમી એવા આ (બાળમુનિ) ક્યાં ? અને લાંબા સંયમજીવનમાં પણ ગળિયા બળદ જેવો નિઃસત્ત્વ હું ક્યાં ?...૭૪

★ સુકુમાર શરીરવાળા આ (બાળમુનિ) ક્યાં ? જેણે માસક્ષમણ કર્યું અને સુપુષ્ટ શરીરવાળો હોવા છતા કાયમ રસલોલુપ એવો હું ક્યાં ?...૭૫



★ (આગમનો) સાર ન જાણવા છતા પણ સાધનામાં ઉદ્યત એવા આ (બાળમુનિ) ક્યાં ? અને (આગમોનો) સાર જાણવા છતા પણ રસોમાં ગૃદ્ધ મનવાળો એવો હું ક્યાં ?...૭૬

★ નિઃસત્ત્વતા, અનુત્સાહ અને નિષ્ક્રિયતા એ સારા નથી. હું પણ તપને વિશે અસામાન્ય એવો પુરુષાર્થ ફોરવીશ...૭૭

★ તપનું ઘી પૂર્યાં વગર વ્રતનો દીવડો દીપતો નથી. તપથી નિકાચિત કર્મ પણ ક્ષય પામે છે...૭૮



शिलया खगपः खगपेन शिला, शिलया खगपेन विभाति नगः ।
धनुषा विशिखो विशिखेन धनुर्धनुषा विशिखेन विभाति भटः ॥७९॥ तोटकम् ॥

क्रियया विदितं विदितेन क्रिया, क्रियया विदितेन विभाति बुधः ।
तपसा चरणं चरणेन तपस्तपसा चरणेन विभाति मुनिः ॥८०॥ तोटकम् ॥

एवं विचिन्त्य तेन स्वमनोऽतीव दृढीकृतम् ।
मन्ये निजतपःसौधमूलमेव दृढीकृतम् ॥८१॥

''सजापं च समौनं[5] च, मृत्युञ्जयतपो वरम् ।
करिष्य एकसत्स्थाने, सन्त्यज्य बहि[6]रङ्गताम् ॥८२॥

न करिष्ये वृथाऽऽलापं, द्रक्ष्यामि न वृथा बहिः ।
चरिष्यामि न निर्हेतु, धरिष्याम्यप्रमत्तताम्'' ॥८३॥

एवं स कृतसङ्कल्पोऽन्वेष्टुं लग्नो तदा किल ।
मुम्बापुरि विशालायां, तपोऽनुकूलसंश्रयम् ॥८४॥

---

५. जं मोणं तं सम्मं, तमिह होइ मोणं ति ॥६१॥ श्रावकप्रज्ञप्तिः ।
६. नन्नत्थ निज्जरट्ठाए तवमहिट्ठेज्जा ॥९-४॥ दशवैकालिकसूत्रम् ।



★ શિલા વડે ગરુડ, ગરુડ વડે શિલા, શિલા અને ગરુડ વડે પર્વત શોભે છે. ધનુષ્ય વડે બાણ, બાણ વડે ધનુષ્ય, ધનુષ્ય અને બાણ વડે સૈનિક શોભે છે...૭૯

★ ક્રિયા વડે જ્ઞાન, જ્ઞાન વડે ક્રિયા, ક્રિયા અને જ્ઞાન વડે વિદ્વાન્ શોભે છે. (તેમજ) તપ વડે ચારિત્ર, ચારિત્ર વડે તપ, તપ અને ચારિત્ર વડે મુનિ શોભે છે...૮૦

★ આ પ્રમાણે વિચારીને તેણે પોતાનું મન અત્યંત દૃઢ કર્યું, જાણે પોતાનાં તપરૂપી મહેલનું મૂળ દૃઢ કર્યું હોય એમ હું માનું છું...૮૧

★ "જાપ સાથે અને મૌન સાથે, એક સુંદર સ્થાનમાં રહીને બહિર્મુખતાને છોડી હું માસક્ષમણ તપ કરીશ...૮૨

★ ફોગટ વાતો નહીં કરું, બહાર નહીં જોઉં, કારણ વિના ચાલીશ નહીં અને અપ્રમત્તતાને ધારણ કરીશ"...૮૩

★ આ પ્રમાણે જેણે સંકલ્પ કર્યો છે તેવા તે પંન્યાસજી વિશાલ એવી મુંબઈ નગરીમાં તપને અનુકૂળ એવા સ્થાનને શોધવા લાગ્યા...૮૪

परेलाऽऽह्वप्रभागस्य सङ्घेनानुमतो हि सः ।
प्रविश्यैकप्रकोष्ठान्ते, स्थापयित्वोपधींस्तथा ॥८५॥

ध्यात्वा मनसि तीर्थेशं, स्मृत्वा सद्गुरुतल्लजम् ।
धैर्यशम्बलसम्पृक्तः, सज्जीभूतस्तपःकृते ॥८६॥ युग्मम् ॥

सङ्घजिनालयं गत्वा, नत्वा ज्ञातान्वयं तथा ।
त्रिश्च प्रदक्षिणां दत्त्वा, कृत्वा चाशेषमङ्गलम् ॥८७॥

चतुस्त्रिंशत्कभक्तस्य, प्रत्याख्यानमयाचत ।
ज्येष्ठमुनिसकाशे स, साक्ष्ये सङ्घस्य विक्रमी ॥८८॥ युग्मम् ॥

विस्मितः स मुनिस्तस्मै प्रत्याख्यानं प्रदत्तवान् ।
ततः प्रभृति किं जातं, तद् वक्ष्यामि यथाक्रमम् ॥८९॥

इह भवकुहरे रे ! भ्रान्तिकाकारिकीर्णे,
विमतितिमिरपूर्णे कान्दिशीकत्वकारे ।
श्रुतसदभिधदीप ! स्वप्रकाशं तनु त्वं,
भविकहितकृतेऽस्यापि श्रिये पक्षकस्य ॥९०॥ मालिनी ॥

**॥ इति पञ्चमः पक्षः समाप्तः ॥**





★ પરેલ (વિકાસ એપાર્ટમેન્ટ) નામનાં પરાના સંઘ વડે સાનંદ અનુમતિ પામેલા તે પંન્યાસજી એક રૂમના અંદર જઈ તથા પોતાની ઉપધિ ગોઠવી, મનમાં જિનેશ્વર ભગવંતનું ધ્યાન કરી, ગુરુદેવનું સ્મરણ કરી, જેણે ધૈર્યનું ભાતું ધારણ કર્યું છે તેવા તેઓ તપ માટે સજ્જ થયા...૮૫-૮૬

★ સંઘનાં જિનાલયમાં જઈને, વર્ધમાનસ્વામીને નમીને, ત્રણ પ્રદક્ષિણા આપીને તથા તમામ મંગલને કરીને, સંઘની સાક્ષીમાં, વડિલ મુનિભગવંત પાસે પરાક્રમી એવા તેઓશ્રીએ ૧૬ ઉપવાસનું પચ્ચક્ખાણ માંગ્યું...૮૭-૮૮

★ વિસ્મય પામેલાં તે મુનિભગવંતે તેમને પચ્ચક્ખાણ આપ્યું અને તે પછી શું થયું તે હું ક્રમશઃ (આગળના પક્ષમાં) કહીશ...૮૯

★ અરે ! ભ્રાંતિરૂપી ઘુવડોથી ભરેલી, દુર્બુદ્ધિ નામના અંધકારથી પૂર્ણ, "ક્યાં જાઉં ક્યાં જાઉં" એવી અવસ્થા ઊભી કરનારી આ ભવરૂપી ગુફામાં હે શ્રુતદીપક ! ભવ્યજીવોનાં હિત કાજે અને આ પક્ષનાં કલ્યાણ માટે પણ તું તારો પ્રકાશ ફેલાવ...૯૦

**॥ પાંચમો પક્ષ સમાપ્ત ॥**





## द्विसंधानकाव्यम्

शेषभोगोपभोक्तारमशोकं श्रीनिषेवितम् ।
सुदर्शनकरं हंसं, हृषीकेशं स्तवीम्यहम् ॥

★ **વિષ્ણુપક્ષે** - શેષનાગની ફણાનો ઉપભોગ કરનાર, અશોક (વિષ્ણુનું જ એક નામ), લક્ષ્મીથી સેવાયેલા, જેના હાથમાં સુદર્શનચક્ર છે તેવા હંસ-હૃષીકેશ (વિષ્ણુના જ અપર નામો)ને હું સ્તવું છું.

★ **આચાર્ય વિજય હંસરત્નસૂરિ પક્ષે** - શેષભોગ (બાકી રહેલું - અવશિષ્ટભોજન)ને ભોગવનાર, શોક વિનાના, આભ્યંતરલક્ષ્મીથી સેવાયેલા, સુંદર હાથવાળા, ઈંદ્રિયોનાં સ્વામી (=ઈંદ્રિયોને વશ કરનાર) આચાર્ય વિજય હંસરત્નસૂરિજીને હું સ્તવું છું.

આ કાવ્યની એ વિશેષતા છે કે આ કાવ્યનો અર્થ બે જુદા અધિકરણોમાં તે-તે વિવક્ષાએ ઘટે છે. એક જ શ્લોકનું બંને સ્થળે સંધાન થતું હોવાથી દ્વિસંધાનકાવ્ય છે.

# ॥ षष्ठः पक्षः ॥

## (प्रथममृत्युञ्जयतपः, देहाऽऽत्मनोर्भेदस्य चिन्तनं, महातपसो भावना...)

ज्ञानोद्यानं, मदगिरिपविं, मत्सरव्यालताक्ष्यं,
सच्छीलेन, प्रपुनिततनुं, कर्मरोगैकवैद्यम् ।
मिथ्याविद्यातिमिरतरणिं, वर्धमानं प्रणम्य,
पक्षं कम्रं, मधुरिमभरं, षष्ठकं संसृजामि ॥१॥ मन्दाक्रान्ता ॥

प्रत्याख्याता, जिनवरगृहे, हंसरत्नो जहर्ष,
लग्नो जापे, स्तिमितमनसा, त्यक्तबाह्यप्रचारः ।
निद्रातन्द्रे, अलसदयिते, तेन दूरीकृते रे !
**नाऽल्पाऽऽयासो, भवति भविनामन्तरङ्गे तु युद्धे** ॥२॥ मन्दाक्रान्ता ॥

श्रद्धानासिर्विनयलगुडः, साम्यवृक्षादनश्च,
प्रज्ञादण्डो, नयततिशरास्तीक्ष्णकारुण्यवज्रः ।
विद्याकुन्तः, प्रशमकवचः, धारयन्नेवमेतान्,
**कर्मद्वन्द्वे, कठिनहृदयः, संयतो लोकितोऽस्ति** ॥३॥ मन्दाक्रान्ता ॥

सोऽप्येवं रे !, तपसि कठिने, सम्प्रवृत्तोऽप्रमादी,
पंन्यासः स्वप्रबलतरसा, प्राकरोत्कर्मनाशम् ।
पुण्यं दिव्यं ह्यचिनुत तथा, हन्त ! पुण्यानुबन्धि,
**सत्यं योगैस्त्रिविधविमलैः, किं न सिद्ध्यत्यवन्याम् ?** ॥४॥ मन्दाक्रान्ता ॥

# ॥ છટ્ઠો પક્ષ ॥

## (પહેલું માસક્ષમણ,
## દેહ અને આત્માના ભેદની વિચારણા, મોટા તપની ભાવના)

★ જ્ઞાનનું ઉદ્યાન, મદરૂપી પર્વત માટે વજ્ર, મત્સરરૂપી સર્પ માટે ગરુડ, સુંદર શીલવડે પુનિત કાયાવાળા, કર્મરૂપી રોગ માટે એક માત્ર વૈદ્ય, મિથ્યાજ્ઞાનરૂપી અંધકાર માટે સૂર્ય એવા વર્ધમાનસ્વામીને નમન કરીને, મધુરતાથી ભરેલાં સુંદર એવા છટ્ઠા પક્ષની રચના કરું છું...૧

★ દેરાસરમાં પચ્ચક્ખાણ લેનાર પંન્યાસ હંસરત્નવિજયજી હર્ષ પામ્યા, બાહ્ય પ્રચાર છોડી દેનાર તેઓ સ્થિર-એકાગ્ર મન દ્વારા જાપ કરવા લાગ્યા, આળસુને પ્રિય એવી-નિદ્રા અને તંદ્રા તેમના દ્વારા દૂર કરાઈ, અહો ! આભ્યંતરયુદ્ધમાં ભવ્યજીવોનો પ્રયાસ ઓછો નથી હોતો...૨



★ શ્રદ્ધાની તલવાર, વિનયની સોટી, સમતાનો કુહાડો, પ્રજ્ઞાનો દંડ, નયના સમૂહરૂપ બાણો, તીક્ષ્ણ એવું કરુણાનું વજ્ર વિદ્યાનો ભાલો અને પ્રશમનું કવચ આ બધાને ધારણ કરતા મુનિ કર્મનાં યુદ્ધમાં કઠિન હૃદયવાળા જણાયા છે...૩

★ તે પંન્યાસજી પણ આ પ્રમાણે પ્રમાદ વિનાના કઠિન એવા તપમાં પ્રવૃત્ત થયા અને પોતાની પ્રબળ શક્તિ વડે તેઓએ કર્મનો નાશ કર્યો અને અહો ! દિવ્ય એવું પુણ્યાનુબંધી પુણ્ય ભેગું કર્યું. સાચે જ ત્રિવિધે (મન-વચન-કાયાએ) નિર્મળ એવા યોગથી આ પૃથ્વી પર શું સિદ્ધ નથી થતું ?...૪



जातान्यनशनान्यस्य, षोडशान्यविबाधया ।
प्रत्याख्यानं प्रजग्राह, त्रिंशद्भक्तस्य सोऽथ रे ! ॥५॥

मृत्युञ्जयतपोमध्ये, स व्यधाज्जापमुत्तमम् ।
विनाऽवलम्बनं भित्तेः, विना लोचनचापलम् ॥६॥

आरभ्य च नमस्कारमन्त्रेण सुप्रभाविणा ।
ततः श्रीनमिऊणाऽऽह्वस्तोत्रं कल्याणकेतनम् ॥७॥

उवसग्गहरस्तोत्रं, ततो महाप्रभावकम् ।
नमिऊणनमस्कारसुमन्त्रके ततः पुनः ॥८॥

मन्त्राणां सम्पुटेनैवं, जापं व्यधात्तपोधनः ।
देवगुर्वोः प्रसादेन तप एवं समापयत् ॥९॥ त्रिभिर्विशेषकम् ॥

तपःपरिसमाप्तौ स, भावयामास मानसे ।
''तपसि चित्तनैर्मल्यमहोऽनुभूतमीदृशम् ॥१०॥

* અરે ! તેઓના ૧૬ ઉપવાસ તકલીફ વિના પૂરાં થયા અને તેમણે ૧૪ ઉપવાસનું પચ્ચક્ખાણ લીધું...૫

* માસક્ષમણતપમાં તેમણે ભીંતનાં ટેકા વિના તથા આંખની ચપળતા વિના ઉત્તમ એવો જાપ કર્યાં...૬

* પ્રભાવશાળી એવા નવકારમંત્ર વડે શરૂઆત કરી, તે પછી કલ્યાણના આવાસ સમાન નમિઊણસ્તોત્ર, તે પછી મહાપ્રભાવક ઉવસગ્ગહરં સ્તોત્ર, તે પછી ફરી મંગલકારી નમિઊણસ્તોત્ર અને નમસ્કાર મંત્ર આ પ્રમાણે મંત્રોનાં સંપુટ દ્વારા તપ છે ધન જેનું એવા તે (પંન્યાસજીએ) દેવ-ગુરુકૃપાથી તે માસક્ષમણ તપ પૂરો કર્યો...૭-૮-૯

* તપની સમાપ્તિ થતાં તેઓએ મનમાં વિચાર્યું "અહો ! તપમાં આવી સુંદર ચિત્તની નિર્મળતા મારા વડે આટલી બધી અનુભવાઈ..."...૧૦





अतोऽग्रेऽपि करिष्यामि, तपोऽहं कर्मतापनम् ।
येन देहाऽऽत्मनोर्भेदभावो ह्यनुभविष्यते ॥११॥

चिन्त्यो देहाऽऽत्मनोर्भेदो भेदाभेदविवेदिभिः ।
येन स्याद् भवनिर्वेदस्ततोऽवेदत्वमक्षयम् ॥१२॥

यथा हि-
देह आत्माऽविनाभावीति मतस्तत्त्ववेदिनाम् ।
आत्मा देहाऽविनाभावीति मतो मन्दमेधसाम् ॥१३॥

क्वचिद्देहे भवेदात्मा भवभ्रमणसन्ततौ ।
किन्तु देहस्तदेवाऽऽत्मा, सा मतिर्मूढतेरिता ॥१४॥

शरीराऽऽत्मक एवाऽऽत्मा, येन मूढेन कल्पितः ।
तेनाऽऽत्मप्रत्यनीकेन, स्वात्मैव हा ! प्रतारितः ॥१५॥

देहव्यापी भवेदात्मा, न तादात्म्यं[1] भजेत्परम् ।
अयोगोलकसंव्यापी, वह्निर्नाऽयस्त्वमश्नुति ॥१६॥



---

१. अन्नो जीवो अन्नं सरीरं ॥ २.१.९ ॥ सूत्रकृताङ्गसूत्रम् ॥

★ એથી આગળ પણ હું કર્મને તપાવનાર તપ કરીશ જેથી દેહ અને આત્મા વચ્ચેની ભિન્નતા મારા વડે અનુભવાશે...૧૧

★ ભેદ-અભેદ ને જાણનારાઓ વડે દેહ અને આત્માનો ભેદ વિચારવા યોગ્ય છે, જેથી ભવનો નિર્વેદ થાય અને તે પછી ક્યારે'ય ક્ષય ન પામે એવું અવેદીપણું પ્રાપ્ત થાય...૧૨

★ જેમ કે- દેહ આત્મા વિના સંભવતો નથી એવો તત્ત્વને જાણનારાઓનો મત છે જ્યારે આત્મા દેહ વિના હોતો નથી એ મંદ બુદ્ધિવાળાઓનો મત છે...૧૩

★ ભવ-ભ્રમણની પરંપરામાં ક્યારેક દેહમાં આત્મા સંભવી શકે પણ "દેહ એ જ આત્મા છે" આ મૂઢતાથી પ્રેરાયેલી મતિ છે...૧૪

★ જે મૂઢ વડે શરીર એ જ આત્મા છે, આવું વિચારાયું છે. તે આત્માના દુશ્મનવડે અરે ! પોતાનો જ આત્મા ઠગાયો છે...૧૫

★ આત્મા દેહવ્યાપી હોઈ શકે પણ એ તદ્રૂપ ન બની જાય, કારણકે- લોખંડના ગોળામાં વ્યાપેલો અગ્નિ લોખંડપણાને નથી પામતો...૧૬



शरीरेण सहाऽनादेः, सम्बन्धोऽस्ति वपुष्मताम् ।
अतस्तद्भिन्नमात्मत्वं, ज्ञायते नहि तैरहो ! ॥१७॥

यावन्न ज्ञायते भेदस्तावत्ते ह्यविवेकिनः ।
शरीरमेव मन्यन्ते, सर्वसुखप्रसाधनम् ॥१८॥

यथा हि-
विना देहं कुतः स्पर्शो, मृदुतल्पस्य शर्मदः ? ।
कुतश्च मिष्टभोज्यानां, सुखाऽऽस्वादोऽतिदुर्लभः ? ॥१९॥

कुतः कुसुमगन्धाऽऽप्तिराघ्रातमात्रसौख्यदा ? ।
कुतश्च नयनाऽऽनन्दप्रदं चित्रविलोकनम् ? ॥२०॥

कुतः श्रवणपीयूषं, वाद्यानां श्रवणं मधु ? ।
अतः शरीरमेवेष्टं, सर्वसुखैककारणम् ॥२१॥

एवं हि विग्रहादन्यद्, न किञ्चित्सुखकारणम् ।
इति दुर्भेद्यदुर्बुद्धिर्मूढानां बत जायते ॥२२॥





★ શરીર સાથે જીવોનો સંબંધ અનાદિનો છે એથી શરીરથી આત્મા જુદો છે, એવું જણાતું નથી...૧૭

★ જ્યાં સુધી (શરીર અને આત્માનો) ભેદ નથી જણાતો ત્યાં સુધી તે અવિવેકી લોકો શરીરને જ તમામ સુખનું સાધન માને છે...૧૮

★ જેમકે- જો દેહ ન હોય તો કોમળ પલંગનાં સુખને આપનારો સ્પર્શ ક્યાંથી થાય ? અને મીઠાઈઓનો અતિદુર્લભ સુખકારી આસ્વાદ ક્યાંથી થાય ?...૧૯

★ સુંઘવા માત્રથી સુખ આપનાર ફૂલની સુગંધની પ્રાપ્તિ ક્યાંથી થાય ? અને આંખને આનંદ આપનાર ચિત્રનું જોવું ક્યાંથી થાય ?...૨૦

★ કાન માટે અમૃત સમાન વાજિંત્રોનું મધુર શ્રવણ ક્યાંથી થાય ? એથી શરીર એ જ ઈષ્ટ છે અને સર્વ સુખોનું એક માત્ર કારણ છે...૨૧

★ આ પ્રમાણે "શરીર સિવાય બીજું કશું જ સુખનું કારણ નથી" દુઃખેથી ભેદી શકાય એવી દુર્બુદ્ધિ મૂઢ લોકોને ઉત્પન્ન થાય છે...૨૨

नाऽऽस्वादिता यतो, जीवैरन्तरङ्गप्रमुत्सुधा ।
ततो विषयजम्बाले, रम्यते शिशुवद्धि तैः ॥२३॥

देहाऽऽत्माद्यविवेकोऽयं, सुलभोऽतो भवे भवे ।
अनास्वादितमिष्टान्न-कदन्नासक्तरङ्कवत् ॥२४॥

किन्तु विज्ञातसत्तत्त्वा, आत्मसुखप्रवेदिनः ।
भवकोट्याऽपि दुर्गम्यं, तयोर्भेदं विदन्ति ते ॥२५॥

विवेकिभिस्तयोरुक्तं, भिन्नत्वं सत्यमेव तत् ।
**विविच्येते विवेकेन, भेदाभेदौ यतः स्फुटम्** ॥२६॥

देशकालादिसापेक्षं, विषयजनितं सुखम् ।
[2]दुःखैककारणं भूयाद्, यथा फलं शलाटुकम् ॥२७॥

यदि देहो हि सौख्यस्य, कारणं तर्हिं किं शवे ।
दृष्टः प्रक्षिप्तमालाभिरानन्दस्पदनोद्भवः ? ॥२८॥

---

२. सव्वे ते दुक्खसंभवा ॥ ६.१२ ॥ उत्तराध्ययनसूत्रम् ॥





★ જેથી જીવો વડે આભ્યંતર-આનંદનું અમૃત ચખાયું નથી, તેથી વિષયોરૂપી કાદવમાં બાળકોની જેમ તેઓ રમે છે...૨૩

★ એથી જ "દેહ એ આત્મા છે" આવા પ્રકારનો અવિવેક જેને મિષ્ટાન નથી ચાખ્યું એવા ખરાબ ભોજનમાં આસક્ત રાંકની જેમ ભવોભવ સુલભ છે...૨૪

★ પરંતુ જેઓએ સત્તત્ત્વો જાણી લીધાં છે અને આત્માનાં સુખને અનુભવનારાં છે તેઓ કરોડો ભવે પણ દુઃખેથી જાણી શકાય એવા તે બંનેના (દેહ અને આત્માનાં) ભેદને જાણે છે...૨૫

★ વિવેકીઓ વડે તે બંનેનો જે (દેહ અને આત્માનો) ભેદ કહેવાયો છે તે સાચો જ છે કારણકે વિવેક વડે જ નિશ્ચે ભેદ અને અભેદ જુદા કરાય છે (અર્થાત્ સ્પષ્ટ રીતે સમજાય છે)...૨૬

★ વિષયજનિત સુખ એ દેશ-કાળને સાપેક્ષ છે એટલે તે કાચા ફળની જેમ દુઃખમાત્રનું જ કારણ બને છે...૨૭

★ જો દેહ એ જ સુખનું કારણ હોય તો શું માળાઓ ચઢાવો, તો શબમાં આનંદનાં સ્પંદન ઊભા થતાં દેખાય છે ?...૨૮



सुखदुःखानुभूत्यर्थं, नाऽलं वपुर्विनाऽऽत्मना ।
अन्यथा मृतकेऽपि स्युः, सुख-दुःखानुभूतयः ॥२९॥

अनन्तज्ञानवानात्मा, देहः पुद्गलसञ्चयः ।
चिच्छश्वच्छश्वदात्मा च, नश्वरौ[3] तनुपुद्गलौ ॥३०॥

आत्मैव यदि देहोऽस्ति, क्व विज्ञानादयो गुणाः ? ।
अथवा देह एवाऽऽत्मा, क्व च नश्वरतादयः ? ॥३१॥

त[4]तस्तयोर्मिथो भेदः परिस्फुटो मनीषिणे ।
मिथो विरुद्धधर्माणामेको धर्मी न लभ्यते ॥३२॥



**परापेक्षं पराधीनं, परत्र नानुगामि यत् ।**
**पर्यन्ते दुःखदं हन्त !, तदवर्णं तनोः सुखम् ॥३३॥**

**स्वाधीनं स्वस्वभावोत्थं, सर्वत्र स्वानुगामि यत् ।**
**स्वन्ते च स्वहिताय स्यात्, सुखं तदात्मनः परम् ॥३४॥**

---

३. इमं सरीरं अणिच्चं ॥ १९/१२ ॥ उत्तराध्ययनसूत्रम् ॥

४. नाहं देहो, न मे देहः - अष्टावक्रगीता ।

★ સુખ-દુઃખની અનુભૂતિ માટે આત્મા વિના શરીર સમર્થ નથી, નહીંતર મૃતકમાં પણ સુખ-દુઃખની અનુભૂતિઓ થાય...૨૯

★ આત્મા અનંતજ્ઞાનવાળો છે, દેહ એ પુદ્ગલોનો સંચય છે. જ્ઞાન અને આત્મા શાશ્વત છે જ્યારે શરીર અને પુદ્ગલ નશ્વર છે...૩૦

★ જો આત્મા જ દેહ છે તો (દેહમાં) વિજ્ઞાન વગેરે ગુણો ક્યાં છે ? અને જો દેહ એ જ આત્મા છે તો (આત્મામાં) નશ્વરતાદિ ક્યાં છે ?...૩૧

★ તેથી તે બંનેનો (દેહ-આત્માનો) ભેદ વિદ્વાનોને સ્પષ્ટ છે. પરસ્પર વિરુદ્ધ ધર્મોનો ધર્મી એક નથી મળતો...૩૨

★ જે પરાપેક્ષ હોય, પરાધીન હોય, ભવાંતર અનુગામી ન હોય અને અંતે દુઃખ આપનારું હોય, હાય ! તેવું શરીરનું સુખ મલિન છે...૩૩

★ જે સ્વાધીન હોય, પોતાના સ્વભાવથી ઉત્પન્ન થયેલું હોય, સર્વત્ર પોતાને અનુસરતું હોય અને અંતે આત્મહિત માટે થતું હોય તે આત્માનું શ્રેષ્ઠ સુખ છે...૩૪







यद्येष मलिनो देहो, विण्मूत्रमलसङ्कुलः ।
किं शोभा तस्य शृङ्गारैरङ्गारस्य यथा सुमैः ॥३५॥

परमात्मस्वरूपो हि, यद्यात्मा तर्हि किं वृथा ।
परमात्मत्वप्राप्त्यर्थमायासो न विधीयते ? ॥३६॥

प्रतिकालं गलत्येष, देह आयुःपरिक्षयात् ।
तत्र कथं धृतिः कार्या, पोते छिद्रशताऽऽकुले ? ॥३७॥

लभेताऽऽनन्तज्ञानादीनात्मा कर्मपरिक्षयात् ।
कथं तत्राऽधृतिः कार्या, पोत इव पयोनिधौ ? ॥३८॥

देहसुखमनूचानैः, सहोपचरितं मतम् ।
आत्मसुखं च तैरेव, निरुपचरितं मतम् ॥३९॥

एवं हि चिन्तयित्वाऽऽत्मदेहयोर्भिन्नतां पराम् ।
अग्रे प्रवर्तयामास, तपोयात्रां तपोधनः ॥४०॥

★ જો આ દેહ વિષ્ટા-મૂત્ર-મળનો આવાસ છે, મલિન છે, તો તેની શૃંગારો વડે શોભાથી શું ? જેમ અંગારાની પુષ્પો વડે શોભાથી શું ?...૩૫

★ જો આત્મા પરમાત્મા સ્વરૂપ જ છે તો ફોગટ (અન્ય પ્રયત્નો કર્યા વગર) પરમાત્માપણું પામવા માટે પ્રયાસ કેમ નથી કરાતો ?...૩૬

★ આ શરીર આયુષ્યનાં ક્ષયથી દરેક સમયે ગળતું જાય છે, તો સેંકડો છિદ્રવાળા વહાણ જેવા તેના વિશે સ્થૈર્ય (વિશ્વાસ) કેવી રીતે રખાય ?...૩૭





★ આત્મા કર્મનાં ક્ષયથી અનંતજ્ઞાનાદિને પામે છે, તો પછી એમાં અસ્થિરતા શા માટે કરાય ?, જેમ સમુદ્રમાં વહાણને વિશે...૩૮

★ દેહનું સુખ વિદ્વાનો વડે સોપચરિત મનાયું છે અને તેઓ વડે જ આત્માનું સુખ નિરુપચરિત મનાયું છે...૩૯

★ આ પ્રમાણે શ્રેષ્ઠ એવી દેહ-આત્માની ભિન્નતા વિચારીને તે તપસ્વીએ તપની યાત્રાને આગળ વધારી...૪૦

मृत्युञ्जयतपःसत्कं, पारणकं विधाय सः ।
तप आरब्धवानेकत्रिंशदुपोषिताऽऽत्मकम् ।।४१।।

नदीसाधुकुलीशास्तु, पाषाणकष्टभूधरैः ।
अवरोद्धुं न शक्यन्ते, मध्येमार्गं प्ररंहसः ।।४२।।

सोऽप्यनिरुन्ध्यगत्यैव, तपोमार्गे पुरोगतः ।
देवगुर्वोः प्रसादेन, तपस्तच्च समापयत् ।।४३।।

द्वात्रिंशदुपवासानामारब्धवांस्तपस्ततः ।
**प्रवर्धमानवेगानामनिरुन्ध्या गतिः किल** ।।४४।।

समाप्य तत्तपः कृत्वा, पारणकं पुनस्ततः ।
समारेभे तपो नूत्नं, त्रित्रिंशदुपवासकम् ।।४५।।

एवं पुनः पुनः कृत्वा, तपांस्यभिनवानि सः ।
सुविशिष्टं तपः कर्तुमविमृशदृषीश्वरः ।।४६।।





★ માસક્ષમણનું પારણું કરીને (કેટલાંક દિવસો બાદ) તેઓએ ૩૧ ઉપવાસનો તપ શરૂ કર્યો...૪૧

★ નદી પાષાણ વડે, સાધુ કષ્ટ વડે અને વજ્ર એ પર્વત વડે પ્રકૃષ્ટ વેગવાળા હોય ત્યારે અધવચ્ચે રોકી શકાતા નથી...૪૨

★ રોકી ન શકાય એવી જ ગતિ વડે તપના માર્ગે આગળ વધેલા તેઓએ પણ તે તપ પૂરો કરીને પછી ફરી નવો તપ શરૂ કર્યો...૪૩

★ તેમણે બત્રીશ ઉપવાસનો તપ શરૂ કર્યો, વધતાં વેગવાળાની ગતિ ખરેખર રોકી ન શકાય તેવી હોય છે...૪૪

★ તે તપ પૂરો કરીને, તે પછી પારણું કરીને ફરી ૩૩ ઉપવાસનો નવો તપ શરૂ કર્યો...૪૫

★ આ પ્રમાણે વારંવાર નવા તપો કરીને તે ઋષીશ્વરે એક વિશિષ્ટતર તપ કરવાનો વિચાર કર્યો...૪૬







## (मुम्बापुरीवर्णनम्)

शुभरङ्गमण्डपगताऽऽर्हतगी-
रुपसर्पति प्रतिदिशामनिशम् ।
कुसुमानि गुञ्जनमलेरिति ता-
मनुमन्य यत्र जहति स्वरजः ।।४७।। प्रमिताक्षरा ।।

वरधूपचन्दनलतान्तकुलैः,
कुकुभोऽखिलाः सुरभिसारमयाः ।
करतालवाद्यजनितं विरुतं,
द्युसदामसूनि हरते मधुरम् ।।४८।। प्रमिताक्षरा ।।

सितचामरद्वयसमुत्थविभा-
हृतदुष्टरिष्टतिमिरप्रसरम् ।
जिनमन्दिरं तदिदमुच्चशिखं,
प्रभुगोडिपार्श्वजिनपस्य शुभम् ।।४९।। प्रमिताक्षरा ।।

प्रविभाति मुक्तिनिलयप्रतिभं,
बत मोतिशाहवरश्रेष्ठिकृतम् ।
ऋषभस्य मन्दिरमपि प्रवरं,
स्तवगीतिभिश्च मुखरं सततम् ।।५०।। प्रमिताक्षरा ।।

अपरे चकासति जिनाऽऽवसथा,
विविधा मनोरमकलाऽऽकृतयः ।
सततं च भक्तजनसन्निभृताः,
प्रशमानुभूतिरसयोनिसमाः ।।५१।। प्रतिमाक्षरा ।।



## (મુંબઈનગરનું વર્ણન)

★ જ્યાં શુભરંગમંડપમાં રહેલા જિનભક્તોની વાણી દરેક દિશામાં સતત ફેલાય છે અને પુષ્પો તે વાણીને "આ ભ્રમરોનું ગુંજન છે" એ પ્રમાણે અનુમાન કરી પોતાના પરાગ મૂકે છે...૪૭

★ સુંદર ધૂપ-ચંદન-ફૂલોનાં સમૂહ વડે ચારે બાજુથી સમસ્ત દિશાઓ જ્યાં સુગંધના સારવાળી છે અને હાથની તાળી અને વાજિંત્રથી ઉત્પન્ન થતો મધુર સ્વર દેવોનાં પણ મનને હરી લે છે...૪૮

★ બે શ્વેત ચામરથી ઉત્પન્ન થયેલો પ્રકાશ જ્યાં દુષ્ટ પાપનાં અંધકારનાં સમૂહને હરી લે છે તે આ ઉચ્ચશિખરવાળુ ગોડીજી પાર્શ્વનાથ પ્રભુનું શુભ જિનાલય છે...૪૯

★ જ્યાં શ્રેષ્ઠ એવા મોતિશાહ શેઠ દ્વારા બનાવાયેલું શત્રુંજય જેવું શ્રેષ્ઠ ઋષભદેવ પ્રભુનું મંદિર પણ શોભે છે જે સ્તવન અને ગીતો વડે સતત મુખર હોય છે...૫૦

★ બીજા પણ વિવિધ મનોરમ આકૃતિવાળા જિનાલયો શોભે છે જે ભક્તજનોથી ભરેલા છે અને ઉપશમની અનુભૂતિરૂપ રસને ઉત્પન્ન કરનાર યોનિ સમાન છે...૫૧



सदुपाश्रया मुनिवरैः खचिता,
विरतेः कृते समनुकूलतराः ।
शुचिपुण्यबीजवपनोचितभू-
सदृशाः सुधर्मनृपराज्यनिभाः ॥५२॥ प्रतिमाक्षरा ॥

नहि भुज्यते सुविरताविरतै-
स्तिथिपञ्चके हरितशाकफलम् ।
क्रियते च पौषधव्रतं समता-
वनितास्वयंवरनिवेशपथम् ॥५३॥ प्रतिमाक्षरा ॥

भवतीह पर्युषणपर्व महद्,
महतोर्जितेन तपसा च समम् ।
वरकल्पसूत्रश्रवणं सुगुरो-
र्वदनात्प्रतिक्रमणसद्विधिभिः ॥५४॥ प्रतिमाक्षरा ॥

एवं यत्र, प्रवचनमिदं, शोभते मोक्षदायि,
दीक्षां लान्ति, विरतिरसिका, यत्र निर्वेदभाजः ।
श्राद्धश्राद्धा, जिनमतविदः, साधनायां पुरोगा,
मुम्बापूः सा, यशस इव पूर्भ्राजते विस्तृतश्रीः ॥५५॥ मन्दाक्रान्ता ॥

तत्र विहरमाणः स, महातपो विधित्सया ।
ददर्श जिनचैत्यानि, ववन्दे गुरुपत्कजम् ॥५६॥

तत आहारसञ्ज्ञाघ्नमनाहारित्वसौख्यदम् ।
प्रमादसर्पदक्षाय्यं, सर्वलब्धिप्रदायकम् ॥५७॥

★ ઉપાશ્રયો જ્યાં મુનિવરો વડે ભરેલા, વિરતિ માટે વધુ અનુકૂળ છે, જે શુદ્ધ પુણ્યનાં બીજને વાવવા માટે ઉચિતભૂમિ જેવા છે અને ધર્મરાજાનાં રાજ્ય જેવા છે...૫૨

★ જ્યાં પાંચ તિથિઓમાં શ્રાવકો વડે લીલા શાક અને ફળ નથી ખવાતાં અને સમતારૂપી સ્ત્રીના સ્વયંવરનો પ્રવેશમાર્ગ હોય એવો પૌષધવ્રત કરાય છે...૫૩

★ અહીં મોટો પર્યુષણપર્વ મોટા ઉત્સાહ અને તપ સાથે ઊજવાય છે અને પ્રતિક્રમણ વગરે વિધિઓ કરવાની સાથે સદ્ગુરુદેવનાં મુખથી કલ્પસૂત્રનું શ્રવણ પણ થાય છે...૫૪



★ આ પ્રમાણે મોક્ષદાયી શાસન જ્યાં શોભે છે, જ્યાં નિર્વેદ પામેલા વિરતિરસિક જીવો દીક્ષા લે છે, જ્યાં શ્રાવકો અને શ્રાવિકાઓ જિનમતને જાણનારા સાધનામાં અગ્રેસર હોય છે, તે જાણે યશની બીજી નગરી હોય એવી મુંબઈ નગરી-વિસ્તૃત લક્ષ્મીવાળી શોભે છે...૫૫

★ ત્યાં વિહાર કરતાં તેમણે (પંન્યાસજીએ) મહાતપને કરવાની ઈચ્છાથી જિનમંદિરોનાં દર્શન કર્યાં અને ગુરુચરણકમળમાં વંદન કર્યાં...૫૬

★ તે પછી આહારસંજ્ઞાને હણનાર, અનાહારિપણાનાં સુખને આપનાર, પ્રમાદરૂપી સર્પ માટે ગરુડ અને સર્વલબ્ધિને આપનાર...૫૭



विशुद्धद्यदात्मपिञ्जालं, बन्धित्रबन्धमोचकम् ।
विश्वप्रथितमाहात्म्यं, व्यामोहजतुकादिनम् ॥५८॥

अर्हद्धर्मखने रत्नं, निर्विकारदशाप्रदम् ।
निकाचितानि कर्माणि, नाशयदेकहेलया ॥५९॥

महासत्त्वैकसंसाध्यं, ध्यानसौकर्यकारणम् ।
श्रीनिःश्रेयससोपानं, शीलदीपघृतोपमम् ॥६०॥

स महातप आरेभ, एवंविधमनुत्तमम् ।
मुम्बानाममहापुर्यां, मुहूर्तेऽह्नि च मङ्गले ॥६१॥ पञ्चभिः कुलकम् ॥

षोडशोपोषितानां स, प्रत्याख्यानं समाददे ।
ततस्तस्य तपोयात्रां, सर्गेऽग्रिमे पिपठ्यताम् ॥६२॥

सुपारावारीणाः !, शृणुत कविताऽऽस्वादरसिकाः !
शरीराऽऽत्माऽभेदभ्रमनिरसनं दर्शितमिह ।
तपोयात्राऽऽरम्भः, सुगुरुवरहंसस्य च वरः,
स जीयात्सर्गोऽयं, प्रतिपदमनल्पाऽऽत्मसुखदः ॥६३॥ शिखरिणी ॥

**॥ इति षष्ठः पक्ष समाप्तः ॥**

★ આત્મરૂપી સુવર્ણને શુદ્ધ કરનાર, કામદેવનાં બંધનથી મુક્ત કરનાર, વિશ્વમાં વિસ્તરેલો છે મહિમા જેનો એવા વ્યામોહરૂપી ચામાચિડીયા માટે દિવસ સમાન...૫૮

★ અરિહંતના ધર્મરૂપી ખાણનાં રત્ન, નિર્વિકારદશા આપનાર, નિકાચિત કર્મોને એક ઝાટકાથી નષ્ટ કરનાર...૫૯

★ મહાસત્ત્વથી જ અથવા મહાસત્ત્વ એવા જીવોથી જ સાધી શકાય તેવા, ધ્યાનની સુકરતાનું કારણ, મોક્ષ માટે સોપાન સમાન અને શીલરૂપી દીવા માટે ઘી સમાન...૬૦



★ આવા પ્રકારના સર્વોત્તમ એવા મહાતપને મુંબઈ નામની મહાનગરીમાં મંગલ મુહૂર્ત અને મંગલ દિવસે તે (પંન્યાસ હંસરત્નવિજયજીએ) શરૂ કર્યો...૬૧ (પાંચ શ્લોકોનો સમૂહ)

★ (શરૂઆતમાં) તેમણે ૧૬ ઉપવાસનું પચ્ચક્ખાણ લીધું અને તે પછીની તેમની તપ યાત્રા આગળનાં પક્ષમાં વાંચો...૬૨

★ હે કવિતાના આસ્વાદના રસિક વિદ્વાનો ! શરીર અને આત્માના અભેદરૂપ ભ્રમનો નિરાસ અને ગુરુવર હંસરત્નવિજયજીનો સુંદર એવો તપયાત્રાનો આરંભ વગેરે અહીં દેખાડ્યો છે. જેનાં એવો ડગલે ને પગલે પુષ્કળ આત્મસુખ આપનાર આ પક્ષ જય પામો...૬૩

**॥ છઠ્ઠો પક્ષ સમાપ્ત ॥**



# कल्पनाचित्रम्



नीरक्षीरासारसारप्रभागे, मुक्तात्यागाऽऽहारभुक्तौ तथा च ।
भेदः स्पष्टं ह्येतयोर्ज्ञायते यदेको हंसो हंसरत्नस्तथाऽन्यः ।।शालिनी।।

★ ક્ષીર-નીરનાં વિભાગીકરણમાં અને સાર-અસારનાં વિભાગીકરણમાં, મોતીનો આહાર કરવામાં અને ત્યાગનો આહાર કરવામાં આ બંને વચ્ચેનો ભેદ સ્પષ્ટ જણાય છે કે એક હંસ છે અને બીજા આચાર્ય વિજય હંસરત્નસૂરિજી છે.

-અહીં ચિત્રને અનુરૂપ કલ્પના કરીને કાવ્ય બનાવવામાં આવ્યું છે.

# ॥ सप्तमः पक्षः ॥

## (अशीत्युत्तरशतोपवासरूपमहातपसो विधानं, तन्महश्च)



येनाऽऽन्दोलित इन्द्रविष्टर इषः, सज्जन्मकल्याणके,
स्वाङ्गुष्ठेन सुमेरुपर्वत उरुः, स्नात्रप्रसङ्गे तथा ।
दीक्षाया अनु मोहराजविषयः, स्तुत्वा तमन्त्येश्वरं,
पक्षं सप्तममाप्तमान्यमधुनाऽहं संसृजामीष्टदम् ॥१॥
शार्दूलविक्रीडितम् ॥

महातपसि विष्टः सोऽसहत कष्टसञ्चयम् ।
**साध्यते श्रेयसः पन्थाः, कष्टानां सहनेन हि ॥२॥**

कष्टानि सहमानोऽपि, नाऽऽराधनाममुञ्चत ।
काञ्चनमग्निसंविष्टं, काञ्चनत्वं न मुञ्चति ॥३॥

स्वकार्याण्यददान्नान्यानस्मिन् महातपस्यपि ।
अहह ! स्वावलम्बित्वमहो ! सत्त्वमहो ! धृतिः ॥४॥

षोडशोपोषितानां स, प्रत्याख्यानं पुनः पुनः ।
अग्रहीत्सत्त्वसन्मूर्तिः, स्फूर्तिमानप्रमादवान् ॥५॥

सम्यगक्षोटप्रक्षोटद्वाराऽसौ प्रतिलेखनम् ।
अकरोत्स्वोपधीनां तु, स्वयमेव तपोनिधिः ॥६॥







# ॥ સાતમો પક્ષ ॥

## (૧૮૦ ઉપવાસનાં મહાતપશ્ચર્યાનું પારણું અને તેનો મહોત્સવ)

★ જેના વડે જન્મકલ્યાણકના અવસરે બળવાન એવું ઈન્દ્રનું સિંહાસન હલાવાયું, સ્નાત્ર પ્રસંગે મોટો એવો મેરુપર્વત પોતાના અંગૂઠાથી હલાવાયો અને દીક્ષા પછી મોહનું રાજ્ય હલાવાયું તે ચરમ જિનેશ્વરને સ્તવીને આપ્તજનોને માન્ય, ઈષ્ટવસ્તુને આપનાર સાતમા પક્ષને રચું છું...૧

★ મહાતપમાં પ્રવેશેલા તેમણે કષ્ટોનો સમૂહ સહન કર્યો, કલ્યાણનો માર્ગ ખરેખર કષ્ટો સહવાથી સધાય છે...૨

★ કષ્ટોને સહેતા એવા તેમણે આરાધના ન મૂકી, અગ્નિમાં પ્રવેશેલું સોનું પોતાના સુવર્ણત્વને નથી મૂકતું...૩

★ આ મહાતપમાં પણ તેઓએ બીજાને પોતાનાં કામો ન ભળાવ્યાં, અહો આમની સ્વાવલંબિતા, સત્ત્વ અને ધીરજ કેવી ગજબની છે...૪

★ સત્ત્વની જાણે મૂર્તિ હોય તેવા સ્ફૂર્તિવાળા, પ્રમાદ રહિતના એવા તેઓ વારંવાર ૧૬ ઉપવાસનું પચ્ચક્ખાણ ગ્રહણ કર્યું...૫

★ પોતાના ઉપધિનું પડિલેહણ વ્યવસ્થિત અકખોડા-પકખોડા સાથે આ તપસ્વી સ્વયં કર્યું...૬

क्षमाश्रमणकान्येवं, सन्धिप्रमार्जनैरदात् ।
अस्खलितादिसम्पृक्तसूत्रोच्चारं व्यधात्तथा ॥७॥

पौरुष्यादिक्रियावृन्दं, यथाकालं समाचरत् ।
असम्भ्रमविलम्बाभ्यामावश्यकानि चैष षट् ॥८॥

पञ्चाक्षप्रतिलेखेन, पञ्चाक्षनिग्रहेण च ।
पञ्चाननसमोऽयं तु, पञ्चबाणमहन्नहो ! ॥९॥

पर्याप्तिसु यदन्त्यं यद्, वर्गणासु च सप्तमम् ।
प्राणेषु दशमं तत्तु, सन्निगृहीतवानसौ ॥१०॥ (मनः)

सत्क्रियाभिर्विशुद्धाभिरेवं तपः प्रवर्तयन् ।
नाऽत्यजत्कृशदेहोऽप्यसत्कर्ममल्लविग्रहम् ॥११॥

क्रमाच्छतोपवासान् स, समापयत् क्षमाधरः ।
आश्चर्यचकिता जाता, ज्ञात्वैतदवनिस्पृशः ॥१२॥







★ તથા એમણે (તપસ્વીએ) સંડાસા પૂંજ્યાપૂર્વક ખમાસમણાં આપ્યા અને અસ્ખલિતાદિ (ગુણોથી) યુક્ત સૂત્રોચ્ચાર કર્યો...૭

★ પોરિસી વગેરે ક્રિયાઓના સમૂહને આ (તપસ્વી) સમયસર આચર્યો અને ઉતાવળ-વિલંબ વિના ૬ આવશ્યકોને કરતા...૮

★ પાંચ અક્ષ (સ્થાપનાજી)નાં પડિલેહણથી, પાંચ ઈન્દ્રિયોનાં નિગ્રહથી, સિંહ જેવા આમણે (તપસ્વીએ) અહો ! કામદેવને હણી નાખ્યો...૯

★ જે પર્યાપ્તિઓમાં છેલ્લુ છે, વર્ગણાઓમાં સાતમા સ્થાને છે, (દ્રવ્ય) પ્રાણોમાં જે દશમે છે તેને (મનને) આમણે (તપસ્વીએ) નિયંત્રિત કર્યું છે...૧૦

★ આ પ્રમાણે વિશુદ્ધ એવી સત્ક્રિયાઓ વડે તપને પ્રવર્તાવતા કૃશ શરીરવાળાં હોવા છતાં તેમણે દુષ્ટ કર્મરૂપી મલ્લ સાથે લડવાનું ન છોડ્યું...૧૧

★ ક્રમે કરીને ૧૦૦ ઉપવાસોને ક્ષમાને ધરનાર તેમણે (તપસ્વીએ) સમાપ્ત કર્યાં, લોકો આ જાણી આશ્ચર્યચકિત થયા...૧૨



''किमु दिव्यप्रभावोऽयं ? किंवा काचिच्चमत्कृतिः ? ।
यत्तु महातपोऽनेनाऽश्रान्तचित्तेन साध्यते ॥१३॥

किं दिव्यगुटिका भुक्ता ? किं वैषा सुरसन्निधिः ? ।
अथवाऽऽर्हत्कृपाऽमोघकारणमत्र सिद्धिदा'' ॥१४॥

एवं नानाविकल्पानि, प्रव्यजृम्भन्त सद्धृदि ।
तद्दर्शायात आयाता, अनेके गुणदर्शिनः ॥१५॥

चित्ते तपःप्रमाणं तु, तदा तेन विचिन्तितम् ।
यत् खनयात्मसङ्ख्यकान् (१२०), करिष्याम्युपवासकान् ॥१६॥

ततो राजेन्द्रसूरीन्द्रनिश्रायां प्रवरोर्जया ।
[१]तस्य नियोजितो भव्यतपःपारणकोत्सवः ॥१७॥

आगता द्रष्टुकामास्तु, तपस्विनं तपःप्रियाः ।
यत्र रुचिर्गतिस्तत्र, भृङ्गस्योपवने यथा ॥१८॥

समीक्ष्य हंसरत्नं तं, तपोरत्नमहोदधिम् ।
जनाः प्रशंसितुं लग्नाः, प्रोच्चैर्गुणानुरागिणः ॥१९॥

---

१. अथ साधूनामपि योगादितपोऽनुष्ठानपरिसमाप्तावश्यं नन्द्यादिमहोत्सवः कर्तव्य एव । न च किमिदं निर्ग्रन्थानामुत्सवकरणमित्यादिशङ्का कार्या, जिनशासनोन्नतिकरत्वाच्छास्त्रोक्तत्वाच्च । विचाररत्नाकरः (व्यवहारसूत्रविभागे) ।



★ શું આ દિવ્યપ્રભાવ છે ? અથવા શું આ ચમત્કાર છે ? કે આવો મહા તપ પણ આ (તપસ્વી) વડે થાક્યા વિના આચરાયો...૧૩

★ શું તેમના વડે કોઈ દિવ્યગુટિકા ખવાઈ છે ? અથવા શું આ દેવતાનું સાંનિધ્ય છે ? અથવા આ અરિહંતની કૃપા જ અહીં અમોઘ કારણ છે જે સિદ્ધિ આપે છે...૧૪

★ આ પ્રમાણે સજ્જનોના હૃદયમાં વિવિધ વિકલ્પો ઉત્પન્ન થયા અને તેમનાં દર્શન માટે અનેક ગુણદર્શી જીવો આવ્યા...૧૫

★ ત્યારે તેમના વડે તપનું પ્રમાણ નક્કી કરાયું કે- "હું ૧૨૦ ઉપવાસ કરીશ"...૧૬

★ તે પછી પ્રચંડ ઉત્સાહથી પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં તેમના તપનાં પારણાંનો ભવ્ય મહોત્સવ ઊજવાયો...૧૭

★ જેને તપ પ્રિય છે તેવા અનેક ભાવુક શ્રદ્ધાળુઓ તપસ્વીને જોવાની ઈચ્છાવાળા આવ્યા, જ્યાં રુચિ હોય ત્યાં જ (જીવની) ગતિ હોય, જેમ ભ્રમરની ઉપવન તરફ...૧૮

★ તપરત્ન માટે સાગર સમાન તે પંન્યાસ હંસરત્નવિજયજીને જોઈને ગુણાનુરાગી લોકો અત્યંત પ્રશંસા કરવા લાગ્યા...૧૯



यथा हि-

ग्रस्तो विधुः सौम्यदृशा हि यस्य,
क्षुब्धश्च वार्धिः सदुदारतातः ।
जातं च पङ्केऽब्जमलिप्ततातः,
श्रीहंसरत्नस्तपसान्निधिः सः ॥२०॥ इन्द्रवज्रा ॥

सुधां शमस्यामथितोऽपि दत्ते,
तपस्व्यपि क्षेमरसं प्रभुङ्क्ते ।
अजातशत्रुस्त्वपि कर्मशत्रु-
श्चित्रं खलु हंसगुरोश्चरित्रम् ॥२१॥ उपेन्द्रवज्रा ॥

## प्रहेलिकात्रयम्

आद्येन हीनं वनिताप्रियः स्याद्,
मध्येन हीनं वणिजां प्रिया स्यात् ।
अन्त्येन हीनं प्रकृतेः प्रियः स्यात्,
तन्नामकेनैष नतस्तपस्वी ॥२२॥ इन्द्रवज्रा ॥ (भूपतिः)

आद्येन हीनं ग्रहराशिसङ्ख्या,
मध्येन हीनं वननाशकारी ।
अन्त्येन हीनं प्रथमः सुधर्म-
स्तन्नामकेनैष नतस्तपस्वी ॥२३॥ इन्द्रवज्रा ॥ (दानवः)

જેમકે-

★ જેમની સૌમ્ય આંખથી ચંદ્ર પણ ગ્રહણ પામ્યો,
જેમની ઉદારતાથી સમુદ્ર પણ ખળભળી ઊઠ્યો,
જેમની અલિપ્તતાથી કમળ પણ કાદવમાં જનમ્યું,
તે તપના ભંડાર પંન્યાસ શ્રી હંસરત્નવિજયજી છે...૨૦

(ભાવાર્થ : સૌમ્યતા, ઉદારતા અને અલિપ્તતાથી ચંદ્ર, સમુદ્ર અને કમળ હારી ગયાં માટે ક્રમશઃ ગ્રસ્ત થઈ, ખળભળી અને કાદવમાં ઉત્પન્ન થઈને તેઓએ પોતાની હાર કબૂલ કરી.)

★ જે મથાયા નથી છતાં ઉપશમનું અમૃત આપે છે,
જે તપસ્વી હોવા છતાં કલ્યાણનો રસ પીએ છે,
જેના કોઈ શત્રુ નથી તો પણ જે કર્મના શત્રુ છે,
તે ગુરુવર હંસરત્નવિજયજીનું અહો ! અદ્‌ભુત ચરિત્ર છે...૨૧

**(ત્રણ કોયડા)**

★ ૧. પહેલો અક્ષર કાઢો તો તે સ્ત્રીને પ્રિય હોય,
વચલો અક્ષર કાઢો તો તે વાણિયાને પ્રિય હોય,
છેલ્લો અક્ષર કાઢો તો તે પ્રજાને પ્રિય હોય,
આવા નામવાળા(ભૂપતિ)વડે આ તપસ્વી નમાયા છે...૨૨ (ભૂપતિ)

★ ૨. પહેલો અક્ષર કાઢો તો ગ્રહોની સંખ્યા મળે,
વચલો અક્ષર કાઢો તો તે જંગલનો નાશ કરે,
છેલ્લો અક્ષર કાઢો તો તે પ્રથમ ધર્મ છે,
આવા નામવાળા(દાનવ)વડે આ તપસ્વી નમાયા છે...૨૩ (દાનવ)

आद्येन हीनं पलिताननः स्याद्,
मध्येन हीनं रथचक्रसंस्थः ।
अन्त्येन हीनं शतपत्रयोनि-
स्तन्नामकेनैष नतस्तपस्वी ॥२४॥ इन्द्रवज्रा ॥ (अजरः)



एवं विभावयन्तस्ते, महमण्डपसंस्थिताः ।
गुरुं प्रवन्दमानं तं, ददृशुर्भक्तिनिर्भराः ॥२५॥

श्रीमद्गुरुवराभ्यर्णे, प्रत्याख्यानजिधृक्षया ।
गत्वा निवेदितं तेन, किञ्चिद् मान्द्येन कर्णयोः ॥२६॥



श्रुत्वा निवेदनं तस्य, गुरुरपि प्रविस्मितः ।
किमेतदिति भावेन, विस्मिता मण्डपस्थिताः ॥२७॥

तदैवोद्घोषणा जाता, यदमुना तपस्विना ।
याचिताऽस्ति तपोवृद्धेरनुज्ञा गुरुसन्मुखम् ॥२८॥



अहो ! महातपा एष, महासत्त्वः पराक्रमी ।
वर्धापितस्तपोद्वारा पारणकमरेऽमुना ॥२९॥





★ ૩. પહેલો અક્ષર કાઢો તો તે ઊતરેલા મોઢાવાળો હોય,
વચલો અક્ષર કાઢો તો તે રથના પૈડામાં રહેલો હોય,
છેલ્લો અક્ષર કાઢો તો તે કમળથી જન્મેલો હોય,
આવા નામવાળા(અજર=દેવ)વડે આ તપસ્વી નમાયા છે...૨૪ (અજર)

★ આ પ્રમાણે ભાવના ભાવતા, મહોત્સવનાં મંડપમાં રહેલા, ભક્તિથી ભરેલાં એવા લોકોએ ગુરુ (આ. શ્રી રાજેન્દ્રસૂરિ મ.સા.) ને વંદન કરતાં એવા તેમને (તપસ્વીને) જોયા...૨૫



★ (ત્યારબાદ) તપસ્વીએ શ્રીમદ્ ગુરુદેવ (આચાર્ય રાજેન્દ્રસૂરીશ્વરજી મસા.)ની પાસે (પચ્ચક્ખાણ લેવાની ઈચ્છાથી) જઈને મંદસ્વરે કાનમાં કંઈક કીધું...૨૬



★ તેમનું (તપસ્વીનું) નિવેદન સાંભળીને ગુરુદેવ (આ. રાજેન્દ્રસૂરિજી) પણ વિસ્મિત થયા અને "આ શું થયું ?" એ ભાવથી મંડપમાં રહેલાં લોકો પણ વિસ્મિત થયા...૨૭

★ ત્યારે ઘોષણા થઈ કે- આ તપસ્વી વડે ગુરુભગવંતની સન્મુખ તપની વૃદ્ધિની અનુજ્ઞા મંગાઈ છે...૨૮



★ અહો ! આ મહાતપસ્વી છે, મહાસત્ત્વવાળા છે, પરાક્રમી છે, પારણાનો મહોત્સવ પણ આમણે તપથી જ વધાવ્યો...૨૯

प्रत्याख्यातिं नमस्कारसहितात्स गृहीतवान् ।
गुरुमुखसरोजेन, षोडशोपोषिताऽऽत्मकम् ॥३०॥

पारणकमतिक्रम्याऽनुवर्त्य तप आत्मनः ।
तेन मनोरथः स्वस्य, तपसः सफलीकृतः ॥३१॥

गुरूणामाशिषं लात्वा, गत्वा प्रतिश्रयं पुनः ।
जपनमौनमुख्या च, साधना ह्यनुवर्तिता ॥३२॥

**पद्मबोध्याह्वपन्न्यास** इतो ह्यचिन्तयद् हृदि ।
''कलेरेष चमत्कारो, हंसरत्नतपोधनः ॥३३॥

अहो ! तपःप्रभापुञ्जो, न्यक्कृतलालसाप्रभः ।
भववर्त्मनि दुर्गम्ये, सम्प्राप्तपुण्यशम्बलः ॥३४॥

सद्योगेषु न शैथिल्यं, सर्वथाऽप्यप्रमत्तता ।
त्रिभुवनाऽद्भुतो ह्यस्य, महिमाऽहो ! तपस्विनः ॥३५॥



★ નવકારશીનું પચ્ચક્ખાણ લેવાને બદલે ગુરુનાં મુખેથી તેઓએ (તપસ્વીએ) ૧૬ ઉપવાસનું પચ્ચક્ખાણ લીધું...૩૦



★ પારણાંને ઓળંગીને, પોતાનો તપ ચાલુ રાખીને, તેમના (તપસ્વી) વડે પોતાના તપનો મનોરથ સફળ કરાયો...૩૧



★ ગુરુના આશિષ પામી, ફરી ઉપાશ્રયમાં જઈ; જાપ અને મૌનથી યુક્ત એવી સાધના તેમણે (તપસ્વીએ) ચાલુ રાખી...૩૨

★ આ બાજુ **પંન્યાસ પદ્મબોધિવિજયજી મ.સા.**એ મનમાં વિચાર્યું- "આ તપસ્વી હંસરત્નવિજયજી એ કલિયુગનો ચમત્કાર છે...૩૩



★ અહો ! તપની પ્રભાનાં પુંજસમા આમણે લાલસાની પ્રભાનો તિરસ્કાર કર્યો છે અને દુર્ગમ એવા ભવના માર્ગે એઓ પુણ્યનું ભાથું પામ્યા છે...૩૪



★ સદ્‌યોગોમાં શિથિલતા નથી, તમામ આચારો અપ્રમત્ત છે, અહો ! આ તપસ્વીનો ત્રણ ભુવનમાં અદ્‌ભુત મહિમા છે...૩૫

यथाशक्यं करिष्यामि, तपसोऽस्य प्रभावनाम् ।
प्रवचनेन सङ्घेषु, प्रभाऽऽभेनोत्पलाऽऽत्मसु'' ॥३६॥

एवं विमृश्य पन्न्यासपद्मबोधिस्तपस्विना ।
समं यातः प्रभागेषु, मुम्बापुर्याः प्रभावकः ॥३७॥

तपस्तपस्विनः सोऽतो, महिमानमवर्णयत् ।
''अभयप्रतिभूरेष, तपस्वी''ति सुपर्षदि ॥३८॥

अंहोदला निर्दलिता अनेन, विपाटिताः कर्मविभोरनीकाः ।
क्षमाप्रपासत्कजलं प्रपीतं, श्रीहंसरत्नेन तपोविधानात् ॥३९॥ उपजातिः ॥

चम्पाऽऽह्वसत्याऽकबरः प्रबुद्धः,
सद्राज्यधान्यां तपसा तु येन ।
तपस्तदेतद्विहितं ह्यनेन,
सत्त्वेन साम्येन सदाशिषा च ॥४०॥ उपजातिः ॥

एवं प्रवचने पद्मबोधिगुरुरवोचत ।
पन्न्यासहंसरत्नस्य, तपोमाहात्म्यमीदृशम् ॥४१॥



★ આમનાં (તપસ્વીનાં) તપની પ્રભાવના પ્રભા સમાન પ્રવચન દ્વારા, કમળ સમાન શ્રીસંઘમાં બને તેટલી કરીશ''...૩૬

★ આ પ્રમાણે વિચારીને પંન્યાસ પદ્મબોધિવિજયજી તપસ્વી સાથે ભવ્ય એવી મુંબઈ નગરીના પરાઓમાં વિચર્યા...૩૭



★ એ પછી પંન્યાસ પદ્મબોધિવિજયજીએ "આ તપસ્વી મોક્ષને માટે પ્રમાણિત છે" એ પ્રમાણે પર્ષદામાં તપની અને તપસ્વીની મહિમા વર્ણવી...૩૮

★ "તપ દ્વારા (આ પંન્યાસ હંસરત્નવિજય વડે) પાપનાં દળિયા દળાવાયા છે, કર્મરાજાનાં સૈનિકો મરાયા છે અને ક્ષમારૂપી પરબનું જળ પીવાયું છે...૩૯

★ ચંપા શ્રાવિકા વડે રાજધાની (દિલ્હી)માં જે તપથી અકબર રાજા પ્રતિબોધ કરાયો તે આ (૧૮૦ ઉપવાસનો) તપ આમના (પંન્યાસ હંસરત્નવિજયજી) વડે સમતાથી, સત્ત્વથી અને કૃપાથી કરાયો છે...૪૦

★ આ પ્રમાણે પંન્યાસ હંસરત્નવિજયજીનો આવો તપનો મહિમા પ્રવચનમાં પંન્યાસ પદ્મબોધિવિજયજીએ વર્ણવ્યો...૪૧

तस्य तेजस्विनीं वाणीमासाराऽमृतवर्षिणीम् ।
कर्णाभ्यां सुजनाः पीत्वा, व्यसृजन्नयनद्वयात् ।।४२।।

स्वप्रतिलेखनादीनि, श्रीपद्मबोधिसंयतम् ।
तच्छिष्यान् वाऽददान्नैव, पुण्यभोगपराङ्मुखः ।।४३।।

दर्शनार्थं समागच्छँल्लोका उग्रतपस्विनः ।
वासचूर्णं च तन्मुष्ट्या, धारयन्ति स्म मस्तके ।।४४।।





नित्यं सहस्रलोकान् स, आशिषमददात्परम् ।
स्वहस्ताद्वासचूर्णेन, चारुगन्धप्रदायिना ।।४५।।

तपसो वासचूर्णस्य, जना अन्वभवंस्तदा ।
युगपत्सुरभिद्वन्द्वं, पापसन्तापसूदनम् ।।४६।।

समाप्तिरुपवासानां, निकषाऽऽसीत्तपस्विनः ।
खकर्मात्ममितानां (१८०) रे !, तदा सर्वे विनोदिताः ।।४७।।

मुदयाऽऽयोजितं भक्तैः, पारणकमहामहः ।
**पौरुष्यसन्ततेस्तुष्येत्, किं न भाग्यपितामहः ? ।।४८।।**

***



★ સતત અમૃત વરસાવનારી એવી તેમની (પંન્યાસ પદ્મબોધિવિજયજીની) વાણીનું કાનથી પાન કરી અહો ! બે આંખોથી (=આંસુરૂપે) વિસર્જિત કરી...૪૨

★ પુણ્ય ભોગવવાથી પરાઙ્મુખ એવા તપસ્વીએ પોતાનું પડિલેહણ વગેરે પંન્યાસ પદ્મબોધિવિજયજીને અથવા તેમનાં શિષ્યોને ન આપ્યું...૪૩

★ લોકો આ ઉગ્ર તપસ્વીનાં દર્શન માટે આવતાં અને તેમનો વાસક્ષેપ પોતાનાં મસ્તકે ધારણ કરતાં...૪૪





★ પોતાના હાથે અત્યંત સુગંધી એવા વાસક્ષેપથી તેઓ (તપસ્વી) રોજ હજારો લોકોને આશીર્વાદ આપતા...૪૫

★ પાપને ચૂરનાર એવા તપની અને સંતાપને ચૂરનાર એવા વાસક્ષેપની એ પ્રમાણે બે પ્રકારની સુગંધ એક સાથે લોકો ત્યારે અનુભવતા હતાં...૪૬

★ જ્યારે એ તપસ્વીનાં ૧૮૦ ઉપવાસની સમાપ્તિ નજીક હતી ત્યારે સહુ આનંદિત થયાં...૪૭

★ ભક્તો વડે આનંદથી પારણાંનો મહામહોત્સવ આયોજાયો, શું પુરુષાર્થરૂપી સંતતિથી ભાગ્યરૂપી પિતામહ ખુશ ન થાય ? (અર્થાત્ એમનાં પુરુષાર્થથી એવું પુણ્ય ઊભું થયું કે ભક્તોને તેમનો પારણોત્સવ આયોજવાનું મન થયું.)...૪૮

***

## (पारणकमहोत्सवः)

रुचिरतोरणमण्डितसन्मुखः,
विहितमुत्कलकाऽऽसनसत्सुखः ।
स हृदयङ्गमरङ्गविशोभितः,
पृथुलपारणकोत्सवमण्डपः ॥४९॥ द्रुतविलम्बितम् ॥

भविजनास्त्वरयैत सुमण्डपे,
झटिति सद्गुरुरत्र समैष्यति ।
इति नियुक्तजना अवदञ्जनान्,
महसि पारणकस्य तपोनिधेः ॥५०॥ द्रुतविलम्बितम् ॥

सुजनलोचनशुक्तिनिवेशितं,
यदवलोकनमब्दजलोपमम् ।
सृजति मौक्तिकमश्रुण उज्ज्वल-
महह ! हंसगुरुः प्रविवेश सः ॥५१॥ द्रुतविलम्बितम् ॥

''तपस आश्रयमाश्रयतामिह,
पुरुषकारकरेषु शिरोमणिम्'' ।
इति जना अगदन्मिथ आदराद्,
गुरुवरस्य समागमने तदा ॥५२॥ द्रुतविलम्बितम् ॥





### (પારણા મહોત્સવ)

★ સુંદર તોરણથી મંડિત જ્યાં પ્રવેશદ્વાર છે, મોકળા બેસવાનું સુખ જ્યાં કરાયું છે, તે મનોહર રંગથી શોભિત એવો વિશાળ પારણામહોત્સવનો મંડપ છે...૪૯

★ "ભાવિકો ! જલદી મંડપમાં આવો, ગુરુદેવ અહીં જલદી આવી જશે" એ પ્રમાણે ભવ્ય પારણામહોત્સવમાં કાર્યકર્તાઓ લોકોને કહેતા હતાં...૫૦

★ અહો ! જેમના દર્શનરૂપી મેઘનું પાણી સજ્જનનાં નયનરૂપી છીપમાં પ્રવેશી જાય તો એ ઉજ્જ્વલ એવા આંસુનાં મોતીને સર્જે છે- તેવા પંન્યાસ હંસરત્નવિજયજી (ત્યાં) પધાર્યાં...૫૧

★ "તપનાં આશ્રય સમાન, પુરુષાર્થ કરનારાઓમાં શિરોમણિ એવા આમનો આશ્રય લ્યો" એ પ્રમાણે ગુરુદેવના (તપસ્વીના) આગમન પર આદરથી પરસ્પર લોકો બોલ્યાં...૫૨







वरतपागणनेतृगुरोरभूत्,
पुनितसन्निधिता प्रवरोत्सवे ।
मुनिवरा बहवः समुपस्थिताः,
प्रवचने पटवो जितपर्षदाः ।।५३।। द्रुतविलम्बितम् ।।

प्रारब्ध उत्सवश्चैवं, सकलसङ्घसन्निधौ ।
वक्तृभिर्वर्णितास्तस्य, कर्मकाष्ठघुणा गुणाः ।।५४।।

प्रेक्ष्यमाणोऽक्षिमालाभिः, प्रगलदश्रुराजिभिः ।
स्तूयमानोऽभिरामाभिर्जिह्वामालाभिरुच्चकैः ।।५५।।

अर्च्यमान उदाराभिर्भावमालाभिरामुदा ।
वन्द्यमानः कमालाभिर्नम्राभिः फलवद्द्रुवत् ।।५६।।

दर्श्यमानोऽङ्गुलीमालासहस्रैः समुदञ्चितैः ।
दीप्यमानोंऽशुमालाभिर्जाताभिस्तपसाऽऽत्मनः ।।५७।।

सत्क्रियमाण आरेजे, भक्तिमालासहस्रकैः ।
तथा वर्धाप्यमानः सोऽअलिमालासहस्रकैः ।।५८।। चतुर्भिः कुलकम् ।।

★ તપાગચ્છાધિપતિ (આ.વિ. પ્રેમસૂરિ મ.સા.)નું પાવન સાંનિધ્ય આ મહોત્સવમાં હતું અને પ્રવચનકુશળ, સભાને આવર્જિત કરી શકે એવા ઘણા મુનિભગવંતો ઉપસ્થિત હતાં...૫૩

★ આ પ્રમાણે ઉત્સવ સકલ સંઘનાં સાંનિધ્યમાં શરૂ થયો અને કર્મના લાકડા માટે ઊધેઈ જેવા તેમના ગુણો વક્તાઓ વડે કહેવાયા...૫૪

★ ઝરતાં આંસુઓનો સમૂહવાળો આંખોની હારમાળા વડે જોવાતા, સુંદર એવી જિહ્‌વાઓની હારમાળા વડે વારંવાર સ્તવાતા...૫૫

★ ઉદાર એવી ભાવની હારમાળાઓ વડે આનંદથી પૂજાતા, ફળવાળા ઝાડની જેમ નમ્ર એવા મસ્તકોની હારમાળા વડે નમાતા...૫૬

★ ઊંચી થયેલી હજારો આંગળીઓની હારમાળા વડે દેખાડાતા, પોતાનાં તપથી ઉત્પન્ન થયેલી પ્રકાશની હારમાળા વડે દીપતા...૫૭

★ સેંકડો ભક્તિની હારમાળા વડે સત્કાર પામતા તથા અંજલિરૂપી હારમાળાનાં સમૂહથી વધાવાતા તે (તપસ્વી) ખૂબ શોભ્યાં...૫૮








वर्यगुणानुवादेन, प्रहृष्टा निखिला जनाः ।
उत्सर्पिका ततो जाता, तस्य पारणकस्य तु ।।५९।।

लाभार्थमवदन् राशिं, धनस्य धनिनोऽधिकम् ।
एकविंशतिकोट्या तु, श्रेष्ठ्यादेशं समात्तवान् ।।६०।।

अहो ! तपो ह्यहो ! दानमित्यश्लाघन्त सज्जनाः ।
सुवर्णवलये मन्ये, प्रकृतं रत्नमण्डनम् ।।६१।।

दत्ता नगरश्रेष्ठीति, तस्मा इभ्याय सत्पदम् ।
सद्गुरूणां समादेशाद्, वर्धापितं च तज्जनैः ।।६२।।

पारणकमकार्षीत्स, तपसोऽस्य महामुनिः ।
**अनन्तराय**नाम्नस्तु, नगरेभ्यस्य दानतः ।।६३।।

सोऽथ पारणके जाते, पुनः कियद्दिनादनु ।
समुत्क्रान्तुं तपो नूत्नं, चिन्तयामास चेतसि ।।६४।।









★ સુંદર ગુણાનુવાદથી તમામ લોકો પ્રસન્ન થયા અને તે પછી તેમના પારણાની ઉછામણી શરૂ થઈ...૫૯

★ લાભ માટે શ્રીમંતો વધુ ધનની રાશિ બોલતાં, (છેલ્લે) ૨૧ કરોડ ધન રાશિ વડે થતા એક શેઠે આદેશ લીધો...૬૦

★ અહો ! તપ, અહો દાન ! એ પ્રમાણે લોકોએ પ્રશંસા કરી, સોનાનાં કડાં પર જાણે હીરા મંડાવ્યા હોય એવું હું માનું છું...૬૧

★ ગુરુદેવના (તપાગચ્છાધિપતિના) આદેશથી તે શ્રેષ્ઠીને નગરશેઠની પદવી અપાઈ અને લોકોએ તેને વધાવી લીધી...૬૨

★ તે **અનુભાઈ** નામનાં નગરશેઠનાં (સુપાત્ર) દાનથી આ તપનું પારણું પંન્યાસ હંસરત્નવિજયજીએ કર્યું...૬૩

★ હવે પારણું થયા બાદ કેટલાંક દિવસ પછી ફરી નવો તપ ચાલુ કરવા તેઓએ મનમાં વિચાર કર્યો...૬૪

आबाल्यात् साहसं तस्याऽऽसीत्प्रचण्डमहो ! ह्यतः ।
श्रुतं बालमुनित्वेऽपि, पुराऽहिस्तेन रक्षितः ॥६५॥

तदेवम्- एकदा रत्नसुन्दरमुनिना समम् ।
विहरन् हंसरत्नस्तु, दृष्टवानहिरध्वनि ॥६६॥

स तु भूश्लिष्टदेहोऽभूद्यानातिक्रमणेन रे ! ।
दयालुर्हंसरत्नस्तं, त्रातुं कामितवान् हृदि ॥६७॥

अनुज्ञा याचिता तेन, रत्नसुन्दरसन्मुनेः ।
ज्येष्ठानुज्ञां विना नैव, प्रवर्तन्ते विचक्षणाः ॥६८॥

ज्येष्ठेन समनुज्ञातः, सर्पाभ्यर्णे स यातवान् ।
उद्दधार तनुं तस्य, दण्डकेन शनैः शनैः ॥६९॥

समन्ततः समुद्धृत्य, मुक्तवांस्तं पथस्तटे ।
साहसमीदृशं दृष्ट्वा, जहर्ष रत्नसुन्दरः ॥७०॥







★ છેક બાળપણથી જ અહો ! તેમનું સાહસ પ્રચંડ અને અદ્‌ભુત હતું, એથી પૂર્વે બાલમુનિપણામાં તેમણે સાપને બચાવ્યો હતો...૬૫

★ તે આ પ્રમાણે- એક વખતે મુનિરાજ રત્નસુંદરવિજયજી (હાલ આચાર્ય) સાથે વિહાર કરતા મુનિ હંસરત્નવિજયજીએ રસ્તામાં સાપ જોયો...૬૬

★ ગાડી પસાર થવાથી તેનું શરીર જમીન સાથે ચોંટી ગયું હતું, દયાલુ હંસરત્નવિજયજીને મનમાં તેને બચાવવાની ઈચ્છા થઈ...૬૭

★ તેમના વડે મુનિ રત્નસુંદરવિજયજીની અનુજ્ઞા મંગાઈ, વડીલની અનુજ્ઞા વિના બુદ્ધિશાળીઓ પ્રવર્તતા નથી...૬૮

★ વડીલની અનુજ્ઞા પામેલાં તેઓ સાપ પાસે ગયા અને દાંડાથી ધીમે ધીમે તેનું શરીર જમીનથી છૂટું કર્યું...૬૯

★ ચારે બાજુથી તેનું શરીર છૂટું કરી સાપને રસ્તાનાં નાકે મૂક્યો તેમનું આવું સાહસ જોઈ મુનિ રત્નસુંદરવિજયજી ખુશ થયાં...૭૦



श्रीहंसरत्ननिर्ग्रन्थ, एवमाबाल्यसाहसी ।
आसीच्छ्रमणभक्तौ चाऽग्रेसरः सर्वदा किल ॥७१॥

प्रतिलेखितुमार्याणां, स्थापनाचार्यमेष तु ।
उत्साहितोऽभवन्नित्यं, पुण्यपादपसेचकः ॥७२॥



महोत्सवे यदा सर्वे, यान्ति स्म मुनिपुङ्गवाः ।
तदाऽयं मण्डलीकार्यं, सानन्दं निरवाहयत् ॥७३॥

न तस्य हृदि संस्पृष्टं, महोदर्शनकौतुकम् ।
दर्शनमत एवाऽस्य, प्रजायते हृदिस्पृशम् ॥७४॥

गुणाऽऽसक्तोऽप्यनासक्तः, साधुराग्यप्यरागवान् ।
अहिंस्रोऽप्यंहसो हन्ता, सुविग्रहोऽप्यविग्रहः ॥७५॥

धर्मकाम्यपि निष्कामः, शान्तः क्रुद्धोऽन्तरारिषु ।
ग्रन्थप्रियोऽपि निर्ग्रन्थश्चित्रमेतस्य जीवनम् ॥७६॥



★ પંન્યાસ હંસરત્નવિજયજી આ પ્રમાણે બાળપણથી સાહસી હતા અને હંમેશા સાધુની ભક્તિમાં હંમેશા અગ્રેસર હતા...૭૧

★ પુણ્યનાં વૃક્ષને સીંચનારા આ તપસ્વી સાધુ ભગવંતોના સ્થાપનાચાર્યોનું પડિલેહણ કરવા માટે હંમેશા ઉત્સાહિત રહેતાં...૭૨

★ જ્યારે બધા મુનિઓ મહોત્સવમાં જતાં ત્યારે આ (તપસ્વી) માંડલીનું કાર્ય આનંદથી વહન કરતાં...૭૩

★ તેમનાં મનમાં મહોત્સવ જોવાનું કુતૂહલ નહોતું સ્પર્શતું, એથી જ તેમનું દર્શન હૃદયને સ્પર્શનારું થાય છે...૭૪

★ ગુણમાં આસક્ત છતાં અનાસક્ત, સાધુના રાગી છતાં વિરાગી, અહિંસક છતાં પાપનાં હણનાર, વિગ્રહ (=કલહ) વિનાના છતાં સુંદર વિગ્રહ = શરીરવાળા...૭૫

★ ધર્મનાં કામી છતાં નિષ્કામ, શાન્ત છતાં આંતરશત્રુઓ પર ક્રોધ કરનાર, ગ્રંથો પ્રિય હોવા છતાં નિર્ગ્રંથ, અહો ! આમનું જીવન વિશિષ્ટ છે...૭૬

यो **बुधो** जीवरक्षार्थं **शनैश्चर**ति भूतले ।
यश्च सत्त्व**विधु**र्नापद्**विधुन्तु**देन ग्रस्यते ॥७७॥

**मङ्गलं** दर्शनं यस्य, धातून्मे नन्दयत्यहो ! ।
रुधिरमांसमेदोऽस्थिमज्जा**शुक्र**रसाभिधान् ॥७८॥

कर्मणो दहने यश्च, धूम**केतू रवि**प्रभः ।
**गुरु**राजपदाम्भोजे, भृङ्गायते च यन्मनः ॥७९॥

**आचार्यप्रेमसूरि**स्तं, ज्ञात्वैवं तपसां निधिम् ।
पदं **दिव्यतपस्वी**ति, ददौ तपागणाधिपः ॥८०॥

लभ्ये तु ये सप्तकयुग्मयोगात्,
ते संलभेयेह चतुर्दशोभे ।
विभो ! प्रभावात् किल सप्तमस्य,
पक्षस्य हास्यादिहरस्य शस्ये ॥८१॥ उपजातिः ॥

**॥ इति सप्तमः पक्षः समाप्तः ॥**



★ જે પંડિત જીવરક્ષા માટે જમીન પર ધીમેથી ચાલે છે અને સત્ત્વરૂપી ચંદ્ર એવા જેઓ આપત્તિના રાહુથી ગ્રસ્ત થતાં નથી...૭૭

★ જેમનું મંગળ દર્શન રસ, લોહી, માંસ, ચરબી, અસ્થિ, મજ્જા અને શુક્ર નામનાં મારા સાતે ધાતુઓને હરખાવે છે...૭૮

★ જે કર્મોનાં બાળવા માટે અગ્નિ સમાન છે, સૂર્ય જેવી જેમની પ્રભા છે, અને જેમનું મન ગુરુદેવનાં ચરણકમળમાં ભ્રમર બને છે...૭૯

★ **તપાગચ્છાધિપતિશ્રી આ. શ્રી પ્રેમસૂરિ મ.સા.**એ તેમને (હંસરત્નવિજયજીને) આ રીતે તપનો ભંડાર જાણીને **''દિવ્ય તપસ્વી''** એ પદવી આપી...૮૦

★ અહીં બે સાત (સાતમો રાજલોક અને સાતમું ગુણસ્થાનક)થી હે પ્રભુ ! મને પ્રશસ્ય એવા બે ચૌદ (ચૌદમો રાજલોક અને ચૌદમું ગુણસ્થાનક) હાસ્યાદિને હરનાર આ સાતમા પક્ષનાં પ્રભાવથી પ્રાપ્ત થાઓ...૮૧

**॥ સાતમો પક્ષ સમાપ્ત ॥**








# यन्त्रकाव्यम्

| | | | |
|---|---|---|---|
| ३० नगौश | १६ चाटु | १८ जपस् | ३६ तायी |
| १० नयोद् | ४४ भवो | ३३ ऽखर | २४ स्वरः । |
| ३२ रोग | १४ भय | २० नखि | ३४ द्विड्ड- |
| २८ हरश् | २६ चारु | ४० नभा | ०६ तनुः । |

नगौ[1]श्[2]चाटुजपस्तायी, नयोद्भवोऽखरस्वरः ।
रोगभयनखिद्विड्ड[3]-हरश्चारुनभातनुः[4] ॥

★ આનંદ સહિતના મુખવાળા, સુંદર પ્રાર્થના કરનાર, રક્ષા કરનાર, નયનું ઉદ્‌ગમસ્થાન, મૃદુ સ્વરવાળા, રોગ-ભય-રાક્ષસ-શત્રુ અને ત્રાસને હરનાર, સુંદર રત્ન જેવી કાંતિમય છે શરીરવાળા. (તે આચાર્ય હંસરત્નસૂરિ છે.)

આ ૧૦૦ અંકનું યંત્ર છે. આમાં કટપયાદિ સંજ્ઞા દ્વારા શબ્દોનો ન્યાસ કરી શ્લોકની રચના કરવામાં આવી છે.

---

१. ''सानन्दे नम्'' - (७९) विश्वशम्भोरेकाक्षरनाममालायाम् ।
२. ''गौः... मुखेषु'' - (१३) परमानन्दस्यैकाक्षरीयप्रथमकाण्डे ।
३. ''डः... त्रासे'' - (३९) राघवस्यैक्षरकाण्डे ।
४. ''नः (पुं.) रत्ने'' - (पृ.२१५) शब्दस्तोममहानिधौ ।

# ।। अष्टमः पक्षः ।।

## ।। दिव्यतपस्विनस्तपोजपनयोः प्रमाणम् ।।

सञ्ज्ञालेश्याकषायाऽऽकृतिविकृतिवपुर्नामसंस्थानपीडा-
-वाचःकर्मानुभागस्थितिप्रकृतिदलं नास्ति येषां स्फुटं रे ।
ते सिद्धाः सिद्धये स्युस्त्रिभुवनतिलकास्तैः सहैषोऽपि सर्गो
यावच्चन्द्रार्यमाणौ, कविकुलदयितो, ह्यष्टमोऽरिष्टसूदः ।।१।। स्रग्धरा ।।

अथ वक्ष्यामि श्रीहंसरत्नगुरोस्तपांस्यहम् ।
पठ्यतां तानि भावेन, येन स्याद् हृच्चमत्कृतिः ।।२।।

द्वे वर्षितपसी साष्टशतानशनसत्तपः ।
अष्टषष्ट्युपवासानां, तपो जापपुरस्सरम् ।।३।।

चत्वार्यन्यानि पूर्वोक्ताद्, मृत्युञ्जयतपांसि तु ।
द्वात्रिंशदुपवासा द्विः, कृताः पूर्वोदितेतराः ।।४।।

पूर्वकथितभिन्नैकत्रिंशदुपोषितानि तु ।
किं विहितानि सिद्धानां, गुणानामाप्तये किल ? ।।५।।

षोडशोपोषितान्येष, द्विवारं कृतवान् महान् ।
एकवारं तपो दीर्घं, नवत्युपोषिताऽऽत्मकम् ।।६।।










# ॥ આઠમો પક્ષ ॥

## ॥ દિવ્યતપસ્વીનો તપ અને જપ ॥

★ સંજ્ઞા, લેશ્યા, કષાય, આકાર, વિકાર, શરીર, નામ, સંસ્થાન, પીડા, વાણી, કર્મનાં પ્રકૃતિ-સ્થિતિ-રસ-પ્રદેશ આ જેઓને નથી તે ત્રણ ભુવનનાં તિલકસમાં સિદ્ધ ભગવંતો અને તેઓની સાથે પાપોનો નાશ કરનાર, કવિ સમૂહને પ્રિય આઠમો પક્ષ યાવચ્ચંદ્ર-દિવાકર સિદ્ધિ માટે થાઓ...૧

★ હવે હું પૂજ્ય પંન્યાસજી હંસરત્નવિજયજીના તપને કહીશ તે ભાવથી વાંચજો. જેથી હૃદય ચમત્કૃત થાય...૨

★ બે વરસીતપ, ૧૦૮ ઉપવાસ, જાપ સાથે ૬૮ ઉપવાસ...૩

★ જે પૂર્વે કહેવાયા તેથી જુદાં બીજા ૪ માસક્ષમણ અને પહેલા કહેવાયેલાથી જુદા બે વખતના ૩૨ ઉપવાસ...૪

★ જે પૂર્વે કહેવાયા તેથી જુદા ૩૧ ઉપવાસ શું સિદ્ધોની ગુણપ્રાપ્તિ માટે જ કરાયાં ?...૫

★ ૧૬ ઉપવાસ બે વાર અને ૯૦ ઉપવાસનો દીર્ઘ તપ એકવાર આ (દિવ્ય તપસ્વીએ) કર્યો...૬

विहिता उपवासाश्च, सूरिगुणमिताः सकृत् ।
सुपुण्यस्य इवाऽऽवासा, हासाद्युज्झनपूर्वकम् ॥७॥

त्रयोविंशतिसम्पृक्तशतोपोषितसत्तपः ।
विहितममुना जापपूर्वकं दान्तचेतसा ॥८॥

उपवासाः कृता एकनवतिसङ्ख्यकास्तथा ।
चत्वारिंशन्मितांश्चैष, कृतवानुपवासकान् ॥९॥

अकरोदुपवासांश्चाऽर्हदतिशयसम्मितान् ।
तथा चोपोषितान्यर्हद्वाणीगुणमितानि तु ॥१०॥

द्विकृत्वश्च त्रयस्त्रिंशदुपवासतपः कृतम् ।
पूर्वोक्तभिन्नमेतेनाखिन्नेन तपसोरुणा ॥११॥

उपवासास्तथैकोनचत्वारिंशन्मिताः कृताः ।
अष्टत्रिंशन्मिताः पञ्चचत्वारिंशन्मितास्तथा ॥१२॥





★ હાસ્ય વગેરેનાં ત્યાગપૂર્વક જાણે પુણ્યના આવાસ હોય એવા આચાર્યના ગુણ જેટલા (૩૬) ઉપવાસ તેમણે એક વખત કર્યા...૭

★ જાપ સાથે દાન્ત મનવાળા આમણે ૧૨૩ ઉપવાસની તપશ્ચર્યા કરી...૮

★ ૯૧ ઉપવાસ અને ૪૦ ઉપવાસ (તપસ્વીએ) કર્યા...૯

★ અરિહંતના અતિશય જેટલા (૩૪) અને અરિહંતની વાણીના ગુણ જેટલા (૩૫) ઉપવાસ આમણે કર્યા...૧૦

★ પૂર્વે કહેલાથી ભિન્ન ૩૩ ઉપવાસ તપથી મોટા અને ખેદ વિનાના એવા આ (તપસ્વી) વડે બે વાર કરાયા...૧૧

★ ૩૯ ઉપવાસ, ૩૮ ઉપવાસ તથા ૪૫ ઉપવાસ એમણે (તપસ્વીએ) કર્યા...૧૨





अकार्षीदुपवासास्तु, सप्तसप्ततिसम्मिताः ।
द्विषष्टिसम्मिताश्चैवं, द्वाविंशतिशताऽऽत्मकाः ॥१३॥

चतुःषष्टिमिताः पञ्चनवतिपरिमाणकाः ।
उपवासाः कृता एकपञ्चाशत्प्रमितास्तथा ॥१४॥

द्विपञ्चाशन्मितानि द्विचत्वारिंशन्मितानि च ।
अनशनानि दीर्घानि, विहितानि तपस्विना ॥१५॥

सप्तत्रिंशन्मिता हंसरत्नाऽऽह्वगुरुणाऽमुना ।
अक्रियन्तो उपवासाश्च, षट्चत्वारिंशदात्मकाः ॥१६॥

त्रिचत्वारिंशदङ्काश्च, सम[1]तप्तोपवासकाः ।
तथा च वेदसेनाङ्गसङ्ख्यका जपनान्विताः ॥१७॥

---

१. तपः कर्त्रनुतापे च ॥३/४/९१॥ सिद्धहेमशब्दानुशासनम् ।



★ ૭૭ ઉપવાસ, ૬૨ ઉપવાસ અને ૧૨૨ ઉપવાસ આ પ્રમાણે (તપ) એમણે (તપસ્વીએ) કર્યા...૧૩

★ ૬૪ ઉપવાસ, ૯૫ ઉપવાસ તથા ૫૧ ઉપવાસ આ (તપ) (તપસ્વીએ) કર્યા...૧૪

★ ૫૨ અને ૪૨ જેટલા દીર્ઘ ઉપવાસો તપસ્વી વડે કરાયાં...૧૫

★ આ પૂજ્ય પંન્યાસ શ્રી હંસરત્નવિજયજી દ્વારા ૩૭ અને ૪૬ જેટલા ઉપવાસો કરાયા...૧૬

★ ૪૩ જેટલા ઉપવાસ તથા જાપ સહિત ૪૪ ઉપવાસ (તપસ્વી વડે) કરાયા...૧૭




# ગુણરત્ન સંવત્સર તપ

## (गुणरत्नसंवत्सरतपः)

एतेषां तपसां मध्ये, हारमध्यस्थरत्नवत् ।
अतप्यत तपो दिव्यं, श्रीमद्दिव्यतपोधनः ॥१८॥

दिनमानं तपस्यस्मिन्, सनवति चतुःशतम् ।
मन्ये तपोऽद्रिमालायां, सर्वोत्तुङ्गतपोऽचलः ॥१९॥

त्रयोविंशतिसम्पृक्तचतुःशतदिनेषु तु ।
अनशनानि कार्याणि, विदधता तपस्त्विदम् ॥२०॥

सप्तषष्टिदिनान्येव, रे ! पारणाय केवलम् ।
अस्मिन् तपसि लभ्यन्त, उत्कृष्टतस्तपस्विनः ॥२१॥

प्रत्याख्यानं चतुर्भक्तसत्कं मासे किलाऽऽदिमे ।
कृत्वा पारणकं मध्ये, दिनान्तरेण गृह्यते ॥२२॥

गृह्यते षष्ठभक्तस्य प्रत्याख्यानं तपस्विना ।
मध्ये पारणकं कृत्वा, द्वितीयमासके खलु ॥२३॥

उपोषितानि जायन्ते, मासे मासे किलाऽधिका ।
एकैकशः क्रमेणैवं, यावत्षोडशमासकम् ॥२४॥





## (ગુણરત્નસંવત્સર તપ)

★ આ બધા તપ વચ્ચે, હારની વચ્ચે રહેલા રત્ન જેવો એક દિવ્યતપ શ્રીદિવ્ય તપસ્વીએ તપ્યો...૧૮

★ આ તપ ૪૯૦ દિવસનો છે. તપની પર્વતમાળામાં આ સર્વોચ્ચ તપ છે એમ હું માનું છું...૧૯

★ આ તપ કરનારે ૪૨૩ દિવસોમાં ઉપવાસ કરવાના હોય છે...૨૦



★ અરે ! આ તપમાં તપસ્વીને વધુમાં વધુ ૬૭ દિવસ જ પારણાં માટે મળે...૨૧

★ પહેલા મહિને વચ્ચે પારણું (બિયાસણું) કરી એકાન્તરે ઉપવાસનું પચ્ચક્ખાણ ગ્રહણ કરાય છે...૨૨

★ બીજા મહિને વચ્ચે પારણું (બિયાસણું) કરી છટ્ઠનું પચ્ચક્ખાણ લેવાય છે...૨૩

★ આ પ્રમાણે ૧૬ મહિના સુધી ક્રમશઃ દરેક મહિને ૧-૧ ઉપવાસ વધે છે...૨૪

हंसरत्नः स पन्न्यास, आरब्धवानिदं तपः ।
भिन्ते दुर्भेद्यकर्माणि, साधुर्दुःसाध्यकर्मणा ॥२५॥

आसन्नस्वतपःपूर्तौ, प्रत्याख्यानानि सोऽग्रहीत् ।
विविधसूरिवक्त्राब्जनिःसृतानि क्रमेण तु ॥२६॥

चतुर्दशोपवासानां, प्रत्याख्यानं गृहीतवान् ।
तपागच्छेशितुः **प्रेमसूरे**र्मुखात् किलाऽऽदिमम् ॥२७॥

तेषां द्वितीयवारस्य, प्रत्याख्यानं समात्तवान् ।
**प्रशान्तमूर्तिराजेन्द्रसूरि**मुखाब्जनिःसृतम् ॥२८॥

पञ्चदशोपवासानामाद्यवारस्य सोऽग्रहीत् ।
प्रत्याख्यानं **चन्द्राननसागरसूरि**सन्निधौ ॥२९॥

तेषां द्वितीयवारस्य प्रत्याख्यानं समग्रहीत् ।
**राजयश**ाभिधाऽऽचार्यसन्निधौ स तपोनिधिः ॥३०॥



★ તે પંન્યાસ હંસરત્નવિજયજીએ આ તપનો આરંભ કર્યો. સાધુ દુઃસાધ્ય એવાં કૃત્યો દ્વારા દુર્ભેદ્ય એવા કર્મોને ભેદે છે...૨૫

★ તપની સમાપ્તિ જ્યારે નિકટ હતી ત્યારે તેમણે ક્રમે કરીને અલગ-અલગ આચાર્ય ભગવંતોનાં મુખે પચ્ચક્ખાણ લીધાં...૨૬

★ (૧૪મા મહિનાનું) પહેલું ૧૪ ઉપવાસનું પચ્ચક્ખાણ તેમણે **તપાગચ્છાધિપતિ આ.ભ.શ્રી. વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા.**નાં મુખેથી લીધું...૨૭

★ બીજું ૧૪ ઉપવાસનું પચ્ચક્ખાણ **પ્રશાંતમૂર્તિ (વર્તમાનમાં ગચ્છાધિપતિ) આ.ભ. શ્રીમદ્ વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.**નાં મુખેથી લીધું...૨૮

★ (પંદરમાં મહિનાનું) પહેલું ૧૫ ઉપવાસનું પચ્ચક્ખાણ તેમણે **આ.વિ. ચંદ્રાનનસાગરસૂરિજી મ.સા.**નાં સાંન્નિધ્યમાં લીધું...૨૯

★ બીજું ૧૫ ઉપવાસનું પચ્ચક્ખાણ તે તપસ્વીએ **(વર્તમાનમાં ગચ્છાધિપતિ) આ. રાજયશસૂરિજી મ.સા.**નાં સાંન્નિધ્યમાં લીધું...૩૦





षोडशोपोषितानां स, आद्यवारस्य लब्धवान् ।
प्रत्याख्यानं **सदाचार्यजगवल्लभ**सन्निधौ ॥३१॥

प्रत्याख्यानं समादातुं, चरमं तपसोऽथ सः ।
**रत्नसुन्दरसूरीन्द्र**सन्निधानं समव्रजत् ॥३२॥

रत्नसुन्दरसूरिस्तु, ज्येष्ठोऽपि रे ! तपस्विनः ।
वर्धापनाय भावेन, मादुङ्गायां पुरोऽव्रजत् ॥३३॥

दूरत एव दृष्ट्वा तं, हंसरत्नतपस्विनम् ।
रत्नसुन्दरसूरेस्तु सपया दृगभूदहो ! ॥३४॥

प्राञ्जालान्तर आलिङ्ग्य, दत्त्वा तस्मै शुभाशिषम् ।
तपस्विना समं सङ्घे, मादुङ्गाऽऽह्वे समागतः ॥३५॥

तपसोऽस्यान्तिमे मासे, त्यक्त्वा पारणकं निजम् ।
कृतास्तेन त्रयस्त्रिंशदुपवासास्तपस्विना ॥३६॥



★ (સોળમાં મહિનાનું) પહેલું ૧૬ ઉપવાસનું પચ્ચક્ખાણ તેમણે **આ.ભ. શ્રીમદ્ વિજય જગવલ્લભસૂરિજી મ.સા.**નાં સાંન્નિધ્યમાં લીધું...૩૧

★ અને હવે તપનું છેલ્લું (૧૬ ઉપવાસનું) પચ્ચક્ખાણ લેવા તેઓ **આ.ભ. શ્રીમદ્ વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મ.સા.**નાં સાંન્નિધ્યમાં ગયાં...૩૨

★ અરે ! માટુંગામાં આ.વિ. રત્નસુંદરસૂરીશ્વરજી મ.સા. વડિલ હોવા છતાં તે તપસ્વીને ભાવથી વધાવવાં સામે ગયાં...૩૩

★ તે તપસ્વી પંન્યાસ શ્રી હંસરત્નવિજયજીને દૂરથી જ જોઈને આ.વિ. રત્નસુંદરસૂરિજીની આંખો આંસુથી છલકાઈ ગઈ...૩૪

★ નિષ્કપટ અંતરવાળા તેમને (તપસ્વીને) ભાવથી ભેટીને તથા તેમને શુભ આશિષ આપીને તે તપસ્વી સાથે માટુંગાશ્રી સંઘમાં પધાર્યાં...૩૫

★ આ તપનાં છેલ્લા મહિનામાં પોતાનું પારણું છોડી તપસ્વીએ ૩૩ ઉપવાસ કર્યા...૩૬





तदा चाश्विनमासस्य, प्रारब्धा शश्वदोलिका ।
साधना सिद्धचक्रस्य, कृता तेनाप्रमादिना ॥३७॥

''अहो ! सुविधिना दत्ते प्रदक्षिणां मुहुर्मुहुः ।
उत्थानपूर्वकं चाहो !, क्षमाश्रमणकान्यपि ॥३८॥

अहो ! प्रमादनिर्मुक्तमस्य तापस्यमीदृशम् ।''
तपस्विनो गुणानेवं, श्लाघन्ते सज्जना मिथः ॥३९॥ युग्मम् ॥

कृतो मुम्बापुरीसत्कहीरकाऽऽपणसङ्कुले ।
कृत्स्नमुम्बापुरीसङ्घैः, पारणकमहोत्सवः ॥४०॥

भक्तानां मण्डपे तत्राऽऽसीत्पञ्चाशत्सहस्रकम् ।
द्विशतं साधुसाध्वीनामाचार्याणां च विंशतिः ॥४१॥

श्रीमहाराष्ट्रराज्यस्य, मुख्यमन्त्री समागतः ।
भक्तिनिर्भरहृत्तत्र, दर्शनार्थं तपस्विनः ॥४२॥



★ ત્યારે (છેલ્લા મહિને) આસો મહિનાની શાશ્વતી ઓળી શરૂ થઈ અને તેઓશ્રી (તપસ્વી) વડે પ્રમાદ વિનાના થઈને સિદ્ધચક્રની સાધના કરાઈ...૩૭

★ "અહો ! આ (તપસ્વી) વિધિપૂર્વક વારંવાર પ્રદક્ષિણા આપે છે અને અહો ! ખમાસમણા પણ ઊભા-ઊભા આપે છે...૩૮

★ અહો ! આમની (તપસ્વીની) તપસ્યા પ્રમાદ વગરની છે" આ પ્રમાણે લોકો પરસ્પર તપસ્વીના ગુણોની પ્રશંસા કરે છે...૩૯

★ મુંબઈનાં ડાયમન્ડ બજાર (BKC) મુકામે સમસ્ત મુંબઈ સંઘ દ્વારા (તેમનાં) પારણાનો મહોત્સવ કરાયો...૪૦

★ ત્યાં મંડપમાં ૫૦ હજાર જેટલા ભક્તો હતા, ૨૦૦ જેટલા સાધુ-સાધ્વીજી ભગવંતો અને ૨૦ જેટલા આચાર્ય ભગવંતો હતા...૪૧

★ ભક્તિથી ભરાયેલ હૃદયવાળા મહારાષ્ટ્રના (તત્કાલીન) મુખ્યમંત્રી (**મા. દેવેન્દ્ર ફડણવીસ**) તપસ્વીનાં દર્શન માટે ત્યા આવ્યાં...૪૨



एवमासीद् महोत्साहः, सर्वेषां तन्महोत्सवे ।
स्यात्फलमप्यसामान्यमसामान्यपरिश्रमात् ।।४३।।

गुणरत्नसंवत्सरतपसोऽस्य विधायिनः ।
प्रासार्सीत् सुयशो दिक्षु, महौजसस्तपस्विनः ।।४४।।

स्वयात्राऽऽत्तमहीमानं, महिमानं तपस्विनः ।
कोऽस्ति वर्णयितुं शक्तो ? वागतीतं विपश्चिताम् ।।४५।।

एवं स पूज्यमानोऽपि, जनैर्यातो न दृप्तताम् ।
साम्यमालम्ब्य निर्ग्रन्थो, निस्तरङ्गः स्थितः सदा ।।४६।।

स्वरूपाऽऽनन्दसंलीनो, न भेजे स विभावताम् ।
जनन्यङ्कस्थबालस्य, पल्यङ्के स्यात्कियान् रसः ? ।।४७।।

''सुतप्तं तपो ध्यातमर्हत्स्वरूपं
धृतं धैर्यमास्वादितं ज्ञानपेयम् ।
परं सम्परायं द्वितीयं भजेयं
ततः किम् ? ततः किम् ? ततः किम् ? ततः किम् ?'' ।।४८।। भुजङ्गप्रयातम् ।।





* આ પ્રમાણે તે મહોત્સવમાં સહુને મોટો ઉત્સાહ હતો. અસામાન્ય પરિશ્રમથી ફળ પણ અસમાન્ય પ્રાપ્ત થાય...૪૩

* ગુણરત્નસંવત્સર તપ કરનાર, મોટી ઊર્જાવાળા આ તપસ્વીનો યશ ચારે દિશામાં ફેલાયો...૪૪

* પોતાની યાત્રાથી જેણે પૃથ્વીનું માપ મેળવી લીધું છે, વળી વિદ્વાનોને પણ જે વચનાતીત છે તેવી તપસ્વીની મહિમાને વર્ણવવાં કોણ સમર્થ છે ?...૪૫

* આ પ્રમાણે લોકો વડે પૂજાતા તેઓ (તપસ્વી) અહંકારને ન પામ્યા, સમતાનો અવલંબી સદા તેઓ નિર્ગ્રંથ અને નિસ્તરંગ રહ્યા...૪૬

* સ્વરૂપના આનંદમાં લીન એવા તેઓ વિભાવદશાને ન પામ્યા. માઁનાં ખોળે રહેલા બાળકને પલંગને વિશે કેટલો રસ હોય ?...૪૭

* તપ કર્યો, અરિહંતના સ્વરૂપનું ધ્યાન કર્યું, ધૈર્ય ધારણ કર્યું અને જ્ઞાનનો રસ પીધો છતાં જો હું બીજા કષાય (માન)ને ભજું છું તો એ તપ, ધ્યાન, ધૈર્ય અને જ્ઞાન વડે શું ? (અર્થાત્ તે બધુ નિરર્થક છે.)...૪૮



विभाव्यैवं न जातः स, दर्पसर्पात्प्रपीडितः ।
भावधर्मबलात्तेन, विहिता कार्मनिर्जरा ॥४९॥

एवं हि द्व्यधिकाशीतिवारं कृतं तपस्विना ।
मृत्युञ्जयतपो जन्मजरामृत्युविनाशनम् ॥५०॥

अष्टषष्टिशतेष्वस्याऽहःसु दिव्यतपस्विनः ।
उपवासाश्चतुस्त्रिंशच्छतमिताः किलाऽभवन् ॥५१॥

[2]तपसा भावयन् स्वं तु, धर्मबीजं च रोपयन् ।
अगोपयञ्जिनेन्द्राऽऽज्ञामाश्रवं लोपयंस्तथा ॥५२॥

अपकारिषु साम्येशोऽकुप्यन् स तपसां निधिः ।
अष्टप्रभावकेष्वार्योऽभूत्पञ्चमप्रभावकः ॥५३॥ युग्मम् ॥

## (सूरिपदाऽऽरोहणम्)

अथ सूरिपदं दातुमादिदिशे गणाधिपः ।
सुविनीताय पन्न्यासहंसरत्नतपस्विने ॥५४॥

---

૨. તપ ગુણ ઓપે રે ! રોપે ધર્મને, ગોપે નવિ જિનઆણ,
આશ્રવ લોપે રે ! નવિ કોપે કદા, પંચમ તપસી તે જાણ...૩૨
"સમકિતના સડસઠ બોલની સજ્ઝાય"

★ આ પ્રમાણે ભાવના કરી તેઓ (તપસ્વી) અભિમાનના સાપથી ન પીડાયા અને ભાવધર્મનાં બળે તેઓએ કર્મનિર્જરા કરી...૪૯

★ આ પ્રમાણે આ તપસ્વી વડે જન્મ-જરા અને મૃત્યુનો નાશ કરનાર માસક્ષમણ તપ ૮૨ વાર કરાયો...૫૦

★ ૬૮૦૦ દિવસોમાં આ દિવ્ય તપસ્વીનાં ૩૪૦૦ ઉપવાસ થયાં...૫૧

★ તપથી આત્માને ભાવિત કરતા, ધર્મબીજનું આરોપણ કરતાં, જિનાજ્ઞાને નહીં ગોપાવતા, આશ્રવને લોપતા, અપકારીને વિશે કોપ ન કરતા એવા સામ્યના સ્વામી તપસ્વી (પંન્યાસ હંસરત્નવિજયજી) આઠ પ્રભાવકોમાં પાંચમાં ક્રમાંકના પ્રભાવક (તપ પ્રભાવક) થયા...૫૨-૫૩

**(સૂરિપદે આરૂઢ થયા)**

★ હવે સુવિનીત તપસ્વી પંન્યાસ હંસરત્નવિજયજીને આચાર્યપદ આપવા માટે ગચ્છાધિપતિશ્રી (સિદ્ધાંતદિવાકર સ્વ. શ્રી જયઘોષસૂરીશ્વરજી મહારાજા)એ આદેશ કર્યો...૫૪





कृतं द्वितीयवारस्य, साशीतिशतसत्तपः ।
मुम्बापुर्यामभूत्तस्य, पारणकमहोत्सवः ॥५५॥

वैक्रमेऽर्थाश्वखौष्ठेऽब्दे (२०७४), ज्येष्ठकृष्णाऽष्टमीदिने ।
**सोऽशोकसागरा**ऽऽदीनां, सूरीणां सन्निधावभूत् ॥५६॥

सूरिपदोत्सवस्तस्य, तदनन्तरवासरे ।
**जगवल्लभसूर्या**दिसन्निधावभवद् मुदा ॥५७॥

ललाटे तिलकं कण्ठे, कण्ठिकाऽङ्गुलिषूर्मिकाः ।
कर्णयोः कुण्डले कम्रे, करयोः करभूषणे ॥५८॥

हृदयं शुभभावानामलङ्कारैरलङ्कृतम् ।
हंसरत्नो रेज एवं, बाह्याभ्यन्तरभूषणैः ॥५९॥ युग्मम् ॥

यथा पुष्पन्धयः पुष्पे, विशति पुष्पजाऽऽप्तये ।
सूरिमन्त्रस्तथा विष्टो, हंसरत्नस्य कर्णके ॥६०॥











★ તેમણે બીજી વારનો ૧૮૦ ઉપવાસનો તપ કર્યો અને તેનો પારણા મહોત્સવ મુંબઈમાં થયો...૫૫

★ વિક્રમ સંવત ૨૦૭૪, જેઠ વદ ૮ના દિવસે તે પારણાં મહોત્સવ **આ.વિ. અશોકસાગરસૂરિજી મ.** વગેરે આચાર્યોના સાંન્નિધ્યમાં થયો...૫૬

★ તેના બીજા જ દિવસે (અર્થાત્ જેઠ વદ ૯) **આ.વિ. જગવલ્લભસૂરિજી મ.** વગેરેની નિશ્રામાં આનંદપૂર્વક તેમનો (તપસ્વીનો) સૂરિ પદોત્સવ થયો...૫૭

★ કપાળે તિલક, કંઠમાં કંઠાભરણ, આંગળીઓમાં અંગૂઠીઓ, કાનમાં કુંડલ અને હાથમાં સુંદર હસ્તભૂષણ (ચંદનથી કરેલા), તથા શુભભાવોના અલંકારોથી અલંકૃત હૃદય- આ પ્રમાણે બાહ્ય અને આભ્યંતર ભૂષણોથી પૂજ્ય પંન્યાસ હંસરત્નવિજયજી શોભ્યા...૫૮-૫૯ (બે શ્લોકોનો સમૂહ)

★ જેમ પરાગની પ્રાપ્તિ માટે ભમરો પુષ્પમાં પ્રવેશે તેમ સૂરિમંત્ર પૂ. પંન્યાસ હંસરત્નવિજયજીના કાનમાં પ્રવેશ્યો...૬૦



श्रीसूरिमन्त्रसत्पट्टं, हंसरत्नाय प्राददुः ।
ज्येष्ठाऽऽचार्यास्तथा बन्धुस्तत्त्वदर्शनसूरिराट् ॥६१॥



जापार्थं सूरिमन्त्रस्य, दत्ता च जपमालिका ।
**आचार्यहंसरत्नाद्यसूरी**त्युद्घोषिताऽभिधा ॥६२॥

### (पञ्चप्रस्थानाऽऽराधना)

प्राप्य सूरिपदं सूरिहंसरत्नोऽकरोदहो ! ।
वीर्योल्लासयुतो वर्यपञ्चप्रस्थानसाधनाम् ॥६३॥

विद्यापीठे सती हृद्या, ध्याता तेन सरस्वती ।
वीणापाणिः कलावृन्दधारिणी भवतारिणी ॥६४॥

ततो ध्याता महाविद्यापीठे महापराक्रमा ।
श्रीत्रिभुवनस्वामिनी, शासनरिपुदारिणी ॥६५॥

ततो ध्यातोपविद्यात्मपीठे समृद्धिकारिणी ।
श्रीदेवी मेघवर्णीयमितङ्गमद्वयार्चिता ॥६६॥







★ વડીલ આચાર્ય ભગવંતોએ તથા તેમના (તપસ્વીનાં) નાનાભાઈ આ. તત્ત્વદર્શનસૂરિજીએ પૂજ્ય પંન્યાસ હંસરત્નવિજયજીને સૂરિમંત્રનો પટ્ટ આપ્યો...૬૧

★ જાપ માટે તેમને (તપસ્વીને) જાપની માળા અપાઈ અને **આચાર્ય વિજય હંસરત્નસૂરિ** એવું તેમનું નામ ઉદ્‌ઘોષિત થયું...૬૨

**(પંચ પ્રસ્થાનની આરાધના)**

★ અહો ! આચાર્ય પદવી પામી વીર્યોલ્લાસથી યુક્ત આ.વિ. હંસરત્નસૂરિજીએ સુંદર એવી પંચ-પ્રસ્થાનની આરાધના કરી...૬૩

★ તેમના વડે વિદ્યા પીઠે સુંદર, વીણા છે હાથમાં જેને તેવી કલાવૃન્દને ધારણ કરનારી, ભવથી તારનારી સરસ્વતી દેવીનું ધ્યાન કરાયું...૬૪

★ પછી મહાવિદ્યાપીઠે મહાપરાક્રમવાળી, શાસનના દુશ્મનોને વિદારનારી ત્રિભુવનસ્વામિનીદેવીનું ધ્યાન કરાયું...૬૫

★ તે પછી ઉપવિદ્યાપીઠે સમૃદ્ધિ કરનારી, મેઘવર્ણવાળા બે હાથી થી અર્ચિત શ્રીદેવીનું ધ્યાન કરાયું...૬૬




मन्त्रपीठे ततो ध्यातो, यक्षेन्द्रगणिपिट्टकः ।
आगमरक्षणे दक्षः, कक्षीकृताऽऽर्हतश्रुतः ॥६७॥

श्रीमन्त्रराजपीठेऽन्ते, ध्यातो लब्धिमहानिधिः ।
गौतमगणभृद् वीरविनेयो विनयान्वितः ॥६८॥

विनाऽन्तरालमाराद्धमेवं प्रस्थानपञ्चकम् ।
सूरिणा हंसरत्नेन, सर्वमुपोषितैः समम् ॥६९॥

त्रिंशत्सहस्रसम्पृक्तलक्षमितो हि सूरिणा ।
सूरिमन्त्रस्य भूरिश्रीप्रदस्याऽकारि सज्जपः ॥७०॥

## (सूरीणां जपनप्रमाणम्)

श्रीनमिऊणपार्श्वेशमन्त्रस्य सुजपं तथा ।
व्यघात् स सद्गुरुः सप्तत्रिंशल्लक्षमितं वरम् ॥७१॥

श्रीनमस्कारमन्त्रस्य जपस्तेन कृतः शुभः ।
सूरिणा हंसरत्नेन धरार्थ(४१)लक्षसम्मितः ॥७२॥





★ તે પછી મંત્રપીઠે જે આગમનની રક્ષા કરવામાં કુશળ છે, જેણે અરિહંતનું શ્રુત સ્વીકાર્યું છે તે યક્ષેન્દ્ર ગણિપિટ્ટકનું ધ્યાન કરાયું...૬૭

★ અને છેલ્લે મંત્રરાજ પીઠે, લબ્ધિનાં ભંડાર, વીરના શિષ્ય, વિનયથી યુક્ત એવા ગૌતમ ગણધરનું ધ્યાન કરાયું...૬૮

★ આ પ્રમાણે સળંગ પાંચ પ્રસ્થાન આ. હંસરત્નસૂરિએ સંપૂર્ણ ઉપવાસ સાથે આરાધ્યાં...૬૯

★ અત્યંત કલ્યાણ કરનાર સૂરિમંત્રનો ૧ લાખ ૩૦ હજાર જેટલો જાપ તે આચાર્ય વિજય હંસરત્નસૂરિજી વડે કરાયો...૭૦

**(સૂરિદેવે કરેલા જાપનું પ્રમાણ)**

★ તથા તેમના (તપસ્વી) વડે નમિઊણ પાર્શ્વનાથ મન્ત્રનો ૩૭ લાખ જેટલો જાપ કરાયો...૭૧

★ નવકારનો શુભ જાપ તે તપસ્વી આ.વિ. હંસરત્નસૂરિ વડે ૪૧ લાખ જેટલો કરાયો...૭૨








प्रतिनिशं करोत्यष्टाधिकशतमितं जपम् ।
स आविंशतिवर्षेभ्योऽद्यापि नामस्तवस्य तु ॥७३॥

श्रीमहाराष्ट्रदेशस्य, साङ्गलीनगरेऽकरोत् ।
सूरिस्तृतीयवारस्य साशीतिशतसत्तपः ॥७४॥

एवमभ्राजताऽऽचार्यः, सम्यग्जपतपःश्रिया ।
जिनशासनसाम्राज्ये, राजेव शक्रपूजिते ॥७५॥

भक्त्युल्लसितचित्तेन, दूरादेव विलोक्य तम् ।
सम्बोधन्ते मुदा भक्ता, बोधिप्रदमृषीश्वरम् ॥७६॥

तद्यथा-
आत्तांहोविजयानन्द !, प्रेमभानो ! सुविक्रम ! ।
मुनिचन्द्र ! कलापूर्ण !, पुण्यपाल ! महाबल ! ॥७७॥

तपःसाम्राज्यराजेन्द्र ! गुणरत्नमहोदधे ! ।
गुणैषिभ्रमराऽऽराम ! धर्मसूर्योदयोपम ! ॥७८॥



★ વીશ વરસથી આજ દિન સુધી રોજ રાત્રે તેઓશ્રી ૧૦૮ લોગસ્સનો જાપ કરે છે...૭૩

★ મહારાષ્ટ્ર સાંગલી નગરમાં તે આચાર્ય વિજય હંસરત્નસૂરિજીને ત્રીજી વખતના ૧૮૦ ઉપવાસ કર્યા...૭૪

★ આ પ્રમાણે તે આચાર્ય ભગવંત ઈન્દ્રથી પૂજિત જિનશાસનના સામ્રાજ્યમાં સમ્યક્ જાપ અને તપની લક્ષ્મીથી રાજાની જેમ શોભ્યા...૭૫

★ અહીં ભક્તિથી ઉલ્લાસ પામતા ચિત્ત વડે ભક્તો દૂરથી જ બોધિને આપનાર તે આચાર્ય ભગવંતને જોઈને આનંદથી સંબોધે છે...૭૬

★ તે આ પ્રમાણે - હે પાપ પરના વિજયનો આનંદ પામી ચૂકેલા ! પ્રેમના સૂર્ય ! સુંદર પરાક્રમવાળા ! મુનિઓમાં ચંદ્ર ! કલાઓથી પૂર્ણ પુણ્યનું પાલન કરનાર ! મોટાં બળવાળા !...૭૭

★ તપરૂપી સામ્રાજ્યનાં મહારાજા ! ગુણરૂપી રત્નો માટે સાગર સમાન ! ગુણકાંક્ષી ભ્રમરો માટે બગીચા સમાન ! ધર્મરૂપી સૂર્યના ઉદય જેવા !...૭૮

भद्रङ्कर ! यशोरत्नाऽधर्मजिद् ! मुक्तिवल्लभ ! ।
भव्यकुमुदचन्द्राऽऽत्मदर्शनशुद्धिकारक ! ॥७९॥

लब्धिसिद्धिकराऽऽनन्दवर्धनाभयशेखर ! ।
सङ्घसरोमहापद्म ! नररत्न ! गुणोदय ! ॥८०॥

चन्द्रानन ! महाबोधे ! श्रमणचन्द्र ! भक्तिमन् ! ।
युगभूषण ! विज्ञानवारिधे ! भव्यदर्शन ! ॥८१॥

कल्पजय ! जगच्चन्द्र ! मोक्षरते ! महोदय ! ।
ज्ञानविमल ! लावण्यपूर्ण ! हृदयवल्लभ ! ॥८२॥

विस्तीर्णनिजतापस्यजयघोष ! जितेन्द्रिय ! ।
जिनचन्द्रेक्षणेनोच्चैः प्रवर्धमानसागर ! ॥८३॥

शासनमानसे राजहंस ! सद्धर्मरक्षित ! ।
धर्मधुरन्धर ! ज्ञानप्रमुखाऽऽत्मत्रिलोचन ! ॥८४॥



★ હે કલ્યાણને કરનાર ! યશરૂપી રત્નવાળાં ! અધર્મને જિતનાર ! મુક્તિ છે પ્રિય જેમને તેવા ! ભવ્યરૂપી ચંદ્રવિકાસી કમળ માટે ચંદ્રસમા ! આત્મા અને દર્શનની શુદ્ધિ કરાવનાર !...૭૯

★ લબ્ધિ અને સિદ્ધિને કરનાર ! આનંદ વધારનાર ! અભય (= સાધુઓ)માં શ્રેષ્ઠ ! સંઘરૂપી સરોવરના મોટા કમળ જેવા ! મનુષ્યોમાં રત્ન ! ગુણના ઉદયસમા !....૮૦

★ ચંદ્ર જેવા મુખવાળા ! મહાન સમકિતવાળા ! મુનિઓમાં ચંદ્રસમાન ! ભક્તિવાળા ! યુગનાં ભૂષણ ! જ્ઞાનના સાગર ! ભવ્ય છે દર્શન જેમનું તેવા !...૮૧

★ નિયમોને વિશે જય પામનાર ! જગતનાં ચંદ્રસમાન ! મોક્ષની રતિવાળા ! મોટા ઉદયવાળાં ! જ્ઞાનથી નિર્મળ ! લાવણ્યથી પૂર્ણ ! (ભક્તોનાં) હૃદયને પ્રિય !...૮૨

★પોતાના તપનો જયઘોષ જેમનો વિસ્તૃત છે તેવા ! જિતેન્દ્રિય ! જિનેશ્વરરૂપી ચંદ્રને જોવાથી જેઓ અત્યંત વધતા (ઊછળતા) સાગર જેવા છે તે !...૮૩

★ શાસનરૂપી માનસરોવરમાં રહેલા રાજહંસ ! સદ્ધર્મથી રક્ષિત ! ધર્મની ધુરાને ધારણ કરનાર ! જ્ઞાન વગેરે રૂપ ત્રણ ચક્ષુવાળા !...૮૪



सुप्तभव्यारविन्दालिप्रबोधचन्द्र ! नीतिमन् ! ।
विश्वरत्न ! चिदानन्दनिमग्न ! तत्त्वदर्शन ! ॥८५॥

निर्निदान ! गुरो ! वीर ! सुमनोहरकीर्तिभाक् ! ।
ॐकारपदसद्ध्यातो ! रे हंस ! रत्नसुन्दर ! ॥८६॥

एवं सम्बोधनैर्भक्ताः सम्बुध्य नन्दयन्ति तम् ।
सोऽप्युदञ्चितहस्ताभ्यां, भक्तेभ्यो दत्त आशिषम् ॥८७॥

नाऽऽशिषं केवलं दत्ते, श्रावयति परं शुभम् ।
आक्षेपिण्यादिभिश्चारु, तेभ्यो हितोपदेशनम् ॥८८॥

## (सूरीणामुपदेशः)
## (निम्नोक्ता अष्टश्लोका आशावारीरागेण गीयन्ते)

भव्यजना ! भवभ्रमणप्रपञ्चं,
शृणुतोत्तमकुलजा ! जिनकथितम् ।
महति नगरेऽनामुखानन्ते,
भ्राम्यति जीवोऽलब्धपर्यन्ते...॥८९॥

विषयकदन्नविमूर्च्छितचित्त-
स्त्यजति स समताऽमृतमतिरम्यम् ।
मिथ्यामतिजर्जरवसनाऽऽवृत-
जीवो भजति द्रमकौपम्यम्...॥९०॥



★ સૂતેલા ભવ્યજીવો રૂપી ચંદ્રવિકાસી કમળના સમૂહને જગાડવા માટે ચંદ્ર સમાન ! નીતિવાળા ! વિશ્વનાં રત્નસમાન ! જ્ઞાનના આનંદમાં મગ્ન ! તત્ત્વને જોનાર !...૮૫

★ નિયાણા વગરના ! વીર ! મનોહર કીર્તિને ભોગવનાર ! ૐકાર પદનું ધ્યાન ધરનાર ! રત્ન જેવા સુંદર ! ગુરુદેવ હંસરત્નસૂરિજી !...૮૬

★ આ પ્રમાણે ઘણા સંબોધનો દ્વારા ભક્તો તેમને (તપસ્વીને) સંબોધીને ખુશ કરે છે અને તેઓ (તપસ્વી) પણ ભક્તોને હાથ ઊંચા કરી આશિષ આપે છે...૮૭

★ માત્ર આશીર્વાદ જ નથી આપતા પણ આક્ષેપિણી વગેરેથી સુંદર શુભ હિતોપદેશ પણ સંભળાવે છે...૮૮

## (સૂરિભગવંતનો ઉપદેશ)

★ હે ઉત્તમકુલથી ઉત્પન્ન થયેલા ભવ્યજીવો ! જિનેશ્વર પ્રભુએ કહેલા ભવભ્રમણના પ્રપંચને સાંભળો. અનાદિ-અનંત એવા અલબ્ધ પર્યન્ત નામના નગરમાં (= સંસારમાં) જીવ ભમે છે...૮૯

★ વિષયરૂપી ખરાબ ભોજનથી મૂર્ચ્છિત છે ચિત્ત જેનું એવો તે જીવ અતિરમ્ય એવા સમતારૂપી અમૃતને છોડી દે છે. મિથ્યામતિ નામનાં જીર્ણ વસ્ત્રથી વીંટળાયેલો જીવ એ દ્રમક (ભિખારી)ની ઉપમા પામે છે...૯૦

सञ्ज्ञाडिम्भा यष्टिप्रहारं,
कुर्वन्ति तस्योपरि हन्त ! ।
गतिषु भ्रमतो भोगविलिप्सोः,
सन्ति शरण्याः केऽपि न सन्तः...॥९१॥

राजते शासनराजनिवासः,
परिचितप्रायः स द्रमकाय ।
कर्मस्थितिबाहुल्यवशान्न,
तत्र रुचिर्भवति भद्राय...॥९२॥

किन्तु सुस्थितराजप्रसादात्,
कर्मविवरद्वाःपालस्तत्र ।
लघूभूतकर्मस्थितिं जीवमेनं,
वेशयति निष्पुण्यकसञ्ज्ञम्... ॥९३॥

धर्मप्रतिबोधकः करुणार्द्र,
उपचाराय यतते तस्य ।
अहह ! परं शङ्काऽचलरूढः,
प्रत्ययवान् भवति न विमूढः...॥९४॥



★ સંજ્ઞારૂપી બાળકો તેના પર લાકડીઓનો પ્રહાર કરે છે. અરે ! ભોગની ઈચ્છા રાખતા અને ચાર ગતિમાં ભમતા એ જીવ માટે કોઈ પણ સજ્જનો શરણભૂત થતા નથી...૯૧

★ (ત્યાં) શાસનરૂપી રાજમહેલ છે જે લગભગ દ્રમકને પરિચિત છે છતાં એ ભદ્રને કર્મસ્થિતિ વધુ હોવાથી તેને વિશે રુચિ થતી નથી...૯૨

★ પરંતુ સુસ્થિત રાજા (પ્રભુ)ની કૃપાથી તેમાં કર્મવિવર નામનો દ્વારપાળ કર્મની સ્થિતિ જેની ઓછી થઈ ગઈ છે એવા તે નિષ્પુણ્યક નામના જીવને તે (રાજમહેલ)માં પ્રવેશ અપાવે છે...૯૩

★ કરુણાથી આર્દ્ર ધર્મપ્રતિબોધક (ગુરુ) તે (જીવ)ના ઉપચાર માટે પ્રયત્ન કરે છે, પણ અફસોસ ! શંકાના પર્વત પર આરૂઢ થયેલો એવો તે (જીવ) (ધર્મપ્રતિબોધકર ગુરુને વિશે) વિશ્વાસવાળો થતો નથી...૯૪







दापितं तद्दयया॒ऽऽदेशाद्,
महानसभर्तुः पाकप्रकोष्ठात् ।
भेषजत्रयमिह मोहहताय,
निष्पुण्यकद्रमकाय निःस्वाय...॥९५॥



विमलालोकाञ्जनसंयोगा-
दज्ञानाऽऽमयः क्षयति तस्य ।
तत्त्वप्रीतिकरपानीययोगा-
च्छुद्ध्यति रे ! पात्रं चित्तस्य...॥९६॥

बोभवति परमान्नप्रयोगाद्,
विरतिरतिर्हृदये द्रमकस्य ।
किञ्च-नियुक्ता सन्मतिदासी,
स्यान्न यतः स कदन्नविलासी...॥९७॥

भावाऽऽरोग्यं सम्प्राप्यैवं,
सद्गुरूणां कृपयाऽतिप्रशस्यम् ।
आप्नोति द्रमकश्च क्रमेण,
परमाऽऽनन्दपदस्य रहस्यम्...॥९८॥

***





★ રસોઈયા (ધર્મપ્રતિબોધકર)ના આદેશથી રસોઈઘરમાંથી ત્રણ ઔષધિ દરિદ્ર, મોહથી હણાયેલા નિષ્પુણ્યક દ્રમકને તદયા દાસી વડે અપાઈ...૯૫

★ અરે ! વિમલાલોક (જ્ઞાન) અંજનનાં સંયોગથી તેનો અજ્ઞાનરૂપી (ચક્ષુનો) રોગ ક્ષય પામે છે અને તત્ત્વપ્રીતિકર (દર્શન) પાણીનાં યોગે તેના મનનું પાત્ર સ્વચ્છ થાય છે...૯૬

★ પરમાન્ન (ચારિત્ર)નાં પ્રયોગથી દ્રમકનાં હૃદયમાં વિરતિ પ્રતિ ખૂબ રાગ જાગે છે. વળી સદ્‌બુદ્ધિ નામની દાસી ત્યાં રાખવામાં આવે છે જેથી તે દ્રમક ફરી ખરાબ ભોજનનો (વિષયોનો) વિલાસી ન બને...૯૭

★ આ પ્રમાણે સદ્‌ગુરુની કૃપાથી અત્યંત પ્રશંસનીય ભાવ આરોગ્યને પામીને દ્રમક ક્રમે કરીને પરમાનંદપદ (મોક્ષ)નું રહસ્ય પામે છે...૯૮

***



## (अनुष्टुप)

सङ्क्षेपेण भवभ्रान्तेः, प्रपञ्चमेवमात्मनः ।
कथयति गुरुर्हंसरत्नसूरिः श्रुतिप्रियम् ॥९९॥

श्रोतारो मधुरां वाणीं, श्रुत्वा लान्ति विरागताम् ।
संवेगाऽऽस्तिक्यनिर्वेदानुकम्पोपशमांस्तथा ॥१००॥

स्थानान्यध्यवसायानां क्रमशः प्रविशुद्ध्यति ।
क्षयन्ति तानि पापानां, श्रवणात्तस्य सद्गिरः ॥१०१॥

''तस्य ध्यानतपोवाणीसाधनागुणसम्पदः ।
सन्तु न'' इति वाञ्छन्ति, भक्ता जिनेन्द्रसम्मुखम् ॥१०२॥

अद्भुतं गुणसौन्दर्यमौदार्यादिसमन्वितम् ।
कौशल्यं तस्य निःशल्यमनश्च श्लाघ्यतां गतम् ॥१०३॥

मङ्गलं दर्शनं तस्य, मङ्गलं वचनं तथा ।
मङ्गलं पुण्यसाम्राज्यं, मङ्गलं कृत्स्नजीवनम् ॥१०४॥

* આ પ્રમાણે સંક્ષેપથી કર્ણપ્રિય એવા આત્માના ભવભ્રમણના પ્રપંચને ગુરુ આ.વિ. હંસરત્નસૂરિજી કહે છે...૯૯

* શ્રોતાઓ મધુર વાણીને સાંભળીને વિરાગતાને તથા સંવેગ, નિર્વેદ, અનુકંપા, આસ્તિકતા અને ઉપશમને પામે છે...૧૦૦

* તેમની વાણી સાંભળવાથી અધ્યવસાય સ્થાનો ક્રમશઃ અત્યંત વિશુદ્ધ થતાં જાય છે અને પાપસ્થાનકો ક્ષીણ થતાં જાય છે...૧૦૧

* "તેમની (તપસ્વીની) ધ્યાન, તપ, વાણી, સાધના અને ગુણસંપત્તિઓ અમારી થાઓ" એ પ્રમાણે ભક્તો જિનેશ્વર પ્રભુ સમક્ષ વાંછે છે...૧૦૨

* ઉદારતા વગેરેથી યુક્ત અદ્‌ભુત તેમનું ગુણસૌંદર્ય, કૌશલ્ય અને શલ્ય વિનાનું મન પ્રશંસાને યોગ્ય બન્યું...૧૦૩

* (તેમનું) દર્શન મંગલ છે, વચન મંગલ છે, પુણ્ય સામ્રાજ્ય મંગલ છે તથા સંપૂર્ણ જીવન મંગલ છે...૧૦૪



नत्या नत्यर्हताप्राप्तिः, स्तवनात्स्तुत्यसम्पदः ।
स्पर्शनात् शुचितास्पर्शो, गुरुः सर्वार्थसिद्धिदः ॥१०५॥

इत्येवं गुरुमाहात्म्यं, भावयन्तः स्वचेतसि ।
लभन्ते भवयात्रायां, भव्यास्ते पुण्यशम्बलम् ॥१०६॥

सूरीशो हंसरत्नोऽयं, पुरस्कुर्वन् स्वसाधनाम् ।
ज्ञायतां च यदग्रे किं, करिष्यति तपोनिधिः ॥१०७॥

प्रदर्शितं दिव्यतपस्विनोऽस्मिन्
सर्गे तपस्याजपनप्रमाणम् ।
निःश्रेयसार्थं पठनं ह्यमुष्य
भूयादिति प्रार्थय ईश्वराग्रम् ॥१०८॥ उपजातिः ॥

**॥ अष्टमः पक्षः समाप्तः ॥**





★ નમન દ્વારા નમસ્કારની યોગ્યતા પ્રાપ્ત થાય, સ્તવનાથી સ્તુત્ય એવી સંપદા પમાય, સ્પર્શથી શુદ્ધિનો સ્પર્શ થાય - આવા ગુરુદેવ સર્વે અર્થોની સિદ્ધિ આપનારા છે...૧૦૫

★ આ પ્રમાણે પોતાના મનમાં ગુરુની મહિમાને ભાવતા ભવ્યજીવો ભવની યાત્રામાં પુણ્યનું ભાતું પામે છે...૧૦૬

★ પોતાની સાધનાને આગળ વધારતા તપસ્વી આચાર્ય વિજય હંસરત્નસૂરિ આગળ શું કરશે તે (આગળના પક્ષમાં) જાણજો...૧૦૭

★ આ પક્ષમાં દિવ્ય તપસ્વીનું તપ અને જાપનું પ્રમાણ બતાવ્યું. આ (પક્ષ) નું પઠન મોક્ષ માટે થાઓ એ પ્રમાણે પ્રભુ સમક્ષ હું પ્રાર્થું છું...૧૦૮

**॥ આઠમો પક્ષ સમાપ્ત ॥**



# चित्रकाव्यम्

## हंसबन्धः




**शश**भृत्कान्ति**मान्** **मान्यो**ऽ**हह !** आत्मसुखे रतः ।
**पापा**रिः **मम**ता**द्विड्** **द्विड्**-जेता ज्ञाता वराऽऽ**ननः** ॥१॥
यो **नाना**वि**धध**र्मेषु प्रोद्यत**श्चञ्च**लत्वजित् ।
स हंसरत्नसूरीन्द्रो, दत्ते ज्ञानप्रका**शश**म् ॥२॥ युग्मम् ॥

અર્થ : અરે ! ચંદ્ર જેવી કાંતિવાળા, (સજ્જનોને) માન્ય, આત્મસુખમાં રત, પાપના દુશ્મન, મમતાના દુશ્મન, દુશ્મનને જીતનારા, જ્ઞાતા, સુંદર મુખવાળા (વળી) જેઓ વિવિધ ધર્મોમાં ઉદ્યત છે, ચંચલતાને જીતનારા છે તે આચાર્ય વિજય હંસરત્નસૂરીશ્વરજી મ.સા. જ્ઞાનના પ્રકાશનો આનંદ આપે છે.

लक्षणम्– मस्तकेन समारभ्य, चञ्चुद्वयं प्रपूर्य च ।
ततः पादौ ततः पत्रं, हंसबन्ध इति स्मृतः ॥



# ॥ नवमः पक्षः ॥

**(महामारिसम्भवः, लोकबन्धः, चतुर्थषाण्मासिकतपश्च)**

निरुपचरितसौख्यदो निर्निदानव्रतः,
स्वर्गजैरक्षतैरक्षतैरर्चितः,
परमगहनव्रात्यचर्याचरः, कर्मजिद्
विश्वविश्वे च साश्चर्यचर्यो विभुः ।
विदितसकलतत्त्वसारः प्रशान्तप्रभः,
पङ्किलांहःसरःशोषयित्नूपमः,
नरकमनुजदेवतिर्यक्त्वसन्मोचक-
-स्तं जिनेन्द्रं प्रणम्येह पक्षं ब्रुवे ॥१॥ दण्डकवृत्तम् ॥

रसभयखभुजाब्दमध्येऽथ (२०७६) विश्वे हहा !
चीनदेशोद्भवैषा महेतिः सृता,
ज्वरकफविधया मनःस्तापिका, सङ्क्रमे
पट्व्यरे ! रे ! कृतान्तप्रियेवाऽपरा ।
अखिलविषयतापिनी लोकदुर्दैवजा,
साम्यभावेन सर्वाऽऽततायिन्यहो !,
अनयनविषया मृतेः कारणं प्रायशो,
दुश्चिकित्स्या महाभीतिदा दर्दमा ॥२॥ दण्डकवृत्तम् ॥



# ॥ નવમો પક્ષ ॥

**(મહામારિ, Lockdown અને ચોથી વખતના ૧૮૦ ઉપવાસ)**

★ નિરુપચરિત સુખ આપનાર, નિદાન વિનાનાં વ્રતવાળા, દેવા દ્વારા અક્ષત=અખંડ ચોખાઓથી પૂજાયેલાં, પરમ ગહન એવાં અવધૂતની ચર્યાને આચરનાર, કર્મને જિતનાર, આશ્ચર્યકારી ચર્યાવાળાં, આખા વિશ્વનાં વિભુ, સમસ્ત તત્ત્વોનો સાર જાણી લીધો છે જેમણે તેવા પ્રશાંત પ્રભાવાળાં, કાદવવાળા પાપરૂપી સરોવરને શોષવાં માટે ઉત્તમ સૂર્ય જેવાં, નરકપણું-મનુષ્યપણું-દેવપણું અને તિર્યંચપણું... આ બધાથી મુક્ત કરનાર એવા જિનેશ્વરને નમીને હું (નવમા) પક્ષને કહું છું...૧

★ (વિ.સં.) ૨૦૭૬ નાં વર્ષે ચીનદેશ (ચાઈના)થી ઉત્પન્ન થયેલી, તાવ-કફ દ્વારા મનને હેરાન કરનારી, સંક્રમણમાં હોંશિયાર (ચેપી), અરે ! જાણે યમરાજની બીજી પત્ની ન હોય તેવી, સમસ્ત દેશોને તપાવનારી, જગતના દુર્ભાગ્યથી ઊભી થયેલી, સમભાવે અહો ! સહુને હેરાન કરનારી, જે આંખથી જોઈ શકાતી નથી તેવી, પ્રાય મરણનું કારણ, દુશ્ચિકિત્સ્ય, મહાભય આપનારી, દુઃખેથી દમી શકાય તેવી મહામારિ વિશ્વમાં ફેલાઈ ગઈ...૨



प्रदत्तं कोरोनेत्यभिहितममुष्यै बुधजनैः,
समन्ताद् वृद्धायै, स्थगितजनयात्रादिकृतये ।
भ्रमन्त्यै छन्नायै, भुवि विविधदेशाटनमिषाद्,
न कोऽप्यासीद्रोधः, प्रहृततनुमत्सौख्यततये ॥३॥ शिखरिणी ॥

साऽत्राऽऽगता भारतराष्ट्रमध्ये,
संसर्गयोगात्प्रसृता जनेषु ।
उद्घुष्टवान् लोकहिताय लोक-
-बन्धं तदा शासकसर्वकारः ॥४॥ इन्द्रवज्रा ॥

### (लोकबन्धवर्णनम्)

गृहाद् बहिर्नैव कदाऽपि गम्यं,
व्यापार उज्झ्यो न वृथाऽटनीयम् ।
मन्ये प्रजातानि नियन्त्रणेन,
गृहाणि कारागृहसन्निभानि ॥५॥ उपजाति ॥

### ॥ शृङ्गाररसः ॥

धृत्वा किरीटं कुमनस्कसञ्ज्ञं,
विरूपरूपाऽपि कृतान्तकान्ता ।
क्षिप्रं जनानां हृदयं स्पृशन्ती,
विराजते साऽत्र महेतिराज्ञी ॥६॥ उपजातिः ॥






★ ચારે બાજુથી વધતી, જેને લોકયાત્રા વગેરે કાર્યો અટકાવી દીધી છે તેવી, ભૂમિ પર દેશાટનના બહાનાથી છૂપી રીતે ફરતી, તે મહામારિને "કોરોના" એ પ્રમાણે બુદ્ધિશાળીઓ વડે નામ અપાયું અને જેમણે જીવોના સુખના સમૂહને હરી લીધો છે તેવી એને કોઈ પણ જાતની રોક-ટોક ન હતી...૩

★ તે મહામારિ આ ભારતદેશમાં આવી અને સંપર્કથી લોકોમાં ફેલાઈ,ત્યારે લોકોનાં હિત માટે શાસકપક્ષે Lockdown જાહેર કર્યું...૪

(Lockdown નું વર્ણન)

★ "ઘરની બહાર ક્યારે ન જવું, વેપાર-ધંધો છોડી દેવો, ફોગટ ફરવું નહીં" (આવા પ્રકારનાં) નિયંત્રણોથી જાણે ઘરો જેલ જેવાં થઈ ગયાં એવું હું માનું છું...૫

★ કુમનસ્કનામનો મુગટ ધારણ કરીને, કદરૂપી હોવા છતાં યમરાજને પ્રિય, તરત લોકોનાં હૃદયને સ્પર્શતી એવી મહામારિ નામની રાણી શોભે છે...૬





## ॥ हास्यरसः ॥

क्षौति त्विहैकः पिदधाति वक्त्र-
-मन्यस्तृतीयः स्वकरौ प्रमार्ष्टि ।
चतुर्थ आसेवत औषधं रे !
तेभ्यस्तथाऽन्त्यः किल याति दूरे ॥७॥ उपजातिः ॥

## ॥ भयानकरसः ॥

भीता जना वीक्ष्य महेतिदैत्यं,
सूक्ष्मं महाऽऽपायकरं परं तम् ।
प्राणान् हरन्तं तु विनाऽपि शस्त्रं,
प्रच्छन्नरूपं च विनाऽपि वस्त्रम् ॥८॥ इन्द्रवज्रा ॥

## ॥ करुणरसः ॥

केचिद् रुदन्तीह यथा- ''हहा ! मे,
मृताः प्रिया रे ! स्वजना महेत्या'' ।
केचित्पुनः सङ्क्रमणेन चाऽऽर्ताः,
क्रन्दन्ति प्रोञ्छन्ति च नेत्रनीरम् ॥९॥ उपजातिः ॥

## ॥ रौद्ररसः ॥

प्रविश्य तूर्णं किल फुप्फुसेऽयं,
श्वासावरोधं कुरुते प्ररौद्रः ।
क्रूरोऽदयो घातिगुरुस्तथोग्रो,
महेतिरक्षोऽसुमतः प्रहन्ति ॥१०॥ उपजातिः ॥









★ પહેલો છીંક ખાય છે, બીજો મોઢું ઢાંકી દે છે, ત્રીજો પોતાના હાથ ધોવે છે, ચોથો દવા લે છે અને છેલ્લો અરે ! તે બધાંથી દૂર ચાલ્યો જાય છે. (આવી હાસ્યાસ્પદ અવસ્થા લોકડાઉનમાં થતી.)...૭

★ લોકો સૂક્ષ્મ છતાં મોટા અપાયને કરનાર એવા મહામારિરૂપી દાનવને જોઈને ગબરાઈ ગયા કે જે શસ્ત્ર વિના પણ પ્રાણોને હરી લે છે અને વસ્ત્ર વિના પણ ગુપ્તરૂપ છે...૮

★ કેટલાંક રડે છે, જેમકે - "હાય ! મારા પ્રિય સ્વજનો મહામારિથી મરી ગયા", તો કેટલાંક સંક્રમણથી પીડિત થયેલાં ક્રંદન કરે છે અને આંસું લૂંછે છે...૯

★ અત્યંત રૌદ્ર, ક્રૂર, નિર્દય, ઘાતકોમાં વડીલ તથા ઉગ્ર એવો મહામારિ નામનો રાક્ષસ તરત ફેફસામાં ઘૂસીને શ્વાસને અટકાવી દે છે અને જીવોને મારી નાંખે છે...૧૦






**॥ बीभत्सरसः ॥**

रे ! श्लेष्मलालाविलमास्यमङ्गं,
कृशं भृशं क्लान्तमिहाऽसु नृणाम् ।
भवन्ति यस्या महता महिम्ना,
सेतिर्जुगुप्साजननी मताऽस्ति ॥११॥ उपजातिः ॥

**॥ अद्भुतरसः ॥**

तीर्थं न भक्ता, वनिका न युग्माः,
शाला न बालाः, सुपथो न पान्थाः ।
हट्टो न चेक्ष्यन्त इहाऽऽपणेशा-
-स्तदद्भुतं दुर्ललितं महेत्याः ॥१२॥ उपजातिः ॥

**॥ वीररसः ॥**

एवं महेत्यामपि वैद्यमुख्या-
-श्चिकित्सया ते प्रहरन्ति पीडाम् ।
उत्साहपूर्णा नहि बिभ्यति तद्-
-भीत्या स्वसेवारसपानपीनाः ॥१३॥ उपजातिः ॥

**॥ शान्तरसः ॥**

''महेतिग्रस्ताः सुजनास्तु शीघ्रं,
स्वस्था भवेयुः कृपया जिनस्य ।''
एवं विचिन्त्य प्रमनाः प्रशान्तः,
सन्ध्यायतीशं मुनिसङ्घ एषः ॥१४॥ उपजातिः ॥

★ અરે ! જેના મોટા મહિમાથી લોકોનું મુખ શ્લેષ્મ અને લાળથી મલિન થાય છે, શરીર નબળું પડે છે અને મન ખૂબ થાકી જાય છે તે અદ્‌ભુત મહામારિ જુગુપ્સાની જનની તરીકે મનાયેલી છે...૧૧

★ તીર્થ છે પણ ભક્તો નથી, ઉદ્યાન છે પણ દંપતીઓ નથી, શાળા છે પણ બાળકો નથી, રસ્તો છે પણ પથિકો નથી અને અહીં દુકાનો દેખાય છે પણ વેપારીઓ નથી. તે આ મહામારિનું તોફાન છે...૧૨

★ આ પ્રમાણે મહામારિમાં પણ પોતાની સેવાનાં રસપાનથી ઉન્નત, ઉત્સાહથી ભરેલાં વૈદ્ય વગેરે તે મહામારિના ડરથી ડરતા નથી અને ચિકિત્સાથી પીડાને દૂર કરે છે...૧૩

★ "પરમાત્માની કૃપાથી જે લોકો મહામારિથી ગ્રસ્ત થયા છે તેઓ શીઘ્ર સ્વસ્થ થાઓ" આ પ્રમાણે વિચારીને પ્રસન્ન મનવાળો, પ્રશાંત મુનિઓનો આ સમૂહ પ્રભુનું ધ્યાન ધરે છે...૧૪



एवं रसा हन्त ! किलाऽनुभूता-
-स्तल्लोकबन्धे विविधाऽसुमद्भिः ।
सामग्र्यभावाद् व्यथिताः प्रजाता-
-स्ते पाशबद्धा इव गेहमध्ये ॥१५॥ इन्द्रवज्रा ॥

यान्त्यन्यगेहे न प्रयोजनेन,
विनैव सङ्क्रान्तिभियाऽसुमन्तः ।
यथा विना कारणमेति भिक्षा-
-र्थं स्थापनासत्ककुले मुनिर्न ॥१६॥ उपजातिः ॥

यो यानसम्मर्दभरः किलाऽऽसीत्,
सोऽद्यैकताभावरतोऽस्ति मार्गः ।
आशास्तथा या ध्वनिताः सदाऽऽसं-
-स्ता मौनभाजोऽहह ! सन्ति शान्ताः ॥१७॥ इन्द्रवज्रा ॥

शत्रुञ्जयः शङ्खपुरी तथाऽन्य-
-तीर्थानि रिक्तानीह सन्ति भक्तैः ।
मन्येऽर्गलीभूतमवर्णकर्म,
द्वाराणि तेषां पिहितानि यस्मात् ॥१८॥ इन्द्रवज्रा ॥

जना अनाप्त्वा प्रभुदर्शनादिं,
गृहे तदाकारविकल्पनेन ।
प्रपूजयन्तो निजभावनाभि-
-र्महेतिकाले स्तुवते जिनेन्द्रम् ॥१९॥ उपेन्द्रवज्रा ॥





★ અરે ! આ પ્રમાણે (નવ) રસો લોકડાઉનમાં વિવિધ જીવો વડે અનુભવાયા અને તેઓ સામગ્રીનાં અભાવથી ઘરમાં સાંકળથી બંધાયેલાં વ્યક્તિની જેમ વ્યથિત થયા...૧૫

★ જેમ વિના પ્રયોજને મુનિ ભિક્ષા માટે સ્થાપનાકુળમાં ન જાય તેમ લોકો સંક્રમણનાં ડરથી વિના પ્રયોજને બીજાનાં ઘરે નહોતાં જતાં...૧૬

★ જે કાયમ વાહનોની ભીડથી ભરાયેલો હતો તે માર્ગ આજે એકત્વભાવમાં રત છે તથા જે દિશાઓ સદા ધ્વનિત હતી તેઓ અરે રે ! આજે શાંત એવી મૌનને ભજનારી છે...૧૭

★ શત્રુંજય, શંખેશ્વર તથા અન્ય તીર્થો ભક્તોથી ખાલી છે. જેથી તે તીર્થોનાં દ્વારો બંધ છે તેથી અશુભ કર્મ આગળીયું બન્યું છે એમ હું માનું છું...૧૮

★ લોકો પ્રભુ-દર્શન વગેરે ન પામતાં, ઘરે જ પ્રભુનો આકાર કલ્પવા દ્વારા પોતાની ભાવનાઓથી પૂજતા એવાં મહામારિનાં સમયમાં જિનેશ્વર ભગવાનને સ્તવે છે...૧૯



यथा हि-

किंयान् प्रभो ! ते विरहोऽस्ति शेषः ?
प्रवर्धते मेऽहह ! दर्शशोषः ।
पुनीहि कृत्वा वरदृष्टिपातं,
द्वारं तवोद्घाटय धर्मचक्रिन् ! ॥२०॥ उपजातिः ॥

नेत्रे कदा निर्विकृतित्वपूर्णे,
द्रक्ष्याम आश्यामलकोटितारे ।
वक्त्रं तथा वत्सलतां स्रवच्च,
द्वारं तवोद्घाटय धर्मचक्रिन् ! ॥२१॥ इन्द्रवज्रा ॥

त्वत्पादसंस्पर्शपवित्रगात्र-
मद्याविलं जातमपुण्ययोगात् ।
निरर्थकं सर्वमपि त्वयर्ते,
द्वारं तवोद्घाटय धर्मचक्रिन् ! ॥२२॥ उपजातिः ॥

शृणोषि विश्वस्य किलाऽऽर्तनादं,
तर्हि श्रुतौ नैति कथं प्रभो ! ते ।
स्वान्तर्निनादो विरहात् समुत्थो ?
द्वारं तवोद्घाटय धर्मचक्रिन् ! ॥२३॥ उपजातिः ॥

द्वारं सदा तेऽपिहितं पुराऽऽसीत्,
किमद्य तत् कीलितवाञ्जिनेन्द्र ! ।
नैतत्समीचीनमशेषदात्रे,
द्वारं तवोद्घाटय धर्मचक्रिन् ! ॥२४॥ उपजातिः ॥



★ જેમકે હે પ્રભુ ! તમારો વિરહ હજુ કેટલો સહેવાનો બાકી છે ? અરે ! મારાં દર્શનનો સોસ (તૃષા) વધી રહ્યો છે. તમારા દ્રષ્ટિપાતથી પાવન કરો. હે ધર્મચક્રી ! તમારા દ્વાર ખોલો...૨૦

★ નિર્વિકારતાથી ભરેલાં નયનો, છેડે સુધી શ્યામળ એવી કીકીઓ અને વાત્સલ્ય વહાવનાર મુખને ક્યારે જોઈશ ? હે ધર્મચક્રી ! તમારા દ્વાર ખોલો...૨૧

★ તમારાં ચરણ સ્પર્શથી પવિત્ર થયેલું શરીર આજે પાપના યોગે મેલું થયું છે. તમારા વિના બધું જ નિરર્થક છે. હે ધર્મચક્રી ! તમારા દ્વાર ખોલો...૨૨

★ જગતનો આર્તનાદ તું સાંભળે છે તો હે પ્રભુ ! તારા વિરહથી ઊભો થયેલો મારો અંતર્નાદ શું તારા કાને નથી આવતો ? હે ધર્મચક્રી ! તમારા દ્વાર ખોલો...૨૩

★ તારાં દ્વાર પૂર્વે સદા ખુલ્લાં હતા તે આજે જિનેન્દ્ર ! તે કેમ બંધ કર્યા ? આ અશેષ (વસ્તુ) આપનારને ઉચિત નથી. હે ધર્મચક્રી ! તમારાં દ્વાર ખોલો...૨૪





दूये वियोगज्वलनस्फुलिङ्गैः,
सन्तर्पयाऽऽशीर्जलसेचनेन ।
सम्पश्य मां स्निग्धविलोचनाभ्यां,
द्वारं तवोद्घाटय धर्मचक्रिन् ! ॥२५॥ इन्द्रवज्रा ॥

दत्तेऽअसा विष्टपमध्य इष्टं,
चिन्तामणिश्चिन्तितमर्थिनेऽर्थम् ।
त्वं नाथ ! तस्मात्किमु नातिशीषे ?
द्वारं तवोद्घाटय धर्मचक्रिन् ! ॥२६॥ इन्द्रवज्रा ॥

आशान्वितोऽहं तव दर्शनाय,
माऽऽशामरेऽर्हन् ! विफलीकरोतु ।
याचे तवाऽग्रे सुरशाखिकल्प !,
द्वारं तवोद्घाटय धर्मचक्रिन् ! ॥२७॥ इन्द्रवज्रा ॥

जिनगुणरतिमन्तः सन्त एवं जिनेन्द्रं,
व्यथितमनस उच्चैर्भक्तिभाजो भजन्ति ।
गदविरहिततां च प्रार्थयन्ते जनानां,
जगदुपकृतये स्युः श्रावका भावनाऽऽढ्याः ॥२८॥ मालिनी ॥

गृहीत्वा ते श्राद्धा, अशनवसनादीनभिनवान्,
प्रदातुं गच्छन्ति, प्रहतविधये दीनततये ।
ददत्याह्लादाऽऽढ्याः, सुकृतमुदिताऽदीनमनसा,
प्रसक्ताः सेवायां, प्रचितशुभपुण्याः सुहृदयाः ॥२९॥ शिखरिणी ॥



★ હું વિયોગની આગના તણખાથી દુઃખી થાઉ છું, મને આશીર્વાદનું જળ સીંચવા દ્વારા સંતર્પિત કરો, મને ભીની આંખો વડે જુઓ, હે ધર્મચક્રી ! તમારા દ્વાર ખોલો...૨૫

★ ચિંતામણીરત્ન આ જગતમાં યાચકને ચિંતવેલી ઈષ્ટ વસ્તુ તરત આપી દે છે, હે નાથ ! શું તમે તેનાથી અતિશયી (ચડિયાતા) નથી ? હે ધર્મચક્રી ! તમારાં દ્વાર ખોલો...૨૬

★ તારા દર્શન માટે હું આશાન્વિત છું. અરે અરિહંત ! અમારી આશાને નિષ્ફળ ના કરો, હે કલ્પવૃક્ષ સમાન ! તમારી સમક્ષ હું યાચના કરું છું કે હે ધર્મચક્રી ! તમારાં દ્વાર ખોલો...૨૭

★ જિનેશ્વરનાં ગુણોમાં આનંદ પામનારા વ્યથિત મનવાળાં, ભક્તિ કરનારા સજ્જનો જિનેન્દ્રને ભજે છે અને લોકોની નિરોગિતાની પ્રાર્થના કરે છે, કારણકે શ્રાવકો જગતનાં ઉપકાર માટે ભાવનાથી ભરપૂર હોય છે...૨૮

★ તે શ્રાવકો નવા ભોજન-વસ્ત્રો વગેરેને લઈને જેમનું ભાગ્ય હણાઈ ચૂક્યું છે તેવાં દીનલોકોનાં સમૂહને આપવા માટે જાય છે અને સેવામાં આસક્ત, શુભ પુણ્ય જેઓએ ભેગું કર્યુ છે તેવા, સુંદર હૃદયવાળા, સુકૃતથી આનંદિત થયેલા એવા અદીન મનથી આહ્લાદથી યુક્ત એવાં (તે ભોજનાદિને) આપે છે...૨૯







चिकित्सका वैद्यमतल्लिकास्तथा,
भृशं यतन्ते जनरक्षणाय ते ।
रसायनं चेतिनिवारणक्षमं
गवेषयन्तीह विशारदोत्तमाः ॥३०॥ वंशस्थविलः ॥

प्रकुर्वते स्वव्यवसायमुक्ता
गृहस्य कार्याणि जनास्तु केचित् ।
स्वदूरवाण्या च वदन्ति केचिद्
मुहुर्मुहुर्मित्रजनैः समं वै ॥३१॥ उपेन्द्रवज्रा ॥

बहिर्न गच्छन्ति विनाऽऽस्यबन्धं
जना इहेत्याः प्रभिया कदाऽपि ।
प्रबन्ध आरक्षकसन्ततेश्च
दृढोऽस्ति शिक्षार्थमुपेक्षकाणाम् ॥३२॥ उपेन्द्रवज्रा ॥

शून्याऽऽलयो भाति समस्तलोकः,
शून्याऽऽनना भान्ति तथाऽत्र लोकाः ।
शून्येक्षणं वै नहि लोकबन्धे
कर्तुं समीहे खलु शोककारम् ॥३३॥ इन्द्रवज्रा ॥

श्राद्धा गृहेऽपि समतानुभवोत्कचित्ताः
सामायिकानि बहुशो विदधत्यनीहाः ।
सम्पूजयन्ति जिनपं गृहसन्निविष्ट-
-मष्टप्रकारकसमर्चनया च भक्त्या ॥३४॥ वसन्ततिलका ॥

★ ચિકિત્સકો અને શ્રેષ્ઠ વૈદ્યો લોકોને બચાવવાં માટે ઘણો પ્રયત્ન કરે છે અને શ્રેષ્ઠ વિશારદ લોકો મહામારિને અટકાવવામાં સક્ષમ એવી રસી અહીં શોધે છે...૩૦



★ કેટલાક લોકો પોતાના વ્યાપારથી રહિત એવા ઘરનાં કામો કરે છે તો કેટલાક પોતાના મોબાઈલથી વારંવાર મિત્રો સાથે વાત કરે છે...૩૧



★ અહીં મહામારિના ડરથી લોકો માસ્ક વગર ક્યારે પણ બહાર નથી નીકળતાં, પોલીસોનો પ્રબંધ પણ અહીં ઉપેક્ષા કરનારાઓની શિક્ષા માટે કડક છે...૩૨

★ અહીં સમસ્ત લોક ખંડેર જેવો લાગે છે તથા લોકો કિંકર્તવ્યમૂઢ લાગે છે, લોકડાઉનમાં આવું શોક કરાવનાર શૂન્યદર્શન હું કરવા નથી માંગતો...૩૩



★ શ્રાવકો ઘરે પણ સમતાનાં અનુભવ માટે ઉત્કંઠિત મનવાળા, નિઃસ્પૃહ એવા વારંવાર સામાયિક કરે છે અને ભક્તિથી ઘરમાં રહેલા પ્રભુની અષ્ટપ્રકારી પૂજા કરે છે...૩૪

स्थाल्यास्फालनदीपदर्शविधयाऽस्मिन् लोकबन्धे जनाः,
कार्तज्ञ्यं किल दर्शयन्ति गृहतो वैद्यादिवृन्दस्य रे ! ।
यच्छन्ति प्रचुरं धनं प्रमुदया दानार्थमिभ्यास्तथा,
कोपे प्राकृतिकेऽलकेश इव ते मन्येऽवतीर्णा भुवि ॥३५॥ शार्दूलविक्रीडतम् ॥

न केवलं भारतराष्ट्र एव
महेतिरेषा प्रसृता परन्तु ।
वर्षेषु नूनं द्विशताधिकेषु
ह्यस्याः प्रभावोऽस्ति हहा ! महीयान् ॥३६॥ उपजातिः ॥

श्मशानभूमिर्मृतकोत्करेण
भृता महामारिप्रकोपपात्रा ।
खाताः शवोत्सृष्टिकृते नवेला
वृद्धं तदेवं मरणप्रमाणम् ॥३७॥ उपजातिः ॥

मा पश्यन्तु जना स्थितिं भयकरीमेतादृशीमायतौ,
मा लान्तु स्वजनावलेर्विरहतां, माऽऽसन्नमृत्योर्भयम् ।
मा देवावसथा भवन्तु पिहितद्वारा महोद्धारका
इत्येवं परिचिन्तयन्ति हृदये लोका हितोद्भावकाः ॥३८॥ शार्दूलविक्रीडितम् ॥

अकाले कालोऽयं, चरति भुवने मत्तमनसा,
मिषादीत्याः प्राणान्, हरति न वयः पश्यति तथा ।
अकाण्डे किं रुष्टः, स इति विमृशन्तीह सुजना
न कःस्यात्सद्यस्के, विपदवसरे चिन्तितमनाः ॥३९॥ शिखरिणी ॥



★ અરે ! થાળી વગાડવા દ્વારા, દીવો દેખાડવા દ્વારા લોકો આ લોકડાઉનમાં ઘરથી જ વૈદ્ય વગેરેની કૃતજ્ઞતા અભિવ્યક્ત કરે છે તથા શ્રીમંતો દાન માટે આનંદથી ઘણું ધન આપે છે. આ પ્રકૃતિનાં કોપમાં તેઓ કુબેર જેવા ધરતી પર અવતર્યા છે એમ હું માનું છું...૩૫

★ ખાલી ભારતદેશ જ નહીં પણ આ મહામારિ ૨૦૦ થી વધુ દેશોમાં ફેલાઈ. હાય ! ચોક્કસ આ મહામારિનો મોટો પ્રભાવ છે...૩૬

★ મહામારિનાં પ્રકોપનું ભાજન બનેલી સ્મશાનભૂમિ મૃતકોનાં ઢગલાથી ભરાઈ ગઈ. શવોને દફનાવવા નવી ભૂમિઓ ખોદાવાઈ, આ પ્રમાણે મરણનું પ્રમાણ વધ્યું...૩૭

★ ભવિષ્યમાં લોકો આવી ભયાનક સ્થિતિ ન જુવે, સ્વજનોનો વિરહ ન પામે અને નિકટ રહેલાં મૃત્યુનો ભય ન પામે તથા મોટા ઉદ્ધારક જિનાયલો બંધ-બારણાવાળા ન થાય એ પ્રમાણે હિતચિંતક લોકો હૃદયમાં વિચારે છે...૩૮

★ અકાળે યમરાજ ઉન્માદવાળા મનથી આ જગતમાં ફરે છે અને મહામારિનાં બહાનાથી પ્રાણોને હરી લે છે તથા ઉંમર જોતો નથી. તે અચાનક કેમ ગુસ્સે થયો ? એમ સજ્જનો વિચારે છે. અચાનક વિપત્તિનો અવસર ઊભો થાય ત્યારે કોનું મન ચિંતિત ન બને ?...૩૯





न सामाजिकाऽस्पृश्यता वर्ततेऽत्र,
परं सङ्क्रमस्यातिभीत्या पुमांसः ।
स्वजात्यन्यजात्योर्नरान्न स्पृशन्ति,
महामारिरेषा विचित्रा स्फुटं रे ! ॥४०॥ भुजङ्गप्रयातम् ॥

ज्वराऽऽक्रान्तमालोक्य दूरे व्रजन्ति
स्वसङ्क्रान्तिभीत्या नरा ईतिभीताः ।
भयस्यैकसाम्राज्यमस्ति प्रवृत्तं
न कुत्रापि शान्तिर्दरीदृश्यते हा ! ॥४१॥ भुजङ्गप्रयातम् ॥

लक्षाधिकाः सङ्क्रमणेन पीडिता
जना भवन्त्यन्वहमत्र भारते ।
केचित्तु तेभ्यः प्रगुणीभवन्ति रे !
केचिच्च पञ्चत्वमवाप्नुवन्त्यरे ! । ॥४२॥ इन्द्रवंशा ॥

विश्वस्वास्थ्याऽऽह्वसंस्थाऽनुदिनमभिनवान् सूचनादीन् प्रदत्ते,
किन्तु ज्ञातुं स्वरूपं, प्रभवति नहि सा, मारिसत्कं यथावत् ।
गम्या वैज्ञानिकैर्नो, पटुमतिविभवैः, सेतिरुद्दामचारा,
मृत्याह्वे स्वीयवक्त्रे, कवलयति जनान्, निर्दया राक्षसीव ॥४३॥ स्रग्धरा ॥

एवं काले, विधुरविषमे, तापसन्तापपूर्णे,
ग्रीष्माऽऽक्रान्ताऽम्भ इव सरसो, दृश्यतेऽत्रार्थतन्त्रम् ।
क्रीडाशैलं, प्रजिगमिषवः, स्वालयान्नासुमन्तोऽ-
-सूर्यम्पश्यास्स्त्रिय इव बहिः स्थापयन्ति स्वपादम् ॥४४॥ मन्दाक्रान्ता ॥



★ અહીં સામાજિક અસ્પૃશ્યતા નથી છતા લોકો સંક્રમણનાં ડરથી પોતાની જાતિના કે બીજી જાતિવાળા લોકોને નથી અડતા. અરે ! મહામારિ ખરેખર વિચિત્ર છે...૪૦

★ તાવથી પીડાયેલાને જોઈને મહામારિથી ડરેલા લોકો સંક્રમણનાં ભયથી દૂરે ચાલ્યા જાય છે. ભયનું જ એક છત્રી સામ્રાજ્ય અહીં પ્રવર્તાયેલું દેખાય છે, અરે ! ક્યાંય પણ શાંતિ નથી દેખાતી...૪૧

★ રોજ અહીં ભારતમાં એક લાખથી વધારે લોકો સંક્રમણથી પીડાયેલા દેખાય છે, તેમાંથી કેટલાંક સાજા થાય છે તો કેટલાક મૃત્યુને પામે છે...૪૨

★ W.H.O. સંસ્થા રોજ નવા સૂચન વગેરે આપે છે પણ પોતે વ્યવસ્થિત મહામારિનું સ્વરૂપ જાણી શકતી નથી. પટુ-બુદ્ધિનાં વૈભવવાળા એવાં વૈજ્ઞાનિકો વડે પણ જે નથી જણાતી તે આ મહામારિ નિરંકુશપણે ફરનારી છે અને નિર્દય રાક્ષસીની જેમ પોતાનાં મૃત્યુનામનાં મુખમાં લોકોને કોળીયો કરી જાય છે...૪૩

★ આ પ્રમાણે દુઃખથી વિષમ, તાપ-સંતાપથી પૂર્ણ કાળમાં ગ્રીષ્મઋતુથી પીડિત તળાવનાં પાણી જેવું અહીં અર્થતંત્ર (તળિયાઝાટક થઈ ગયું) દેખાય છે. હિલ-સ્ટેશન પર જવાની ઈચ્છાવાળા લોકો જેણે સૂર્ય જોયો ન હોય (=ઘરમાં જ રહેતી હોય) એવી સ્ત્રીઓની જેમ ઘરથી એક ડગલું પણ બહાર નથી મૂકતાં...૪૪

देवाधिदेवस्य कृपाप्रभावात्
प्रादुष्कृतं मारिहरं ततश्च ।
रसायनं लोकहिताय नैकै-
-र्वैज्ञानिकैः स्वीयबहुप्रयासैः ॥४५॥ उपजातिः ॥

द्रवप्राणवायुः क्वचित् क्षीयतेऽल्प-
प्रमाणात्तथा रुग्णसम्मर्दतश्च ।
तदा प्रेषयत्यञ्जसा सर्वकार-
स्तमार्तोपचाराय रुग्णालयेषु ॥४६॥ भुजङ्गप्रयातम् ॥

निश्चिन्ता रे ! धर्मार्थ[1]कामास्तमेनं,
कालं स्वं स्वाध्यायादिना यापयन्ति ।
कोरोनेत्या विध्वंसनाय प्रभुं ते
धृत्वा वै नानाभिग्रहान् प्रार्थयन्ते ॥४७॥ वैश्वदेवी ॥

सकललोकमहोदयकामिनो
विदधति श्रमणाः सुविशेषतः ।
प्रहरणाय महेतिविपत्ततेः
प्रतिदिनं तरसा जपनाऽऽदिकम् ॥४८॥ द्रुतविलम्बितम् ॥

आचार्यश्रीहंसरत्नोऽपि चित्ते
चिन्तारत्नाऽऽभे स निर्णीतवान् यत् ।
''सङ्कल्पेनाऽमा करिष्ये तपोऽहं
सर्वेषामीत्याः समाध्यर्थमुग्रम्'' ॥४९॥ शालिनी ॥

---

१. धर्मार्थकामाः - धर्मः- चारित्रधर्मादिस्तस्यार्थः प्रयोजनं मोक्षस्तं कामयन्ति-इच्छन्तीति विशुद्धविहितानुष्ठानकरणेनेति धर्मार्थकामा मुमुक्षवः । (दश०अ०६.सू.४)





★ ત્યારબાદ દેવાધિદેવ પરમાત્માનાં કૃપાપ્રભાવે લોકોનાં હિત માટે પોતાના ઘણા પ્રયાસો દ્વારા વૈજ્ઞાનિકો વડે મહામારિને હરનારી રસી બનાવાયી...૪૫

★ Oxygen ક્યારેક ઓછું હોવાથી અને દર્દીઓની ભીડ હોવાથી ક્ષીણ થઈ જાય, ત્યારે સરકાર તે દર્દીઓનાં ઉપચાર માટે તરત હૉસ્પીટલોમાં Oxygen પહોંચાડતા...૪૬

★ અરે ! નિશ્ચિંત એવા મુનિઓ પોતાના આ સમયને સ્વાધ્યાય વગેરેથી પસાર કરે છે અને વિવિધ અભિગ્રહો ધારણ કરી મહામારિનાં નાશ માટે પ્રભુને પ્રાર્થના કરે છે...૪૭

★ સકલ લોકનો મહોદય ઈચ્છનાર મુનિઓ મહામારિની વિપત્તિઓના સમૂહને દૂર કરવા રોજ વિશેષ કરીને ઉત્સાહથી જાપ કરે છે...૪૮

★ આચાર્યદેવ શ્રીમદ્ વિજય હંસરત્નસૂરિજીએ પણ ચિંતામણીરત્ન જેવા પોતાનાં મનમાં નક્કી કર્યું કે - "હું પણ મહામારિ થકી સહુની સમાધિ માટે સંકલ્પ સાથે ઉગ્ર એવો તપ કરીશ"...૪૯

तपोऽथ साशीतिशतोपवासकं
चतुर्थवारं स विधातुमुत्सुकः ।
प्रजात एवं निरवद्यचेतनः
सुपुण्यलक्ष्म्याः कमनीयमन्दिरम् ॥५०॥ वंशस्थविलः ॥

विभाति भातिस्तपसस्तपस्विनो-
-ऽस्य हंसरत्नस्य महेत्यनेहसि ।
महाप्रभावो विषमस्थितिं समी-
-करोति संवर्तसमीरवत् सताम् ॥५१॥ वंशस्थविलः ॥

श्रीगीताञ्जलिसङ्घ एत्य यतनापूर्वं विहारेण वै,
दत्त्वा त्रिः सुप्रदक्षिणाश्च गुरवे कृत्वा तथा वन्दनम् ।
श्रीसूरीश्वररत्नसुन्दरगुरोर्वक्त्राम्बुजान्निःसृतं
प्रत्याख्यानमयं तपोजलनिधिर्गृह्णाति बद्धाञ्जलिः ॥५२॥ शार्दूलविक्रीडितम् ॥

समाप्तमेतस्य महातपोऽदो
महश्च जातं गणपाधिराज्ये ।
समर्पितं तेन तपः स्वकीयं
**सरस्वतीलब्धप्रसादकाय** ॥५३॥ उपेन्द्रवज्रा ॥

यत्रेतिजन्मजनसङ्क्रमलोकबन्धा-
-ऽऽदेर्वर्णनं सुतपसश्च तपस्विनश्च ।
हृद्यं कृतं स नवमो जयतात् सुपक्षः
श्रेयःप्रदः सुविहितावलिनन्दनश्च ॥५४॥ वसन्ततिलका ॥

**॥ नवमः पक्ष समाप्तः ॥**



★ હવે પુણ્યરૂપી લક્ષ્મીનું જાણે સુંદર આવાસ હોય તેવા ૧૮૦ ઉપવાસરૂપ તપને ચોથીવાર કરવા માટે તે પાપ વિનાનાં મનવાળા (આચાર્ય વિજય હંસરત્નસૂરિજી) ઉત્સુક થયાં...૫૦

★ મહામારિનાં સમયમાં પણ તપસ્વી આચાર્ય વિજય હંસરત્નસૂરિજીનાં તપનો પ્રકાશ શોભે છે. સજ્જનોનો મહાપ્રભાવ સંવર્તવાયુની જેમ વિષમ પરિસ્થિતિને પણ સમ કરી દે છે...૫૧

★ યતનાપૂર્વક વિહાર કરીને શ્રી ગીતાંજલિ સંઘમાં આવીને ત્રણ પ્રદક્ષિણા આપીને તથા ગુરુવંદન કરી આચાર્ય રત્નસુંદરસૂરિ મ.સા.નાં મુખેથી નીકળેલું પચ્ચક્ખાણ આ તપના સાગર (આ.વિ. હંસરત્નસૂરિ) હાથ જોડીને ગ્રહણ કરે છે...૫૨

★ આમનો (આ. હંસરત્નસૂરિનો) આ મહાતપ સમાપ્ત થયો અને ગચ્છાધિપતિનાં શાસન (= નિશ્રા)માં તેનો મહોત્સવ થયો. તેમણે પોતાનો તપ **સરસ્વતીલબ્ધપ્રસાદ આચાર્ય વિજય રત્નસુંદરસૂરિજી**ને સમર્પિત કર્યો...૫૩

★ જ્યાં મહામારિનો જન્મ, લોકોમાં સંક્રમણ, લોકડાઉન વગેરેનું અને તપસ્વીના તપનું સુંદર વર્ણન કરાયુ છે તે કલ્યાણને આપનાર, સુવિહિત મુનિઓના સમૂહને આનંદ આપનાર નવમો પક્ષ જય પામો...૫૪

**॥ નવમો પક્ષ સમાપ્ત ॥**



# तुरगपदम्

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| १<br>श्री | ३०<br>लाऽ | ९<br>पा | २०<br>पाऽ | ३<br>पा | २४<br>लाऽ | ११<br>ला | २६<br>पाऽ |
| १६<br>पाऽ | १९<br>लाऽ | २<br>ला | २९<br>लाऽ | १०<br>ला | २७<br>पाऽ | ४<br>पा | २३<br>पाः |
| ३१<br>ला | ८<br>पा | १७<br>ला | १४<br>पा | २१<br>पाऽ | ६<br>ला | २५<br>पा | १२<br>लाऽ |
| १८<br>पा | १५<br>पा | ३२<br>पाऽ | ७<br>ला | २८<br>लाऽ | १३<br>ला | २२<br>लाः ! | ५<br>पाः |

श्रीलाऽपापाऽपालाऽलापाऽपाऽलाऽलालाऽलापाऽपापाः ! ।
लापा ! लापा ! पाऽलापालाऽपापापाऽलालाऽलाला ! पाः ! ॥ विद्युन्माला ॥

श्रील ! - सौभाग्यशालिन् !, अपाप - निष्पाप ! अपाल ! - अस्तुतिलम्पट !, अलाप ! - अभोजनशूर !, अप ! - अनृण ! अल ! - अनास्तिक !, अलाल ! - अलोभपूरण !, अलाप ! - लापरहित ! आपापाः ! - अलक्ष्मीपाल !, लापा ! - लयपालका, लापा ! - दानप्रयत्न !, प ! - प्रसन्न !, अलापाल ! - अललनापाल !, अपापाप ! - अलक्ष्मीपात्रप ! अलाल ! - अलीलाविलास !, अलालाः ! - अदीनदशाक ! पाः ! - पातः ! ।

-હે સૌભાગ્યશાળી !, નિષ્પાપ, સ્તુતિના જેઓ લંપટ નથી તેવા, ભોજનમાં જે શૂર નથી (=ઉપવાસી), ઋણ વિનાના, અનાસ્તિક (=આસ્તિક), લોભને ન પૂરનારા, લાપ=વાતચીત તેનાથી રહિત (=મૌનધારી), લક્ષ્મીને ન પાળનારા, લયને પાળનારા દાનનો પ્રયત્ન છે જેનો તેવા, પ્રસન્ન, સ્ત્રીને ન પાળતા, નિર્ધનને પાળનારા (સાધર્મિકવત્સલ), લીલા અને વિલાસ વગરના, અદીનદશાવાળા, પાલક ! - (આ તમામ આ.વિ. હંસરત્નસૂરિજીના સંબોધનો છે.)

★ શતરંજના ઘોડાની ચાલે એક-એક આંકડો વટાવતા આ કાવ્ય પૂરૂ થાય છે.

# ।। दशमः पक्षः ।।

## (अलङ्कारहंस, समुदायरासः, उपसंहृतिश्च)

स्पृष्टः सुरेन्द्रमुकुटैरभितोऽविरामं,
दष्टः प्रवाहयति दुग्धसमानरक्तम् ।
दोलायितश्च सुरभूमिधरस्तु येन,
सोऽङ्गुष्ठ इष्टततिदोऽन्त्यजिनस्य भूयात् ।।१।। वसन्तलिका ।।

उक्तस्तपोधनो हंसरत्नसूरीशसत्तमः ।
गीयते गीतिभिः सद्भिर्भावेन नम्यते तथा ।।२।।

मादृशां पीडितानां तु तपोऽन्तरायकर्मणा ।
स्यात् क्षयोपशमोपायो, गानमस्य तपस्विनः ।।३।।

जायते बहुशोभायायलङ्कारयुतो नरः ।
तथाऽस्यालङ्कृतैः श्लोकैर्गानमात्मविशुद्धिये ।।४।।

प्रस्तूयते ततो ह्यत्र, हंसरत्नर्षितल्लजः ।
अलङ्कारमयैः श्लोकैर्लालित्यौदार्यभूषितैः ।।५।।





# ॥ દશમો પક્ષ ॥

## (અલંકાર હંસ, સમુદાયનો રાસ અને ઉપસંહાર)

★ ચારે બાજુથી ઈંદ્રોનાં મુગટો વડે જે સતત સ્પૃષ્ટ છે, જે ડંખ મારવા છતાં દૂધ જેવું (સફેદ) રુધિર વહાવે છે અને જેના વડે શ્રેષ્ઠ એવો મેરુ પર્વત ડોલાવાયો છે તે વીર પ્રભુનો અંગૂઠો ઈષ્ટવસ્તુનાં સમૂહને આપનારો થાઓ...૧

★ તપસ્વી આચાર્ય હંસરત્નસૂરીશ્વરજી મ.સા. જે પૂર્વે કહેવાયેલા છે તે સજ્જનો વડે ગીતોથી ગવાય છે અને ભાવથી નમાય છે...૨

★ તપનાં અંતરાયકર્મથી પીડિત મારા જેવાને આ તપસ્વીનું ગાન એ ક્ષયોપશમનો ઉપાય થાઓ...૩

★ જેમ અલંકારવાળો માણસ અધિક શોભા માટે થાય છે તેમ અલંકારમય શ્લોકો વડે આ તપસ્વીનું ગાન આત્મવિશુદ્ધિ આપનારું છે...૪

★ તેથી અહીં આચાર્ય હંસરત્નસૂરિજીને લાલિત્ય-ઔદાર્ય વગેરેથી ભૂષિત અલંકારમય શ્લોકોથી પ્રસ્તુત કરાય છે...૫

## ॥ अलङ्कारहंसः ॥

### ([1]वक्रोक्तिः)

कान्ता नेक्ष्येति प्रोच्याऽपि, ''वीक्ष्ये कान्ताऽऽकृतिं गुरोः'' ।
कथं नयन ! वक्ष्येवं ? ज्ञातं यत्तत्र ते रुचिः ॥६॥

### ([2]यमकम्)

कृत्याऽऽकृत्या रञ्जयन् भव्यलोकान्,
रत्याऽरत्या चोद्धरन् दूयमानान् ।
सत्याऽसत्यान्वेषणे यश्च दक्षः,
स्तुत्या स्तुत्यं स्तौमि तं हंसरत्नम् ॥७॥ शालिनी ॥

### ([3]अनुप्रासः)

मरौ रोरोऽमराऽऽराममरे ! माररमारमम् ।
प्राप्नुयान्नु कुतो ? हंसं, मन्दपुण्यस्तथा भवे ॥८॥

---

१. વક્તાને 'કાન્તા' શબ્દનો 'સુંદર સ્ત્રી' એવો અર્થ અભિપ્રેત હતો, પણ શ્રોતા જાણી જોઈને 'કાન્તા'નો 'સુંદર' એવો વિશેષણાત્મક અર્થ કરે છે. વક્તાના કથનનો અર્થ સમજવા છતાં બીજો અર્થ સ્વીકારવો તે વક્રોક્તિ-અલંકાર છે.
उक्तस्यान्येनान्यथाश्लेषादुक्तिर्**वक्रोक्तिः** ॥ ५/८ ॥ काव्यानुशासनम् ॥
**वक्रोक्तिः** श्लेषकाकुभ्यां वाक्यार्थान्तरकल्पनम् । ५/१११ (पूर्वार्धः) चन्द्रालोकः ।

२. એકથી વધુ વર્ણો એક જ ક્રમમાં એકથી વધુ વાર વપરાય અને એકથી વધુ અર્થ આપે તો યમક અલંકાર.
आवृत्तवर्णस्तवकं स्तवकन्दाङ्कुरं कवेः (**यमकम्**) । ५/८ (पूर्वार्धः) चन्द्रलोकः ।
આ અલંકારમાં અનુસ્વર, વિસર્ગ, न-ण-, ड-ल, ब-व, श-स વૈકલ્પિક છે.

३. व्यञ्जनस्याऽऽवृत्तिर**नुप्रासः** ॥ ५/११ ॥ - काव्यानुशासनम् ॥
**अनुप्रासः** शब्दसाम्यं, वैषम्येऽपि स्वरस्य यत् । १०/३ (पूर्वार्धः) साहित्यदर्पणम् ।

★ "કાન્તા (સ્ત્રી) એ જોવા યોગ્ય નથી" એવું કહેવા છતાં પણ ગુરુ (આ.વિ. હંસરત્નસૂરિજી)ની કાન્ત (સુંદર) આકૃતિને જોઈશ" આ પ્રમાણે હે નયન ! તું શા માટે બોલે છે ? અરે ! ખબર પડી કે તને ત્યાં જ રુચિ છે...૬

★ કાર્ય અને આકૃતિ વડે ભવ્યલોકોને ખુશ કરનાર અને રતિ-અરતિથી પીડિતજનોનો ઉદ્ધાર કરનાર તથા સત્ય અને અસત્યને શોધવામાં જે હોંશિયાર છે, તે સ્તુતિને યોગ્ય આ.વિ. હંસરત્નસૂરિજીને સ્તુતિ વડે હું સ્તવું છું...૭

★ અરે ! કામદેવ અને લક્ષ્મીને આનંદ આપનાર દેવોનો બગીચો રાંકડો માણસ રેગિસ્તાનમાં ક્યાંથી પ્રાપ્ત કરે ? તેમ મંદપુણ્યવાળો વ્યક્તિ આ.વિ. હંસરત્નસૂરિજીને (આ) ભવમાં ક્યાંથી પ્રાપ્ત કરે ?...૮



(4 **पूर्णोपमा**)

चिक्कणे भोगरागेण, युगेऽस्मिन् भाति सन्मुनिः ।
अलिप्तो हंसरत्नस्तु, सरोजमिव कर्दमे ॥९॥

(5 **प्रहर्षणम्**)

स्पृष्टौ गुरोः क्रमौ यावत्, तमोविनाशकाम्यया ।
तावदेव समुद्भूता, द्युतिरन्तस्तलेऽद्भुता ॥१०॥

(6 **लुप्तोपमा**)

यस्य समो न दृष्टोऽस्ति, सम्प्रति सत्तपोधनः ।
ननु को हंसरत्नाऽऽभः ? ततः सोऽनन्यसत्तपाः ॥११॥

(7 **सामान्यम्**)

शरदि धवलाऽम्भोदसङ्कीर्णे खे गुरो ! तव ।
प्रससाराऽमला कीर्तिः, स्पष्टमहो ! न लक्ष्यते ॥१२॥

---

४. स्यात् **सम्पूर्णोपमा** यत्र द्वयोरपि (उपमानोपमेययोः) विधेयता । १७/५ (पूर्वार्धः) चन्द्रालोकः ।
सा **पूर्णा** यदि सामान्यधर्म औपम्यवाचि च ।
उपमेयं चोपमानं भवेद् वाच्यमियं पुनः ॥ १०/१५ साहित्यदर्पणम् ।

५. वाञ्छनादधिकार्थस्य संसिद्धिश्च **प्रहर्षणम्** । १२९ (पूर्वार्धः) कुवलयानन्दः ।

६. एकद्वित्रिलोपे **लुप्ता** ॥ ६/३ ॥ काव्यानुशासनम् ॥
**लुप्ता** सामान्यधर्मादेरेकस्य यदि वा द्वयोः ॥ १०/१७ ॥ त्रयाणां वाऽनुपादाने-साहित्यदर्पणम् ।

७. **सामान्यं** यदि सादृश्याद्, विशेषो नोपलक्ष्यते । १४६ (पूर्वार्धः) कुवलयानन्दः ।
**सामान्यं** प्रकृतस्यान्यतादात्म्यं सदृशैर्गुणैः ॥ १०/८९ (उत्तरार्धः) साहित्यदर्पणम् ।

★ ભોગરાગથી ચીંકણા આ યુગમાં અલિપ્ત આ.વિ. હંસરત્નસૂરિજી, ચીંકણા એવા કાદવમાં અલિપ્ત કમળની જેમ શોભે છે...૯

★ અંધકાર-નાશની ઈચ્છાથી જ્યાં ગુરુના ચરણનો સ્પર્શ કર્યો ત્યાં જ ભીતરમાં અદ્‌ભુત એવો પ્રકાશ ઉત્પન્ન થયો...૧૦

★ વર્તમાનમાં આ.વિ. હંસરત્નસૂરિજી જેવો કોઈ તપસ્વી જોયા નથી. ખરેખર આ.વિ. હંસરત્નસૂરિજી જેવા અહીં કોણ છે ? માટે જ તેઓ અનન્ય તપસ્વી છે..૧૧

★ શરદ ઋતુમાં શ્વેતવાદળોથી સંકીર્ણ એવા આકાશમાં હે ગુરુદેવ ! (આ.વિ. હંસરત્નસૂરિજી) તમારી નિર્મળ કીર્તિ ફેલાઈ ગઈ જે સ્પષ્ટ જણાતી નથી...૧૨

## ([8]अर्थापत्तिः)

जितस्त्वया गुणैः स्वस्य, महामोहमहीपतिः ।
का वार्ता शेषदोषाणां, तत्पदातिसधर्मणाम् ॥१३॥

## ([9]प्रतीपम्)

हंसरत्नस्तनोत्यत्र, तपोलीलां वरां यदि ।
किं लीलानाममात्रेण, हंस ! ते जलताडनम् ? ॥१४॥

## ([10]स्मरणम्)

तपःपुष्टो मुनिर्धन्यः, स्मर्यते कृशविग्रहः ।
तपस्तपन्तमालोक्य, हंसरत्नगुरूत्तमम् ॥१५॥

## ([11]सन्देहः)

किमेष पूषा ? नहि सोऽम्बरस्थः, किमेष चन्द्रो ? नहि सोऽङ्कयुक्तः ।
भुवां चरन्नेष सुदीप्ततेजा-स्तथाऽकलङ्की गुरुहंसरत्नः ॥१६॥

## ([12]भ्रान्तापह्नुतिः)

भीर्मे हरिण ! किं राहोः ?, स क्वचिद्ध्युपरज्यति ।
किन्तु भीर्मे तपोभासां, हंसस्येत्यवद् विधुः ॥१७॥

---

८. दण्डापूपिकयान्यार्थागमोऽर्थापत्तिरिष्यते । १०/८३ (पूर्वार्धः) साहित्यदर्पणम् ।
**अर्थापत्तिः** स्वयं सिद्ध्येत् पदार्थान्तरवर्णनम् । ५/३७ (पूर्वार्धः) चन्द्रालोकः ।

९. **प्रतीपमु**पमानस्य हीनत्वमुपमेयतः । ५/१०० (पूर्वार्धः) चन्द्रालोकः ।
प्रसिद्धस्योपमानस्योपमेयत्वप्रकल्पनम् ।
निष्फलत्वाभिधानं वा **प्रतीपमि**ति कथ्यते ॥ १०/८७ साहित्यदर्पणम् ।

१०. सदृशदर्शनात् **स्मृतिः** ॥ ६/२५ ॥ काव्यानुशासनम् ॥
सदृशानुभवाद् वस्तुस्मृतिः **स्मरण**मुच्यते ॥ १०/२७ (उत्तरार्धः) साहित्यदर्पणम् ।

११. **सन्देहः** प्रकृतेऽन्यस्य संशय प्रतिभोत्थितः ॥ १०/३५ (उत्तरार्धः) साहित्यदर्पणम् ।

१२. भ्रान्तापह्नुतिरन्यस्य, शङ्कायां भ्रान्तिवारणे । २६ (पूर्वार्धः) कुवलयानन्दः ।
**भ्रान्तापह्नुति**रन्यस्य, शङ्कया तत्त्वनिर्णये । ५/२६ (पूर्वाधः) चन्द्रालोकः ।



★ (હે આ.વિ. હંસરત્નસૂરિજી !) તમારા વડે પોતાના ગુણોથી મહામોહરાજા પણ જીતાઈ ચૂક્યાં છે તો એમનાં સુભટો જેવા બાકીના દોષોની તો શી વાત ? (અર્થાત્ તે પણ જિતાઈ જ ચૂક્યાં છે)...૧૩

★ અહીં જો આ.વિ. હંસરત્નસૂરિજી સુંદર એવી તપની લીલાને વિસ્તારે છે તો હે હંસ ! લીલાના નામે માત્ર જલ-તાડનની તારી ક્રિયાથી શું ? (અર્થાત્ તારી લીલા નકામી છે)...૧૪

★ તપથી પુષ્ટ એવા આ.વિ. હંસરત્નસૂરિજીને જોતાં તપમાં મગ્ન, કૃશ શરીરવાળા એવા ધન્ના અણગાર યાદ આવે છે...૧૫

★ શું આ સૂર્ય છે ? ના, એ તો આકાશમાં રહેલો છે. શું આ ચંદ્ર છે ? ના, એ તો કલંકવાળો છે. આ તો ભૂમિ પર વિચરતા, જેમનું તેજ દીપી રહ્યું છે તેવા, તથા કલંક વિનાના આ.વિ. હંસરત્નસૂરિજી છે...૧૬

★ "હે હરણ ! શું મને રાહુનો ડર છે ?- ના એ તો ક્યારેક જ મારું ગ્રહણ કરે છે. પરંતુ મને આચાર્ય હંસરત્નસૂરિજીના તપના કિરણોનો ડર છે" એમ ચંદ્રએ કહ્યું...૧૭

(13 **व्यतिरेकः**)

मृगारिरिव शूरस्त्वं, कोमलहृदयः परम् ।
मृग इव सुनेत्रश्च, निर्भयो भवकानने ॥१८॥

(14 **यथासङ्ख्यम्**)

दत्तवान् हंसरत्नोऽयमवर्ण्यगुणवारिधिः ।
रे ! शोक-श्लोक-लोकेभ्यो, नीर-श्रम-कृपाञ्जलीः ॥१९॥

(15 **अर्थान्तरन्यासः**)

तपसा हंसरत्नस्याऽवर्धन्ताऽभ्यन्तरश्रियः ।
आप लब्धीर्वज्रनाभः, किमसाध्यं तपस्विनाम् ? ॥२०॥

(16 **सापह्नवातिशयोक्तिः**)

हंसरत्न ! तव हृत्खे, ज्ञानसूर्यः प्रदीप्यते ।
मूढास्तु सूर्यमन्वेष्टुं, दत्ताक्षा उदयाचले ॥२१॥

(17 **उत्प्रेक्षा**)

विहारे हंसरत्नस्य, दृष्ट्वा सुललितां गतिम् ।
मानसेऽद्यापि तामाप्तुमिव हंसस्तपस्यति ॥२२॥

---

१३. उत्कर्षापकर्षहेत्वोः साम्यस्य चोक्तावनुक्तौ
चोपमेयस्याधि **व्यतिरेकः** ॥ ६/१८ ॥ काव्यानुशासनम् ॥
उपमानाद् यदन्यस्य व्यतिरेकः स एव सः । १०/१०५ (पूर्वार्धः) चन्द्रालोकः ।

१४. **यथासङ्ख्यं** क्रमेणैव, क्रमिकाणां समन्वयः ॥ १०/१०८ (उत्तरार्धः) काव्यप्रकाशः ।
**यथासङ्ख्य**मनुद्देश, उद्दिष्टानां क्रमेण यत् । १०/७९ (पूर्वार्धः) साहित्यदर्पणम् ।

१५. भवे**दर्थान्तरन्यासो**ऽनुषक्तार्थान्तराभिधा । ५/६८ (पूर्वार्धः) चन्द्रालोकः ।
सामान्यं वा विशेषो वा तदन्येन समर्थ्यते ।
यत्र सो**ऽर्थान्तरन्यासः** साधर्म्येर्णेतरेण वा ॥ १०/१०९ काव्यप्रकाशः ।

१६. यद्यपह्नुतिगर्भत्वं, सैव सापह्नवा मता । ३५ (पूर्वार्धः) कुवलयानन्दः ।

१७. **उत्प्रेक्षो**न्नीयते यत्र, हेत्वादिर्निह्नुतिं विना । ५/२९ (पूर्वार्धः) चन्द्रालोकः ।
त्सम्भाव**नोत्प्रेक्षा**, प्रकृतस्य परात्मना । १०/४० (पूर्वार्धः) साहित्यदर्पणम् ।



★ (આ.વિ. હંસરત્નસૂરિજી) તમે ભવરૂપી જંગલમાં સિંહ જેવા શૂર છો છતાં કોમળ-હૃદયવાળા છો અને હરણ જેવા સુંદરનેત્રવાળા પણ (સાથે જ) નિર્ભય છો...૧૮

★ અવર્ણ્ય (વર્ણનાતીત) ગુણોના સમુદ્ર સમાન આ.વિ. હંસરત્નસૂરિજીએ શોકને જલની, શ્લોકને (સ્વાધ્યાયને) શ્રમની અને લોકોને કૃપાની અંજલિ આપી...૧૯

★ આ.વિ. હંસરત્નસૂરિજીની તપ દ્વારા આભ્યંતર લક્ષ્મીઓ વધી. પૂર્વે પણ વજ્રનાભમુનિએ તપ વડે લબ્ધિઓ પ્રાપ્ત કરી હતી. તપસ્વીઓ માટે શું અસાધ્ય હોય ?...૨૦

★ હે આ.વિ. હંસરત્નસૂરિજી ! તમારા હૃદયરૂપી આકાશમાં જ્ઞાનનો સૂર્ય દીપે છે. મૂઢ લોકો સૂર્યને શોધવા ઉદયાચલ પર દૃષ્ટિ નાંખીને બેઠાં છે...૨૧

★ વિહારમાં આ.વિ. હંસરત્નસૂરિજીની સુંદર ગતિ જોઈને આજે પણ જાણે તેને (તે ગતિને) પામવા માટે હંસ માનસરોવરમાં તપસ્યા કરે છે....૨૨

(¹⁸कारणमाला)

हंसरत्नगुरोर्दर्शो, भाववृद्धेः सुकारणम् ।
तया च कर्मणो नाशस्तेन मुक्तिपदाऽऽपनम् ॥२३॥

(¹⁹आक्षेपः)

दीप ! दीप्यस्व दीप्रैः स्वैर्द्युभिस्तमोहराय वै ।
अथवाऽत्रास्ति हंसाऽऽर्यो, दीप्यमानस्तपोधनः ॥२४॥

(²⁰अर्थश्लेषः)

स्फुटमेव तपस्तप्तं, वर्यपुद्गलपिण्डितम् ।
निःश्रेयसानुकूलं ते, देहं कर्म च सद्गुरो ! ॥२५॥

(²¹रूपकम्)

यन्मुखं स्फुटं चन्द्रो, मोदयति जननयनचन्द्रमणिम् ।
हरति चित्तसन्तापं, स हंसरत्नः कलिनिशि जयतु ॥२६॥ आर्या ॥

(²²अतद्गुणः)

प्रविश्यापि तपोवह्नौ, शीतलेश्योऽसि सद्गुरो ! ।
संसारदावतप्तास्ते, प्रणिशाम्यन्ति सन्निधौ ॥२७॥

---

१८. यथोत्तरं पूर्वस्य हेतुत्वे **कारणमाला** ॥ ६/३० ॥ काव्यानुशासनम् ।
परं परं प्रति यदा पूर्वपूर्वस्य हेतुता । तदा **कारणमाला** स्यात् । १०/७६ साहित्यदर्पणम् ।

१९. विवक्षितस्य निषेध इवोपमानस्याक्षेपश्चाक्षेपः ॥ ६/११ ॥ काव्यानुशासनम् ।
**आक्षेपः** स्वयमुक्तस्य, प्रतिषेधो विचारणात् । ७२ (पूर्वार्धः) कुवलयानन्दः ।

२०. **अर्थश्लेषो**ऽर्थमात्रस्य यद्यनेकार्थसंश्रयः । ५/६५ (पूर्वार्धः) चन्द्रालोकः ।

२१. सादृश्ये भेदेनाऽऽरोपो **रूपकमे**कानेकविषयम् ॥ ६/५ ॥ काव्यानुशासनम् ॥
यत्रोपमानचित्रेण, सर्वथाऽप्युपरज्यति ।
उपमेयमयी भित्तिस्तत्र रूपकमिष्यते ॥ ५/१०५ (पूर्वार्धः) चन्द्रालोकः ।

२२. सङ्गतान्यगुणानङ्गीकारमाहु**रतद्गुणम्** । ५/१०५ (पूर्वार्धः) चन्द्रालोकः ।
तद्रूपाननुहारस्तु हेतौ सत्यप्य**तद्गुणः** ॥ १०/९० साहित्यदर्पणम् ।



★ આચાર્ય વિજય હંસરત્નસૂરિજીનું દર્શન એ ભાવવૃદ્ધિનું કારણ છે. ભાવવૃદ્ધિથી કર્મનો નાશ અને કર્મનો નાશ થતાં મોક્ષની પ્રાપ્તિ થાય છે...૨૩

★ હે દીપ ! અંધકારને હરવા માટે પોતાના તેજસ્વી કિરણો વડે તું પ્રકાશિત થા, અથવા અહીં દીપતા તપસ્વી આ.વિ. હંસરત્નસૂરિજી તો છે જ (માટે તારે દીપવાની કોઈ જરૂર નથી)...૨૪

★ હે સદ્‌ગુરુદેવ ! તમારું શરીર અને કર્મ બંને તપથી તપેલા છે, સુંદર પુદ્‌ગલોથી બનેલા છે અને મોક્ષ માટે અનુકૂળ છે...૨૫

★ જેઓનું મુખ ચોક્કસ ચંદ્ર છે કે જે લોકોના નયનરૂપી ચંદ્રકાંતમણિને ખુશ કરે છે, મનના સંતાપને હરે છે તે આ.વિ. હંસરત્નસૂરિજી કલિયુગની રાત્રિમાં જય પામો...૨૬

★ તપરૂપી અગ્નિમાં પ્રવેશીને પણ હે સદ્‌ગુરુદેવ ! તમે શીતલ-કિરણોવાળા છો. સંસારરૂપી દાવાનળથી તપ્ત થયેલા જીવો તમારા સાંનિધ્યમાં શાંતિ પામે છે...૨૭

(²³**विशेषोक्तिः**)

शय्या मृदुर्मन्दतमाः प्रकोष्ठ-
-श्चित्तं विचिन्तं विरतश्च घोषः ।
निद्राऽसुरी किन्तु समैति नाऽक्ष्णोः,
श्रीहंसरत्नस्मरणप्रभावात् ॥२८॥ इन्द्रवज्रा ॥

(²⁴**अप्रस्तुतप्रशंसा**)

सहस्रभानुः समभूद् विभानुः, सहस्रबाहुर्गलितोरुवीर्यः ।
सहस्रदृग् मीलितनेत्रसङ्घः, श्रीहंससूरेस्तरसः पुरस्तु ॥२९॥ उपजातिः ॥

(²⁵**कैतवापह्नुतिः**)

अस्खलिता वहन्ती या, जिनेन्द्रकरुणाऽपगा ।
पतति सद्धृदो भूम्यां, सा हंसरत्नदृङ्मिषात् ॥३०॥

(²⁶**अन्योऽन्यम्**)

मोदयति विधुर्हंसं, ध्यानानुकूलरश्मिना ।
हंसो मोदयतीन्दुं च, ध्यानस्य शान्तमुद्रया ॥३१॥

---

२३. **विशेषोक्ति**रनुत्पत्तिः कार्यस्य सति कारणे ॥ ५/७८ (पूर्वार्धः) चन्द्रालोकः ।
**विशेषोक्ति**रखण्डेषु कारणेषु फलावचः । १०/१०८ (पूर्वार्धः) काव्यप्रकाशः ।

२४. **अप्रस्तुतप्रशंसा** स्यात्, सा यत्र प्रस्तुतानुगा ।
कार्यकारणसामान्यविशेषादेरसौ मता ॥ ५/६६ चन्द्रालोकः ।

२५. **कैतवापह्नुति**र्व्यक्तौ व्याजाधैर्निह्नवे पदैः । ५/२५ (पूर्वार्धः) चन्द्रालोकः ।

२६. **अन्योऽन्य**मुभयोरेकक्रियायाः करणं मिथः । १०/७२ (उत्तरार्धः) साहित्यदर्पणम् ।
**अन्योऽन्यं** नाम यत्र स्यादुपकारः परस्परम् । ५/८४ (पूर्वार्धः) चन्द्रालोकः ।

★ ગાદી કોમળ છે, આછા અંધકારવાળો કક્ષ છે, મન ચિંતા વિનાનું છે અને બહારનો અવાજ શાંત થઈ ગયો છે; છતાં નિદ્રા નામની અસુરી આ.વિ. હંસરત્નસૂરિજીનાં સ્મરણના પ્રભાવે આંખમાં પ્રવેશતી નથી...૨૮

★ આ.વિ. હંસરત્નસૂરિજીની ઊર્જા સામે સૂર્ય પણ તેજ વિનાનો થઈ ગયો, શિવજી પણ ગળી ગયેલી શક્તિવાળા થયા અને ઈંદ્રએ પણ પોતાની આંખો મીંચી દીધી...૨૯

★ જે જિનેશ્વર પ્રભુની કરુણા નામની નદી અસ્ખલિત વહે છે તે આ.વિ. હંસરત્નસૂરિજીના આંખના બહાનાથી સજ્જનોના હૃદયની ભૂમિ પર પડે છે (અર્થાત્ આ.વિ. હંસરત્નસૂરિજીનાં આંખમાં ભક્તોને પ્રભુની કરુણાનો અહેસાસ થાય છે)...૩૦

★ ચંદ્ર ધ્યાનને અનુકૂળ કિરણો વડે આ.વિ. હંસરત્નસૂરિજીને ખુશ કરે છે અને આ.વિ. હંસરત્નસૂરિજી ધ્યાનની શાંતમુદ્રા વડે ચંદ્રને ખુશ કરે છે...૩૧



([27]**उल्लेखः**)

कल्पितोऽसि भवाऽटव्यां, त्वमहो ! गुरुसत्तमः ।
भ्रान्तैर्दीपोऽङ्घ्रिपः श्रान्तैर्निष्क्रान्तैः सार्थवाहकः ॥३२॥

([28]**भ्रान्तिमान्**)

जापादनून्मीलिते, सितनयने चन्द्रद्वयमिति मत्वा ।
विस्मयं किं नाऽऽप्नुयुर्हंसरत्न ! जननयानि रे ॥३३॥ आर्या ॥

([29]**दृष्टान्तः**)

हंसरत्नो हि शक्तोऽस्ति, साधयितुं महत्तपः ।
षट्खण्डसाधने वीरश्चक्री हि भवति क्षमः ॥३४॥

([30]**लोकोक्तिः**)

साम्येन लोकते सर्वान्, हंसरत्नो न भेदतः ।
उदारचरितानां तु, वसुधैव कुटुम्बकम् ॥३५॥

([31]**लेशः**)

मुखरत्वं स्फुटं दोष-रूपं प्रोक्तं मनीषिभिः ।
स्याद् गुणाय गुणश्रेणिगाने तदेव ते परम् ॥३६॥

---

२७. क्वचिद्, भेदाद् ग्रहीतॄणां, विषयाणां तथा क्वचित् ।
एकस्यानेकधोल्लेखो, यः स **उल्लेख** उच्यते ॥३७॥ साहित्यदर्पणम् ।

२८. साम्यादतस्मिंस्तद्बुद्धि**र्भ्रान्तिमान्** प्रतिभोत्थितः ॥ १०/३६ (उत्तरार्धः) साहित्यदर्पणम् ।
विपर्ययो **भ्रान्तिः** ॥ ६/२६ ॥ काव्यानुशासनम् ।

२९. चेद् बिम्बप्रतिबिम्बत्वं **दृष्टान्त**स्तदलङ्कृतिः । ५० (पूर्वार्धः) कुवलयानन्दः ।

३०. लोकप्रवादानुकृति**र्लोकोक्ति**रिति कथ्यते । १५३ (पूर्वार्धः) कुवलयानन्दः ।

३१. **लेशः** स्याद्दोषगुणयोर्गुणदोषत्वकल्पनम् । १३७ कुवलयानन्दः ।



★ અહો ગુરુદેવ ! ભવરૂપી જંગલમાં તમે ભૂલા પડેલા જીવો વડે દીપ તરીકે, થાકેલા જીવો વડે વૃક્ષ તરીકે અને દીક્ષિત થયેલા જીવો વડે સાર્થવાહ તરીકે કલ્પાયા છો...૩૨

★ આ.વિ. હંસરત્નસૂરિજી ! જાપ પછી ખુલી ગયેલી આપની બે સફેદ આંખોને બે ચંદ્ર માની શું લોકોની આંખો વિસ્મય ન પામે ?...૩૩

★ આ.વિ. હંસરત્નસૂરિજી જ મોટો તપ સાધવા માટે સમર્થ છે, ખરેખર વીર એવો ચક્રવર્તી જ ષટ્ખંડ સાધવા માટે સમર્થ હોય છે...૩૪

★ આ.વિ. હંસરત્નસૂરિજી સહુને સમદૃષ્ટિએ જુવે છે, ભેદભાવથી નહીં. (કારણકે) ઉદાર ચરિત્રવાળાઓને આખી ધરતી એ જ કુટુંબ હોય છે...૩૫

★ ચોક્કસ ! વાચાળતા એ વિદ્વાનો વડે દોષ તરીકે કહેવાયેલી છે પણ ગુરુદેવ તમારા ગુણસમૂહને ગાવામાં તે (વાચાળતા) જ ગુણ માટે થાય છે...૩૬

### ([32]**श्लेषप्रीणितोत्तरम्**)

कस्तरति मानससरसि ? भ्राम्यति कश्च दिवि सुदीप्रतेजसा ? ।
क उद्धर्ता भविनां च ? हन्त ! हंस इत्युत्तरं खलु ॥३७॥ आर्या ॥

### ([33]**विचित्रम्**)

दूरे स्थातुं समीहेऽहमनुजानीहि हंस ! माम् ।
यच्छुश्रावाऽतिदूरे ते, याति दृष्टिर्विशेषतः ॥३८॥

### ([34]**मालोपमा**)

सुधयेव सुधाभानुः, समुद्र इव मुद्रया ।
पुष्पन्धयैरिव पुष्पं, तपसा त्वं महातपाः ॥३९॥

### ([35]**परिणामः**)

त्वत्सान्निध्यतरुच्छाया, सुखैकधामतामगात् ।
भवाऽटव्यां भ्रमन्नृणां, हंसरत्नमुनीश्वर ! ॥४०॥

---

३२. यच्चासकृदसम्भाव्यं, सत्यपि प्रश्न **उत्तरम्** ॥ १०/८२ (उत्तरार्धः) साहित्यदर्पणम् ।
प्रश्नोत्तरं क्रमेणोक्तौ स्यूतमुत्तर**मुत्तरम्** । ५/१०८ (पूर्वाधः) चन्द्रालोकः ।
આ શ્લોકમાં 'हंस' શબ્દમાં હંસ, સૂર્ય અને આ.વિ. હંસરત્નસૂરિજીનો શ્લેષ છે માટે આ અલંકાર શ્લેષપ્રીણિત છે.

३३. **विचित्रं** तद्विरुद्धस्य, कृतिरिष्टफलाय चेत् । १०/७१ (उत्तरार्धः) साहित्यदर्पणम् ।
**विचित्रं** चेत् प्रयत्नः स्याद्, विपरीतफलप्रदः । ५/८१ (पूर्वार्धः) चन्द्रालोकः ।
આ.વિ. હંસરત્નસૂરિ ગુરુદેવ ! આપનાથી દૂર કેમ રહેવું તેનો જવાબ આ છે કે જો દૂર જઈશ તો જ આપની નજરમાં રહીશ. 'દૂર રહેવાથી નજરમાં રહેવાય' આ ચમત્કૃતિ છે માટે 'વિચિત્ર' અલંકાર છે.

३४. **मालोपमा** यदेकस्योपमानं बहु दृश्यते । १०/२६ (पूर्वार्धः) साहित्यदर्पणम् ।

३५. **परिणामो**ऽनयोरस्मिन्नभेदः पर्यवस्यति । ५/२२ (पूर्वार्धः) चन्द्रालोकः ।
**परिणामो** भवेत्तुल्यातुल्याधिकारणो द्विधा । १०/३५ (पूर्वार्धः) साहित्यदर्पणम् ।
व्या. आरोप्यमाणस्यारोविषयात्मतया परिणमनात् **परिणामः** ।

★ માનસરોવરમાં કોણ તરે છે ? = હંસ, કોણ અત્યંત તેજ વડે આકાશમાં ભમે છે ? = હંસ (સૂર્ય) અને કોણ ભવ્યજીવોના ઉદ્ધારક કરે છે ? = અરે ! હંસ (આ.વિ. હંસરત્નસૂરિ) એ પ્રમાણેનો જવાબ છે...૩૭

★ હે આ.વિ. હંસરત્નસૂરિજી ! હું તમારાથી દૂર રહેવા માંગું છું. મને અનુજ્ઞા આપો કારણકે તમારી દૃષ્ટિ વિશેષથી દૂર જાય છે એવું મેં સાંભળ્યું છે...૩૮

★ અમૃતથી જાણે ચંદ્ર, મર્યાદાથી જાણે સાગર, ભમરાઓ વડે જાણે પુષ્પ એવા તપ વડે મહાતપસ્વી તમે છો...૩૯

★ ભવજંગલમાં ભમતા લોકો માટે હે આ.વિ. હંસરત્નસૂરિજી ! તમારા સાંનિધ્યરૂપી વૃક્ષની છાયા સુખનું એક માત્ર ધામ બની ગઈ છે...૪૦



(३६ सहोक्तिः)

त्वत्तपसः सुगन्धेन, समं वात्यब्जसौरभम् ।
हंस ! परमुभे भिन्ने, ज्ञायेते काम्यकामिभिः ॥४१॥

(३७ मिथ्याध्यवसितिः)

सुकरं मन्यतेऽङ्गुल्या, सूर्यांशुगणनं तु यः ।
सुकरं गणनं तस्य, हंसरत्नगुणावलेः ॥४२॥

(३८ पर्यस्तापह्नुतिः)

समुद्रोऽपि न स-मुद्रः, समुद्रोऽसि त्वं हंसरत्नगुरो ! ।
स्वान्तर्निश्चलत्वेन, न मुद्रामतिलङ्घसे क्वचित् ॥४३॥ आर्या ॥

(३९ एकावलिः)

चकोरश्चन्द्रमोमग्नश्चन्द्रमाश्चन्द्रिकारतः ।
सा च हंसमुखाऽऽसक्ता, तन्मुखं गुरुसन्मुखम् ॥४४॥

---

३६. सहार्थबलाद् धर्मस्यान्वयः **सहोक्तिः** ॥ ६/१३ ॥ काव्यानुशासनम् ॥
सा **सहोक्तिः** सहार्थस्य, बलादेकं द्विवाचकम् ॥ १०/११२ (उत्तरार्धः) काव्यप्रकाशः ।

३७. किञ्चिन्मिथ्यात्वसिद्ध्यर्थं, मिथ्यार्थान्तरकल्पनम् । **मिथ्याध्यवसितिः** ॥१२६ कुवलयानन्दः ।

३८. **पर्यास्तापह्नुतिर्यत्र** धर्ममात्रं निषिध्यते । ५/२५ (पूर्वाधः) चन्द्रालोकः ।
अन्यत्र तस्या (प्रकृतस्या-ऽऽरोपार्थः **पर्यस्तापह्नुतिश्च** सः । २६ (पूर्वार्धः) कुवलयानन्दः ।

३९. पूर्वं पूर्वं प्रति विशेषणत्वेन परं परम् ॥ १०/७७ ॥
स्थाप्यतेऽपोह्यते वा चेत् स्यात्त**दैकावली** द्विधा । साहित्यदर्पणम् ।
गृहीतमुक्तरीत्यर्थश्रेणि**रेकावली** मता । ५/८८ (पूर्वार्धः) चन्द्रालोकः ।



★ હે આ.વિ. હંસરત્નસૂરિજી ! કમળની સુગંધ તમારા તપની સુગંધ સાથે વહે છે પણ તે કામી અને અકામી જનો વડે ભિન્ન જણાય છે...૪૧

★ જે આંગળીથી સૂર્યના કિરણોને ગણવા સુકર માને છે તેના માટે આ.વિ. હંસરત્નસૂરિજીના ગુણસમૂહ ગણવા સુકર છે...૪૨

★ સમુદ્ર પણ સમુદ્ર (=મર્યાદાવાળો) નથી, આ.વિ. હંસરત્નસૂરિજી ! આપ સમુદ્ર (=મર્યાદાવાળા) છો. પોતાના અંદરની નિશ્ચલતાથી તમે ક્યારેય મર્યાદા નથી ઓળંગતા...૪૩

★ ચકોર ચંદ્રમાં મગ્ન છે, ચંદ્ર ચંદ્રિકામાં રત છે, તે ચંદ્રિકા આ.વિ. હંસરત્નસૂરિજીના મુખ પર આસક્ત છે અને તે મુખ ગુરુભગવંતના સન્મુખ છે...૪૪



(४०**दीपकम्**)

पिकः स्वादुस्वरं, पद्मं सुरूपं, सुरसं मधु ।
सौम्यत्वं च बिभर्तीन्दुस्तथाऽयं सद्गुणान् गुरुः ॥४५॥

(४१**व्याघातः**)

स्तुत्यर्ध्र्यन्ति[४२] गुरोः सुज्ञा, निन्दयाऽज्ञा दरिद्रति ।
जीवेद् येनाऽम्भसा विश्वं, तेनैवाऽग्निर्विपद्यते ॥४६॥

(४३**भाषासमः**)

आत्तसुगुणसन्दोहं, विजितपञ्चसायकम् ।
हंसगुरुवरं वन्दे, समतारसपायकम् ॥४७॥

(४४**सारः**)

ज्ञातो द्वारेभभालाष्टकर्ममर्मविदारणात् ।
तीक्ष्णः करिरदौ तस्मात् सिंहहस्तो गुरोस्तरः ॥४८॥

---

४०. अप्रस्तुतप्रस्तुतयो**र्दीपकं** तु निगद्यते ॥ १०/४८ ॥
अथ कारकमेकं स्यादनेकासु क्रियासु चेत् ॥ साहित्यदर्पणम् ।
प्रस्तुताप्रस्तुतानां च तुल्यत्वे **दीपकं** मतम् । ५/५३ (पूर्वार्धः) चन्द्रालोकः ।

४१. **व्याघातः** स तु केनाऽपि, वस्तु येन यथाकृतम् ॥ १०/७४ ॥
तेनैव चेदुपायेन कुरुतेऽन्यस्तदन्यथा ॥ साहित्यदर्पणम् ।
स्याद् **व्याघातो**ऽन्यथाकारि वस्त्वन्यक्रियमुच्यते ॥ ५/८६ (पूर्वार्धः) चन्द्रालोकः ।

४२. अवर्णस्येवर्णादिनैदोदरल् ॥१/२/६॥ सिद्धहेमशब्दानुशासनम् ।

४३. शब्दैरेकविधैरेव भाषासु विविधास्वपि ।
वाक्यं यत्र भवेत् सोऽयं **भाषासम** इतीष्यते ॥ १०/१० साहित्यदर्पणम् ।
આ શ્લોક સંસ્કૃત અને પ્રાકૃત બંને ભાષામાં વાંચી શકાય છે માટે ભાષાસમ છે.

४४. उत्तरोत्तरमुत्कर्षो, वस्तुनः **सार** उच्यते ॥१०/७८ (उत्तरार्धः) साहित्यदर्पणम् ।
**सारो** नाम पदोत्कर्षः, सारताया यथोत्तरम् ॥ ५/९० (पूर्वार्धः) चन्द्रालोकः ।

★ કોયલ મધુસ્વરને, કમળ સુંદરરૂપને, મધ સરસ રસને, ચંદ્ર સૌમ્યતાને તેમ આ સદ્‌ગુરુદેવ સદ્‌ગુણોને ધારણ કરે છે...૪૫

★ ગુરુદેવની સ્તુતિ વડે સુજ્ઞલોકો સમૃદ્ધ બને છે અને નિંદા વડે અજ્ઞાનીઓ દરિદ્ર બને છે. જે જળથી આખું વિશ્વ જીવે છે તે જ જળ વડે અગ્નિ મૃત્યુ પામે છે...૪૬



★ જેઓ સદ્‌ગુણોના સમૂહને પામી ચૂક્યા છે, કામદેવને જીતી ચૂક્યા છે, વળી જેઓએ સમતારસનું પાન કર્યું છે તે આ.વિ. હંસરત્નસૂરિજીને હું વંદુ છું...૪૭

★ દ્વાર, હાથીનું કપાળ અને કર્મના મર્મને ફાડી નાંખવાથી ક્રમશઃ હાથીના દાંત, સિંહનો હાથ અને ગુરુદેવ (આ.વિ. હંસરત્નસૂરિજી)નું પરાક્રમ તીક્ષ્ણ જણાયું છે...૪૮

(45 **निश्चयः**)

नेदमिन्दीवरं किन्तु, गुरोर्नेत्रं मधुव्रत ! ।
तस्मिंश्च बन्धवा नो ते, कृष्णतारा परं च सा ॥४९॥

(46 **विभावना**)

हतस्तृतीयाक्षि विनाऽपि मारो,
विना च तन्तुं रचिता श्रुतिस्रक् ।
कर्माणि शस्त्राणि विना जितानि,
रिपूपमानानि तपोधनेन ॥५०॥ उपजातिः ॥

(47 **मालादीपकम्**)

अन्तरङ्गारिसङ्ग्रामे, बाणाः कामेशितुर्हृताः ।
तैर्बलं तेन च प्राणा, विजयश्रीश्च तैस्त्वया ॥५१॥

(48 **प्रत्यनीकम्**)

शशिज्योत्स्नानिभायास्त्वन्मुखप्रशान्तदीधितेः ।
असूययाऽक्षमो राहुः, शशिनमुपरज्यति ॥५२॥

---

४५. अन्यन्निषिध्य प्रकृतस्थापनं **निश्चयः** पुनः ॥ १०/३९ (उत्तरार्धः) साहित्यदर्पणम् ।
एकस्य च ग्रहे न्यायदोषाभावाद**निश्चयः** ॥ १०/१४० (उत्तरार्धः) काव्यप्रकाशः ।

४६. **विभावना** विना हेतुं कार्योत्पत्तिर्यदुच्यते ॥ १०/६६ (पूर्वार्धः) साहित्यदर्पणम् ।
**विभावना** विनाऽपि स्यात्कारणं कार्यजन्म चेत् । ७६ (पूर्वार्धः) कुवलयानन्दः ।

४७. **तन्मालादीपकं** पुनः ॥ १०/७६ ॥ धर्मिणामेकधर्मेण सम्बन्धो यद्यथोत्तरम् । साहित्यदर्पणम् ।
**मालादीपक**माद्यं चेद्यथोत्तरगुणावहम् । १०/१०४ (पूर्वार्धः) काव्यप्रकाशः ।

४८. **प्रत्यनीकम**शक्तेन प्रतीकारे रिपोर्यदि ।
तदीयस्य तिरस्कारस्तस्यैवोत्कर्षसाधकः ॥ १०/८६ साहित्यदर्पणम् ।
प्रतिपक्षमशक्तेन प्रतिकर्तुं तिरस्क्रिया । १०/१२९ (पूर्वार्धः) काव्यप्रकाशः ।

★ ભ્રમર ! આ શ્વેતકમળ નથી પણ ગુરુદેવની આંખ છે, અને તેમાં જે દેખાય છે તે તારો ભાઈ નથી પણ કાળી કીકી છે...૪૯

★ તપસ્વી (આ.વિ. હંસરત્નસૂરિજી) વડે ત્રીજી આંખ વિના પણ કામદેવ હણાયો, દોરા વિના પણ કીર્તિની માળા બનાવાઈ અને શસ્ત્ર વિના પણ દુશ્મનની ઉપમાવાળા કર્મો જીતાયા...૫૦

★ આભ્યંતરશત્રુના સંગ્રામમાં (ગુરુદેવ !) તમારા વડે કામરાજાના બાણ હરાયા, તેથી તેનું બળ હરાયું, તેથી તેના પ્રાણ હરાયા અને તેથી વિજયરૂપી લક્ષ્મી હરાઈ...૫૧

★ ચંદ્રના ચાંદની જેવી તમારા શાંતમુખના કિરણની ઈર્ષ્યાથી અસમર્થ બનેલાં રાહુએ ચંદ્રનું ગ્રહણ કર્યું...૫૨



(49 **अन्त्यानुप्रासः**)

त्वमेव रागाहिविषैकमन्त्रस्त्वं कर्मपाशेभ्य इह स्वतन्त्रः ।
मोक्षैककामः शमितान्यकामस्तपोविधानेन तथाऽभिरामः ॥५३॥ उपजातिः ॥

(50 **व्याजस्तुतिः**)

अहो ! ते कीदृशं वीर्यं, यन्मौनं वचसि द्विषाम् ।
अहो ! चाऽऽशीःप्रभावस्ते, येनाऽभूद् विधवा रतिः ॥५४॥

(51 **भेदकातिशयोक्तिः**)

अन्यदेवास्ति शौण्डीर्यमन्य एव पराक्रमः ।
अन्यैव च तपःसम्पद्, हंसरत्न ! गुरो ! तव ॥५५॥

(52 **परिवृत्तिः**)

समर्प्य गुरवे चित्तमात्ता हंसेन तत्कृपा ।
व्रतं दत्त्वा गुरुणाऽऽत्तं, तस्य सत्कर्मणां यशः ॥५६॥

---

४९. व्यञ्जनं चेद् यथावस्थं, सहाद्येन स्वरेण तु ।
आवर्त्यतेऽन्त्ययोज्यत्वा**दन्त्यानुप्रास** एव तत् ॥ १०/६ साहित्यदर्पणम् ।

५०. स्तुतिनिन्दयोरन्यपरता **व्याजस्तुतिः** ॥ ६/१६ ॥ काव्यानुशासनम् ।
**व्याजस्तुति**र्मुखे निन्दा स्तुतिर्वा रूढिरन्यथा ॥ १०/११२ (पूर्वार्धः) काव्यप्रकाशः ।

५१. **भेदकातिशयोक्ति**श्चेदेकस्यैवान्यतोच्यते । ५/४५ (पूर्वार्धः) चन्द्रालोकः ।
**भेदकातिशयोक्तिस्तु** तस्यैवान्यत्ववर्णनम् ॥ ३६ (पूर्वार्धः) कुवलयानन्दः ।

५२. पर्यायविनिमयौ **परिवृत्तिः** ॥ ६/२२ ॥ काव्यानुशासनम् ।
**परिवृत्ति**र्विनिमयो न्यूनाभ्यधिकयोर्मिथः । १११ (पूर्वार्धः) कुवलयानन्दः ।



★ (ગુરુદેવ !) તમે જ અહીં રાગરૂપી સર્પના વિષ માટેના એક માત્ર મંત્ર છે, કર્મના બંધનોથી સ્વતંત્ર (મુક્ત) છો, મોક્ષની એક માત્ર ઈચ્છાવાળા છો, વળી જેણે બીજી ઈચ્છાઓ શાંત કરી દીધી છે તેવા છો, તથા તપના વિધાન દ્વારા સુંદર છે...૫૩

★ અહો ! તમારી શક્તિ તો કેવી છે કે તમે દુર્જનોનાં વચન પર પણ મૌન રહો છો અને અહો ! તમારા આશીર્વાદનો પ્રભાવ પણ કેવો છે કે જેનાથી રતિ (કામદેવની પત્ની) પણ વિધવા બની ગઈ...૫૪

★ હે આ.વિ. હંસરત્નસૂરિજી ગુરુદેવ ! તમારી વીરતા કંઈક જુદી જ છે, તમારું પરાક્રમ કંઈક જુદુ જ છે અને તમારી તપસંપદા પણ કંઈક જુદી જ છે...૫૫

★ ગુરુને મન સોંપીને પૂજ્ય હંસરત્નવિજયજી દ્વારા તેમની કૃપા મેળવાઈ અને તેમને (પૂ. હંસરત્નવિજયજીને) દીક્ષા આપીને ગુરુદેવ વડે તેમના સત્કાર્યોનો યશ મેળવાયો...૫૬



([५३]**परिसङ्ख्याः**)

किं स्वादु ? सद्गुरुवचो, न पयो न वाऽऽम्रं,
किंवा सुधा ? गुरुकृपा, न निशाकरोत्था ।
किं मूल्यवद् ? गुरुपदस्य रजो, न रत्न-
मेवं हि हंससुगुरोर्विमृशन्ति भक्ताः ।।५७।। वसन्ततिलका ।।

एवं स्तुत्या गुरोर्हंसरत्नसूरिवरस्य तु ।
भवति युगपद् वृद्धिर्निर्मलगुणपुण्ययोः ।।५८।।

अथाऽहं वच्मि सद्गच्छं, हंसरत्नतपस्विनः ।
चन्दनमीदृशं रम्यं, नन्दनं तर्हि कीदृशम् ! ।।५९।।

---

५३. पृष्टेऽपृष्टे वा अन्यापोहपरोक्तिः **परिसङ्ख्या** ॥ ६/२९ ॥ काव्यानुशासनम् ।
**परिसङ्ख्या** निषिध्यैकमेकस्मिन् वस्तु यन्त्रणम् ॥ ११२ (पूर्वार्धः) कुवलयानन्दः ।





★ મધુર શું છે ? - ગુરુના વચન, નહીં કે દૂધ અથવા આંબો...
અમૃત શું છે ? - ગુરુની કૃપા, નહીં કે ચંદ્રમાંથી ઉત્પન્ન થનાર અમૃત...
મૂલ્યવાન શું છે ? - ગુરુના ચરણની રજ, નહીં કે રત્ન...
આ પ્રમાણે ગુરુદેવ આ.વિ. હંસરત્નસૂરિજી મહારાજાના ભક્તો વિચારે છે...૫૭

★ આ પ્રમાણે આચાર્ય વિજય હંસરત્નસૂરિની સ્તુતિથી એક સાથે નિર્મળ ગુણોની અને પુણ્યની વૃદ્ધિ થાય છે...૫૮

★ હવે હું તપસ્વી હંસરત્નસૂરિ મહારાજનાં ગચ્છને બતાવું છું. જો ચંદન આટલું સુંદર હોય તો (તેનું ઉત્પત્તિસ્થાન) નંદનવન કેવું હોય !...૫૯



## प्रेमभुवनभानुसूरिसमुदायरासः

(राग : यो हि गर्वमविवेकभरेण... उपमिति)

सर्वदर्शिजिनदर्शितसत्पथरागिनः,
सुव्रतव्रततिसंवृतसद्‌गुरुसङ्गिनः ।
प्रेमभानुजयघोषसुगच्छसदाश्रयं,
ते श्रयन्तु कलिकालमरौ मरुशाद्वलम् ॥ ध्रुवकम् ॥६०॥

सारपूर्णगहनाऽऽगमतत्त्वविवेचकाः,
कर्मघर्महरणाय वचोऽमृतसेचकाः ।
भान्ति शान्तिवनितारमणा श्रमणा इमे,
सूरिराजप्रमुखेन्द्रसुशासितसद्‌गणे...सर्व... ॥६१॥

ग्रन्थवृन्दपरिशोधनलेखनपाठनं,
यत्र सर्वविषयेषु विराजति पाटवम् ।
तत्र नः सुसमुदाय उरुश्रिय आस्पदे,
संयताः शुचिगुणा विलसन्ति पदे पदे...सर्व...॥६२॥

श्रीजिनेन्द्रगुणरङ्गसुरञ्जितमानसा,
अन्तरङ्गबहिरङ्गकुसङ्गविमोचनाः ।
मन्त्रतन्त्रजपनैश्च प्रणामितनिर्जराः,
पान्ति ते गणगता मुनयः कृतनिर्जराः...सर्व...॥६३॥



## પ્રેમ-ભુવનભાનુસૂરિ સમુદાયનો રાસ

★ જેઓ સર્વદર્શી જિનેશ્વર પ્રભુએ બતાવેલા પથના રાગી છે, સુવ્રતરૂપી વેલથી વીંટળાયેલાં સદ્‌ગુરુના સંગી છે. તેઓ કલિકાળનાં રણમાં રણ-હરિયાળી જેવા પ્રેમ-ભુવનભાનુ-જયઘોષસૂરિજી ગચ્છરૂપી સુંદર આશ્રયનો આશરો લે...૬૦

★ સારપૂર્ણ, ગહન આગમ તત્ત્વના વિવેચકો, કર્મની ઉષ્ણતાને હરવા માટે વચનનું અમૃત સીંચનારા, શાંતિરૂપી સ્ત્રીનાં પ્રિય એવા આ શ્રમણો આચાર્ય વિજય રાજેન્દ્રસૂરિ મહારાજના ગણમાં શોભે છે...૬૧

★ ગ્રન્થ સમૂહનું સંશોધન-લેખન-અધ્યાપન વગેરે તમામ વિષયોમાં જ્યાં પટુતા શોભે છે, તે પ્રચુર લક્ષ્મીનાં સ્થાનસમા અમારા સમુદાયમાં સુંદર ગુણવાળા મુનિઓ ડગલે ને પગલે વિલસી રહ્યાં છે...૬૨

★ શ્રી જિનેશ્વર પ્રભુના ગુણરૂપી રંગથી રંગાયેલા મનવાળા, બાહ્ય-આભ્યંતર કુસંગને મૂકનારા, મન્ત્ર આરાધન અને જાપ વડે જેઓએ દેવોને નમાવ્યા છે તે કરાયેલી છે નિર્જરા જેમણે એવા ગણમાં રહેલા મુનિઓ રક્ષા કરે છે...૬૩



स्मारणाप्रमुखदण्डचतुष्कप्रयोजनं,
यत्र शल्यहरणाय मुनौ क्रियते घनम् ।
गृह्यते च मुनिभिः सुगवेषितभोजनं,
तत्र गच्छतिलके ननु कस्य न रोचनम् ?...सर्व...॥६४॥

शुद्धगुप्तिसमितिष्वपि ये विहिताऽऽदराः,
कुक्षिशम्बलतया च किलाऽत्र कृशोदराः ।
ब्रह्मचर्ययतनाव्रतपालनतत्पराः,
सन्तु ते हि शरणा मुनिराजमतल्लिकाः...सर्व...॥६५॥

श्रोतृकर्णशिखिनन्दिजलाऽऽगमसोदरं,
कुर्वते प्रवचनं गुरवोऽत्र मनोहरम् ।
तन्निशम्य प्रतरन्ति भवाम्बुनिधिं जना,
जायते च जिनशासनसत्कप्रभावना...सर्व...॥६६॥

नित्यशर्मजलवर्षणकारिघनाघनाः,
सप्तभङ्गिनयदर्शनशास्त्रवदावदाः ।
निर्मलस्वगुणनन्दितकृत्स्नचराचरा,
गच्छराज्यसुभटाः शुभपुण्यधराधरा...सर्व...॥६७॥

गारवत्रयमदाष्टकचूर्णन उद्यता,
धारिताऽद्रिसमदुर्वहपञ्चमहाव्रताः ।
पालयन्ति दशधा यतिधर्ममहर्निशं,
सन्तु ते मुनिजनाः स्मरणाऽध्वनि मेऽनिशम्...सर्व...॥६८॥



★ જ્યાં સારણા વગેરે ચાર દંડોનો ઘણો પ્રયોગ શલ્ય દૂર કરવા માટે મુનિને વિશે કરાય છે અને મુનિઓ વડે ગવેષણા કરાયેલી (=નિર્દોષ) ભિક્ષા ગ્રહણ કરાય છે તે શ્રેષ્ઠ ગચ્છને વિશે કોને રુચિ ન હોય ?...૬૪

★ શુદ્ધ ગુપ્તિ અને સમિતિને વિષે જેઓ આદરવાળા છે, કુક્ષિ શંબલતા દ્વારા અહીં જેઓ કૃશોદર છે, બ્રહ્મચર્ય-યતના અને વ્રતનાં પાલનમાં તત્પર તે શ્રેષ્ઠ સાધુઓ મારું શરણ છે...૬૫

★ શ્રોતાના કાનરૂપી મોરને આનંદિત કરનાર વાદળ જેવું મનોહર પ્રવચન અહીં (ગચ્છમાં) ગુરુઓ કરે છે અને તે સાંભળી લોકો ભવસાગર તરે છે અને જિનશાસનની પ્રભાવના થાય છે...૬૬

★ જેઓ સતત આનંદને વરસાવનારા વાદળસમા છે, સપ્તભંગી-નય-દર્શનશાસ્ત્રને કહેનારા છે, પોતાના નિર્મળ ગુણથી આખું વિશ્વ આનંદિત કરનારા છે તે ગચ્છરૂપી રાજ્યનાં સુભટો શુભપુણ્યના રાજા છે...૬૭

★ ત્રણ ગારવ અને આઠ મદને ચૂરવામાં ઉદ્યત છે, પર્વત જેવા દુઃખેથી વહી શકાય તેવા પાંચ મહાવ્રતોને ધારણ કરનારા છે, દશ પ્રકારનાં યતિધર્મને દિન-રાત પાળનારા છે તે મુનિજનો મારા સ્મરણપથ પર સતત રહો...૬૮



''व्यञ्जनार्थतदुभावितथाऽभिनिबोधनं,
कालपालनमनादरदोषविवर्जनम् ।
ज्ञानतत्परिवृढाविनयादिसमुज्झनं,''
ज्ञानमाददत एवमिह व्रतिनोऽनघम्...सर्व...॥६९॥



वादयन्ति शमडिण्डिममार्जवझल्लरीं,
सत्त्वदुन्दुभिमुदारमनःस्थितिवल्लकीम् ।
शुद्धभावमुरजं धीरतापणवं तथा,
ध्यानपर्वणि निजात्मन उत्कतयर्षयः...सर्व...॥७०॥



प्रीतिभक्तिवचनैः सदसङ्गतया तथा,
साधयन्ति दमिनः शुभयोगदशां पराम् ।
कामनामवपुषामभिषङ्गविनाशनं,
जायते मुनिगणे मम कामितपूरणम्...सर्व...॥७१॥

श्रेणिसिद्धिगुणरत्नतपोभिरनुत्तमैः,
कर्मकाष्ठतनुखादनदक्षघुणोपमैः ।
शोधयन्ति निजचेतनमत्र मुनीश्वरा,
गच्छमध्य उपकारपरा हि तपोधना...सर्व...॥७२॥



मित्रताऽऽह्वमुकुटं करुणाभुजबन्धनं,
सद्गुणाऽऽमुदवतंस उपेक्षणविष्टरम् ।
ज्ञानरोचनक्रियारुचिसञ्ज्ञकचामरौ,
ह्येवमत्र यमिराजविभूतिरलत्यहो !...सर्व...॥७३॥

★ વ્યંજન- અર્થ અને તદુભયનો
અવિતથ બોધ, સમયનું પાલન, અનાદર-
દોષનું વર્જન, જ્ઞાન અને જ્ઞાનીનાં અવિનયનો ત્યાગ-
આ પ્રમાણે મુનિઓ અહીં સુંદર જ્ઞાનને ગ્રહણ કરે છે...૬૯

★ ઉપશમનો ઢંઢેરો, ઋજુતાની ઝાલર, સત્ત્વની દુંદુભિ, ઉદાર મનઃસ્થિતિની વીણા, શુદ્ધભાવનો મૃદંગ, ધીરતાનું નગારું- આ વાજિંત્રો પોતાના આત્માનાં ધ્યાનપર્વમાં ઉત્કંઠાથી મુનિઓ વગાડે છે...૭૦

★ પ્રીતિ-ભક્તિ-વચન તથા અસંગ અનુષ્ઠાન દ્વારા સાધુઓ શ્રેષ્ઠ એવી શુભયોગ દશાને સાધે છે. મુનિગણમાં મારો કામ-દેહ અને નામનો અધ્યાસ નાશ પામે છે અને ઈચ્છાપૂર્તિ થાય છે...૭૧

★ શ્રેણિતપ, સિદ્ધિતપ, ગુણરત્ન સંવત્સરતપ વગેરે કર્મરૂપી લાકડાનાં શરીરને ખાવવામાં કુશળ ઊધઈ જેવાં ઉત્તમ તપ વડે અહીં ગચ્છમાં ઉપકારમાં તત્પર, તપસ્વી મુનિઓ પોતાનાં આત્માને શુદ્ધ કરે છે...૭૨

★ મૈત્રી નામનો મુગટ, કરુણારૂપી બાજુબંધ, સદ્‌ગુણના આનંદનો (=પ્રમોદનો) હાર, ઉપેક્ષાનું આસન, જ્ઞાનરુચિ-ક્રિયારુચિ નામનાં બે ચામર- અહો ! આ પ્રમાણે અહીં મુનિરાજની વિભૂતિ શોભે છે...૭૩

आप्तवागतिक्रमः श्रमणाऽऽचरणाऽरुचि-
र्मातृस्थानश्रयणं परदोषगवेषणम् ।
द्रोहधाष्ट्र्यकलहभ्रममुख्यकुवृत्तयो,
नोद्भवन्ति किल तास्तु कदाऽपि गणे मम...सर्व...॥७४॥

उल्लसद्यतिसहायगुणोत्कलिकाभरं,
नैकयोगझषसन्ततिसंक्षुभिताऽऽत्मकम् ।
प्रेङ्खदात्मरमणत्वसुपोतमनोरमं,
नौमि तं मुनिगणाम्बुनिधिं गुणसन्निधिम्...सर्व...॥७५॥

धीधनाः शमितराजसतामसवृत्तयः,
प्राप्तचित्तमलमोचकसात्त्विकवृत्तयः ।
वर्धमानप्रकृतौ सदुपग्रहकारिणि,
साधवो मुनिगणे विभान्ति गुणाऽऽलयाः...सर्व...॥७६॥

कर्मशास्त्रनवसर्जनप्रेरणकारिणः,
कर्मराजगजराजकपोलविदारिणः ।
सद्गुणाऽऽत्मफलराजिविराजितशाखिनः,
**प्रेमसूरिगुरवो**ऽत्र जयन्ति सुवादिनः...सर्व...॥७७॥

वर्धमानतपसा रसरागविदारकः,
पोतकल्प इह संसृतिसागरतारकः ।
ध्वस्तचेतनविकारकमन्मथचारकः,
पात्ययं **भुवनभानुगुरु**र्गणपालकः...सर्व...॥७८॥



★ આપ્તવચનોને ઓળંગવું, શ્રમણનાં આચારોમાં અરુચિ, માયાનો આશરો લેવો, બીજાની દોષો શોધવા, દ્રોહ, ધૃષ્ટતા, કલહ, ભ્રમ વગેરે કુવૃત્તિઓ પ્રાયઃ કરીને ક્યારે પણ અહીં મારા ગણમાં ઉદ્ભવતી નથી...૭૪

★ ઉલ્લાસ પામતા મુનિના સહાયગુણનાં મોજાથી ભરેલા, અનેક યોગરૂપી માછલાઓના સમૂહથી સંક્ષોભ પામેલાં, ઝૂલતી આત્મરમણતાની નાવડીઓથી મનોરમ એવા ગુણનાં ભંડાર મુનિગણરૂપી સમુદ્રને હું નમું છું...૭૫

★ મતિ છે ધન જેમનું એવા, જેમની રાજસ અને તામસવૃત્તિ શાંત થઈ ગઈ છે તેવા ગુણનાં સ્થાનસમા, સ્વભાવવાળા, ઉપકાર કરનારા સાધુઓ વૃદ્ધિ પામતા આ ગણમાં શોભે છે...૭૬



★ કર્મશાસ્ત્રનાં નવસર્જનની પ્રેરણા કરનારા, કર્મરાજરૂપી હાથીનું કપાળ ભેદનારા, સદ્ગુણરૂપી ફળનાં સમૂહથી શોભિત વૃક્ષસમા અહીં સુવાદી **આચાર્ય વિજય પ્રેમસૂરિજી મહારાજા** જય પામે છે...૭૭

★ વર્ધમાન તપ વડે રસ રાગને ભેદનાર, વહાણની જેમ સંસાર સાગરથી તરાવનાર, આત્માને વિકૃત કરનાર કામદેવનો કારાવાસ જેમને ધ્વસ્ત કર્યો છે તે ગણના પાલક **આચાર્ય વિજય ભુવનભાનુસૂરિજી મહારાજા** રક્ષા કરે છે...૭૮



यः स्वयं निरतिचारसुसंयमसाधकः,
स्वाऽऽश्रयस्थयमिनामपि दोषनिरोधकः ।
क्षेमयोगकरणे कुशलो मुनिसन्ततौ,
सोऽत्र **पद्मविजयो** जयताद् भरतक्षितौ...सर्व...॥७९॥

आगमावलिसुधारसपानरतः परं,
नव्यजैनवरवाङ्मयबोधतृषाऽऽतुरः ।
चिन्तनाऽम्बरविहारपरायणखेचरः,
सूरिराज**जयघोषगुरु**र्नतनाकजः...सर्व...॥८०॥



याति दूरमपि यो जिनदर्शनकाम्यया,
माति नो च हृदि यस्य समासुमतां दया ।
स्नाति चाऽऽगमसरस्यनिशं तमहर्निशं,
**धर्मजिद्**गुरुवरं गुणदं प्रणमाम्यहम् ॥८१॥

बोधिता मरुधरस्य जना वचनाऽमृतैः,
शोधिताः सुकृतयो नवशास्त्रततेस्तथा ।
रोधिता भवपरिभ्रमकारणमाश्रवाः,
**श्रीजितेन्द्रसुगुरु**र्जयताद् भुवि सर्वदा ॥८२॥



श्रेष्ठमङ्गलमुहुर्तप्रदानविशारदः,
शारदाम्बुद इव स्फटिकामलमानसः ।
मानसौक इव सारग्रही ह्युतवाचको,
वाचको **विमलसेनगुरु**र्ददतां श्रियम्...सर्व...॥८३॥

★ જે સ્વયં નિરતિચાર સંયમના સાધક છે, પોતાના આશ્રયમાં આવેલાં મુનિઓનાં દોષનાં નિરોધક છે, મુનિના સમૂહ વિશે જે યોગક્ષેમ કરવામાં કુશળ છે તે **પંન્યાસ પદ્મવિજયજી મ.સા.** ભરતક્ષેત્રની ભૂમિ પર જય પામો...૭૯



★ આગમની શ્રેણિરૂપી અમૃતનાં પાનમાં રત હોવાં છતાં જેઓ નવાં જિનવચનોના બોધની તરસથી આતુર છે, ચિંતનનાં આકાશમાં ઊડવામાં પરાયણ પક્ષી સમા દેવોથી નમાયેલા તે **આચાર્ય વિજય જયઘોષસૂરિજી મહારાજા** છે...૮૦

★ જે પ્રભુદર્શનની ઈચ્છાથી દૂર પણ જાય છે, જેના હૃદયમાં સમસ્તજીવો પ્રત્યેની દયા સમાતી નથી, જેઓ સતત આગમરૂપી સરોવરમાં સ્નાન કરે છે તે **આચાર્ય વિજય ધર્મજિતસૂરિજી મહારાજા**ને હું રોજ પ્રણામ કરું છું...૮૧



★ જેમણે અમૃત સમાન વચનો વડે મારવાડની પ્રજાને પ્રતિબોધ આપ્યો, તથા નવીન શાસ્ત્રોની કૃતિઓ જેમણે સુધારી અને ભવભ્રમણનું કારણ એવા આશ્રવો જેમણે અટકાવ્યા તે **આચાર્ય વિજય જિતેન્દ્રસૂરિજી મહારાજા** આ ધરતી પર સદા જય પામો...૮૨

★ શ્રેષ્ઠ મંગલ મુહૂર્ત આપવામાં હોંશિયાર, શરદઋતુનાં વાદળ જેવા-સ્ફટિક જેવા નિર્મળ મનવાળા, હંસની જેમ સાર ગ્રહણ કરનારા, સત્ય કહેનારા, **ઉપાધ્યાય વિમલસેનવિજયજી મહારાજ** કલ્યાણને આપો...૮૩



पद्मरागगुलिकाकलधौतमणिप्रभा-
स्पर्द्धिनी तव विभाति किलाऽत्र तपःप्रभा ।
साधुसेवनरतिं प्रददस्व कृपापर !
त्वादृशीं गुरुवरेण्य ! मुनीश ! **मणिप्रभ** !...सर्व...॥८४॥

धातवो द्विसहस्रमिता निशि योऽस्मरत्,
स्वप्नमध्य इह नैकसुशास्त्रविचक्षणः ।
वक्ष्यमाणगुरुत्रितयसत्क सुशिक्षको,
**गुणानन्दगुरु**देव उदारगुणेश्वरः...सर्व...॥८५॥



तीर्थरक्षणपटो ! चटुलाक्षनियामक !,
यामकन्दलजलोपम ! सङ्घविरोचन ! ।
रोचन ! श्रमणपङ्कजमोदनचन्द्र ! शे,
**चन्द्रशेखरगुरो** ! ददतां स्थिरतां हि मे...सर्व...॥८६॥

पद्मभूषणविभूषित ! लब्धसरस्वती-
सत्कृप ! प्रभुपदैकविलग्न ! यशोनिधे ! ।
पञ्चशाखरचिताभिनवश्रुतशाख ! रे,
**रत्नसुन्दरगुरो** ! भविनां भवतु श्रिये...सर्व...॥८७॥



शोधितं प्रवचनैर्युवमानसमन्दिरं,
स्थापितं च भुवनाद्भुतमानसमन्दिरम् ।
येन स श्रुतविबोधितमानसमन्दिरो,
**हेमरत्नगुरु**रेतु सतां स्मृतिमन्दिरे...सर्व...॥८८॥

★ પદ્મરાગ, ચાંદી, સોનુ, મણિ વગેરેની પ્રભા સાથે સ્પર્ધા કરતી તમારી તપની પ્રભા શોભે છે. હે કૃપા કરવામાં તત્પર ગુરુદેવ **મુનિરાજશ્રી મણિપ્રભવિજયજી મહારાજ** ! તમારા જેવો સાધુ-સેવાનો આનંદ આપો...૮૪

★ રાત્રે ૨૦૦૦ ધાતુઓનો સ્વાધ્યાય સ્વપ્નમાં કરનારા, અનેક શાસ્ત્રોને જાણનારા, ઉદાર ગુણનાં સ્વામી એવા **આચાર્યદેવ શ્રીમદ્ વિજય ગુણાનંદસૂરિજી મહારાજ** છે જેઓ હવે કહેવામાં આવનારા ત્રણ ગુરુભગવંતોનાં શિક્ષાદાતા થયાં...૮૫



★ હે તીર્થરક્ષામાં કુશળ ! ચંચળ ઈન્દ્રિઓને નિયંત્રિત કરનારા ! વ્રતરૂપી અંકુર માટે જળ જેવાં, સંઘનાં સૂર્ય ! સુંદર ! શ્રમણરૂપી કમળને આનંદ આપનાર ચંદ્ર ! હે **પંન્યાસપ્રવર ચંદ્રશેખરવિજયજી** ગુરુદેવ ! મને આનંદમાં સ્થિરતા આપો...૮૬

★ પદ્મભૂષણ સમ્માનથી ભૂષિત ! સરસ્વતી દેવીની કૃપા મેળવનાર ! પ્રભુ ચરણોમાં રહેલા ! યશના ભંડાર ! હસ્ત વડે જેઓએ શ્રુતની નવી શાખાઓ રચી છે તેવા હે **આચાર્યદેવ શ્રીમદ્ વિજય રત્નસુંદરસૂરીશ્વરજી** ગુરુદેવ ! આપ ભવ્યલોકોનાં કલ્યાણ માટે થાઓ...૮૭



★ જેઓએ પ્રવચન વડે યુવાનોનું મનમંદિર શુદ્ધ કર્યું છે, લોકમાં અદ્ભુત એવું માનસમંદિર તીર્થ સ્થાપ્યું છે તેવાં શ્રુતથી બોધ પામેલું છે મન મંદિર જેમનું એવા **આચાર્ય વિજય હેમરત્નસૂરીશ્વરજી મહારાજ** સજ્જનોનાં સ્મૃતિમંદિરમાં પધારો...૮૮

यत्र सन्ति गुरवो बहवो जिनशासना-
रातिचक्रदलनाः प्रथिताऽऽर्हतशासनाः ।
यं ह्यवाप्य समुदायमहं किल भाग्यभाक्,
प्राप्नुयां भवभवे तमिति प्रभुमर्थये...सर्व...॥८९॥

***

एवं श्री हंसरत्नाऽऽर्यो, भावयत्यनिशं हृदि ।
**गच्छस्य दुष्प्रतीकारा, उपकारा गुरोरिव ॥९०॥**

## (उपसंहारः)

इत्येवं हंसरत्नस्य, जीवनमतिसुन्दरम् ।
वर्णितमस्ति काव्येऽस्मिन्, श्रेयसे स्वपराऽऽत्मनोः ॥९१॥

श्रीहंसरत्नसूरीशमेवं ध्यात्वा हृदि प्रगे ।
पठित्वा काव्यमेनं चाऽऽप्नुतः नृजन्मनः फलम् ॥९२॥

सम्यक्त्वममलं लान्तु, जीवा मार्गानुसारिणः ।
विरताविरतत्वं च, सम्यक्त्वगुणधारिणः ॥९३॥

श्रामण्यं लान्तु श्राद्धाश्च, साधवः क्षीणमोहताम् ।
इतः परं न मन्येऽहं, काव्यस्य फलमुत्तमम् ॥९४॥

★ જ્યાં ઘણાં ગુરુઓ જિનશાસનનાં દુશ્મનોના દલને દળનારા છે, જિનશાસનને વિસ્તારનારા છે અને જે સમુદાયને પામી હું ભાગ્યશાળી છું તે સમુદાયને હું ભવોભવ પામું એમ પ્રભુને વિનવું છું...૮૯

★ આચાર્ય વિજય હંસરત્નસૂરિજી હૃદયમાં નિરંતર આ પ્રમાણે (ઉપર કહ્યાં મુજબ) ભાવના ભાવે છે. ગચ્છનાં ઉપકારો ગુરુના ઉપકારોની જેમ બદલો ન વાળી શકાય તેવા છે...૯૦

**(ઉપસંહાર)**

★ આ પ્રમાણે આચાર્ય વિજય હંસરત્નસૂરિજીનું અતિસુંદર જીવન આ કાવ્યમાં સ્વ અને પરના કલ્યાણ માટે વર્ણવ્યું છે..૯૧

★ એવા આચાર્ય વિજય હંસરત્નસૂરિજીને આ પ્રમાણે સવારે હૃદયમાં ધ્યાયીને અને આ કાવ્યનું વાંચન કરી (ભવ્યજીવો !) મનુષ્યજન્મનું ફળ પામો...૯૨

★ માર્ગાનુસારી જીવો નિર્મલ સમ્યક્ત્વ પામે અને સમ્યક્ત્વીજીવો દેશવિરતિ પામે...૯૩

★ શ્રાવકો શ્રમણજીવન પામે અને શ્રમણો ક્ષીણમોહપણું પામે, આથી વધુ ઉત્તમ આ કાવ્યનું ફળ હું નથી માનતો...૯૪



फलं काव्यस्य जायेत, तपसि मे प्रवर्तनम् ।
गुणिषु बहुमानं च, देवगुरुसमर्पणम् ॥९५॥

हंसरत्नगुरुर्वर्यः, सम्प्रत्यपि तपस्यति ।
अर्हन्तं प्रार्थयेऽहं यद्- जीवेत्स शरदः शतम् ॥९६॥

यन्मया लिखितं काव्येऽस्मिन् हीनं यदिवाऽधिकम् ।
मिथ्या मे दृष्कृतं भूयात्तदिति जिनमर्थये ॥९७॥

लभेय जैनसाम्राज्यं, लभेय चेदृशं गुरुम् ।
लभेय हंसरत्नाभं, तपस्विनं भवेभवे ॥९८॥

कल्याणहेतुर्भववार्धिसेतुः ।
श्रीहंसरत्नः सुगुरुः स्तुतोऽयम् ।
यत्र स्वलङ्कारमयैः सुवृत्तैः
पक्षः स भद्राय भवत्ववन्याम् ॥९९॥ इन्द्रवज्रा ॥

**॥ इति दशमः पक्षः समाप्तः ॥**

**❊ कलशः ❊**

भविचित्तरञ्जनदुरितभञ्जनसच्चिदञ्जनकारणं,
मदमोहद्रोहव्यपोहकारि कर्मवारणमारणम् ।
जयतु चिरं जयतु चिरं भवतु तथा श्रुतिभाजनं,
भुवि हंसरत्नसूरीन्द्रकाव्यं सम्प्रमोदयतु जनम् ॥

**॥ इति श्रीहंसरत्नमहाकाव्यं समाप्तम् ॥**



★ આ કાવ્યનાં ફળ તરીકે મારી તપમાં પ્રવૃત્તિ થાઓ, ગુણીજનો પર (મને) બહુમાન થાઓ અને દેવ-ગુરુને વિશે (મને) સમર્પણ થાઓ...૯૫

★ આચાર્ય વિજય હંસરત્નસૂરિજી વર્તમાનકાળમાં પણ તપસ્યા કરે છે અને હું ઈચ્છું છું કે તેઓ સેંકડો વરસ જીવે...૯૬

★ જે મારા વડે આ કાવ્યમાં ઓછું-વત્તું લખાયું હોય તે માટે હું પ્રભુ પાસે મિચ્છામિ દુક્કડં માંગું છું...૯૭

★ ભવોભવ હું જૈનશાસન, આવા ગુરુદેવ અને આચાર્ય હંસરત્નસૂરિ જેવા તપસ્વી પામું એવું ઈચ્છું છું...૯૮

★ કલ્યાણનું કારણ, ભવસાગરને તરવાનો સેતુ એવા આ આચાર્ય વિજય હંસરત્નસૂરિજી જ્યાં (મારા વડે) અલંકારમય એવાં સુદર છંદોથી સ્તવાયા છે તે આ (દસમો) પક્ષ પૃથ્વી પર કલ્યાણ માટે થાઓ...૯૯

**॥ દશમો પક્ષ સમાપ્ત ॥**

**✲ કળશ ✲**

★ ભવ્યજીવોનાં ચિત્તને ખુશ કરનારું, પાપને ભાંગનારું, સમ્યગ્જ્ઞાનનાં અંજનનું કારણ, મદ-મોહ-દ્રોહને દૂર કરનારું, કર્મરૂપી હાથીને હણનારું, શ્રેષ્ઠ એવું આચાર્ય વિજય હંસરત્નસૂરિજીનું કાવ્ય ચિરકાળ સુધી જય પામો, કીર્તિનું ભાજન બનો અને લોકને આનંદિત કરો...

**॥ ઈતિ શ્રીહંસરત્નમહાકાવ્યં સમાપ્તમ્ ॥**







# ॥ प्रशस्तिः ॥

यस्य पञ्चमकालेऽस्मिन्नप्रतिहतशासनम् ।
पृथिव्यां स सदाकालं, जयता**दन्त्यकाश्यपः** ॥१॥

तदन्वये **सुधर्मा**दिपट्टप्रभावकोत्तमाः ।
जाता भव्यालित्रातारो, ज्ञातारः शास्त्रसन्ततेः ॥२॥

पट्टावल्यां **तपागच्छसाम्राज्य**मतिविस्तृतम् ।
भासते शासनेऽद्यापि, **माणिभद्र**सुरक्षितम् ॥३॥

तत्तपागच्छसाम्राज्यमण्डनः पापखण्डनः ।
आचार्यविजयाऽऽ**नन्दसूरि**रभूद् गुरूत्तमः ॥४॥

तत्पट्टेऽभूत्प्रभावाऽऽढ्यः, शुद्धसंयमपालकः ।
विजयाङ्कित आचार्यः, **कमलसूरि**सञ्ज्ञकः ॥५॥

तत्पट्टे **दानसूरीन्द्र**, आचार्यविजयाङ्कितः ।
सर्वाऽऽगमरहस्यानां, वेद्यभूद् भद्रदर्शनः ॥६॥

# ॥ પ્રશસ્તિ ॥

★ પાંચમા આરામાં જેમનું શાસન અપ્રતિહત છે તે ચરમ **તીર્થંકર પ્રભુવીર** ધરતી પર સદા જય પામો...૧

★ પ્રભુવીરના વંશમાં **સુધર્માસ્વામી** વગેરે ઉત્તમ પટ્ટપ્રભાવકો થયા જેઓ ભવ્યોના સમૂહને બચાવનાર અને શાસ્ત્રસમૂહને જાણનારા હતા...૨

★ પાટપરંપરામાં જે **તપાગચ્છનું સામ્રાજ્ય** અતિવિસ્તૃત હતું તે હાલ પણ **માણિભદ્ર યક્ષરાજ**થી સુરક્ષિત છે એવું જિનશાસનમાં શોભે છે...૩

★ તે તપાગચ્છ સામ્રાજ્યનું મંડન કરનાર અને પાપનું ખંડન કરનાર ગુરુઓમાં ઉત્તમ એવા **આ. વિ. વિજયાનંદસૂરિ (આત્મારામજી મહારાજ)** (પાટપરંપરામાં) થયા...૪

★ તેમની પાટે શુદ્ધ સંયમપાલક, પ્રભાવશાળી **આ. વિ. કમલસૂરિજી મ.સા.** થયા...૫

★ તેમની પાટે જેમનું દર્શન કલ્યાણકારી છે તે સકલાગમરહસ્યવેદી **આ. વિ. દાનસૂરિજી મ.સા.** થયા...૬





**आचार्यविजयप्रेमसूरि**स्तत्पट्टभूषणः ।
सञ्जातो गणकल्पद्रुशाखावर्धनदक्षधीः ॥७॥

**आचार्यविजयश्रीमद्भुवनभानुसूरिराद्** ।
तत्पट्टे सङ्घक्षेमैकदत्तचित्तोऽभवद् गुरुः ॥८॥

**आचार्यविजयजयघोषसूरि**रभूत्ततः ।
पट्टे विशालगच्छेशः, श्रीसिद्धान्तदिवाकरः ॥९॥

विजयान्वित **आचार्यराजेन्द्रसूरि**नामकः ।
प्रशान्तमूर्तिरारूढस्तत्पट्टे साधुवत्सलः ॥१०॥

तस्य साम्राज्यभूषाऽऽभो, **देवसुन्दर**नन्दनः ।
**आचार्यरत्नसुन्दरसूर्य**भूद् विजयाङ्कितः ॥११॥

तस्याशिषां प्रभावेण, काव्यमेतन्मया कृतम् ।
**युगसुन्दरसूर्य**न्तेवासिना मन्दमेधसा ॥१२॥















★ તેમના પટ્ટાલંકાર ગચ્છરૂપી કલ્પવૃક્ષની શાખાઓને વિસ્તારવામાં કુશળ બુદ્ધિવાળા **આ. વિ. પ્રેમસૂરિજી મ. સા.** થયા...૭

★ તેમની પાટે સંઘના કલ્યાણમાં જ પરોવાયુ છે મન જેમનું એવા **આ. વિ. ભુવનભાનુસૂરિજી મ. સા.** થયા...૮

★ તે પછીની પાટે સુવિશાળ ગચ્છાધિપતિ સિદ્ધાંત દિવાકર **આ. વિ. જયઘોષસૂરિજી મ. સા.** થયા...૯

★ જેઓને સાધુભગવંતો પર ઘણું વાત્સલ્ય છે તે પ્રશાંતમૂર્તિ (વર્તમાન ગચ્છાધિપતિ) **આ. વિ. રાજેન્દ્રસૂરિ મ. સા.** તેમની પાટે આરૂઢ થયા...૧૦

★ તેમનાં સામ્રાજ્યના આભૂષણ જેવા, **મુનિરાજ દેવસુંદર વિજય**ના નંદન **આચાર્ય વિજય રત્નસુંદરસૂરિજી** થયા...૧૧

★ તેમના આશીર્વાદના પ્રભાવે **આચાર્ય વિજય યુગસુંદરસૂરિજી મ. સા.**ના શિષ્ય એવા મારા વડે અલ્પબુદ્ધિથી આ કાવ્ય કરાયું છે...૧૨

अपार्थाऽश्ववसुन्यादहीरपविकजप्रियः ।
नाहमस्मि परं नाम, ममाऽस्मिन्नेव विद्यते ॥१३॥

गृह्णात्यलिः पद्मरजो न पद्मं,
स क्लामयत्येवमिह प्रगल्भाः ।
लिहन्ति काव्यस्य रसं न काव्यं,
प्रदूषयन्ति स्फटिकाऽऽशयास्ते ॥१४॥ ॥ उपजातिः ॥

यद्यपि पूर्णयत्नेन, काव्यमेतत्परीक्षितम् ।
तथापि यदि दोषः स्यात्, शोध्यस्तर्हि स वेदिभिः ॥१५॥

**रम्यं रम्यतरं भूयात्, सद्भिर्यदि परीक्ष्यते ।**
**चन्द्रः शुभ्रतरो भूयादङ्को यद्यपनीयते ॥१६॥**

सप्तसप्ततिसम्पृक्तद्विसहस्रतमेऽब्दके ।
वैक्रमेऽत्र मङ्गलापुर्यां, मुम्बापुर्याः प्रभागके ॥१७॥

सृष्टो **वीरर्षिणा** सप्तविंशतिभवसत्स्तवः ।
यद्दिने तद्दिने ह्येव, काव्यमाप्तं समापनम् ॥१८॥ युग्मम् ॥

**॥ स्वस्ति सकलसङ्घाय ॥**



★ અ**પાર્થ**=ખરાબ તર્ક, **અશ્વ**, વ**સુ**=સંપત્તિ, **ન્યાદ**=ભોજન, હી**ર**=હીરો, પ**વિ**=વજ્ર, ક**જ**=કમળ જેને **પ્રિય** છે એવો હું નથી છતાં આ શ્લોકમાં મારું નામ (પાર્શ્વસુંદરવિજય) વિદ્યમાન છે...૧૩

★ ભમરો પરાગનું ગ્રહણ કરે છે પણ કમળને કિલામણા નથી પહોંચાડતો તેમ સ્ફટિક જેવા આશયવાળા વિદ્વાનો અહીં કાવ્યના રસને ચાખે છે પણ કાવ્યને દૂષિત નથી કરતા...૧૪

★ જોકે પૂર્ણ યત્નથી આ કાવ્ય તપાસવામાં આવ્યું છે, છતાં જો દોષ રહી ગયો હોય તો વિદ્વાનો વડે તે સુધારવા યોગ્ય છે...૧૫

★ જો કલંક દૂર કરવામાં આવે તો ચંદ્ર વધુ ઉજ્જ્વળ બને તેમ જો સજ્જનો વડે આ કાવ્ય તપાસાય તો સુંદર (એવું આ કાવ્ય પણ) વધુ સુંદર બને...૧૬

★ વિક્રમ સંવત ૨૦૭૭ માં અહીં મુંબઈના મુલુંડ નામના પરામાં **પૂજ્ય વીરવિજયજી મહારાજ** દ્વારા જે દિવસે (પ્રભુ વીરનું) ૨૭ ભવનું સ્તવન રચાયું તે જ દિવસે **(શ્રાવણ સુદ ૧૫)** આ કાવ્ય સમાપ્તિ પામ્યું...૧૭-૧૮

**॥ શ્રીસંઘનું કલ્યાણ થાઓ ॥**









SANJAY
GHODAWAT
GROUP












# પારણોત્સવ

























हंस हंसेति जापेन,
नश्यति सर्पजं विषम् ।
हंसरत्नेति नाम्नैव
मोहविषं प्रणश्यति ॥

**''હંસ હંસ''**
આ પ્રમાણે જાપ કરવાથી
સાપનું ઝેર ઊતરી જાય છે.
જ્યારે
**આ. વિ. હંસરત્નસૂરિજી**નાં
નામથી જ
મોહરૂપી વિષ
નાશ પામે છે.

તો ચાલો,
હંસના પગલે પગલે
આ મહાકાવ્યનાં માનસરોવરમાં
એક ડૂબકી લગાવવા...

Nehaj
28736745 9322227939